# ગુરુવાણી

ભાગ - ૩

પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવન વિજયાન્તેવાસી

મુનિ જંબૂવિજય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુરુવાણી

## ભાગ-૩

❖ વ્યાખ્યાતા ❖

પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
**મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ**

❖ સંપાદક ❖

**સાધ્વી શ્રી જિનેન્દ્રપ્રભાશ્રીજી**

❖ પ્રાપ્તિસ્થાન ❖

**અજયભાઈ સી. શાહ**
૩૩, જનપથ સોસા., કાંસ ઉપર,
ઈસનપુર રોડ, ઘોડાસર, અમદાવાદ-૫૦.
ફોન :- (ઓ) ૪૦૬૫૪૨ (રહે.) ૩૯૬૨૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ મૂલ્ય ❖


સદુપયોગ

❖ મુદ્રક ❖

શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ

અમદાવાદ-૫૦. ફોન :- ૩૯૬૨૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




"સિદ્ધાચલ શિખરે દીવો રે, આદીશ્વર અલબેલો છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય સંઘસ્થવિર શ્રી ૧૦૦૮ આચાર્યદેવ
શ્રી **વિજયસિદ્ધિસૂરીશ્વરજી** (બાપજી) મહારાજના પટ્ટાલંકાર
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી **વિજયમેઘસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન
પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજ શ્રી **ભુવનવિજયજી** મહારાજ
(જંબૂવિજયજી મ.ના પિતાશ્રી તથા ગુરુદેવ)



**જન્મ : વિ.સં. ૧૯૫૧, શ્રાવણ વદ ૫, શનિવાર તા. ૧૦-૮-૧૮૯૫, માંડલ.**
**દીક્ષા : વિ.સં. ૧૯૮૮, જેઠ વદ ૬, શુક્રવાર તા. ૨૪-૬-૧૯૩૨, અમદાવાદ.**
**સ્વર્ગવાસ : વિ.સં. ૨૦૧૫, મહા સુદ ૮, સોમવાર, તા. ૧૬-૨-૧૯૫૯,**
**શંખેશ્વર તીર્થ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## **પ્રાતઃ વંદનીય**

## **પૂ. સાધ્વીજીશ્રી મનોહરશ્રીજી મ.સા. (બા મહારાજ)**

વિક્રમ સંવત ૧૯૫૧ માગશર વદ ૨, તા. ૧૪-૧૨-૧૮૯૪ શુક્રવારે **ઝીંઝુવાડા**માં પિતા **પોપટભાઈ** તથા માતા **બેની**બેનની કુક્ષિએ જન્મેલું તેજસ્વીરત્ન **મણિબહેન,** કે જે **છબીલ** એવા હુલામણા નામથી મોટા થયા અને બાળપણથી જ ધર્મપરાયણ એવી આ તેજસ્વી દિકરીને પિતા **મોહનલાલ**ભાઈ અને માતા ડાહીબહેનના પનોતા પુત્ર **ભોગીભાઈ**ની સાથે પરણાવ્યા. વર્ષ પર વર્ષ વીતતા ચાલ્યા. જલકમલવત્ સંસારસુખ ભોગવતાં એમની દામ્પત્ય-વેલ પર પુત્રનું પુષ્પ પ્રગટયું. નાની ઉંમરમાં પડેલું ધર્મનું બીજ **મણિબેન**ના જીવનમાં હવે વૃક્ષરૂપે ફૂલ્યું-ફાલ્યું અને તેના ફળ સ્વરૂપે પતિ અને પુત્રને **વીરની** વાટે વળાવ્યા. જેઓ પૂ.મુ.શ્રી **ભુવનવિજયજી** મ.સા. તથા પૂ.મુ.શ્રી **જંબૂવિજયજી** મ.સા.ના નામે પ્રસિદ્ધ બન્યા. પતિના પગલે-પગલે ચાલનારી મહાસતીનું બિરૂદ સાર્થક કરતા **મણિબેને** પણ તેમના જ સંસારી મોટા બહેન પૂ.સા.શ્રી **લાભશ્રીજી** મ.સા.ના ચરણમાં જીવન સમર્પણ કર્યું. તપ, ત્યાગ, સમતા, સહનશીલતા જેવા ગુણોને તેમણે આત્મસાત કર્યા. ૫૭ વર્ષ સુધી નિરતિચારપણે સંયમ જીવનની આરાધના કરતાં તથા વાત્સલ્યના ધોધમાં બધાને નવડાવતા એ ગુરૂમાતા **૧૦૧ વર્ષની** જૈફ ઉંમરે સંવત ૨૦૫૧ પોષસુદિ ૧૦ તા. ૧૧-૧-૧૯૯૫ બુધવારે **પાલિતાણામાં સિદ્ધાચલ**ની ગોદમાં સમાઈ ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પૂ. સાધ્વીજી લાભશ્રીજી મહારાજ** (સરકારી ઉપાશ્રયવાળાના શિષ્યા તથા બહેન) **સંઘમાતા શતવર્ષાધિકાયુ પૂજ્યપાદ સાધ્વીજીશ્રી મનોહરશ્રીજી મહારાજ**



જન્મ : વિક્રમસંવત્ ૧૯૫૧, માગશર વદ ૨, શુક્રવાર, તા. ૧૪-૧૨-૧૮૯૪, ઝીંઝુવાડા.

દીક્ષા : વિક્રમસંવત્ ૧૯૯૫, મહાવદ ૧૨, બુધવાર, તા. ૧૫-૨-૧૯૩૯, અમદાવાદ.

સ્વર્ગવાસ : વિક્રમસંવત્ ૨૦૫૧, પોષ સુદ ૧૦, બુધવાર, તા. ૧૧-૧-૧૯૯૫, રાત્રે ૮-૪૫ વીશાનીમાભવન જૈન ઉપાશ્રય, સિદ્ધક્ષેત્ર પાલિતાણા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંઘમાતા શતવર્ષાધિકાયુ પૂજ્યપાદ સાધ્વીજીશ્રી મનોહરશ્રીજી
## મ.સા.ના શિષ્યા પૂ.સા. શ્રી સૂર્યપ્રભાશ્રીજી મહારાજ



જન્મ : વિક્રમસંવત્ ૧૯૭૮, ફાગણસુદ ૭, આદરિયાણા
દીક્ષા : વિક્રમસંવત્ ૨૦૦૫, મહાસુદ ૧, રવિવાર ૩૦-૧-૧૯૪૯ દસાડા
સ્વર્ગવાસ : વિક્રમસંવત્ ૨૦૫૧, આસોવદ ૧૨, શનિવાર તા. ૨૧-૧૦-૯૫, માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સ્વ. મોરારજી નાનજી ગાલા
જન્મ : ૧૩-૮-૧૯૨૫
સ્વર્ગવાસ : ૨૪-૪-૧૯૮૮



માતુશ્રી હીરબાઈ મોરારજી ગાલા
જન્મ - ૨૬-૯-૧૯૩૨, સોમવાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતુશ્રી હીરબાઈ મોરારજી ગાલા

સ્વ. મોરારજી નાનજી ગાલા

ના સ્મરણાર્થે

સંવત ૨૦૫૩ના પરમ પૂજ્ય ગુરૂદેવ

**મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના**

નાના આસંબીયા ચાતુર્માસનો લાભ લેનાર

અ.સૌ.શ્રીમતિ વિમળાબેન કુલીન મોરારજી

તરફથી સપ્રેમ ભેટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સ્વ. લાલજી વીરપાર
જન્મ-૧૯૪૪
સ્વર્ગવાસ-૨૦૦૪



સ્વ. પુંજીબેન લાલજી
જન્મ - ૧૯૪૬
સ્વર્ગવાસ-૨૦૪૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. શા લાલજી વીરપાર
સ્વ. પુંજીબેન લાલજી વીરપાર

ના સ્મરણાર્થે

સંવત ૨૦૫૩ના પરમ પૂજ્ય ગુરૂદેવ

**મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના**

નાના આસંબીયા ચાતુર્માસનો લાભ લેનાર

અ.સૌ. શ્રીમતિ મણીબેન કલ્યાણજી લાલજી નંદુ

તરફથી સપ્રેમ ભેટ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।
શ્રી તારક ગુરૂદેવાય નમઃ ।

# પ્રસ્તાવના

ગુણી અને ગુણાનુરાગી, મુક્ત વિચાર
રૂપી ગગનમાં વિચરનારા, જંગમ વિદ્યાપીઠ
એવા પૂ.ગુરુદેવ ગઈસાલ **અમદાવાદ** જૈન સૌસાયટીમાં
ચોમાસું હતા. ચોમાસામાં ગામ **નાના આંસબીયાના** નિવાસી
**કુલીનભાઈ મોરારજી ગાલા** તથા **કલ્યાણજી લાલજી નંદુ** કચ્છમાં
પધારવા માટે વિનંતી કરવા આવ્યા. પહેલાં તો પૂજ્ય ગુરુદેવે ના
પાડી, પરંતુ તેમણે કહ્યું કે કચ્છ ઘણા સમયથી મેઘરાજાથી વંચિત છે.
આપ ત્યાં પધારો અને અઢાર અભિષેક દ્વારા કચ્છની ઘણા વર્ષોની
તરસી ભૂમિને હરિયાળી બનાવો. અને મૂંગા પ્રાણીઓને બચાવો. પૂજ્ય
ગુરૂદેવ તો કરુણાના સાગર! પોતાના માટે નહીં પણ જીવોના માટે
બધું જ કરવા તૈયાર. આમ તેમના અત્યાગ્રહને લીધે કચ્છમાં
આવવાની હા તો પાડી પણ ચોમાસા પછી શંખેશ્વરજી
આવતાં તેમની તબિયત ઘણી બગડી ગઈ. શ્રાવકો
**શંખેશ્વરજી**માં ફરી વિનંતી માટે પધાર્યા. ત્યારે
તબિયત ઘણી નાદુરસ્ત હોવા છતાં જીવો
પરની કરુણાને લીધે કચ્છનો દુષ્કાળ
દાદાની કૃપાથી દૂર થાય એ ગણતરી
અને તેમના દરેક કાર્યમાં તન, મન
અને ધનથી સાથ આપનાર
**મોરારજીભાઈ** તથા
**કલ્યાણજીભાઈ**
તરફના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃતજ્ઞભાવને
લીધે અને દાક્ષિણ્યતાને
લીધે કચ્છમાં પધારવાની અને
**નાના આસંબીયામાં** ચોમાસું કરવાની
હા પાડી. ઉનાળાની ભયંકર ગરમીમાં
પણ ૪૦૦ કિ.મી.નો વિહાર કરીને પૂજ્ય
ગુરુદેવ કચ્છમાં પધાર્યા. પછી **વૈશાખ સુદ-૬**ના
આખા **કચ્છ**માં શ્રાવકો દ્વારા અભિષેક ગોઠવાયા.
પૂ. ગુરૂદેવ તો **ભદ્રેશ્વર** તીર્થમાં રહ્યા હતા. સુંદર રીતે અભિષેક
પૂરા કર્યા પછી ધીમે-ધીમે વિહાર કરતા પૂજ્ય ગુરૂદેવે **સંવત ૨૦૫૩**ના
અષાડ સુદ-૨ના **નાના આસંબીયા**માં ચાતુર્માસિક પ્રવેશ કર્યો. નાના
છતાં રળિયામણાં અને ભક્તિભાવથી ભરેલા આ ગામમાં **કુલીનભાઈ
મોરારજી ગાલા પરિવારે** તથા **કલ્યાણજી લાલજી નંદુ પરિવારે** ચાતુર્માસ
દરમ્યાન સાધર્મિક ભક્તિનો ખૂબ ખૂબ લાભ લીધો, અને પોતાની
લક્ષ્મીને સાર્થક કરી. આપણે ભગવાનને તો અમુક કળશો દ્વારા
અભિષેક કર્યો હતો પણ કરુણાના સાગર ભગવાને સમગ્ર કચ્છની
ધરતીને અનેક કળશો પાણી દ્વારા નવડાવી દીધી. આવા મહા-
પુરુષોના પુનિત પગલે કચ્છની ધરા ધન્ય બની. હરિયાળી
બની. લોકો તૃપ્ત થયા એટલું જ નહીં પશુ-પંખી
પણ તૃપ્ત થયા. છેલ્લા કેટલાય વર્ષોથી સમગ્ર
કચ્છના લોકોએ આવી અનરાધાર વૃષ્ટિ જોઈ
નહોતી.ભગવાને ધરતીને હરિયાળી બનાવી
જ્યારે પૂ. ગુરૂદેવે લોકોનાં હૈયાને ભીનાં
ભીનાં કરી દીધા. ચોમાસા દરમ્યાન
**પૂ. શાંતિસૂરિ મહારાજ** વિરચિત
**'ધર્મરત્ન પ્રકરણ'** નામના
સુંદર ગ્રંથનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાંચન શરૂ કર્યું.
તેમાં શ્રાવકના ૨૧
ગુણોનું વર્ણન આવે છે.
સુંદર અને સરળ શૈલીમાં
શ્રોતાઓના હૃદયને આરપાર
ઉતરી જાય તેવું વર્ણન પૂજ્ય ગુરૂદેવે
કર્યું. તેમાંથી ૧૧ ગુણો ગુરુવાણી પુસ્તકના
પહેલા-બીજા ભાગમાં આવી ગયા છે. બાકીના
૧૦ ગુણોનું વર્ણન આ પુસ્તિકામાં લીધું છે. પૂજ્ય ગુરૂદેવે જુદા
જુદા સમયે તથા જુદા-જુદા સ્થળે આપેલા વ્યાખ્યાનોને મેં સંકલનની
દૃષ્ટિએ અહીં તે-તે તિથીઓમાં ગોઠવ્યા છે. શરૂઆતમાં ધર્મ કેવો હોવો
જોઈએ તેનું માળખું છે અને પછી ગુણોનું વર્ણન છે. ૧૧ ગુણો આ
પ્રમાણે છે. **૧. મધ્યસ્થ. ૨. ગુણાનુરાગી ૩. સત્કથા. ૪. સુપક્ષથી યુક્ત.**
**૫. વિશેષજ્ઞ. ૬. સુદીર્ઘદર્શી. ૭. વૃદ્ધાનુગ ૮. વિનીત ૯. કૃતજ્ઞ. ૧૦.**
**પરહિતચિંતક. ૧૧. લબ્ધલક્ષ્ય.** તથા નવપદ, દિવાળી અને જ્ઞાન-
પંચમીના વ્યાખ્યાન છે. સચોટ, સુંદર અને સરળશૈલીમાં લોકોને
આકર્ષતા પૂ.ગુરૂદેવના પ્રવચનો પહેલાં બે ભાગમાં પ્રકાશિત
થતાં લોકોની માંગ ઘણી વધી ગઈ. ત્રીજા ભાગની માંગ
આવી અને સાથે **કુલીનભાઈ** તથા **કલ્યાણજીભાઈ** એ
પણ કહ્યું કે ચોમાસાના વ્યાખ્યાનો તરત જ પુસ્તક
રૂપે બહાર પાડવા છે. અને એનો બધો લાભ
અમારા બન્ને એજ લેવાનો છે એટલે
પૂ. ગુરુદેવની કૃપાથી આ વ્યાખ્યાનો
તરત જ પુસ્તક રૂપે મુકવાનો લાભ
મળ્યો છે. મારા માટે આ કામ કપરું
હોવા છતાં **પૂ. તારક ગુરૂદેવની**
**કૃપા** અને સંઘમાતા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શતવર્ષાધિકાયુ
એવા પૂ. બા
મહારાજશ્રી **મનોહરશ્રીજી**
**મ.સા.** (પૂ. **જંબૂવિજયજી** મ.સા.ના
માતૃશ્રી) તથા પૂ. સેવાભાવી ગુરૂદેવ
શ્રી **સૂર્યપ્રભાશ્રીજી** મ.સા.ના શુભાશિષો
એ મારૂં પ્રેરકબળ રહ્યા છે. વળી હાલ
સંયમજીવનની અપ્રમત્તભાવે આરાધના કરતાં
મારા પૂ. પિતાશ્રી **ધર્મઘોષવિજયજી** મ.સા. તથા માતૃશ્રી
**આત્મદર્શનાશ્રીજી** મ.સા.ના સ્નેહાશિષોનો મને સાથ મળ્યો છે.
**પૂજ્ય** ગુરુદેવે છેલ્લા પ્રુફ પર નજર નાખીને રહેલી ક્ષતિઓને દૂર કરી
તે બદલ તેમની હું ઋણી છું તથા **શિષ્ય પરિવારે** પ્રુફ વાંચનમાં મદદ
કરી છે તે બદલ તેમનો પણ હું આભાર માનું છું અને પૂજ્ય ગુરૂદેવના
નિખાલસ વિચારોને લોકોના દિલ સુધી પહોંચાડવા માટેની પ્રેરણા
આપનાર તથા પુસ્તકને છાપવા વગેરેની તમામ જવાબદારી ઉપાડનાર
**શ્રી અજયભાઈ**નો પણ હું ખૂબ-ખૂબ આભાર માનું છું.
અંતમાં આ પુસ્તક આજના યુવા વર્ગને પણ સાચો રાહ
બતાવનારું અને અનેકોને સાચો રાહ ચિંધનારું બને
એ જ મનઃકામના. વીતરાગની આજ્ઞા વિરુદ્ધ
લખાયું હોય તો વાચકગણ ક્ષમા કરે.
આ પુસ્તક વાત્સલ્યમયી ગુરૂમાતાના
ચરણે સમર્પિત કરીને હું
યત્કિંચિત્ ઋણ
મુક્ત બનવા
ઈચ્છું છું.

- મનોહરસૂર્યશિશુ

સં. ૨૦૫૩ આસો વદ-૧૨
નાના આસંબીયા-કચ્છ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| | |
|---|---|
| **ધર્મ કેવો ?** | **૧** |
| અહિંસા યુક્ત ધર્મ | ૧ |
| પ્રમોદભાવના | ૩ |
| અબ્રાહમ લિંકન | ૪ |
| કરૂણાભાવના | ૫ |
| મધ્યસ્થભાવના | ૫ |
| **સંયમથી યુક્ત ધર્મ** | **૭** |
| સંયમના પ્રકારો | ૭ |
| મન ચંગા તો કથરોટમેં ગંગા | ૭ |
| પ્રસન્નચંદ્ર રાજર્ષિ | ૮ |
| જ્ઞાની ગુરૂ અને વૃદ્ધ શિષ્યો | ૧૦ |
| **વાણીનો સંયમ** | **૧૨** |
| ધર્મએ ઉત્કૃષ્ટ મંગળ છે | ૧૨ |
| સ્ટીયરીંગ પરનો કાબૂ ચાલ્યો જાય તો | ૧૨ |
| ૨૭ વર્ષે એક પાઠ ઘૂંટ્યો | ૧૩ |
| કાયાનો સંયમ | ૧૪ |
| જીવ લેનારી લક્ષ્મી | ૧૪ |
| **કાયાનો સંયમ** | **૧૬** |
| સમાધિ કેમ મળે ? | ૧૬ |
| આંખનો અસંયમ-ઈલાચીકુમાર | ૧૬ |
| દોરડા પર જ કેવળજ્ઞાન | ૧૭ |
| કાનનો અસંયમ | ૧૭ |
| રૌહિણેય ચોર | ૧૮ |
| અભયકુમારને મળેલી નિષ્ફળતા | ૧૯ |
| **ધન નહીં ધર્મને સંગ્રહો** | **૨૦** |
| ભયંકર ભૂતકાળ | ૨૦ |
| પાણીના એ પૈસા | ૨૧ |
| ધનની જળ સમાધિ- બે ભાઈઓનું દૃષ્ટાંત | ૨૨ |
| **જરૂરિયાનો સંયમ** | **૨૫** |
| માનવની મૂડી | ૨૫ |
| જરૂરિયાતો ઘટાડો | ૨૫ |
| અંદર તો જો...! | ૨૭ |
| લગ્ન એટલે પ્રભુતામાં પગલાં કે પશુતામાં | ૨૭ |
| સયાજીરાવ ગાયકવાડ | ૨૭ |
| **ધર્મ મિત્ર કેવો ?** | **૨૯** |
| ધર્મ રાજમાર્ગ છે | ૨૯ |
| ચાર ગતિનું વર્ણન | ૨૯ |
| આપણો સદાયનો સાથી | ૩૧ |
| ત્રણમિત્રનું રૂપક | ૩૧ |
| **અણમોલ રત્ન** | **૩૪** |
| બંગલાનો સાચો માલિક કોણ ? | ૩૪ |
| જિગરજાન મિત્ર - શરીર | ૩૪ |
| વાર-તહેવારનો મિત્ર-સ્વજનો | ૩૫ |
| મા-બાપ તરફની કેવી નિર્લજ્જતા..! | ૩૬ |
| ક્વચિત ઓળખાણવાળો મિત્ર - ધર્મ | ૩૬ |
| ચિંતામણિરત્નને શોધતા યુવાનની કથા | ૩૬ |
| રત્નની પરીક્ષા | ૩૭ |
| ભગવાનની સાથે પણ માયા | ૩૮ |
| **માનવજીવનની સાર્થકતા શેમાં ?** | **૩૯** |
| ચિંતામણીરત્ન રૂપ ધર્મ | ૩૯ |
| શું પૈસાથી ધર્મ ખરીદાય ? | ૩૯ |
| રત્નને પ્રાપ્ત કરતો યુવાન | ૩૯ |
| **મધ્યસ્થતા** | **૪૧** |
| ભીષ્મપિતામહ | ૪૨ |
| વડામૂલ્લાની તાવીજ | ૪૨ |
| મધ્યસ્થ ગુણ પર - સોમવસુ બ્રાહ્મણની કથા | ૪૩ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મ ક્યાંથી મેળવવો ? ૪૩

**મધ્યસ્થતા** **૪૫**

સુખનો આભાસ ૪૫

ધર્મની શોધમાં નીકળેલો બ્રાહ્મણ ૪૫

સત્યને શોધતો બ્રાહ્મણ ૪૬

ગુરૂની શોધમાં ભમતો બ્રાહ્મણ ૪૬

**ગુણાનુરાગી** **૪૮**

ચાર દુર્લભ ચીજો ૪૮

બારમો ગુણ - ગુણાનુરાગી ૪૯

ગુણાનુરાગનું પ્રથમ પગથિયું ૪૯

ગુણાનુરાગનું બીજું પગથિયું ૫૦

ગુરૂ દત્તાત્રેય ૫૦

સૌથી વધારે ડાહ્યો - સોક્રેટિસ ૫૧

ધૂપની પૂજા શું કરવા ? ૫૧

પરોપકારી સ્વામી રામતીર્થ ૫૧

લક્ષ્મીના ત્રણ રૂપો ૫૨

**ગુણાનુરાગ** **૫૩**

સુખની ચાવી ૫૩

ગુણાનુરાગી - અબ્રાહમ લિંકન ૫૩

ડાકુમાંથી સંત ૫૪

શાલ - મહાશાલ ૫૫

શ્રોતાઓના ત્રણ પ્રકાર ૫૬

સંયમ લેવા માટે પડાપડી ૫૭

ગુણાનુરાગે આપ્યું કેવળજ્ઞાન ૫૭

**ગુણાનુરાગ** **૫૯**

ધર્મરૂપી કિંમતી લોકરની ચાવી ૫૯

તૃષાતુર વાંદરો ૫૯

લોભ તારા પાપે ! ૬૦

ભગવાનની સાથે પણ માયા ! ૬૦

પહેલાં શસ્ત્રવિરામ ૬૧

ગુણાનુરાગનું ત્રીજું પગથિયું ૬૧

અમે બે ને અમારા બે ૬૨

સંત અને વેશ્યાનું દૃષ્ટાંત ૬૨

**સત્કથા** **૬૩**

દયાપાત્ર કોણ ? ૬૩

ચાર વિકથાઓ - ૧. સ્ત્રી કથા ૬૪

૨. ભક્તકથા ૬૪

૩. દેશકથા ૬૫

૪. રાજકથા ૬૬

અજબ અલૌકિક શક્તિ ! ૬૬

**સુપત્રથી યુક્ત** **૬૮**

ડાકુમાંથી સંત બનાવ્યો કોણે ? ૬૮

વૃદ્ધાશ્રમની વ્યથા ૭૦

વાણીનો ચમત્કાર ! ૭૦

**અંધારામાં અટવાતું જગત** **૭૩**

સુદીર્ઘદર્શી ૭૩

આ લોકનું નાણું ક્યાં લગી ? ૭૩

સાથે શું આવશે ? ૭૪

દૃષ્ટિરૂપી ચશ્મા ૭૪

આજનો સુધરેલો (?) માનવ.. ૭૫

પશ્ચિમી અનુકરણ ૭૬

લોર્ડ કર્ઝન કટ ૭૬

રામ રાખે તેને કોણ ચાખે ૭૭

પસંદગી કોની ? ૭૮

**દીર્ઘદષ્ટિ** **૭૯**

લખ્યા લેખ મિથ્યા ન થાય ૭૯

કર્મરાજાનો ફટકો ૮૦

પોકળધર્મ ૮૧

સ્થાન રાખવા ધર્મ ૮૨

પૈસાને જ માન આપતી દુનિયા - શેઠની કથા ૮૨

**દીર્ઘદષ્ટિ** **૮૪**

ડાંગરના દાણા પર કથા ૮૪

ચોથીની ચતુરાઈ ૮૫

પુણ્યના ચાર પ્રકાર ૮૬

વિશેષજ્ઞ ૮૬


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંધશ્રદ્ધાળુ મૂર્ખની કથા ૮૭

**શ્રી સિદ્ધચક્રના વ્યાખ્યાનો -**

**પહેલું પદ ૮૯**

અરિહંત પ્રથમ કેમ ? ૮૯

વિચારધારાનું પુણ્ય ૯૧

સંસાર એક સમુદ્ર છે ૯૩

કામ તારા પાપે...! ૯૫

માતૃભક્ત શ્રવણ ૯૬

**અરિહંતનું નામ ૯૮**

માણસાઈ મોટો ધર્મ છે ૯૮

વિચારોનો પડઘા-ચંદનનો વહેપારી ૧૦૦

અરિહંત શબ્દ પણ મહાન છે ૧૦૧

વ્યથા કોની કોની ? ૧૦૩

**વીતરાગની વાણી અને દર્શન ૧૦૪**

ભૂખી તરસી ડોશીની કથા ૧૦૪

દર્શનની અજબ તાકાત- પિતા પુત્રની કથા ૧૦૫

દર્શનની લગન-ડોશીમાની કથા ૧૦૬

જિનના ધ્યાને જિન ૧૦૭

સિદ્ધપદ ૧૦૭

સિદ્ધનું સુખ કેવું ? ૧૦૮

સુખની વ્યાખ્યા ૧૦૯

સિદ્ધનો વર્ણ લાલ કેમ ? ૧૧૦

**ત્રીજું પદ - આચાર્યપદ ૧૧૧**

શાસનનો દીવો ૧૧૨

માનદેવસૂરિ મહારાજ ૧૧૨

કાલિકાચાર્ય ૧૧૪

ધર્મ માત્ર વિધિ બની ગયો ! ૧૧૫

**ચોથું પદ - નમો ઉવજ્ઝાયાણં ૧૧૭**

પાંચમું પદ - નમો લોએ સવ્વસાહૂણં । ૧૧૮

ગુરૂ એ તત્ત્વ છે ૧૧૯

છઠ્ઠું પદ - 'નમો દંસણસ્સ' ૧૨૦

સમકિતના પ્રકારો ૧૨૧

સમકિતના આભૂષણો ૧૨૨

ભક્તિ ત્રણ પ્રકારની ૧૨૩

**દર્શન-જ્ઞાન-ચારિત્ર ૧૨૫**

સમકિતનું ચોથું આભૂષણ ૧૨૫

નાસ્તિકને પાઠ ભણાવતો પ્રધાન ૧૨૫

સમકિતનાં પાંચ દૂષણો ૧૨૬

સાતમું પદ - 'નમો નાણસ્સ' ૧૨૭

આઠમું પદ - ચારિત્રપદ ૧૨૮

રાગનો ત્યાગ અને ત્યાગનો રાગ ૧૨૮

ત્યાગનો પણ અહંકાર ! ૧૨૯

**નવમું પદ - નમો તવસ્સ । ૧૩૦**

તપના બે પ્રકાર ૧૩૦

બાહ્યતપના છ પ્રકારો ૧૩૦

અભ્યંતર તપના છ પ્રકારો ૧૩૨

બાહુબલિ બલ અક્ષયફીનો ૧૩૩

**સિદ્ધચક્રનું ધ્યાન ૧૩૫**

એકના પુણ્યથી અનેક બચી ગયા ! ૧૩૬

પ્રશ્નનું નિરાકરણ ૧૩૭

પુણ્ય બાંધ્યું શેમાંથી ૧૩૭

ચરકઋષિની પરીક્ષા ૧૩૯

**મહામંત્ર નવકાર ૧૪૦**

ત્રણ-ત્રણ જન્મોને સુધારનારો ! ૧૪૦

સંપત્તિએ પોઈઝન છે ૧૪૧

**વૃદ્ધાનુગ ૧૪૪**

ગુણસ્વરૂપ ધર્મ ૧૪૪

વૃદ્ધ કોને કહેવાય ? ૧૪૫

હૃદયપારખું ડોશીમાની કથા ૧૪૬

સંગ તેવો રંગ ૧૪૭


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વૃદ્ધાનુગ** **૧૪૯**
વાણીરૂપી કિરણો ૧૪૯
ઘરડાં ગાડાં વાળે ૧૪૯
અરર... ! ડોસો જીવી ગયો.. ! ૧૫૦
મંત્રી પદને લાયક કોણ ? ૧૫૨
પરિવર્તનશીલ જગત -
સુબુદ્ધિ મંત્રીની કથા ૧૫૩
મંત્રીની યોજના ૧૫૪
**વિનય** **૧૫૫**
છએ ખંડમાં જાગતું શાસન ૧૫૫
શ્રેય અને પ્રેય ૧૫૫
વિનય ૧૫૬
નમે તે સૌને ગમે ૧૫૬
પુષ્પશાલની કથા ૧૫૭
ગુણોને ઝીલવાનું પાત્ર ૧૫૭
પિતા-પુત્રનો સંવાદ ૧૫૮
**વિનય** **૧૫૯**
ધર્મરૂપી વૃક્ષનું મૂળ ૧૫૯
વિનયી કોણ ! સાધુ કે રાજપુત્ર ૧૬૦
ચાર પ્રકારની બુદ્ધિ ૧૬૧
વૈનયિકી બુદ્ધિ -
બે શિષ્યોનું દૃષ્ટાંત ૧૬૨
**વિનય** **૧૬૪**
વિનયના અભાવે સમાજની
અવદશા ૧૬૪
વિનયી શિષ્યનો જવાબ ૧૬૫
સ્વર્ગ અહીંયા છે ૧૬૬
નવ પ્રકારના દાન ૧૬૭
કાયાનું દાન ૧૬૮
નમસ્કાર દાન ૧૬૮
ગુરૂકૃપા શું ન કરે ? -
પૂ. ધર્મસૂરિ મહારાજ ૧૬૮
**કૃતજ્ઞતા** **૧૭૧**
ભવચક્રનું પૂર્ણવિરામ ! ૧૭૧
શેરબજારનો રાજા ૧૭૩
બેનો બદલો બે લાખથી ૧૭૩
વિનયી પુત્રની મુંઝવણ ૧૭૫
કરણી તેવી ભરણી ૧૭૬
**કૃતજ્ઞતા** **૧૭૮**
શિષ્ય બનવું સહેલું છે ૧૭૮
અહીં જ સ્વર્ગ છે.. ૧૭૯
ભર્તાનો ઉપકાર ૧૭૯
ઉપકારનો બદલો ! ૧૮૦
ધર્માચાર્યનો ઉપકાર ૧૮૧
અનંત ઉપકારી ષટ્કાય જીવો ૧૮૧
કૃતઘ્ની કુમારપાળ ૧૮૨
કુંભારટૂકડાનું આયંબિલખાતું ૧૮૩
**પરહિત ચિંતક** **૧૮૫**
સંજ્ઞામાં ડૂબેલું જગત ૧૮૫
શિવભક્ત સંન્યાસી ૧૮૫
ધર્મની સંજ્ઞામાં ડૂબો ૧૮૬
પરહિતચિંતક ૧૮૬
વિચારોનો ચમત્કાર...! ૧૮૮
વિચારોના પુણ્યથી રાજા બન્યો ૧૮૯
જીવદયા પ્રેમી - ભણસાલી ૧૯૦
**લબ્ધલક્ષ્ય** **૧૯૨**
ભગવાનની દયા એટલે શું ? ૧૯૨
સફળ થવાના પાંચ કારણો ૧૯૩
**દિવાળી પર્વ** **૧૯૫**
જેવા સાથે તેવા ૧૯૯
પાંચમા આરાનું સ્વરૂપ ૨૦૦
છઠ્ઠા આરાનું સ્વરૂપ ૨૦૧
જ્ઞાનપંચમી ૨૦૨
અજ્ઞાનતાથી આથડતો આત્મા ૨૦૨
અંધારાને ઉલેચતું કુટુંબ ૨૦૨
સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા ૨૦૪
રત્નાકરસૂરિ મહારાજ ૨૦૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામિને નમઃ ॥

॥ શ્રી તારક ગુરૂદેવાય નમઃ ॥

# પૂ. તારકગુરૂદેવશ્રી જંબૂવિજયજી મ. સાહેબનાં વ્યાખ્યાનો

**ભાદરવા વદ-૨**

**ધર્મ કેવો ?**

## અહિંસા યુક્ત ધર્મ

પરમકૃપાળુ પરમાત્મા આપણા જીવનને મંગલમય બનાવવા માટે ધર્મનો મંગલ માર્ગ બતાવી રહ્યા છે. **"ધમ્મો મંગલ મુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો"** ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે પણ ધર્મ કેવો ? અહિંસા, સંયમ અને તપ રૂપી ધર્મએ મંગલનું કામ કરે છે. પહેલાં આપણે અહિંસાની વ્યાખ્યા સમજીએ... આપણે અહિંસા એટલે કોઈ હાલતા-ચાલતા જીવને મારવો નહીં... એટલી જ વ્યાખ્યા કરીએ છીએ... પણ પરમાત્માએ અહિંસાને અત્યંત સૂક્ષ્મ રીતે બતાવી છે. અહિંસા વિનાના સર્વે કાર્યો પ્રાણ વિનાના શબને શણગારવા જેવા છે. કોઈ મોટા જીવ પ્રત્યે કે નાનામાં નાના જીવ પ્રત્યે હૃદયમાં રહેલો થોડો પણ દ્વેષ એ હિંસાનો જ એક પ્રકાર છે તેથી પહેલાં મનને શુદ્ધ કરો. મનને શુદ્ધ કરવા માટે ચાર ભાવનાઓ બતાવી છે. ભાવના એ એક જાતનું પૌષ્ટિક રસાયણ છે. જેમ શરીરને પુષ્ટ કરવા માટે માણસ રસાયણનો ઉપયોગ કરે છે તેમ ધર્મને સ્થિર કરવા માટેનું ભાવના એ ઉત્તમ રસાયણ છે. **૧. મૈત્રી ભાવના - પહેલી ભાવના છે મૈત્રી ભાવના- અજાતશત્રુ- કોઈ મારો શત્રુ નથી.**

અમદાવાદમાં એક મહાન કવિ થઈ ગયા. આપણે સહુ કોઈ તેમને જાણીએ છીએ. તેમનું નામ હતું **કવિ દલપતભાઈ ડાહ્યાભાઈ**. તેઓ કદડાના નામથી ઓળખાતા. તેમની કવિતાઓ પણ કેવી ? જ્યારે હિંદુસ્તાન અંગ્રેજોની હકૂમતમાં આવ્યું અને દેશમાં ચાલી આવતી અરાજકતામાંથી મુક્ત બન્યુ. ત્યારે તેમણે એક કવિતા બનાવેલી...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વેર ગયાં ને ઝેર ગયાં વળી કાળાં કેર ગયા કરનાર**
**પરનાતીલા જાતીલા શું, સંપ કરી ચાલે સંસાર,**
**દેખ બિચારી બકરીનો પણ, કોઈ ન જાતાં પકડે કાન**
**એ ઉપકાર ગણી ઈશ્વરનો, હરખ હવે તું હિંદુસ્તાન.**

આવી સુંદર કવિતાઓ તેઓ બનાવતા... તેમાંથી બાળકોને પણ સદ્‌બોધ મળતો. જ્યારે આજના ભણતરની કવિતાનો એક નમૂનો બતાવું... **કાળી કૂતરીને આવ્યાં ગલૂડિયાં, બે ધોળાં ત્રણ કાળાં.** આમાંથી વિદ્યાર્થીઓને શું શીખવાનું ? કૂતરીને ચાર ગલૂડિયાં આવ્યાં કે છ ગલૂડિયાં.. આમાંથી મેળવવાનું શું ? આજનું ભણતર ખરેખર બાળકોના ભવિષ્યને સુધારવાને બદલે બગાડી રહ્યું છે.

હવે બીજી બાજુ અમદાવાદમાં જ ડાહ્યાભાઈ ધોળશા નામના કવિ હતા તે પણ કવિતા રચવામાં પ્રખર હતા. બંને એક બીજાના હરીફ હતા. કદડાની કવિતાઓ બહાર પડે એટલે ધોળશા તેમાં ખામીઓ કાઢયા કરે... અને ધોળશાની કવિતાઓ બહાર પડે એટલે કદડા તેની ખામીઓ કાઢવામાં તૂટી પડે... આમ બંને વચ્ચે કવિતાઓના માધ્યમથી જ સજ્જડ દુરાગ્રહ બંધાઈ ગયો. ખંડન-મંડન ચાલ્યા જ કરે.. અનાદિકાળથી જીવાત્મામાં આ દોષ ચાલ્યા જ કરે છે. એ કોઈનું સારૂં જોઈ જ શકતો નથી. કોઈનું સારૂં જોયું કે તેના પેટમાં તેલ રેડાયું. **આજના જીવોની દુઃખની ફરિયાદો સાંભળશો તો સ્પષ્ટ ખ્યાલ આવી જશે કે જે જરૂરી છે એ નથી મલતું માટે તેઓ દુઃખી નથી પણ જે જોઈએ છે એ નથી મળતું માટે દુઃખી છે. 'જરૂરી'માં નંબર બહુ ઓછી ચીજોનો આવે જ્યારે 'જોઈએ છે'માં નંબર કઈ ચીજનો નથી આવતો એ પ્રશ્ન છે.** બીજાના સુખને જોઈને બળ્યા કરવું એ પણ એક હિંસા જ છે આ બન્ને કવિઓ પણ એકબીજાની ચડતીને જોઈ શકતા નથી પણ માણસના જીવનમાં ટર્નિંગ પોઈન્ટ ક્યારે આવે તે કહી શકાતું નથી. ડાહ્યાભાઈ ધોળશા જૈન હતા દર વર્ષે પર્યુષણ પર્વની આરાધના કરતા. આ વર્ષે પણ પર્યુષણ પર્વ આવ્યાં. તેમણે વિચાર્યું કે આ પર્વનું મુખ્ય અંગ ક્ષમાપના છે અને તે ભગવાન મહાવીર સ્વામી સિવાય બીજા કોઈનાય ધર્મમાં નથી. આટલા વર્ષો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેં આ પર્વની આરાધના કરી પણ શું સાચી કરી ? આંતરમને દલીલ કરી કે ના, તારા મનમાં એક વ્યક્તિ તરફ શત્રુતા રહેલી છે જ્યાં સુધી તું એ વ્યકિતને ખમાવીને મન શુદ્ધ ન કરે ત્યાં સુધી તારી બધી જ આરાધના નિષ્ફળ છે. તપ-જપ કે મહોત્સવ ત્યારેજ સાર્થક બને કે સર્વ જીવ પ્રત્યે મૈત્રી બંધાય. ધોળશાએ મનની દલીલનો સ્વીકાર કર્યો. મનથી નક્કી કર્યું કે હવે કદડાને મળવા જવું છે. આ વખતે આરાધના સાચી કરવી છે. જ્યાં સુધી એક પણ જીવ પ્રત્યે મનમાં શત્રુભાવ રહે ત્યાં સુધી તેના જીવનમાં ધર્મ સાચી રીતે સ્પર્શી શકતો નથી. તેઓ તો ગયા કદડાને ત્યાં. કવિ દલપતરામ તો આ મહાકવિને પોતાના આંગણે સામે ચાલીને વગર આમંત્રણે આવેલા જોઈને ચમક્યા. અરે ! આ સત્ય છે કે સ્વપ્ન ! મારો કટ્ટર દુશ્મન મારાં આંગણે ! તેઓ સામે ગયા. પૂછયું કે આમ ઓચિંતા કેમ? ત્યારે ધોળશા બોલ્યા કે ભાઈ ! યુદ્ધનો જ્યારે વિરામ કરવાનો હોય છે ત્યારે ધોળી ધજા ફરકાવવામાં આવે છે, બરાબર ને ! જુઓ, હવે મારા માથા પર અને તમારા માથા પર ધોળી ધજાઓ ફરકી રહી છે અર્થાત્ ધોળા વાળ આવી ગયા છે. આપણે બન્ને હજુ ક્યાં સુધી આમ લડ્યા કરીશું ? એમ સમજીને હું તમને ખમાવવા આવ્યો છું. આ સાંભળતાં જ કદડા પ્રેમથી ભેટી પડયા. જાણે નાનપણના લંગોટિયા મિત્રો ન હોય ! આ રીતે ધોળશાએ શત્રુતાને ખતમ કરીને મનને શુદ્ધ કર્યું. જીવનમાં જો આ એક ભાવના પણ પ્રગટ થાય તો જીવનની દિશા બદલાઈ જાય છે અને તો જ સાચા અર્થમાં અહિંસાને આચરી શકાય છે.

## ૨. પ્રમોદભાવના

મૈત્રીભાવનાને પુષ્ટ કરતી બીજી ભાવના છે પ્રમોદ ભાવના - બીજાનું સારૂં જોઈને રાજી થવું. જગતમાં મોટો વર્ગ એવો છે જે પોતાના દુઃખે દુઃખી નથી પણ બીજાના સુખને જોઈને દુઃખી બને છે, આ પણ હિંસાનો જ એક પ્રકાર છે. કહેવાય છે કે - **"બીજાની આંખમાં પાણી તો દુર્જનના મોંમાં પાણી, અને બીજાના મોંમા પાણી તો દુર્જનની આંખમાં પાણી, જ્યારે સજ્જન માણસનું સ્વરૂપ આનાથી વિપરીત છે. બીજાની આંખમાં પાણી તો પોતાની આંખમાં પાણી અને બીજાના મોંમાં પાણી તો પોતાના મોંમા પાણી."** બીજાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખને જોઈને ખુશ-ખુશ થાય અને બીજાનું દુઃખ જોઈને તે કંપી ઉઠે. તેને દૂર કરવા તત્પર બને.

**અબ્રાહમ લિંકન**

અમેરિકાના પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન વિકટોરિયા ગાડીમાં બેસીને કચેરીમાં જઈ રહેલા છે. રસ્તામાં જતાં તેમની નજર એક ખાડામાં તરફડી રહેલા એક ભૂંડ પર પડી. ભૂંડ કાદવમાં ખૂંપી ગયું હતું અને બહાર નીકળવા તરફડી રહ્યું હતું. પણ નીકળી શકવા અસમર્થ હતું. અબ્રાહમ લિંકનનું હૃદય આ દૃશ્ય જોઈને કંપી ઉઠયું.. તેમણે તરત જ પોતાની વિકટોરિયાને થંભાવી... નીચે ઉતર્યા.. પોતાની જાતે જ ભૂંડને કાદવમાંથી ખેંચીને બહાર કાઢયું.. સાથે કોઈ માણસ હતો પણ તેની પાસે તેમણે આ કામ ન કરાવ્યું. પોતાની જાતે જ કર્યું. તેમ કરતાં તેમના ઈસ્ત્રીબંધ પહેરેલા કપડાને કાદવના છાંટા ઉડયા. એવા જ કપડે તેઓ પોતાના કાર્યાલયમાં ગયા. તેમના કાદવવાળા કપડાં જોઈને બીજા લોકો એકદમ બોલી ઉઠયા કે આ શું ? આપના કપડાં આવાં કેમ ? શું આપને રસ્તામાં કોઈ સાથે કંઈ થયું છે ? આપની ઉપર કોણે કાદવ ઉછાળ્યો ? જલ્દી અમને કહો. અમે તેમની ખબર પાડી દઈએ. બધા લોકો એકદમ ઉશ્કેરાટમાં આવી ગયા. ત્યાં લિંકનની સાથે રહેલા પેલા માણસે કહ્યું કે ભાઈઓ શાંત થાઓ. કોઈએ કાંઈ કર્યું નથી. પરંતુ કાદવમાં ખૂંપી ગયેલા એક ભૂંડને બહાર કાઢતાં કાદવનાં છાંટા ઉડયા છે. આ સાંભળતાં જ લોકોએ તાળીઓનો ગડગડાટ કર્યો. પોતાની ખુશીને વ્યક્ત કરી. ત્યારે લિંકન બોલી ઉઠયા કે ભાઈઓ... મેં ભૂંડને નથી બચાવ્યું પણ મારા હૃદયમાં થઈ રહેલી વેદનાને જ મેં દૂર કરી છે - આ સજ્જનતા જ માણસને ઉંચા સ્તર પર લઈ આવે છે.

આજે મોટા ભાગના માણસો બીજાના ઉત્કર્ષને જોઈને અંદર સતત સળગી રહ્યા છે. મિત્રોનો ઉત્કર્ષ મિત્ર જોઈ શકતો નથી. ભાઈ ભાઈનો ઉત્કર્ષ જોઈ શકતો નથી. બહારથી મીઠી-મીઠી વાતો કરે પણ અંદર તો સળગતો હોય. આવા માણસને ધર્મ કેમ સ્પર્શી શકે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ૩. કરૂણાભાવના

**ત્રીજી ભાવના છે કરૂણાભાવના :- "પરદુઃખ વિનાશિની તથા કરૂણા." કરૂણાને તો તીર્થંકરની માતા કહેવામાં આવે છે.** આજે આપણા ચિત્ત એટલા બધા કઠોર બની ગયા છે કે કરૂણાનું પાણી એને ભીંજવી શકતું જ નથી. તેથી તો કર્મો પણ કઠોર બંધાય છે. અને પછી કર્મોનો ઉદય વાર-તહેવાર કે હોળી-દિવાળી કાંઈ જુએ નહીં. ઘરે દિકરાના લગ્ન હોય અને બાપ હોસ્પિટલમાં હોય.. અચાનક દુકાને રેડ પડે. આવા તો ઘણાં કર્મો અચાનક ઉદયમાં આવતા હોય છે. માટે તો જ્ઞાનીઓ કહે છે કે પહેલાં ચિત્તમાં કરૂણા જોઈશે. બીજાના દુઃખને જોઈને હૃદય કંપી ઉઠે. આપણી બાજુમાં રહેલો પાડોશી બિચારો દુઃખી દુઃખી થઈ રહ્યો હોય અને આપણે મોજ મજા ઉડાવતા હોઈએ અને વિચારતાં હોઈએ કે આપણે શું કરીએ ? એ એના કર્મથી દુઃખી થાય છે... આ વિચારધારા માણસને પત્થર દિલનો બનાવે છે. ભલે કદાચ તમે તનથી કે ધનથી કાંઈ ન કરી શકો. પણ મનમાંતો એ દુઃખનો પડઘો પડવો જ જોઈએ. બાજુમાં કોઈના યુવાન પુત્રનું મોત થયું હોય અને આપણે બપોરે કેરીનું જમણ જમવા બેસીએ તો કેવું લાગે ? કેટલી કઠોરતા ? આપણે એને સજીવન કરી શકવાના નથી પણ એના કુટુંબનો કલ્પાંત જોઈને આપણું હૃદય કંપવું તો જોઈએ ને ! આશ્વાસનના બે શબ્દો આપણી પાસે હોવા જોઈએ. એક ટંક કેરી નહીં ખાઈએ તો આપણું કંઈ જતું રહેવાનું નથી. પણ **આજે માણસ જ માણસનો દુશ્મન છે.** તેના હૃદયમાંથી કરૂણાનું ઝરણું વહેતું બંધ થઈ ગયું છે. કોઈ વિરલ આત્માઓ છે ખરા, પણ કરૂણા તો દરેક વ્યક્તિના જીવનમાં હોવી જોઈએ. એક કરૂણાને ખાતર તો નેમનાથ ભગવાને પરણવાનું છોડી દીધું. કરૂણા આવશે તો જ સાચી અહિંસાને આચરી શકશો.

### ૪. મધ્યસ્થભાવના

**ચોથી ભાવના છે માધ્યસ્થ ભાવના :- ઉપેક્ષા...** સારૂં કામ કરનારની પણ અવહેલના કરતાં હોય.. હાંસી ઉડાવતાં હોય .. જાત-જાતની અફવાઓ ફેલાવતા હોય, ત્યાં શું કરવું ? તો કહે કે ઉપેક્ષા કરવી. આવા માણસો પણ જગતમાં હોય. તેની દયા ચિંતવવાની કે બિચારો મારા નિમિત્તે કર્મો બાંધીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુર્ગતિમાં ભટકશે. સંસારમાં તો આવું ઘણું જતું કરવું પડતું હોય છે. ડગલે ને પગલે બાંધ છોડ કરો તો જ તમારો સંસાર સુખમય ચાલે. કોઈ વ્યક્તિ આપણા માટે કાંઈક બોલે ત્યારે આપણે વિચારીએ કે આમ કેમ બોલ્યો, તેની ખબર પાડી દઉં ? તેના બદલે ભલે બોલ્યો... આપણે કોઈનું સારૂં જ કરવું છે ને ? વાતને કેવી રીતે વાળવી તે આપણા જ હાથની વાત છે. આ ચાર ભાવના આવે તો જ આપણે અહિંસાને સારી રીતે સિદ્ધ કરી શકીએ.

## ન બોલવામાં નવ ગુણ....

*જો તમે કાંઈ ન બોલો તો તમારા વ્યક્તિત્વ પરથી તમે આ વિશ્વની કોઈ વિભૂતિ હશો એવું કોઈ અનુમાન કરે...! પણ જો તમે તમારી ઓળખાણ આપવા જાવ કે હું ડોક્ટર છું, તો નક્કી થઈ જાય કે તમે ડોક્ટર સિવાય (વકીલ, પ્રોફેસર... વગેરે) કંઈ નથી અને હજી વધુ ઓળખાણ કરાવવા જાવ કે આંખનો સ્પેશ્યાલીસ્ટ છું એટલે ડોક્ટરમાં પણ તમે આંખ સિવાય બીજું કંઈ જાણતા નથી એ નક્કી થઈ જાય. જેમ-જેમ તમારી ઓળખાણ વાણીથી કરાવતા જાવ તેમ-તેમ તમે નાના-નાના થતા જશો. તમારા અંગેની બીજી ઘણી ભ્રમણાઓ ભાંગી જશે. માટે જ ન બોલવામાં નવ ગુણ કહ્યું છે ને !*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંયમના પ્રકારો

ભગવાન અરિહંત પરમાત્મા જીવન કેમ મંગળમય બને અને પરલોક પણ આપણો કેમ સુધરે એ માટે ધર્મનો મંગલમય માર્ગ બતાવી રહ્યા છે. આ લોકમાં ધર્મ કરો ને પરલોકમાં તેનું ફળ મળશે એવું જ નથી પણ ધર્મ તો રોકડિયો છે. આ મિનિટે કર્યો અને આ મિનિટે જ તેનું ફળ. દા.ત. આપણા પર કોઈ માણસે ગુસ્સો કર્યો તેજ ક્ષણે આપણે ભગવાને બતાવેલા ક્ષમા રૂપી ધર્મનો આશરો લઈએ તો કેટલા બધા ફાયદા થાય ? સામેની વ્યક્તિ સાથે વૈરભાવ ન બંધાય.. વળી આપણે મૌન રહીએ તો વાત પણ ક્ષણમાં સમાપ્ત. આર્ત્તધ્યાન પણ ન થાય. તેથી દુર્ગતિ પણ આપણી અટકી જાય. આમ ધર્મનું તાત્કાલિક ફળ અનુભવાય. ધર્મ આ લોકમાં સંપૂર્ણ શાંતિ અને સમાધિ આપે છે. પણ ધર્મ એટલે શું ? આપણે આગળ જોઈ ગયા કે ધર્મ અહિંસા યુક્ત હોવો જોઈએ. **ધર્મનું બીજું સ્વરૂપ છે સંયમ.** અહિંસાને વધારે મજબૂત બનાવવી હશે તો સંયમ જોઈશે. આપણે સંયમની વ્યાખ્યાને દીક્ષા રૂપે લઈએ છીએ. દીક્ષા એટલે માત્ર કેશ અને વેશ બદલવાની જ પ્રવૃત્તિ છે એમ નથી, તે તો માત્ર અડધા કલાકનું જ કામ છે. સંયમનું **ખરેખર સ્વરૂપ સમજવું જોઈએ.શાસ્ત્રકારોએ સંયમને ચાર પ્રકારનો બતાવ્યા છે. ૧. મનનો સંયમ ૨. વચનનો સંયમ ૩. કાયાનો સંયમ ૪. જરૂરિયાતોનો સંયમ.**

## મન ચંગા તો કથરોટમેં ગંગા

હવે પ્રથમ **મનનો સંયમ** :- જો મન પર કાબૂ ન રાખીએ તો ઘણાં ક્લેશો સર્જાઈ જાય. કોઈપણ કાર્ય કે વિચાર પહેલાં મનમાં ઉદ્ભવે પછી જ વાણી અને કાયામાં પ્રવેશે. મન પવનની જેમ ક્યાંનુ ક્યાં ભટકે છે તેના પર જો કંટ્રોલ નહીં રાખીએ તો અહિંસા સાચા અર્થમાં પળાશે નહીં. મન શુદ્ધ હશે તો જ અહિંસાને પાળી શકશો. શાસ્ત્રમાં તંદુલિયા મત્સ્યની વાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે છે. સમુદ્રમાં મોટાં-મોટાં માછલાની આંખની પાંપણમાં ચોખા જેવ તંદુલિયો મત્સ્ય હોય છે. સમુદ્રમાં મોજાં આવે એટલે મોટાં માછલાંઓ ફાડીને તેમાં તણાઈ આવતા નાના માછલાંઓને ગળે છે. પણ તેમાં કેટલ માછલાંઓ છૂટી પણ જાય. ત્યારે આંખની પાંપણમાં રહેલો આ મત્સ્ય મન વિચારે છે કે જો આની જગ્યાએ હું હોઉં તો એકે માછલાંને છટકવા ન દા બધા જ માછલાંનો કોળિયો કરી જાઉં. પોતે તો અત્યંત સૂક્ષ્મ છે. નથી એ કોળિયો કરવાનો કે નથી એને પકડવાનો છતાં મનથી આવી અધ વિચારણાથી એ સાતમી નારકીનું આયુષ્ય બાંધે છે. ફોગટ જ નારકી ભયંકર યાતનાઓને ભોગવનારો બને છે - મન પર સંયમ નહીં હોવા કારણે જ ને !

## પ્રસન્નચંદ્ર રાજર્ષિ

શાસ્ત્રમાં બીજું પણ પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત આવે છે. પોતા ભાઈ- મુનિ વલ્કલચીરીની દેશના સાંભળીને વૈરાગ્યને પામેલા આ રા પોતાના દૂધ પીતા બાળકને અર્થાત્ પાંચ જ વર્ષના નાના બાળકને રાજસિંહાસ પર બેસાડીને રાજ્ય મંત્રીઓને સોંપીને દીક્ષા લે છે. **જ્યારે માણસને ઉત્ક વૈરાગ્ય જાગે છે, સાચું સત્ય સમજાઈ જાય છે પછી ક્ષણવાર પણ તે સંસાર રહી શકતો નથી.** પ્રસન્નચંદ્ર રાજા દીક્ષા લે છે. દીક્ષા લીધા બાદ કઠોર ત કરે છે. એક પગ પર ઉભા રહીને સૂર્યની આતાપના લે છે. એક વખ તેઓ આ રીતે આતાપના લેતા હોય છે અને ત્યાંથી શ્રેણિક મહારાજા સવા સાથે પ્રભુને વંદન કરવા માટે નીકળે છે. તેમના સૈન્યની મોખરે ચાલી રહેલ બે સૈનિકો પરસ્પર વાતો કરે છે, એક બોલ્યો કે આ રાજાને ધન્યવાદ હો કેવો ઉગ્ર તપ કરે છે ? ભરયૌવને દીક્ષા લેવી - રાજપાટ છોડવા કાંઈ સહેલ નથી. કેવા સત્ત્વશાળી છે ? આમ પ્રશંસા કરે છે ત્યાં બીજો બોલ્યો કે આ રાજાને ધિક્કાર છે પોતાના નાના બાળકની જરાયે ખેવના રાખ્યા વિના દીક્ષ લઈ લીધી. એમને ક્યાં ખબર છે કે મંત્રીઓ બધા ભેગા થઈને આ બાળક મારી નાખીને રાજ્ય પડાવી લેવાના છે. આ વાતચીત રાજર્ષિના કાને પડ શબ્દો ઘણી મોટી અસર કરે છે. મનમાં આવે તે બકી ન નંખાય. કબીર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક સુવાક્ય આવે છે કે -

**"મધુર વચન હૈં ઔષધિ, કટુ વચન હૈ તીર.**
**શ્રવણ દ્વાર સે સંચરે, સાલે સકલ શરીર."**

કબીર કહે છે કે એક શબ્દ ઔષધ રૂપ છે કેટલાયને સાંત્વન આપે છે કેટલાકને મોતના મુખમાંથી પાછો ફેરવે છે આમ કેટલાયને જીવતદાન આપનારો બને છે, જ્યારે કેટલાક શબ્દો માણસના જીવનને રફે-દફે કરી નાખે છે, મોતના મુખમાં ધકેલી દે છે. આજે આપણે જોઈએ છે ને ! શબ્દોની મારા-મારીમાં જ માણસ આપઘાત કરી બેસે છે. આવા શબ્દો તીર જેવા છે જે કાનરૂપી દ્વારથી શરીરમાં ઘૂસે છે અને આખા શરીરને સાલ્યા જ કરે છે આપણે કહીએ છીએ ને કે ફલાણાના શબ્દો તો મને હાડોહાડ વ્યાપી ગયા. બસ પેલા સૈનિકોના શબ્દોએ રાજર્ષિના કાનમાં તેલ રેડયું. તેમનો ક્રોધ આસમાને પહોંચ્યો. તેમણે વિચાર્યું કે અરર ! મંત્રીઓ આવા અધમ નીકળ્યા ! જેમને મેં રાત-દિવસ મારા જ વૈભવથી પોષ્યા તેઓ જ મારા બાળકને મારી નાખીને રાજ્ય પડાવી લેવા ઈચ્છે છે ! આવા વિશ્વાસઘાતક નીકળ્યા... ધિક્કાર છે. હવે તો હું તેમની બરાબર ખબર લઈ નાખું. મનથી જ યુદ્ધે ચડયા... પોતે કોણ છે ? ક્યાં છે ? તેનું ભાન ન રહ્યું. મનમાં ને મનમાં ભાલા અને તીર ખેંચ્યા. એ આને માર્યો. આને વીંધ્યો. એક પછી એક યોધ્ધાઓને મનથી જ મારવા માંડયા. આમ તેમનું મનોમન યુદ્ધ ચાલુ થઈ ગયું. શ્રેણિક રાજા ત્યાંથી પસાર થાય છે. તે તો આવા યુવાન રાજર્ષિને આવી ઉગ્ર તપશ્ચર્યા કરતાં જોઈને ભાવથી નમી પડે છે. સમવસરણમાં ભગવાનની પાસે આવીને બેસે છે. દેશના સાંભળે છે. દેશનાને અંતે શ્રેણિક મહારાજા ભગવાનને પૂછે છે કે ભગવન્ ! આજે રસ્તામાં મેં યુવાન સાધુને આતાપના લેતા દીઠા હતા તે જો અત્યારે કાળ કરી જાય તો ક્યાં જાય ? ભગવાન કહે કે રાજન્ ! તે જો અત્યારે કાળ કરી જાય તો સાતમી નરકે જાય.... શ્રેણિક તો આ સાંભળીને દિંગ જ થઈ ગયા. આવા ઉગ્ર તપસ્વી અને સાતમી નરકે...? આ કેમ બને ? ભગવાનની વાણી પણ ખોટી ન હોય. થોડીવાર પછી મનની દ્વિધાને દૂર કરવા ફરી પૂછયું. ભગવાન તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાત્મા કાળ કરે તો ક્યાં જાય ? ભગવાન કહે અનુત્તરવિમાનમાં જાય. વળી આ જવાબ સાંભળીને રાજા દ્વિધામાં પડયો. ક્ષણવાર પહેલાં સાતમી નરક. છેલ્લામાં છેલ્લું સ્થાન.. અને અત્યારે છેલ્લામાં છેલ્લો દેવલોક. એકબાજુ સુખની પરાકાષ્ઠા અને બીજી બાજુ દુઃખની પરાકાષ્ઠા. આમ વિચારે છે તેટલામાં તો દેવદુંદુભિ સંભળાઈ.. શ્રેણિક પૂછે છે કે ભગવાન આ શું ? દેવદુંદુભિ કેમ વાગી ? ભગવાન કહે છે કે રાજન્ ! તે મહાત્માને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. શ્રેણિક ભગવાનને પૂછે છે કે ભગવાન આપના આ દ્વિધા ભરેલા જવાબો મને મૂંઝવે છે. આપ વિસ્તારથી મને તે મહાત્માનું ચરિત્ર કહો. ભગવાન કહે છે કે શ્રેણિક તું જ્યારે ત્યાંથી નીકળ્યો ત્યારે તારા સૈનિકોના શબ્દોથી તે મહાત્મા મનમાં જ ભયંકર યુધ્ધ ખેલી રહ્યા હતા. યુદ્ધ ખેલતાં જ તેમના શસ્ત્રો ખૂટી પડયાં. તેથી માથા પરનો ટોપો લઈને બધાને છૂંદી નાંખુ એવા ભયંકર રૌદ્રધ્યાનથી તેઓ જ્યાં માથા પર હાથ મૂકવા જાય છે ત્યાં માથા પર તો તાજો જ લોચ કરેલો છે. હાથ માથા પર પડતાંની સાથે વિચારધારા પલટાઈ. અરેરે ! હું ક્યાં છું ? હું કોણ છું ? મેં આ શું કર્યું ? પશ્ચાતાપનો ભયંકર અગ્નિ સળગી ઉઠયો. અને રૌદ્રધ્યાનથી જે સાતમી નારકીના આયુષ્યના દળીયા તૈયાર કર્યા હતા તે બધા ખપાવવા માંડયા. ક્ષપકશ્રેણિએ ચડયા.. એક પછી એક કર્મોનો ખાતમો બોલાવતાં-બોલાવતાં છેક કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા. આમ પહેલાં મન પરના અસંયમે રાજાર્ષિને નરકે પહોંચાડી દીધા અને તરત જ મન પરના સંયમે રાજર્ષિને કેવલજ્ઞાન અપાવી દીધું. મન પરનો સંયમ ખૂબ જ જરૂરી છે. મન પર અંકુશ હશે તો જ મનની શુદ્ધિ કરી શકીશું. મનની શુદ્ધિના માટે આત્મનિરીક્ષણ ખૂબ જ જરૂરી છે. હમણાં **વિપશ્યનાની** એક સાધના નીકળી છે તેનો અર્થ થાય છે. **'વિ' એટલે વિશેષે કરીને 'પશ્ય' એટલે 'જો'**. તમે તમારા મનનું રોજ નિરીક્ષણ કરશો તો ખ્યાલ આવશે કે શું કરવા જેવું છે?

## જ્ઞાની ગુરૂ અને વૃદ્ધ શિષ્યો

કોઈ જ્ઞાની ગુરૂ મહારાજની પાસે તેમના વૃદ્ધ શિષ્યો આવીને કહે છે કે ભગવન્ ! કાંઈક તત્ત્વજ્ઞાન સમજાવો. જીવન વીતી રહ્યું છે. તેથી થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે કાંઈક મેળવી લઈએ. ગુરૂ મહાવિદ્વાન છે. તેઓ કોઈ પ્રવૃત્તિ કરતા હશે તે પ્રવૃત્તિને સમેટી લઈને ધ્યાનસ્થ મુદ્રામાં બેસી ગયા. શિષ્યો તો રાહ જોઈને બેઠા કે હમણાં ગુરૂ મહારાજ જવાબ આપશે. પણ ગુરૂ મહારાજ તો ચૂપચાપ બેઠા છે. શિષ્યો અકળાયા. તેઓ બોલ્યા કે ભગવન્ ! શું અમારા પ્રશ્નથી આપને કાંઈ માઠું લાગ્યું છે ? અમારા આવવાથી આપને કાંઈ ખલેલ પડી છે ? આપ કેમ કાંઈ બોલતા નથી ? આપને ખોટું લાગ્યું હોય તો અમે ચાલ્યા જઈએ. ત્યાં ગુરૂ મહારાજે આંખ ખોલી અને બોલ્યા કે અરે ! હું તમારા પ્રશ્નનો તો જવાબ આપી રહ્યો છું તમે કેમ કાંઈ સમજતા નથી. મારી આ ધ્યાનસ્થમુદ્રા જ તમારા પ્રશ્નનો જવાબ છે. શિષ્યો પૂછે છે કેવી રીતે? ગુરૂ કહે છે કે ભાઈઓ ! હવે આત્મનિરીક્ષણ માટે દ્રષ્ટિને અંદર ઉતારીને બેસી જાઓ એ જ સાચું તત્ત્વજ્ઞાન છે. ભગવાનની પ્રતિમા આપણને આ જ કહી રહી છે કે હવે ચારે બાજુથી તારી વૃત્તિઓને સમેટી લઈને અંદર દ્દષ્ટિ કરીને બેસી જા. સાચી શાંતિ તારા આત્મામાં પડી છે. આમ આત્મ નિરીક્ષણ કરશું તો જ મન પરનો સંયમ આવશે.

*જનમની એક ભૂલ*
*મનુજને જીવનથી બાંધે છે*
*ને જીવન જીવતા*
*જગતની જંજાળ હરરોજ બાંધે છે*
*અહીંના લોકોનું કહેવું તે શું ભલા*
*અહીંના લોક મડદાને ય મુશ્કેટાટ બાંધે છે....*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધર્મએ ઉત્કૃષ્ટ મંગળ છે....

પરમકૃપાળુ પરમાત્માએ માનવજીવનની સાર્થકતા માટે તથા આપણા હિતને માટે કરુણાથી અનેક વાતો બતાવી છે. બધા જ જીવોની ઈચ્છા છે કે આપણે કેમ સુખી થઈએ. દુઃખ આવે જ નહીં. ઈચ્છા હોવી એ જુદી વાત છે અને ઈચ્છા સફળ થવી એ બીજી વાત છે. ઈચ્છાઓ તો રોજ નવી-નવી જન્મે છે પણ સફળ તો કોઈક જ બને છે. ઈચ્છાઓને સફળ કરવા માટે પ્રભુએ ધર્મનો મંગલમય માર્ગ બતાવ્યો છે. ધર્મ પોતે તો ઉત્કૃષ્ટ મંગળ છે જ એમાં કોઈ બે મત નથી પણ આજે હજારો કાર્યક્રમો ધર્મના નામે ચાલે છે.અનેક ફાંટાઓ ધર્મના ફંટાયેલા છે તેથી માણસ મૂંઝાઈ જાય કે ધર્મ કહેવો કોને ? કયા માર્ગે ચાલવું? પહેલાં અહિંસાને ધર્મનું લક્ષણ કહ્યું છે. તેથી જો જીવનમાં અહિંસા આવશે તો જ આપણને ધર્મમાં સફળતા મળશે. અહિંસા આપણે જોઈ ગયા. હવે તે કેમ આવે તે આપણે જોઈ રહ્યા છીએ. અહિંસાના પાલન માટે સંયમ જરૂરી છે. મનનો સંયમ આપણે જોઈ ગયા છીએ, મનના અસંયમે અનેક આત્માઓ ગબડી ચૂકયા છે. મન પવનની જેમ ક્યાંનું ક્યાં ભટકે છે. તેના પર જો કંટ્રોલ નહીં રાખીએ તો અહિંસા સાચા અર્થમાં પળાશે નહીં. મન શુદ્ધ હશે તો જ અહિંસાને પાળી શકશો.

## સ્ટીયરીંગ પરનો કાબૂ ચાલ્યો જાય તો.....

હવે બીજો સંયમ છે વાણી પરનો સંયમ. વાણી પરનો કંટ્રોલ આપણો સાવ ચાલ્યો ગયો છે. વાણીના અસંયમે અનેકના જીવન હોમાઈ ગયા છે. વાત-વાતમાં ઉશ્કેરાઈ જઈને કોઈના મર્મસ્થાનકો પર વાણીના પ્રહારો દ્વારા સામેની વ્યક્તિને મૃતપ્રાયઃ કરી નાખીએ છીએ. વાણીના અસંયમની સામે સહનશીલતા પણ રહી નથી. તેથી જરાક પ્રતિકૂળ શબ્દો સાંભળવા મળે કે મનનું ધારેલું ન થાય તો સંયમના અભાવે ઉશ્કેરાઈ જઈને દુર્લભ આ માનવભવને પળવારમાં હોમી દઈએ છીએ. વાણીનું બીજું નામ છે સરસ્વતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ તો માતા છે - એનો દુર્વ્યય કરવાનો ન હોય એની તો સાધના કરવાની હોય. **મહાભારતમાં** આવે છે કે **ખોંખારો ખાધા વિના જો મોક્ષ મળતો હોય તો ખોંખારો ય ખાવાની જરૂર નથી**. અર્થાત્ એટલો પણ વાણીનો દુર્વ્યય ન કરો. મૌનમાં જબરજસ્ત તાકાત છે. તે ઘણા ક્લેશોથી બચાવે છે, પણ એને સુધારવા માટે આપણે કયો અભ્યાસ કર્યો ? **જો જીભ પર સંયમ કેળવવામાં આવે તો બે લાભ છે. ઘણા રોગો ખતમ થઈ જાય અને ઘણા ક્લેશો ખતમ થઈ જાય.**

## ૨૭ વર્ષે એક પાઠ ઘૂંટયો......

કોઈ તત્ત્વજ્ઞાની પાસે એક ભાઈ તત્ત્વ જાણવા માટે આવ્યા. તત્ત્વજ્ઞાનીએ પહેલો પાઠ આપ્યો કે જીભ પર સંયમ કેળવો. બસ આટલો જ પાઠ લઈને પેલા ભાઈ ગયા. બીજા દિવસે તત્ત્વજ્ઞાનીએ તેમના આવવાના સમયે રાહ જોઈ પણ પેલા ભાઈ ન આવ્યા. તેથી તેમને લાગ્યું કે આજે કંઈક કારણસર નહીં આવ્યા હોય, કાલે આવશે. ત્રીજા દિવસે પણ પાઠના સમયે રાહ જોઈ તો પણ ન આવ્યા. આમ ઘણા દિવસો સુધી રાહ જોઈ પણ તે ભાઈ બીજીવાર પાઠ લેવા ન આવ્યા. તત્ત્વજ્ઞાનીએ મનમાં વિચાર્યું કે કદાચ એમને મારો પાઠ નહીં ગમ્યો હોય. એ વાતને ઘણાં વર્ષો વીતી ગયાં. એક દિવસ તે તત્ત્વજ્ઞાનીને એક મંદિરના પગથિયા ચઢતાં પેલા ભાઈ મળી ગયા. ઓળખી લીધા પૂછ્યું. કેમ ભાઈ તમે તો પછી બીજીવાર દેખાયા જ નહીં. મેં તો ઘણા મહિનાઓ સુધી તમારી રાહ જોઈ પણ તમે ન તો પાઠ લેવા આવ્યા કે ન તો મળવા આવ્યા. મારો પાઠ તમને ન ગમ્યો? ના... ના.. એવું નથી. તમારો પાઠ તો મને ખૂબ જ ગમ્યો. પણ હજુ મેં બરાબર કર્યો નથી. જ્યાં સુધી જીભ પર સંયમ ન આવે ત્યાં સુધી હું બીજો પાઠ કેવી રીતે લેવા આવું ? ૨૭-૨૭ વર્ષથી આ પાઠને ઘૂંટી રહ્યો છું પણ હજુ જોઈએ તેવો થયો નથી. દરેક વસ્તુ માટે અભ્યાસ જોઈએ. આપણે કોઈપણ બાબતમાં અભ્યાસ કરતા જ નથી. આપણી ઝેર ઓકતી વાણી આપણા જ્ઞાનતંતુને પણ ઝેર યુક્ત બનાવી દે છે. મહાભારત શેમાંથી રચાયું.? તીર જેવા શબ્દોમાંથી જ ને ! **ફક્ત દ્રૌપદી બોલી કે આંધળાના છોકરા આંધળાં જ હોય**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ને ! બસ આ નાનકડા તીર જેવા વાકયે અનેક તીરો સામ-સામા ખેંચાયાં અને અનેકને મૃત્યુપંથે વાળ્યા. ભયંકર સંહાર... ! માટે વાણી પરનો સંયમ ખૂબ જ જરૂરી છે. તેથી ઘણી હિંસાઓ અટકી જશે. હવે જોઈએ કાયા પરનો સંયમ.

## કાયાનો સંયમ

સતત ભોગવિલાસમાં ડૂબેલો આજનો માણસ કાયાને સંયમમાં રાખી શકતો નથી. સારાં વસ્ત્રો પહેરવાં, સારું ખાવું-પીવું, શણગારો સજવા, હરવું-ફરવું. બસ એમાં જ મસ્ત હોય છે.

## જીવ લેનારી લક્ષ્મી

કયારેક લક્ષ્મી મળવી એ પાપનો ઉદય બની જાય છે. ખટાઉ ભારતનો ઘણો મોટો શ્રીમંત ગણાતો. ૪૦૦ કરોડ રૂપિયાનો આસામી હતો. પણ એ જ સંપત્તિએ એનો જાન લેવડાવ્યો. ભોગ-વિલાસના સાધનો ઘણા મળી જવાથી કાંઈ છકી જવા જેવું નથી. એ સાધનો જ કયારેક પ્રાણઘાતક બને છે. પૈસા કમાયા-સુંદર મજાની ફિયાટ ખરીદી. નીકળ્યા ફરવા, થયો અકસ્માત.. ત્યાંજ ખલાસ. આને પાપનો ઉદય ગણવો કે પુણ્યનો. કાયાનો સંયમ એટલે પાંચ ઈન્દ્રિયો પરનો સંયમ. એક ઈન્દ્રિય પરનો અસંયમ પણ ભલભલા માણસને પતનના માર્ગે અરે ! નરકના માર્ગે દોરી જાય છે. આંખ પરના અસંયમથી માણસ ટી.વી. દ્વારા પ્રસારીત થતા ખરાબ દૃશ્યોને પોતાના જીવનમાં વણે છે. અને જીવન આખું દુરાચારમય બની જાય છે. પહેલાં તો બે આંખની શરમે પણ લોકો દુષ્કૃત્ય કરતાં અટકી જતા. આજે તો દુષ્કૃત્ય કરીને લાજવાને બદલે લજવી રહ્યા છે. દુષ્કૃત્યો છડે ચોક થઈ રહ્યા છે. વળી દુષ્કૃત્યો કરીને શરમાવાને બદલે ગાજી રહ્યા છે અને ગર્જી રહ્યા છે. પહેલાં લોકો સત્કાર્યો કર્યા પછી પણ પોતાની પ્રશંસા સાંભળીને શરમાઈ જતા. અરે ! સામેથી કહેતા કે અમે એવાં કયાં મોટાં કામો કર્યાં છે કે અમને આ રીતે પ્રશંસાના ફૂલો ચડાવો છો ? અમે લાજીએ છીએ. સત્કૃત્યો કરીને લાજતાં. જ્યારે આજે આ વૈભવીયુગ એટલો બધો ખાડે ગયો છે કે દુષ્કૃત્યો કરીને પણ લાજતાં નથી. **પરસ્ત્રીલંપટતા- દારૂ પીવો વગેરે વસ્તુઓ જે વ્યસન**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**રૂપ હતી તે સારા-સારા ઘરોમાં આજે ફેશન રૂપ (?) બની ગઈ છે.** ઘરમાં ટી.વી. ન હોય તો કોઈ આજે કન્યા આપવા તૈયાર થતું નથી. ધાર્મિક વાતાવરણમાં ઉછરેલા માણસને આજે **નમાલો** ગણવામાં આવે છે.એક ભાઈ મારી પાસે આવ્યા. તેમણે કહ્યું કે સાહેબ આજે પાર્ટીઓમાં દારૂ જ આપવામાં આવે છે. એ પોતે અમેરીકા જઈ આવેલા. ત્યાંથી પોતાના મા-બાપની સેવા માટે જ મુંબઈમાં આવીને વસેલા. તેઓ કોઈ પાર્ટીમાં ગયા. તેમને દારૂ ધરવામાં આવ્યો. તેમણે ક્હયું કે હું નથી પીતો. તો સામેવાળા લોકો કહે કે અમેરીકા જઈ આવ્યા તોય તમે સુધર્યા નહીં ? દારૂ પીવો એ સુધરવાનું કામ છે, તે કહેનારા જે-તે કોમના માણસ નહીં પણ જૈન કુટુંબના જ નબીરાઓ ! જે કુટુંબો દારૂના નામથી દૂર ભાગતા તે જ કુટુંબો આજે આવા નશીલા પદાર્થોમાં ડૂબી રહ્યા છે. જૈન સંસ્કૃતિધન ખતમ થઈ રહ્યું છે. અમારા જેવા સાધુ સંતોના હૃદય આ સાંભળીને આઘાત અનુભવી રહ્યા છે. પણ **આભ ફાટયું ત્યાં થીગડું ક્યાં દેવું ? સંત કબીરદાસે** પણ કહ્યું છે કે - **"કિન કિન કો સમજાઈએ કૂવે ભાંગ પડી."**

કોને સમજાવીએ એક માણસે ભાંગ (નશીલો પદાર્થ) પીધી હોય તો તેનો નશો દૂર કરવા પ્રયત્નો કરી શકાય પણ આ તો કૂવાના પાણીમાં જ ભાંગ નાખવામાં આવી છે. બધા જ લોકો વ્યસનમય બની ગયા છે. કોને સમજાવીએ ?

> ***આશ્ચર્યની વાત*** *- કોઈ પણ માણસ હુમલો થાય ત્યારે બળવાનનો આશરો લે છે પણ જ્યારે કામનો હુમલો થાય છે ત્યારે મનુષ્ય* ***અબળાનો*** *આશરો લે છે.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાદરવા વદ-૫**

**કાયાનો સંયમ**

## સમાધિ કેમ મળે ?

જગતના કલ્યાણને માટે પરમકૃપાળુ પરમાત્મા ધર્મનો મંગલમય માર્ગ બતાવી રહ્યા છે. દરેકને સુખે-સમાધિથી કેમ જીવાય તેની ઈચ્છા છે. ભગવાન તે આપણને બતાવી રહ્યા છે કે સુખ અને સમાધિ જો જોઈતી હશે તો મંગલ સ્વરૂપ ધર્મને જાણવો અને કરવો જોઈશે. બીજાનું અહિત કરનારને અને ચિંતવનારને કયારેય સમાધિ મળતી નથી. લૂંટીને ભેગી કરેલી સંપત્તિ તમને કયારેય સમાધિ આપશે નહીં. ઘરમાં કાંતો ક્લેશ અથવા તો ચિંતા-અચાનક ઉપાધિ લાવીને મૂકી દેશે. આમ હેય અને ઉપાદેયને સમજવા માટે ધર્મને સમજવો પડશે. ધર્મ કેવો તે આપણે જોઈ રહ્યા છીએ. ધર્મ અહિંસાથી યુક્ત હોવો જોઈએ. અહિંસા સાચી કયારે આચરી શકીએ ? જો જીવનમાં મન, વચન અને કાયાનો સંયમ હોય તો. મનનો અને વચનનો સંયમ જોઈ ગયા હવે કાયાનો સંયમ અર્થાત્ પાંચ ઈન્દ્રિય પરનો સંયમ.

## આંખનો અસંયમ-ઈલાચીકુમાર

આંખ પરનો અસંયમ ટી.વી. દ્વારા પ્રસારિત થતા ખરાબ દૃશ્યોને જીવનમાં વણે છે. ખરાબમાં ખરાબ દૃશ્યો સસરો ને વહુ, મા-બાપ ને સંતાનો બધાં સાથે બેસીને જોતાં હોય. એકવાર નહીં પણ અનેકવાર. વિકારો ન જન્મે તો જ આશ્ચર્ય. આંખના અસંયમે ઈલાચીકુમાર પહેલાં પટકાયા. ધનદત્ત શેઠે ઈલા માતાની આરાધના દ્વારા મહામહેનતે મેળવેલો એ પુત્ર ખેલ કરવા આવેલી નટ મંડળીના ખેલને જોતાં-જોતાં રૂપસુંદરી જેવી નટડીને જોઈને સાન-ભાન ભૂલી જાય છે. માતા-પિતાની પાસે નટડી સાથે લગ્ન કરવાનો વિચાર જણાવે છે. મા-બાપને આ સાંભળતાં જ જબરદસ્ત આઘાત લાગે છે. પુત્રને ઘણું સમજાવે છે કે બેટા ! ક્યાં આપણું કુળ અને ક્યાં આ ગામો-ગામે ફરતા નટો ? કેટલી આશાઓના મિનારા તારા માટે અમે ચણ્યા છે. નટડી કરતાં પણ અનેકગણી રૂપવતી શેઠકન્યાઓ તને પરણાવીશ. બેટા ! આ વિચાર માંડી વાળ. પણ આંખના અસંયમે ગબડી ચૂકેલા ઈલાચીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મા-બાપની વેદના જોવાની ક્યાં ફૂરસદ હતી ? આખરે એક નારીની ખાતર મા-બાપ, ધન-વૈભવ, આબરૂ બધું નેવે મૂક્યું. બધા જ સુખોનો ત્યાગ કરી નટ બને છે. ગામો-ગામ ફરી લોકોનું મનોરંજન કરે છે.

## દોરડા પર જ કેવળજ્ઞાન

એક દિવસ કોઈ નગરમાં આવ્યા છે. ત્યાંના રાજાને ખેલ બતાવી રહ્યા છે. રાજા-રાણી ઉત્સુકતાથી ઈલાચીનો ખેલ જોઈ રહ્યાં છે. જાનના જોખમે ઈલાચી દોરડા પર નાચી રહ્યો છે. નીચે પેલી નટડી ઢોલ બજાવી રહી છે. રાજાની નજર ઈલાચીના નૃત્યના બદલે નટડીના રૂપ પર છે. નટડીને જોઈને રાજા તેમાં મોહિત થાય છે. રાજાના મનમાં વિચાર જન્મે છે કે ઈલાચી થાકી જાય, નીચે પડે અને મરી જાય, તો જ આ નટડી મને મળે. આ દુષ્ટ ભાવનાને લીધે તે ઈલાચીને જુદાં-જુદાં કારણો બતાવી ફરી-ફરીને ખેલ કરવા કહે છે. ઈલાચી ફરી ફરી વાંસના દોરડા પર ખેલ કરે છે. વાંસના દોરડા પર નાચતાં-નાચતાં અચાનક જ તેની નજર સામેના મકાન પર પડે છે. એક જુવાન સુંદરી એવા જ એક તેજસ્વી યુવાન મુનિને ભાવપૂર્વક વહોરાવી રહી છે. મુનિ પોતાનાં ખપ પુરતું વહોરીને વધારે લેવાની ના પાડે છે અને સુંદરી આગ્રહપૂર્વક વહોરાવી રહી છે. મુનિ નીચી નજરે ઉભા છે. આવું પાવનકારી અને નિર્વિકારી દૃશ્ય જોઈને ઈલાચીની આંખ ઉઘડી જાય છે. પોતાના વિકારી કાર્યને જોઈને એના મનમાં મંથન જાગે છે. ઓહ ! ક્યાં આ મહામુનિ અને ક્યાં હું ? એક નટડી પરના મોહે હું ક્યાં આવી ચડયો ? મા-બાપ, ઘર-બાર બધું છોડી દીધું. અને એજ નટડીમાં આ રાજા પણ મુગ્ધ બન્યો છે. હું રાજાના દાનની રાહ જોઉં છું. અને રાજા મારા મરવાની રાહ જુએ છે. આ સંસાર કેવો સ્વાર્થી છે ! આ વિચારધારાએ ચડતાં-ચડતાં પશ્ચાત્તાપના અગ્નિમાં સર્વે કર્મો બળીને ભસ્મીભૂત થઈ જાય છે. દોરી પર જ કેવળજ્ઞાન થાય છે. દેવો આવે છે ને મુનિવેશ આપે છે. અને પછી દેશના દ્વારા રાજા-રાણી અને નટડી ત્રણે પ્રતિબોધ પામે છે. પહેલાં આંખ પરના અસંયમે પતન પામ્યા અને પછી આંખ પરના સંયમે છેક કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા.

## કાનનો અસંયમ

આંખ શા માટે મળી છે ? જાણો છો ? ભગવાનનું મુખ જોવા, નહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે આ એક્ટરોને જોવા ! અને કાન ભગવાનનું ભજન સાંભળવા ને સંતોની વાણી સાંભળવા મળ્યા છે. સંતની વાણી સાંભળી હોય તો ક્યારેક જીવનમાં ઉપયોગી બને પણ આજે તો કાન અને આંખ જાણે ટી.વી. જોવા ને એક્ટરોના ગીતો સાંભળવા મળ્યા ન હોય ! એમાં જ મસ્ત હોય છે. સંતોની વાણી સાંભળીને કાનને પવિત્ર કરવા એ જ કાનનું આભૂષણ છે.

## રૌહિણેય ચોર

શાસ્ત્રમાં રૌહિણેય ચોરનું દૃષ્ટાંત આવે છે. તેના પિતા એક મહાભયંકર ચોર હતા. પુત્રને પણ તેમણે ચોર જ બનાવેલો. મરણશય્યાએ પડેલા પિતાનો જીવ કંઈક કહેવા માટે મથી રહ્યો છે. રૌહિણેય પૂછે છે કે પિતાજી કોઈ ઈચ્છા અધૂરી છે ? ત્યારે પિતા કહે છે કે બેટા ! એક શિખામણ તને આપવાની છે. આ નગરીની આજુબાજુ એક મહાવીર નામનો ધુતારો ફરી રહ્યો છે. તે બધાને કહે છે કે હિંસા ન કરશો. જુગાર ન રમશો. ચોરી ન કરશો વગેરે... પણ તેની વાત તારે ક્યારે ય સાંભળવી નહીં. એ જ્યાં આ ઉપદેશ આપતો હોય તે માર્ગને તારે છોડી દેવો. બસ આટલું વચન આપ, તો મારો જીવ છુટે. પુત્રે વચન આપ્યું. પિતા પરલોક ગયા. પિતાની શિખામણને તે બરાબર પાળે છે. ભગવાનની જ્યાં દેશના ચાલતી હોય તે માર્ગથી એ દૂર જ ભાગે છે. હવે એકવાર બન્યું એવું કે તે ચોરી કરવા જઈ રહ્યો છે. જે માર્ગ પરથી તે જવાનું છે તે જ માર્ગે ભગવાનની દેશના ચાલી રહી છે. તેને જવા માટે બીજો કોઈ માર્ગ નથી. તેથી ના છૂટકે તે તે માર્ગે જાય છે. મેઘ જેવા ગંભીર નાદે ભગવાનની દેશના ચાલી રહી છે. ત્યારે દેવોનું વર્ણન ચાલી રહ્યું હતું. રૌહિણેયને ત્યાંથી નીકળવું છે. પણ ભગવાનના શબ્દો જો કાનમાં પેસી જાય તો પિતાને આપેલા વચનનો ભંગ થાય તેથી તેણે તો કાનમાં બે આંગળી નાખીને દોટ મૂકી. પુરજોશથી દોડી રહ્યો છે. પણ દોડતાં દોડતાં પગમાં કાંટો વાગ્યો. કાંટો એટલો બધો ઉંડો પેસી ગયો કે તેને કાઢવા માટે કાનમાંથી આંગળી કાઢવી જ પડી. જ્યાં આંગળી કાનમાંથી બહાર કાઢી ત્યાં જ કાનમાં ભગવાનનો મધુર સ્વર અથડાયો કે દેવો અનિમેષ નયનો વાળા હોય છે અને ભૂમીને અડતા નથી. બસ આ બે જ શબ્દો કાનમાં પડયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેલાએ કાંટો કાઢીને તરત જ પાછી આંગળી કાનમાં નાંખી દીધી. હવે આ બે શબ્દો કાનમાં અનિચ્છાએ ઘૂસેલા છે તેને ભૂલવા મથે છે. પણ માણસ જેને ભૂલવા મથે તે વધારે ગાઢ બને. તેમ તેને પણ તે શબ્દો ભૂલવાને બદલે વધારે યાદગાર બન્યા.

## અભયકુમારને મળેલી નિષ્ફળતા

હવે આ બાજુ નગર આખું લૂંટાઈ રહ્યું છે પણ ચોરને કોઈ પકડી શકતું નથી. મંત્રી અભયકુમાર આ બીડું ઝડપે છે. રૌહિણેય પકડાય છે. પણ જ્યાં સુધી કોઈ સાચો પુરાવો ન મળે ત્યાં સુધી શિક્ષા કેમ કરાય ? અભયકુમાર પોતાની બુદ્ધિને કામે લગાડે છે. દેવલોક જેવું વાતાવરણ ઉભું કરે છે. રૌહિણેયને ઘેનમાં નાખી ત્યાં સુવાડે છે. જાગે છે ત્યારે દેવો તેને પૂછે છે કે તમે મનુષ્યલોકમાં શું સત્કાર્યો કર્યા છે અને શું દુષ્કૃત્યો કર્યાં છે તે કહો. રૌહિણેય વિચારમાં પડે છે. આ બધું શું છે ? શું હું સાચે જ દેવલોકમાં જન્મ્યો છું ? ચારે બાજુ જુએ છે. અનિચ્છાએ કાનમાં પડેલા ભગવાનના શબ્દો યાદ આવ્યા. દેવોના નેત્રો મીંચાતાં નથી. અને દેવો ભૂમિને સ્પર્શતા નથી. તેણે જોયું તો બધા દેવ-દેવીઓના નેત્રો તો ઉઘાડ-મીંચ થઈ રહ્યાં છે અને બધા જમીનને અડીને ઉભા છે. તે ખૂબ ચાલાક હતો. સમજી ગયો કે આ તો મને પકડવા માટેનું અભયકુમારનું કાવત્રું છે. તેણે તો ચાલાકીથી કહેવા માંડયું કે મેં તો ખૂબ જ દાન આપ્યું છે. પરોપકારના કાર્યો કર્યાં છે. કોઈ ખરાબ કૃત્યો કર્યાં જ નથી. પેલા માણસો તેને ફેરવી-ફેરવીને પૂછે છે પણ આ તો એક જ વાત કહે છે કે સારા કાર્યો કર્યા છે માટે તો દેવલોકમાં આવ્યો છું. છેવટે અભયકુમાર થાકે છે તેને છોડી મૂકે છે. રૌહિણેય ઘેર આવીને વિચારે છે કે અનિચ્છાએ સાંભળેલી ભગવાનની વાણીએ મને મરણમાંથી બચાવ્યો. બસ એ જ માર્ગ સાચો છે. સવારે ભગવાન પાસે દીક્ષા લઈ લઉં. પોતે જાતે પહેલાં શ્રેણિક મહારાજા પાસે જાય છે. બધી સત્ય હકીકત કહે છે. ધન દેખાડે છે. અને દીક્ષાની રજા માંગે છે. શ્રેણિક મહારાજા પોતે તેનો દીક્ષા મહોત્સવ કરે છે. તે કેવળજ્ઞાન પામીને મોક્ષમાં જાય છે. કાન એ ભગવાનની-સંતપુરૂષોની વાણી સાંભળવા માટે છે. તેનો સદુપયોગ કરો. વાણી જ તમને બચાવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધન નહીં ધર્મને સંગ્રહો**

## ભયંકર ભૂતકાળ

પરમકૃપાળુ પરમાત્મા આપણને કહી રહ્યા છે કે હે માનવ ! તું તારા ભૂતકાળ તરફ નજર તો નાખ ! પૃથ્વીકાયમાં, અપૂકાયમાં, તેઉકાયમાં, વાઉકાયમાં અને વનસ્પતિકાયમાં અનેક-અનેક ભયંકર યાતનાઓ તેં વેઠી છે. પૃથ્વીકાયનો સમારંભ આપણે નજરે જોઈ રહ્યા છીએ. બિલ્ડીંગો ચણવા માટે પૃથ્વીકાયના જીવોની ભયંકર હિંસા ચાલી રહી છે. એ યોનિમાં આપણે અનેક કોદાળાના ઘા ખાધા હશે. તીક્ષ્ણ હળથી આપણને ખેડવામાં આવ્યા હશે. નજર નાખીએ તો કંપી ઉઠીએ. દરેક કાયમાં આ જીવાત્માએ ભયંકર વેદનાઓ ભોગવી છે. કંઈક પુણ્યના બળે આ જીવાત્મા આટલે ઉંચે આવ્યો છે. જો હવે જરાક ચૂકીશ તો ફરી યાતનાઓની પરંપરા શરૂ થઈ જશે.

**अनित्यानि शरीराणि, विभवो नैव शाश्वतः ।**
**नित्यं संनिहितो मृत्युः कर्तव्यो धर्मसंचयः ॥**

જ્ઞાનીઓ કહે છે કે હે માનવ ! આ શરીર અનિત્ય છે અને આ વૈભવ પણ શાશ્વત નથી. એક રાતમાં કરોડપતિ તો એક રાતમાં રોડપતિ બની જાય છે. મૃત્યુ ક્ષણે-ક્ષણે તારી પાસે સરકી રહ્યું છે. માટે તું ધર્મનો સંચય કરી લે. પણ આજે માનવ આનાથી વિપરીત દશામાં જીવે છે. એને પોતાનું શરીર નિત્ય લાગે છે માટે તો રાત-દિવસ એની પળોજણમાં પડયો છે. ચોવીસે કલાક આ દેહની પૂજામાં વિતાવે છે. ભગવાનની પૂજા તો અષ્ટ પ્રકારની. સત્તર ભેદી, ચોસઠ પ્રકારની કે નવ્વાણું પ્રકારની છે પણ આ દેહની પૂજા તો એકસો ને નવ્વાણું પ્રકારનીયે ઓછી પડે છે. એને નિત્ય માની બેઠો છે માટે જ ને ! વળી વિનાશી એવો આ વૈભવ પણ આપણને અવિનાશી લાગે છે. રાત કે દિવસ, પુણ્ય કે પાપ, નીતિ-અનીતિ કાંઈ પણ જોયા વિના કમાણી કરે જ જાય છે. મોટા-મોટાં કારખાનાઓ અને મોટા-મોટા બંગલાઓ બંધાવે અને એમાં રાચી-માચીને પાપોને ભેગાં કરે છે પણ એને ખબર નથી કે ભાઈ જ્યારે આત્મા ચાલ્યો જશે ત્યારે તને આજ બંગલામાંથી વહેલી તકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાઢવાની ઉતાવળ કરશે. ઘરમાં કોઈ દાટશે નહીં. મૃત્યુની તલવાર માથે લટકી રહી છે. માનવ મોટી-મોટી આશાની ઈમારતો ચણે છે પણ મૃત્યુ આવે તો એ બધી ઈમારતોને ડૂબાડી દે છે.

## પાણીના એ પૈસા

મહેસાણા દૂધ સાગર ડેરીના માલિક માનસિંહ ચૌધરી- કાળ કેટલો હલકો આવ્યો છે. પહેલાં દૂધ વેચવું એ હલકામાં હલકું ગણાતું, રબારી પણ દૂધ વેચે નહીં. અત્યારે તો છાશ વેચાય છે. અરે! છાશ નહીં, પણ આ દેશમાં હવે તો પાણી પણ વેચાય છે. બિસ્લેરીના બાટલા એક લિટરના પંદર રૂપિયા.. જ્યાં ઘી-દૂધની નદીઓ વહેતી એમ કહેવાતું, ત્યાં આજે પાણી પણ પૈસાથી. એ જમાનામાં દૂધ કે છાશ લેવા- આપવામાં નાનપ નહોતી લાગતી. સૂર્ય પ્રકાશ આપે છે તેનો સ્વભાવ છે તેમ દૂધ-છાશ માણસ પરસ્પર આપે-લે તેમાં કોઈ ઉપકાર કે નાનપ નહોતી. ડેરીના માલિક ચારે બાજુના ગામડાઓમાંથી દૂધ ખરીદે... દરિયો ભરે... અત્યારે તો ઈંજેકશનથી કે મશીનથી દૂધ ખેંચી લઈને... નિર્દય રીતે ગાયોનું ખૂબ શોષણ થઈ રહ્યું છે. આ ચૌધરી દૂધના વધારે ઉત્પાદન માટે ઑસ્ટ્રેલિયા જવા નીકળ્યા. ઑસ્ટ્રેલિયામાં ઘણી વિશાળ જગ્યાઓ ખાલી પડેલી છે. ત્યાં ગાયોનો ઉછેર કરવામાં આવે છે અને ગાયો કેમ વધારે ને વધારે દૂધ આપે તેની કેળવણી કરવામાં આવે છે. પોતાના દૂધ સાગરને મહાસાગર બનાવવાના સ્વપ્ન સેવતા આ ભાઈ ઓસ્ટ્રેલિયા જઈ રહ્યા છે. ત્યાં જવા માટે એરપોર્ટ પર તો જવું પડે. ઘરેથી ગાડીમાં નીકળ્યા. મનમાં અનેક વિચારો ઘૂમતા હતા. ત્યાં જવું છે અને જાણવું છે. એરપોર્ટ સુધી પહોંચતાં જ વચમાં એકસીડન્ટ. રસ્તામાં જ પૂરા. સાથે મનોરથોના ચૂરેચૂરા અને પાપના પોટલા લઈ સાથે થઈ ગયા રવાના. માટે તો **શાસ્ત્રકારો કહે છે કે આ મૃત્યુ એ મોટી હોનારત છે.** આ હોનારત સર્જાય એટલે જીદંગીનો ખેલ ખતમ. તેથી જ્યાં સુધી આ હોનારત ન સર્જાય ત્યાં સુધી ચેતી જાઓ. આંખ મીંચાણા પછી કોને ખબર કેવાયે જન્મોમાં આ જીવાત્મા જશે. સંત કબીર કહે છે કે -

**“ઈસ તન ધન કી કોન વડાઈ, દેખત નયનો મેં મિટ્ટી મિલાઈ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અપને ખાતર મહેલ બનાયા, આપ હી જાકર જંગલ સોયા,**
**હાડ જલે જૈસે કાષ્ઠ કી મોલી, બાલ જલે જેસૈ ઘાસ કી પોલી."**

પોતાના માટે લાખો રૂપિયા ખર્ચીને ભલે બંગલો બનાવ્યો પણ અંતે ચિર નિંદ્રા ક્યાં લેવાની ? જંગલમાં જ ને ! ખૂબ મેવા-મીઠાઈ ખવડાવીને આ તન ગમે તેટલું હૃષ્ટ-પુષ્ટ બનાવ્યું તો પણ શું કરવાનું. જે શરીરને કોઈ આંગળી પણ અડાડી શકતું નહોતું તે શરીરને અંગારો ચાંપે ત્યારે તે કાંઈ બોલે ખરું ? લાખોનો લાડીલો હોય પણ એનો દેહ જ્યારે પડે છે ત્યારે તે દેહને ગમે તેમ કાપો કે મારો... એ કાંઈ બોલે ખરો. બીજું ધન એ પણ જોત-જોતામાં માટી થઈ જવાનું.

## ધનની જળ સમાધિ - બે ભાઈઓનું દૃષ્ટાંત

મારવાડમાં કોઈ એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા. મા-બાપ નાની ઉંમરમાં ચાલ્યા ગયા. બન્ને ભાઈઓ એક-બીજાના સહારે મોટા થયા. પરિસ્થિતિ ગરીબ હતી. મોટાભાઈ ગમે તેમ કરીને પરણ્યા. એક વખત નાનો ભાઈ બહારથી આવ્યો છે. તેણે ભાભી પાસે પાણી માંગ્યું. ભાભી કોઈ કામમાં હતાં તેથી તેમણે આવતાં વાર લાગી. એટલે નાનો ભાઈ એકદમ ગુસ્સે થઈ ગયો. ક્રોધનો આવેગ ભયંકર છે. આવેગ આવે ત્યારે માણસ પુણ્યના, વિનયના કે મર્યાદાના બધાં બંધનો તોડી નાખે છે. ચરક નામના આરોગ્યશાસ્ત્રના વેત્તાએ ચરકસંહિતામાં લખ્યું છે કે આવેગોને કયારે પણ ન રોકવા. જેવા કે - મળ, મૂત્ર, છીંક, બગાસું.... વગેરે પણ અમૂક આવેગોને તો અવશ્ય રોકવા જ. જેવા કે -કામ, ક્રોધ અને લોભ.. **આવેગ અને આવેશ** એ આપણા ભયંકર શત્રુ છે. એ આવે ત્યારે જો એક-બે ક્ષણ પસાર કરી દેવામાં આવે તો આપણે બચી જઈએ. પેલી કહેવત છે ને કે **'અણી ચૂકયો સો વર્ષ જીવે.'** પણ ક્ષણને પસાર કરવી એ ભલ-ભલા સાધુ સંતો માટે પણ કઠીન છે. ગુસ્સામાં બેકાબૂ બનેલા નાના ભાઈએ ભાભીને કહ્યું કે આટલી બધી વાર કેમ લાગી ? સામે ભાભી પણ ગુસ્સામાં આવીગયા. તેમણે કહ્યું કે આટલો બધો રૂઆબ કોના પર કરો છો ? બહુ ઉતાવળ હોય તો પાણી આપવાવાળીને લઈ આવોને ! દિયરને ચડી રીસ. ઘરમાંથી નીકળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયો. પહોંચ્યો દિલ્હી. ત્યાં મોગલ બાદશાહનું રાજ હતું. ક્રોધમાંને ક્રોધમાં નીકળી તો ગયો પણ આવડા મોટા શહેરમાં જવું ક્યાં ? જીવન નિર્વાહ કેમ કરવો ? પણ કહેવાય છે ને કે **"જેણે દાંત આપ્યા છે તે ચાવણું આપશે જ."** ગમે તેમ કરીને 'ચણા જોર ગરમ'નો ધંધો શરૂ કર્યો. બોલવામાં ખૂબ મીઠા બોલો હતો. એવા લહેકાથી બોલે કે લોકો બોલીથી આકર્ષાઈને આવવા લાગ્યા. તેથી ધંધો જામી ગયો. રાજ સભાની બરાબર સામે ખૂમચો લઈને ઉભો રહે. રાજ સભામાં ઘણા દરબારીઓ આવે છે. એની મીઠી ભાષાથી આકર્ષાઈને ઘણા દરબારીઓ ચણા... ખરીદે છે. અને પડીકા હાથમાં લઈને રાજ સભામાં દાખલ થાય છે. રાજા વિચારે છે આ બધા હાથમાં શાના પડીકા લઈ-લઈને આવે છે. કોઈ દરબારીને પૂછે છે. તે કહે છે કે રાજન્ ! કોઈ માણસ રાજસભાની બહાર ચણા વેચે છે. તે ખૂબ મીઠા છે ખાવા જેવા છે. રાજાને મન થયું. તેણે પણ મંગાવ્યા. ચણા આપવા માટે આ ભાઈ રોજ રાજદરબારમાં આવે છે. ધીમે-ધીમે પરિચય વધે છે. રાજાના મનમાં તેના પ્રત્યે ખૂબ અહોભાવ પેદા થાય છે. તેની વાચાળતા પર રાજા મુગ્ધ બની ગયો છે. તેને સુખી કરવાનું રાજાને મન થાય છે તેથી રાજા બંગાળના કોઈ અધિકારી પદે તેની નિમણૂંક કરે છે. તેના માટે એક ફરમાન પત્ર તૈયાર કરે છે. તેમાં તેનું નામ લખે છે. પણ કુદરતી રીતે તેનું જે નામ હતું તેના બદલે તે નામની જગ્યાએ **'જગતશેઠ'** એવું જ નામ લખાઈ જાય છે. બે-ત્રણ વાર કાગળ લખીને ફાડી નાખ્યો પણ એજ નામ આવીને લખાઈ જાય તેથી રાજાને થયું કે અલ્લાને મંજૂર હશે. માટે તેણે તેને જગતશેઠની પદવી આપી. ગંગાના કિનારા પર મોટી હવેલી બનાવી આપી. આ ભાઈ હવે ત્યાં રહેવા લાગ્યા. રોડપતિમાંથી કરોડપતિ બની ગયા. પણ કર્મસત્તા આગળ કોનું ચાલે. કર્મે ગુલાંટ ખાધી. કોઈ પાપોદય જાગ્યો. એક વખત રાત્રે બધા ઘરમાં સૂતા છે ભર નિદ્રામાં છે ત્યાં અચાનક ગંગામાં ઘોડાપૂર આવ્યું. કિનારે જ બંગલો હતો. બધા બંગલાના ઉપરના મજલે ચડી ગયા. નીચે ભોંયરામાં અઢળક સંપત્તિ ભરેલી હતી. પોતાની નજરે જ પોતાના ધનને તણાતું જૂએ છે પણ શું કરે ? ધનને બચાવે કે તનને બચાવે. બધું જ તણાઈ ગયું. પોતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વસ્થ રહી ગયા. તેના જ વંશજોને છેવટે પછી નોકરી કરવા વખત આવ્યો. મહાપુરૂષો કહે છે કે આ આંખ સામે જ બધું ધન માટીમાં મળી જશે. આ બધી હોનારત સર્જાય એ પહેલાં તું ચેતી જા. તારા આત્માના ધનને તું બચાવી લે આ હોનારતને કોઈ અટકાવી શકવાનું નથી. આ જન્મ તમારો જાગવાનો છે માટે જાગો... અને ભાગો... મૃત્યુ ક્ષણે-ક્ષણે આપણી નજીક સરકી રહ્યું છે. માટે ધર્મનો સંચય કરવો જોઈએ. પણ આજે ધર્મને બદલે ધનનો સંચય કરવામાં જગત ડૂબી રહ્યું છે. જાણે અજર અમર બનીને અહીં રહેવાનું ન હોય ! તેમ મોટો-મોટો પસારો કરતો જ જાય છે બે રોટલીના પેટના ખાડાને પૂરવા માટે એ ગમે તેવા પાપો કરતાં પણ અચકાતો નથી. બસ રાત-દિવસ ધનનો સંચય કરવામાં ગળાડૂબ ડૂબેલો છે. કોઈ પશુ વસ્તુનો સંગ્રહ કરે ખરો! જ્યારે માણસ તો સાત પેઢી સુધી ખૂટે નહીં તેટલું ભેગું કરે છે...

*રે જીવ.... !*
*બાળપણમાં તુ માતૃમુખી રહ્યો...*
*યુવાનીમાં તરૂણીમુખી બન્યો...*
*ઘડપણમાં પુત્રમુખી બન્યો....*
*તો તું અંતર્મુખ ક્યારે બનીશ... ?*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## માનવની મૂડી

આ જગતમાં માનવજન્મ અત્યંત દુર્લભ છે. એ જન્મ પ્રાપ્ત કરીને શું કરવું એ મોટામાં મોટો પ્રશ્ન છે. માનવની પાસે જ વિચારધારા છે બાકી પશુઓ કાંઈ વિચારી નહીં શકે. એ તો બસ આહારસંજ્ઞા, ભયસંજ્ઞા અને મૈથુનસંજ્ઞામાં ડૂબેલા છે. દેવો પોતાના સુખમાં મગ્ન છે તેથી તેઓને કોઈ દિવસ કાંઈ વિચારવાની જરૂર જ નથી અને ફૂરસદ પણ નથી. નારકીના જીવો યાતનામાં પીડાઈ રહ્યા છે તેથી ત્યાં પણ કોઈ જ વિચારધારા નથી. ફકત માનવ પાસે જ આ મોટી મૂડી છે. વળી વિચાર કરીને માણસ પોતાના જીવનમાં-વર્તનમાં પરિવર્તન લાવી શકે છે. સો વર્ષ પહેલાંના માણસોનું જીવન-પહેરવેશ-રહેણી-કરણી કેવાં હતાં અને આજે કેવાં છે ? માણસ પોતે પરિવર્તનશીલ છે. માટે શાસ્ત્રકારો કહે છે કે હે માનવ તું ચેતીજા.. રખડેલ છોકરાની ચિંતા મા-બાપને કેટલી હોય ? છોકરાને તો મજા હોય. એને કાંઈ મા-બાપની વેદના ન સમજાય. જ્યારે મા-બાપના લોહીનું તો પાણી થઈ રહ્યું હોય છે, તેમ મહાપુરૂષો આપણા જેવા રખડેલ અને ભોગ-વિલાસમાં ડૂબેલાઓને ઢંઢોળે છે. આપણી પાછળ પોતાનો કિંમતી સમય વેડફે છે. પણ પેલા રખડેલ છોકરાની જેમ આપણી ઉપર એની કાંઈ અસર પહોંચતી જ નથી. આપણા વડવાઓએ દહેરાસર બંધાવ્યાં, શું કામ ? પુજારીઓ માટે? તમને તો દર્શન કરવાની પણ ફૂરસદ નથી. ગામોગામ નિઃસ્વાર્થભાવે ધર્મને સમજાવતા ગુરૂઓ ઘુમે છે પણ તમને ધર્મ સાંભળવાની ફૂરસદ છે ખરી ? ના, હમણાં ટી.વી. પર રામાયણ કે મહાભારત આવે અથવા કોઈ એક્ટર કે નેતા આવે તો ત્યાં સો કામ પડતાં મૂકીને દોડો... તમારા હિતને માટે કેટલું કર્યું ? પણ તમે તેને વેડફી રહ્યા છો.

## જરૂરિયાતો ઘટાડો

મહાપુરૂષો કહે છે કે ધર્મને સાચા અર્થમાં આરાધવો હશે તો પહેલાં તેને સમજવો પડશે. ધર્મ કેવો ? અહિંસા, સંયમ અને તપથી યુક્ત. મન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વચન અને કાયાનો સંયમ જોઈ ગયા. હવે બાકી રહ્યો જરૂરિયાતોનો સંયમ અર્થાત્ જરૂરિયાતો ઘટાડો. મારા ગુરૂ મહારાજ કહેતા કે સરકારે પબ્લિકને 'ઉત્પાદન વધારો'નું સૂત્ર આપ્યું. અને જનતાએ તે ઝીલી લીધું. પણ પચાસ વર્ષ પહેલાં આ દેશમાં જે શાંતિ હતી તે ઉત્પાદન વધારવાથી ઘટી કે વધી? આજે આ દેશ પચ્ચીસ હજાર કરોડનું કાપડ બહાર નિકાસ કરે છે. આવી એક ચીજ નહીં પણ અનેક ચીજો આ દેશ ઉત્પાદન વધારીને બહાર નિકાસ કરે છે. ચીજ-વસ્તુઓના ઢગલા છે, પણ શાંતિ ક્યાં ? માણસ તો અશાંતનો અશાંત જ છે. ચીજ-વસ્તુઓ વધતાં માણસ નમાલો અને નકામો બની ગયો છે. રોગોનું ઘર બની ગયો છે. દરેક કામનાં મશીન, કચરો કાઢવાનું-કપડા ધોવાનું, અનાજ દળવાનું, વાસણો સાફ કરવાનું વગેરે મશીન આવતાં માણસનાં હાથ-પગ નકામા થઈ ગયા. કામ કરવાથી શરીરને જે કસરત મળતી તે બંધ થઈ ગઈ, તેથી કેડના રોગો, પગના રોગો ઘર કરી ગયા. શરીર કદરૂપા બની ગયા. ચરબી વધી ગઈ. પહેલાં અમારી બહેનો બધું જ કામ પોતાની જાતે કરતી તેથી ૮૦ વર્ષે પણ એ પાંચ-સાત કિ.મી. ચાલી જતી. શરીર પણ કસાયેલું અને સુડોળ રહેતું. અત્યારે તો રાંધવા માટે ઉભા રસોડા. ઉભાં-ઉભાં જ રસોઈ કરવાની તેથી પગના સાંધા જકડાઈ જાય.. અરે ખાવા માટે પણ ડાઈનીંગ ટેબલ.. આપણા પૂર્વજોએ નીચે બેસીને જ ખાધું છે, અબજો વર્ષ આમ જ વીતાવ્યાં છે. નીચે બેસીને ખાવાથી અમૂક અવયવોને દબાણ મળે છે, જેનાથી શરીરમાં ઘણા ફાયદા થતા. પણ આજે ડાઈનીંગ ટેબલ ન હોય તો તમારું સ્ટેટસ્ નીચું પડી જાય. ખાવામાં પણ છરી-કાંટો, ચમચી. હાથ તમને આપ્યા છે, શું કરવા ? હાથમાંથી તો અમૃત ઝરે છે. હાથમાં તો આખા શરીરની ઈલેક્ટ્રિક સીટી છે. મા પોતાના હાથથી જ દિકરાને કોળીઓ લઈને ખવડાવે છે એમાં હાથનું અમૃત ભરેલું હોય છે. મહાપુરૂષો પણ આશીર્વાદ આપવા માટે માથા પર હાથને મૂકે છે. માથામાં સુષુમ્ણા નામની નાડીનું દ્વાર છે તેના પર હાથ મૂકતાં જ આશીર્વાદ સીધા અંદર ઉતરે છે જેમ વરસાદ વરસે ને પાણી જમીનમાં ઉતરી જાય. આ બધાં જ સાધનો ખરેખર ! જોવા જઈએ તો માણસને વિનાશના પંથે લઈ જનારાં છે. ઉત્પાદનના વધારાએ જે શાંતિ હતી તેને પણ હણી લીધી છે. ખરેખર તો **'ઉત્પાદન વધારો'ની જગ્યાએ 'જરૂરિયાત ઘટાડો'એ સૂત્રને અપનાવવાની**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જરૂર છે.** અમારે કોઈ જરૂરિયાત નથી માટે કેવા નિશ્ચિંત છીએ. નિજાનંદમાં ડૂબેલા છીએ. જ્યારે તમારે તો રોજ સવાર પડે ને કોઈ ને કોઈ વસ્તુની જરૂર ઉભી થાય એટલે પાછી મગજની દોડધામ શરૂ. માટે જ શાસ્ત્રકારો કહે છે કે તમે તમારી જરૂરિયાત ઘટાડો જીવનમાં શાંતિ આપમેળે આવશે. આપણી પાસે શક્તિનો અખૂટ ખજાનો છે. આત્મામાં જ આનંદ-સુખ ભરેલાં છે પણ આપણે અંદર નજર નાખતા જ નથી. બહાર પદાર્થોની પાસે સુખ અને આનંદની ભીખ માંગ્યા જ કરીએ છીએ. જીંદગી આખી ભીખ માંગવા છતાં નથી તો સુખ મળતું કે નથી તો આનંદ મળતો.

**અંદર તો જો....!**

એક ભિખારી છે. કોઈ જગ્યાએ પાથરણું પાથરીને ભીખ માંગ્યા કરે છે. ભીખ માંગતાં-માંગતાં એની આખી જીંદગી પૂરી થઈ ગઈ. ન સારું ખાવાનું મળ્યું કે ન સારું પહેરવાનું મળ્યું. નાનાથી માંડીને મોટો થયો ત્યાં સુધી તેણે એ જગ્યા છોડી નહીં. છેવટે મરી ગયો. બીજા ભીખારીઓને થયું કે આ જગ્યા અપશુકનીયાળ લાગે છે. આ ભિખારીએ રોજ ત્યાં બેસીને ભીખ માંગ્યા કરી પણ એ કયારેય સુખી થયો નહીં તેથી આપણે એ જગ્યાને ખોદી નાખીએ - બધા થયા ભેગા ને માંડયા ખોદવા. થોડુંક ખોદ્યું ત્યાં તો ઝળહળતી સોનામહોરોથી ભરેલો એક ચરુ નીકળી પડયો. આ ચરુ ઉપર જ બેસીને તેણે આખી જીંદગી વિતાવી છતાં તેના હાથમાં ન આવ્યો. કારણ કે તેણે ક્યારેય નીચે જોયું જ નથી. તેમ આપણે ક્યારેય અંદર નજર નાખતાં જ નથી. અને છેવટે આ ભિખારીની જેમ જીંદગી હારી જઈને અહીંથી ચાલ્યા જઈએ છીએ.

**લગ્ન એટલે પ્રભુતામાં પગલાં કે પશુતામાં**

**માણસ લગ્ન કરે છે ત્યારે કહેવાય છે ને કે પ્રભુતામાં પગલાં માંડે છે પ્રભુતામાં કે પશુતામાં.** જેમ બળદની નાકમાં નાથ (દોરડું) પરોવીને તેને દોરવામાં આવે છે તેમ સ્ત્રી પુરુષને ફેરવે છે. પુરુષ પરતંત્ર બની જાય છે. ભલભલા ભૂપાલો પણ સ્ત્રીની પરવશતાએ જીવન હારી ગયા.

**સયાજીરાવ ગાયકવાડ**

વડોદરાના મહારાજ નિઃસંતાન ગુજરી ગયા. ગાદી પર કોણ આવે તે મોટો પ્રશ્ન હતો. નિયમ એવો હતો કે ગોત્રનો માણસ જ વારસદાર બને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પોતે ગાયકવાડ હતા. તેમની સ્ત્રી વારસદારને શોધવા માટે નીકળે છે. તે વખતે મહારાષ્ટ્રમાં ગાયકવાડની વસ્તી સારા પ્રમાણમાં. કલવાણા કરીને એક ગામમાં તેઓ આવ્યા. ત્યાં તપાસ કરી.. ગાયકવાડો બધા ભેગા થયા. પસંદ કોને કરવા ? કારણ કે બહુ મોટી ઉંમરનો માણસ પણ કામ ન લાગે. બહુ નાનો હોય તો પણ કામ ન લાગે.. મધ્યમ વયનો જોઈએ. તેમાં પસંદગીનો કળશ સયાજીરાવ નામના છોકરા પર ઢોળાયો. તેઓ ચાર ભાઈ હતા. સયાજીરાવનો નંબર ત્રીજો હતો. તેમને લઈ જવા માટે મા-બાપ પાસે માંગણી કરી. માને ખબર પડી કે મારા દિકરાને લઈ જવા કોઈ બાઈ આવી છે. માએ વલોપાત શરૂ કર્યો. ગુસ્સામાં આવી ગઈ. કહ્યું પણ ખરું કે શું તારા માટે મેં મારા દિકરાને જણ્યો છે, હું નહીં આપું. પણ રાજ પાસે કોનું ચાલે. કપાળ કૂટયું. કપાળમાં મોટો ઘા પડી ગયો. પરાણે સમજાવીને દીકરાને લઈ જવામાં આવ્યો. આજે પણ સયાજીરાવની માતાનો કપાળમાં ઘા પડેલો ફોટો માલેગાંવથી આગળ જતાં કલવાણા ગામમાં એક બંગલો આવે છે. ત્યાં હયાત છે. સયાજીરાવને વડોદરામાં લાવવામાં આવ્યા. સારા-સારા શિક્ષકોને રાખીને તેમને ભણાવવામાં આવ્યા. ખૂબ તેજસ્વી નીકળ્યા. વળી ધર્મના પણ પ્રેમી. તેથી સંતોને બોલાવીને ધર્મનો અભ્યાસ કર્યો. આવા સયાજીરાવ દુનિયામાં નામાંકિત રાજા પણ પોતાની સ્ત્રી પાસે લાચાર હતા. તેઓ બે વાર પરણ્યા હતા. પહેલી સ્ત્રીથી ફતેહસિંહ નામનો દીકરો હતો. તે સ્ત્રી મરી ગયા પછી બીજીવાર ચીમનાબાઈ નામની સ્ત્રીને પરણ્યા. તેને પણ એક છોકરો. રાજ્યના નિયમ પ્રમાણે તો ગાદી ફતેહસિંહને જ મળે. પણ આ સ્ત્રીને તે પોષાય તેમ ન હતું. સયાજીરાવ બહારથી મહેલમાં આવે કે ચીમનાબાઈનો કકળાટ શરૂ થઈ જાય. ફતેહસિંહને રાજ મળશે તો મારા દિકરાને શું ? રોજ નવી-નવી માંગણી કર્યા કરે.. સયાજીરાવ તેના કકળાટથી ખૂબ ત્રાસી ગયેલા. તેના ત્રાસથી મોટે ભાગે તે સ્વીટઝર્લેન્ડમાં જ રહેતા. જીંદગીના ઘણા વર્ષો તેમણે ત્યાં જ ગાળ્યા. આ પ્રભુતામાં પગલાં કહેવાય કે પશુતામાં.

આજનો માણસ પદાર્થોની પાછળ પાગલ બન્યો છે માટે જ રખડી રહ્યો છે. પણ પરમાત્માની પાછળ પાગલ બનો તો સંસાર સમાપ્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધર્મ રાજમાર્ગ છે

શાસ્ત્રકાર મહારાજા જગતનું કલ્યાણ થાય એ માટે ધર્મનો મંગલમય માર્ગ બતાવી રહ્યા છે. સુખ અને શાંતિનો આ એક જ મંગલમય માર્ગ છે. ધર્મ એ કાંઈ ડોસા-ડગરાનો જ માર્ગ નથી. પણ નાના-મોટા બધા માટે છે. કોઈ પણ એક ગામ જવું હોય તો બધા માટે એક જ માર્ગ હોય છે. કાંઈ ડોસાને જવાનો રસ્તો જુદો, યુવાનોને જવાનો રસ્તો જુદો અને બાળકોને જવાનો રસ્તો જુદો. એવું કાંઈ હોતું નથી. બધા માટે એક જ સરખો માર્ગ હોય છે. તેમ ધર્મ પણ મોટાઓ માટે કે યુવાનોને માટે કે બાળકોને માટે એક સરખો જ હોય છે. એ માર્ગે બધા જ જઈ શકે છે. પણ આપણે ધર્મના માર્ગને અત્યારે ડોસા-ડગરાઓ પૂરતો જ બનાવી દીધો છે. યુવાનોને તો જાણે કાંઈ લાગતું વળગતું જ નથી. એ તો નિરાંતે પોતાના ધંધાઓ ખેલી રહ્યા છે. મહાપુરૂષો તેમને ટકોર કરે છે કે ભાઈ ! જરા આંખ ઉઘાડી ને તું જો તો ખરો ! તારી સામે કેવી ગતિઓ પડી છે !

## ચાર ગતિનું વર્ણન.

નારકીની ભયંકર યાતનાઓ પડી છે. યોગશાસ્ત્ર નામના ગ્રંથમાં ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ નારકીનું વર્ણન કર્યું છે. સાત નારકીઓ છે. તેમાં પહેલી ત્રણ નારકીમાં અતિશય ગરમી છે. કેવી ? તો કે ત્યાં રહેલા નારકને કોઈ પૃથ્વી પર લાવીને ચોવીસે કલાક સળગતી ભઠ્ઠીમાં નાખે તો તેને છ મહિના સુધી ઉંઘ આવી જાય. આવી ભયંકર ગરમી ત્યાં છે. છેલ્લી ત્રણ નારકીમાં અતિશય ઠંડી છે. ઠંડી કેવી ? ત્યાં રહેલા નારકને અહીં લાવીને બરફની પાટ પર સુવાડવામાં આવે તો તે છ મહિના સુધી નિરાંતે સૂઈ જાય.. એવી કાતિલ ઠંડી ત્યાં છે. ચોથી નારકીમાં ઠંડી અને ગરમી બંને છે. નારકીના દુઃખો સાંભળતાં હૃદય ફફડી ઉઠે ! પરમાધામી દેવો દારુણ કરવતોથી તેમના શરીરના ટુકડે-ટુકડા કરી નાખે છે. ભયંકર તરસથી પીડાયેલા તેઓ વૈતરણી નામની નદી તરફ દોડે છે તો તેમાં ત્રપુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(એક જાતની ધાતુ છે) અને શીસું વહી રહ્યું છે. તાપથી પીડાયેલા તેઓ છાયાની આશાથી અસિપત્ર વનમાં દોડે છે તો તે વૃક્ષના પાંદડા તલવાર જેવા છે તે તેમના શરીરને ભેદે છે. પરસ્ત્રીગમનના સુખને યાદ કરાવતા તેઓને લોખંડની ધગધગતી પુતળીઓ સાથે આલિંગન દેવડાવે છે. માંસ અને દારૂના સ્વાદને યાદ કરાવતા તેઓને ધગધગતું શીસું પીવડાવે છે. ભુંજાતા, ભયંકર શસ્ત્રોથી છેદાતા, વેદનાથી ચીસો પાડતા નારકો ત્યાં એક ક્ષણ પણ સુખને પામી શકતા નથી. આમ નારકીમાં પણ સુખનો માર્ગ સૂઝવાનો નથી. તો દેવલોકમાં સુખ જ સુખ છે પણ સુખનો માર્ગ નથી. તેઓ સુખમાં અત્યંત આસક્ત હોવાથી જ્યારે ત્યાંથી ચ્યવનનો સમય આવે છે ત્યારે દીન બનેલા તેઓ અત્યંત આઘાતથી પીડાય છે. અને **જ્યાં આસક્તિ ત્યાં ઉત્પત્તિ એ** નિયમના આધારે તેઓ પૃથ્વીકાયમાં, અપ્‌કાયમાં, વનસ્પતિકાયમાં જઈ ચડે છે. તિર્યંચ ગતિ તો આપણી આંખ સામે જ છે. તેની વેદનાઓ આપણે નજરે જ જોઈ રહ્યા છીએ. કીડીથી માંડીને હાથી સુધીના જીવોને આપવામાં આવતો ભયંકર ત્રાસ આપણી આંખ સામે છે. માત્ર આ માનવજન્મ જ એક એવો છે કે ત્યાંથી માનવ ધારે તો સુખનો માર્ગ મેળવી શકે છે. બસ જીવનને વળાંક આપવાનો છે. ઘાટ આપવાનો છે. પથ્થર એ પત્થર છે પણ તેને શિલ્પીના ટાંકણા વાગતાં એક મહામૂર્તિ સર્જાય છે. લાખો લોકો તેના ચરણે પડે છે એ જડ હોવા છતાં યે ચેતન કરતાં ચડી જાય છે જ્યારે માણસ તો ચેતન છે. પ્રભુના વચનો રૂપી ટાંકણા ખાય તો તે દેવ બની જાય, પણ ટાંકણાંઓ ખાતો જ નથી. માટે તો ચેતન હોવા છતાં જડ જેવો બની જાય છે. **ટાંકણાં ખાતો પથ્થર જડમાંથી ચેતન બને છે અને ટાંકણાં નહીં ખાતો માનવ ચેતનમાંથી જડ બને છે.** સુખનો સાચો માર્ગ મેળવવા માટે ટાંકણાં ખાવા જ પડશે. જેમ કે ભગવાન કહે છે કે 'ક્રોધ ન કર.' ભગવાનનું વચન રૂપી આ ટાંકણું જો આપણે સહીશું તો આપણે દેવ જેવા બનીશું. પણ આપણે તો સામે દલીલો કરીશું કે ના, સાહેબ, ક્રોધ તો આવી જ જાય. એના વિના ન ચાલે. તો પછી આપણે દેવને બદલે દાનવ.. ઈન્સાનને બદલે શેતાન બનતાં જઈશું. આયુષ્ય અલ્પ છે. અલ્પ વર્ષોમાં જ આપણે આપણા માર્ગને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પકડવાનો છે. પાણીનો રેલો કેવો સડસડાટ વહી રહ્યો છે. આ આયુષ્ય પણ પાણીના રેલાની જેમ વહી રહ્યું છે. જીંદગીના મોટા ભાગના વર્ષો તમારા વહી ગયા છે હવે તમે જે જીવી રહ્યા છો તે તો નફાના વર્ષો છે. નફાના વર્ષોમાં પણ જો ચેતી નહીં શકો તો પછી ગમે ત્યાં ધકેલાઈ જશો.

## આપણો સદાયનો સાથી

કોઈપણ શાસ્ત્રનું પાનું ઉઘાડશો તો તેમાંથી તમને એક જ સાર મળશે કે માનવભવ દુર્લભ છે. દુર્લભ હોવા છતાંય અનંતપુણ્યરાશિના બળે આપણને તે મળી ગયો છે તો હવે શું કરવું ? શું ભોગ-સુખોમાં તેને વેડફી નાખવાનો ? જગતનો મોટો વર્ગ ખાવું-પીવું-પહેરવું-ઓઢવું આ બધા બાહ્યપદાર્થોમાં પડેલો છે તો કેટલોક વર્ગ અંદરના પદાર્થોમાં ક્રોધ-માન-માયા-ઈર્ષ્યા-અસૂયા-દંભ-પ્રસિદ્ધિ-કીર્તિ-નામના આ બધાની પાછળ પડેલો છે. કોઈ વિચારે છે કે બંગલો બંધાવવો છે, મોટર લાવવી છે. દાગીના ઘડાવવા છે, આ લેવું છે ને તે લેવું છે. વળી કેટલાક જીવો અંદરના પદાર્થોમાં અટવાયેલા છે. 'આને પાછો પાડવો છે, આની પાસેથી આ પડાવવું છે, આ મારી આગળ છે, આને બરાબર બતાવી આપવું છે', રાતદીન આવી જ વિચારણામાં ફસાયેલા છે. પણ અંત સમયે સાથે રહેનાર કોણ ? સદાયનો સાથી, સદા આપણું રક્ષણ કરનાર, સદા આપણને સન્માર્ગે લઈ જનાર કોણ? ધર્મ. તમારી પાસે ગમે તેટલા પૈસા હોય. ગમે તેટલો વૈભવ હોય પણ તે કાંઈ પરલોકમાં કામ નહીં લાગે. ધર્મ એજ આપણો સાચો મિત્ર છે. શાસ્ત્રમાં એક રૂપક આવે છે.

## ત્રણમિત્રનું રૂપક

એક શેઠ હતા. તેમને ત્રણ મિત્રો હતા. શેઠને રાજા સાથે ખૂબ સારો સંબંધ. પહેલા મિત્રને શેઠ પોતાનો જીગરજાન દોસ્ત માનતા. તેની પાછળ તે ઘણો ભોગ આપતા. પ્રેમ પણ તેની પર અઢળક. ટૂંકમાં જીવ એક અને ખોળિયાં જુદા જેવી સ્થિતિ હતી. બીજા મિત્ર સાથે મિત્રતા બહુ ગાઢ નહીં પણ કોઈ પ્રસંગ હોય ત્યારે ભેગા થાય. ત્રીજા સાથેનો સંબંધ તો ઔપચારિક જ. ક્વચિત્ રસ્તામાં મળે ત્યારે સ્મિત આપે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક વખત આ શેઠ વિરુદ્ધ કોઈકે રાજા પાસે ફરિયાદ કરી. કોઈ દુષ્ટ માણસે રાજાને કહ્યું કે રાજન્ ! આ શેઠ તમને મારી નાખવાનું કાવત્રું ગોઠવી રહ્યા છે. તમે ચેતતા રહેજો. રાજા બહુ કાચા કાનના હોય છે. રાજા રીઝે તો ન્યાલ કરીદે અને ખીજે તો ખલાસ કરી દે. કાંઈ પણ તપાસ કર્યા વિના જ દુષ્ટ માણસની વાત પર ભરોંસો મૂકીને રાજાએ શેઠને પકડી લાવવાનો હુકમ છોડયો. આ વાતની શેઠને ખબર પડી કે મને પકડવા માટે હમણાં રાજપુરુષો આવશે... શું કરવું ? જો ભાગી જવાય અથવા તો કયાંક છૂપાઈ જાઉં તો બચી જાઉં. કોઈની મદદ મળે તો આ બધું શકય બને. કોના શરણે જાઉં ? આમ વિચાર કરે છે ત્યાં તેને પોતાનો જિગરી દોસ્ત યાદ આવ્યો. એને તો પૂર્ણ વિશ્વાસ હતો કે આ દોસ્ત મને બચાવશે જ. વિશ્વાસથી દોસ્તના ઘેર ગયો. પોતાની વિગત કહી સંભળાવી. સાંભળતાં જ જિગરીમિત્ર ચમક્યો. તેણે વિચાર્યું કે જો આ રાજગુન્હેગારને હું આશ્રય આપું તો મારું જ આવી બને ! હું કુટુંબ સાથે પાયમાલ થઈ જાઉં. આને તો એક ઘડીપણ અહીં ઉભો રહેવા દેવાય નહીં. કોઈને ખબર પડે તો મારા બાર વાગી જાય. તેથી શેઠને કહ્યું કે શેઠ ! મદદની આશા રાખ્યા વિના અહીંથી પહેલાં ચાલતી પકડો. જો રાજાને કયાંય ગંધ આવી જશે તો મારૂં આવી બનશે. જલ્દી ઉભા થાઓ. પેલા શેઠ તો આ જવાબ સાંભળીને હેબતાઈ જ ગયા. આ શું ? આ મારા જિગરીદોસ્તના શબ્દો છે ? તેનું તો કાળજું વીંધાઈ ગયું. જેની પાછળ મેં મારું સર્વસ્વ હોમ્યું. જેને હું મારો જ જીવ ગણતો હતો તેના આ શબ્દો ! તે એકદમ નિરાશ થઈ ગયો. તમારા આજના મિત્રો આવા જ હોય છે ને ! જિસકે તડમેં લડુ ઉસકે તડમેં હમ. સ્વામી રામતીર્થ કહેતા કે પહેલાના કાળમાં લોકો પ્રાર્થના કરતા હતા કે ભગવાન મને મારા શત્રુઓથી બચાવજે. પણ આજે ભગવાન પાસે પ્રાર્થના કરવી પડશે કે ભગવાન મને મારા મિત્રોથી બચાવજે. તમારું મિત્રમંડળ કેવું છે ? ભોગ-વિલાસમાં ચકચૂર બનેલું. તમને પણ પરાણે ખેંચી જનારું.... દારૂ જેવું ભયંકર વ્યસન મિત્રોની સોબતથી જ તમારા જીવનમાં ઘુસ્યું છે ને ? મિત્રો કરો તો એવા કરજો જે પોતે સંયમી હોય અને તમને પણ સંયમી બનાવે.. સ્વાર્થી ન હોય. શેઠ આ સ્વાર્થી મિત્રના શબ્દો સાંભળીને નિરાશવદને ઘેર પાછા ફરી રહ્યા છે. ત્યાં પેલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાર-તહેવારે મળતો મિત્ર યાદ આવ્યો. તેના ઘેર ગયા. જઈને બધી વાત કરી. પેલાએ પણ જિગરીમિત્રની જેમ ચાલતી પકડાવી દીધી. શેઠને તો પગ નીચેથી જાણે ધરતી સરકી રહી છે. આંખ સામે મૃત્યુ તરવરી રહ્યું છે. ત્યાંથી પાછો ફરી રહ્યો છે ત્યાં ત્રીજો મિત્ર યાદ આવ્યો. કહેવાય છે ને કે ડૂબતો માણસ તણખલું પકડે. લાકડું પકડે તો સમજી શકાય પણ તણખલું પકડે તેને આપણે શું કહીએ? મૂર્ખાજ ને ! મનમાં તો સમજે છે કે જિગરી દોસ્તે મને જાકારો આપ્યો છે, વાર-તહેવારે મળતા મિત્રે પણ મને કાઢી મૂકયો છે તો આ તો ક્વચિત જ મળતો, આંખની ઓળખાણનો મિત્ર છે તે તો મને કયાંથી મદદ કરવાનો ! છતાં પણ લાખો નિરાશામાં એક અમર આશા છૂપાયેલી છે. તે આશાના તાંતણે તેના ઘેર જાય છે. શેઠને આંગણામાં આવેલા જોઈને આ રસ્તાનો મિત્ર સામે આવ્યો. ખૂબ મીઠો અને પ્રેમથી આવકાર આપ્યો. આગમનનું કારણ પૂછયું. શેઠે બધી હકીકત કહી સંભળાવી. આ મિત્ર બોલી ઉઠયો કે અરે શેઠ ! આમાં મુંઝાઓ છો શું કામ ? મિત્ર તરીકે મારી ફરજ છે. સંકટમાં સહાય કરે તેજ સાચો મિત્ર. તમને મદદ ન કરું તો હું મિત્ર શા કામનો ? ચાલો તૈયાર થાઓ. આગંણામાં બાંધેલો ઘોડો તૈયાર કર્યો. ભેટમાં તલવાર ખોસી. સાથે થોડું ભાથું આપ્યું. અને પોતે સાથે ઘોડા પર બેસીને તેને દેશની સરહદ સુધી લઈ ગયો. સરહદે પહોંચીને કહ્યું કે લો આ ઘોડો, તેના પરબેસીને આ સરહદને ઓળંગી જાઓ. બીજા રાજ્યમાં જતા રહો. બસ પછી આ રાજાની ચાલ કાંઈ કામ નહીં લાગે. મારી ચિંતા નહીં કરતા. હું રાજા સાથે ફોડી લઈશ. વળી લો આ થોડા પૈસા પણ સાથે લેતા જાઓ. પરદેશમાં જઈને અજાણી દુનિયામાં તમારું કોણ ? શેઠ તો ખુશ-ખુશ થઈ ગયા. મનમાં વિચરવા લાગ્યા કે વાહ રે વાહ ! ક્વચિત્ ઓળખાણના મિત્રે મને ખરેખર ઉગારી લીધો. પેલા જિગરજાન દોસ્તે અને વાર-તહેવારના મિત્રે મને બરાબરનો દગો દીધો. જેની પાછળ મેં જિંદગીના મહામૂલો વર્ષો વેડફી નાંખ્યાં અને આણે મને કેવો બચાવી લીધો ? મેં પહેલેથી આની જ સોબત કરી હોત તો... .... આ એક નાનકડું રૂપક છે, વાર્તા નથી. પણ આપણા જીવનને ચેતવનારું રૂપક છે. જીવનનો સાર છે, તે કેવી રીતે ? તે આપણે અવસરે જોઈશું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અણમોલ રત્ન

## બંગલાનો સાચો માલિક કોણ ?

શાસ્ત્રકાર મહારાજા આપણને ધર્મ કેવું કિંમતી રત્ન છે તે સમજાવી રહ્યા છે. દુર્લભ એવું આ રત્ન અનંત શક્તિઓને ધરાવે છે. આ લોકમાં સુખી કરે છે અને પરલોકમાં પણ સુખી કરે છે. તમે ભેગી કરેલી આ સંપત્તિ તમને આ લોકમાં પણ પૂરા ઉપભોગમાં આવતી નથી તો પરલોકમાં ક્યાંથી આવવાની ? લાખો રૂપિયા ખર્ચીને મોટો આલીશાન બંગલો બનાવ્યો, પણ ધંધો કરતાં તમે એ બંગલામાં કેટલા કલાક રહેવાના અને તમારા ઘરનું કામકાજ કરતો ઘરઘાટી તમારા બંગલામાં કેટલા કલાક રહેવાનો ? બંગલાનો વધારે ઉપભોગ કોણ કરે ? તમે કે તમારો ઘાટી ? માલિકી કોની ? જરા ઉંડા ઉતરીને વિચારો તો સત્ય સમજાશે. ધર્મ તમને સાચી સમજણ આપશે. વ્યાવહારિક ધર્મ તો બધાય કરે છે. હિન્દુઓ કરે છે, મુસ્લિમો કરે છે અને ખ્રિસ્તીઓ પણ કરે છે. પણ મારે તમને સાચો ધર્મ સમજાવવો છે. માણસ ઘણા પ્રકારના સંકલ્પો કરતો હોય છે. પૈસા મેળવવાના કે બંગલા બંધાવવાના કે પછી ગાડીઓ વસાવવાના, પણ સાચા ધર્મને સમજવાનો સંકલ્પ કરનારા કેટલા ? મારે તમને સાચા ધર્મને મેળવવાનો સંકલ્પ કરનારા બનાવવા છે. સાચો સંકલ્પ હશે તો આપ મેળે તમારી તેમાં પ્રગતિ થશે. માણસ કોઈપણ વસ્તુનો સંકલ્પ કરે છે તો તેને મેળવવા તે આકાશ-પાતાળ એક કરે છે અર્થાત્ રાત-દિવસ મહેનત કરે છે તેમ જો ધર્મને મેળવવા તમે સંકલ્પ કરશો તો તમને સાચો ધર્મ મળીને જ રહેશે. ધર્મ કેવું રક્ષણ કરે છે તે આપણે ત્રણ મિત્રના રૂપક દ્વારા જોઈ રહ્યા છીએ.

## જિગરજાન મિત્ર - શરીર

**આપણો રોજનો જિગરજાન મિત્ર કોણ ? જાણો છો ? આપણું શરીર.** જેને આપણે જે જોઈએ તે, એ જ્યારે માંગે ત્યારે અને જે માંગે તે બધું જ આપીએ છીએ. એ ગુટકા માંગે તો ગુટકા. પાન-મસાલા માંગે તો પાન-મસાલા અરે એનાથી આગળ વધીને કહું તો એ દારૂ માંગે તો દારૂ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈંડા માંગે તો ઈંડા પણ આપવા તમે તૈયાર છો. બરાબર ને ! તમે રાત-દિવસ કમાણી કરો છો કોના માટે ? ધન મળે તે નસીબદાર કે ધર્મ મળે તે નસીબદાર ? શાસ્ત્રમાં નવ નંદની વાત આવે છે. તેણે નવ સોનાની ટેકરીઓ બનાવી હતી પણ સાથે શું લઈ ગયો ? સોનું એટલે શું ? પીળી માટી કે બીજું કંઈ ? દશ-વીસ હજારની સાડી પણ આખરે ગાભો (કપડાનો ડૂચો) કે બીજું કાંઈ ? આવું જ્યારે સમજાશે ત્યારે લાગશે કે ધન નહીં હવે ધર્મ જોઈએ. જેના માટે રાત-દિવસ ભોગો આપ્યા છે તેને નવડાવ્યું-ધોવડાવ્યું, ખવડાવ્યું-પીવડાવ્યું, શણગાર્યું છતાં જ્યારે આ જીવને જવાનો વખત આવશે ત્યારે એ આપણી સાથે આવશે ખરું ? તે તો અહીંઆ લાકડામાં બળી જશે. ચોવીશે કલાકનો સંબંધ એક જ ક્ષણમાં ખલાસ. આ આપણા જિગરજાન મિત્રની કહાણી..

## વાર-તહેવારનો મિત્ર-સ્વજનો

**હવે બીજો મિત્ર વાર-તહેવારનો મિત્ર. તે છે આપણાં સગાં, સ્વજનો.** જ્યારે જીવને જવાનું થશે ત્યારે આપણાં સગાઓ કાંઈ કરી શકશે ખરા... જે આ લોકમાં યે નિઃસ્વાર્થ સંબંધ રાખતા નથી તે આપણાં પરલોકનો શું વિચાર કરવાના હતા. જીવન સમાપ્ત થયું. ગયા... બાળી આવ્યા. પતી ગયું. તેઓ કોઈ એમ વિચારે ખરા કે લાવો એની પાછળ કાંઈક દાન-પુણ્ય કરીએ એને પરલોકમાં શાન્તિ મળશે. ના, એ તો એમ વિચારે કે અમારે શું લેવા-દેવા. કરશે છોકરાને કરવું હશે તો ? છોકરો વિચારશે કે ગયા. નિરાંત થઈ હવે એમની પાછળ પૈસાનો ખોટો વ્યય કરીને શું કરવાનો ? તો કેટલાક છોકરાઓ સમાજના ડરને લીધે મા-બાપની પાછળ એકાદ પૂજન ભણાવી દે એટલે પતી ગયું. મા-બાપ જેટલી ચિંતા છોકરા પાછળ કરે છે તેની એક ટકો ય ચિંતા છોકરો મા-બાપ માટે કરતો નથી. પરલોકની ચિંતાનો તો વિચાર જ ક્યાં કરવાનો ? અને એમાંય વળી મા-બાપ માંદા હોય, માંદગી લાંબી ચાલી હોય અને એ મરી જાય તો તે જ સ્વજનો અને છોકરાઓ કહેશે કે હાશ... ! છૂટયા.. આવો સંબંધ છે સ્વજનો સાથેનો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મા-બાપ તરફની કેવી નિર્લજજતા ...!

એકનો એક દિકરો છે. બાપ હોસ્પિટલમાં મરણ પથારીએ પડયો છે. બાજુમાં રહેલા સ્વજને દીકરાની ઓફિસે ફોન જોડયો. કહ્યું કે ભાઈ ! તું જલ્દી આવ તારા પિતાજી સિરિયસ છે. દીકરાએ જવાબ આપ્યો કે હમણાં હું બહુ કામમાં છું તેથી નીકળી શકાય તેમ નથી. તમે બરાબર સંભાળ રાખશો. દીકરાનું રટણ કરતો બાપ પરલોકની યાત્રાએ પહોંચી ગયો. પાસે રહેલા સ્વજને એ નિષ્ઠુર દિકરાને ફોન કર્યો કે ભાઈ હવે તો આવ, તારો બાપ તારી ઝંખના કરતો મરી ગયો. ખાંધ આપવા આવ.. આ કળીયુગના વાયરાથી રંગાઈ ગયેલા એ દિકરાનો જવાબ સાંભળવો છે ? શું કીધું એ નિર્લજ્જ બેટાએ ? હવે આવીને શું કરું ? તમે પતાવી દેજો... કેટલી નિષ્ઠુરતા... ! જે જીવતાંએ સામે નથી જોતાં તે મર્યા પછી આપણી શું ચિંતા કરવાના હતા.

## ક્વચિત ઓળખાણવાળો મિત્ર - ધર્મ

ત્રીજો મિત્ર જે ક્વચિત ઓળખાણવાળો તે છે આપણો ધર્મ. જે સાચો મિત્ર છે તેની સાથે આપણો સંબંધ કેવો ? દર્શન કરવા ગયા. નમસ્તે... પડો રસ્તે... ક્ષણ પૂરતો જ ને ! શાસ્ત્રકારો કહે છે કે જે આ લોકમાં તમારું રક્ષણ કરશે અને પરલોકમાં પણ તમારી સાથે ચાલશે... એવા ધર્મને પહેલાં સમજો અને પછી સ્વીકારો.

ધર્મરત્ન પ્રકરણના રચયિતા શ્રી શાન્તિસૂરિ મહારાજ સાહેબ ગુણરૂપી રત્નોના ખજાના સમાન પ્રભુ મહાવીર મહારાજાને પ્રણામ કરીને ધર્મના અર્થી જીવોને ધર્મ કેવો હોય અને તેનો આરાધક કેવો હોય તે સમજાવી રહ્યા છે.

દુર્લભ એવો માનવજન્મ કદાચ મહાપુણ્યના ઉદયે પ્રાપ્ત થઈ ગયો પણ ધર્મ રૂપી રત્ન મળવું ઘણું જ દુર્લભ છે. ધર્મનો અર્થી હોય અને સંત સમાગમ થાય તો જ આ રત્ન હાથ લાગે.

## ચિંતામણિરત્નને શોધતા યુવાનની કથા-

હસ્તિનાપુર નામના નગરમાં નાગ નામનો એક શ્રેષ્ઠિ રહે છે. તેને વસુંધરા નામની પત્ની છે અને જયદેવ નામનો પુત્ર છે. તે વિનીત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજ્ઞાપાલક છે અને નીતિમાન છે. બધી કળાઓમાં પાવરધો છે. ઝવેરી બન્યો. રત્નોની પરખ કરવામાં ખૂબ કુશળ બન્યો. શાસ્ત્રોના વાંચન દ્વારા તેણે જાણ્યું કે જો ચિંતામણિરત્ન હાથ લાગી જાય તો બેડો પાર થઈ જાય. પણ તે રત્ન દેવાધિષ્ઠિત હોય છે. ઘણી શોધ કરી, પણ એમ કાંઈ થોડું હાથ લાગી જાય. રાત-દિવસ એ રત્નની શોધમાં રખડે છે. એક ધૂન છે. માણસના મગજ પર જે ધૂન સવાર થાય તેની પાછળ તે દિવસ કે રાત જોતો નથી. ડુંગરોમાં-પર્વતોમાં રખડે છે. પણ છેવટે હાથ ન લાગ્યું. મા-બાપ કહે છે કે બેટા ! આ રત્ન જગતમાં વિદ્યમાન લાગતું નથી. નહીંતર તો તારા હાથમાં આવત. માટે લાગે છે કે એ તો ખાલી શાસ્ત્રમાં જ વર્ણવામાં આવેલું છે. તેથી હવે તું આ રખડપટ્ટી છોડ.. શાસ્ત્રની વાતો ભલે શાસ્ત્રમાં રહી. તું તારે આ રત્નોથી વેપાર કર. પણ પુત્રને તો મનમાં એક લગની છે કે શાસ્ત્રની વાતો કયારેય ખોટી હોય નહીં. ગમે તેમ કરીને આ રત્ન મેળવવું છે. તેથી રોજ સવાર પડે ને શોધવા નીકળે છે. એકવાર કોઈ ડુંગરામાં ફરતો હશે ત્યાં કોઈ રબારી પોતાનાં ઘેટાં-બકરાં ચરાવતો હતો. ત્યાં તેણે એક બકરીના ગળામાં રત્નને લટકતું જોયું. રત્નના લક્ષણને જાણતો હતો. સાચો પરીક્ષક હતો. તેથી તેણે તરત જ પરખ કરી કે આ જ ચિંતામણી રત્ન છે. પણ એમ કાંઈ માલિકને પૂછયા વિના બકરીના ગળામાંથી કાઢી તો ન લેવાય. એટલે રબારીને પૂછે છે કે ભાઈ આ કાચનો ટુકડો તું મને આપ અને તેના બદલામાં હું તને એનાથી પણ સરસ કાચના ટુકડા આપું. રબારીને લાગ્યું કે આ ભાઈ આ ટુકડાને માંગે છે અને એના બદલમાં સરસ આપવાનું કહે છે માટે નક્કી આ ટુકડો કાંઈક કિંમતી લાગે છે. નહીંતર કયો મૂર્ખ માણસ ખરાબને બદલે સારું આપે ?

## રત્નની પરીક્ષા

આજે તો સારા ને બદલે ખરાબ જ આપનારા હોય છે. પૈસા પૂરતા પડાવે પણ માલમાં ભેળસેળ કરે. એટલે ભગવાન પણ તેની સાથે ભેળસેળ જ કરે ને ! અનીતિનો પૈસો ખોટા માર્ગે જ જાય.. કાં તો વ્યસનમાં કાં તો દવાખાનામાં... રબારીએ તે ટુકડાને કિંમતી જાણવાથી આપવાની ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાડી. બન્ને વચ્ચે રકઝક ચાલે છે. રબારીએ પૂછયું કે ભાઈ તારે આ ટુકડાને શું કરવો છે ? ત્યારે જયદેવે કહ્યું કે મારા દિકરાને રમવા માટે જોઈએ છે. રબારીએ કહ્યું કે આવા તો ઘણાયે ટુકડા પડયા છે તે તું શોધી કાઢ. આ તો હું નહીં આપું. જયદેવને લાગ્યું કે આ હવે આપે તેમ નથી લાગતો માટે તેને હું આ રત્નનું સાચું મહત્ત્વ સમજાવું. તેણે કહ્યું કે ભાઈ ! આ કાચનો ટુકડો નથી પણ ચિંતામણી રત્ન છે તેની પાસે આપણે જે માંગીએ તે મળે. તું તેને બરાબર સાચવજે. પેલા ગોવાળિયાને થયું કે આ માણસ બકવાસ કરે છે કે શું ? આ કાચનો ટુકડો આપણે જે માંગીએ તે આપે તેવું સાચું કેવી રીતે મનાય ! લાવ પરીક્ષા તો કરું તે આપે છે કે નહીં ? તેણે તરત જ રત્નને હુકમ કર્યો કે અરે ઓ રત્ન! મને બોર લાવી આપ. આ બકરાને ચારો લાવી આપ અને અહીં છાંયડો કરી દે. પણ એ રત્ન એમ કાંઈ થોડું લાવી આપે. જયદેવ પાસે જ ઉભો છે તેણે કહ્યું કે અરે ભાઈ ! આ રત્ન એમ તને કાંઈ નહીં આપે, તેના માટે પહેલાં તારે ત્રણ ઉપવાસ કરવા જોઈએ. તેની પૂજા કરવી જોઈએ. નમસ્કાર કરવા જોઈએ અને પછી નમ્રતાથી તેની પાસે માંગણી કરાય. આમ હુકમ ન કરાય. વિધિવત્ એ રત્નને સાધવું જોઈએ.

**ભગવાનની સાથે પણ માયા...**

આજે આપણે પણ શું કરીએ છીએ ? સંકટ આવ્યું એટલે ધર્મ કરવા માંડશે અને સંકટમાંથી છૂટવા ભગવાનને પ્રાર્થના કરશે. આ સેકન્ડે ધર્મ કર્યો અને આ સેકન્ડે એનું ફળ જોઈએ. એમ ક્યાંથી મળે.ધર્મને તો આરાધવો જોઈએ. આ તો કહે કે હે શંખેશ્વર દાદા ! જો મારું આ કામ થઈ જશે તો હું તારા દર્શન કરવા આવીશ અથવા તો આટલી રકમ ચડાવીશ... વગેરે.. પણ અલ્યા મૂર્ખા ! ભગવાન એમ કાંઈ પૈસાથી ખરીદવાની ચીજ નથી. સાચા દિલથી એની આરાધના કરવી જોઈએ. ઘણા લોકો માનતા હોય છે કે દહેરાસરમાં જઈને એક બંડલથી ભંડાર ભરી દીધો એટલે ભગવાન ફીદા-ફીદા. ભગવાનને તમારા પૈસાની જરૂર નથી. ભગવાનને તો તમારી દયા, માનવતા, પરોપકારીતા જોઈએ છે. પણ આજે આ પાયાનો ધર્મ સાવ લુપ્ત થતો જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**માનવજીવનની સાર્થકતા શેમાં ?**

## ચિંતામણીરત્ન રૂપ ધર્મ

ધર્મરૂપી રત્નના અર્થીને મહાપુરુષો કહી રહ્યા છે કે માનવજન્મની સાર્થકતા હરવા-ફરવા, પહેરવા-ઓઢવામાં નથી, પણ ધર્મરૂપી રત્નને મેળવવામાં છે. આયુષ્ય પૂરું થતાં ક્યાં જઈશું ? તે મોટો પ્રશ્ન છે. ગંભીરતાથી આ પ્રશ્નને આપણે વિચારવાનો છે. પદાર્થ મેળવવા માટેનો આ જન્મ નથી. પણ પરમાત્મા મેળવવાનો આ જન્મ છે. આપણે શેના અર્થી છીએ, પદાર્થના કે પરમાત્માના. જગતનો મોટા ભાગનો વર્ગ પદાર્થનો પ્રેમી છે. ધર્મના અર્થી જીવો બહુ ઓછા છે. માણસને એમ લાગે છે કે આ વૈભવથી જ મારું કલ્યાણ છે માટે એ તેની પાછળ પડયો છે. બુદ્ધિ-શક્તિ, આરોગ્ય બધું હોવા છતાં એ વૈભવની પાછળ પાગલ બનીને દોડી રહ્યો છે. અને આ જન્મને નિરર્થક વેડફી રહ્યો છે. જ્યારે એને સમજાશે કે ધર્મ જ શ્રેયસ્કારી છે તો જ તેને તે પ્રાપ્ત કરી શકશે... મહાપુરુષો આપણને ધર્મનું મહાત્મ્ય સમજાવી રહ્યા છે.

## શું પૈસાથી ધર્મ ખરીદાય ?

તમારી પાસે ગમે તેટલી સત્તા કે સમૃદ્ધિ છે પણ જો ધર્મ નથી તો એ પાપઋદ્ધિ છે. અને આ પાપઋદ્ધિ માણસને દુર્ગતિમાં ઢસડીને લઈ જાય છે. આ દુર્ગતિને અટકાવવા માટે ધર્મ જ સમર્થ છે. ધર્મ એ ઉત્તમ રત્ન છે. માણસને રત્ન જોઈતું હોય તો કાંઈ રૂપિયા-બે રૂપિયામાં ન મળે... લાખો રૂપિયા હોય તો મળે. ચણા-મમરા લેવા હોય તો રૂપિયા-બે રૂપિયા કામમાં લાગશે. બાકી હીરા-મોતી ખરીદવા માટે તો અમૂલ્ય સંપત્તિ જોઈએ છે. રૂપિયા-નાણાંની સંપત્તિથી કાંઈ ધર્મ હાથમાં નહીં આવે. રૂપિયા-નાણાં તો ઘણાની પાસે હોય છે, પણ ધર્મ તેમની પાસે છે એ માનવું મૂર્ખતા છે.

## રત્નને પ્રાપ્ત કરતો યુવાન

ધર્મરૂપી રત્નને ખરીદવા માટે ગુણો રૂપી સંપત્તિ જોઈશે. માણસ એમ માને છે કે પૈસાથી બધું જ ખરીદી શકાય છે. મહોત્સવ કર્યા. દહેરાસર બંધાવ્યું. સંઘો કાઢયા. પાણીના મૂલ્યે પૈસા વેર્યા પણ એનાથી ધર્મ હાથમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી જ ગયો એ માનવું હિતાવહ નથી. ધર્મ એ ચિંતામણી રત્ન સમાન છે. ગુણો રૂપી ઝવેરાત જેની પાસે હોય તે જ તેને પ્રાપ્ત કરી શકે છે. પેલા રબારી પાસે ચિંતામણી રત્ન હતું પણ તેને તેની કિંમત સમજાતી નથી. જયદેવે રત્નને આરાધવાની વિધિ સમજાવ્યાં છતાં રબારીની પાસે તે ટકે તેમ લાગ્યું નહીં.. થોડો સમય જયદેવ ભરવાડની પાછળ-પાછળ ચાલે છે. જોઉં તો ખરો કે આ આની આરાધના કેવી રીતે કરે છે ! ભરવાડ તો રત્નને કહે છે કે અરે ઓ ! ચિન્તામણી એક વાત માંડ, આપણો રસ્તો ખૂટે... રત્ન કાંઈ બોલતું નથી. અંતે ભરવાડે થાકીને કહ્યું કે કાંઈ નહીં, તું વાત ન માંડે તો હું માંડું છું તે તું સાંભળ.. અને મને જવાબ આપ.. ભરવાડે કહ્યું કે બોલ એક હાથનું મંદિર અને ચાર હાથના દેવ તેનો જવાબ શું ? રત્ન કાંઈ બોલતું નથી આ તો મારી વાતમાં હોંકારો યે ભરતું નથી. નક્કી પેલા માણસે મને છેતરવા માટે આવું બતાવ્યું લાગે છે. હું તો એક ટંકે ભૂખ્યો ન રહી શકું. આ તો ત્રણ દિવસ ભૂખ્યો રાખીને મને મારી જ નાખે ને ! મારે તો ખાધા વિના ન ચાલે. આવા પથરાને કોણ પૂજે. એમ વિચારી તેણે તે રત્ન બકરીના ગળામાંથી કાઢીને ફેંકી દીધું. જયદેવ ધીમે-ધીમે પાછળ આવતો હતો તેણે આ જોયું... તેણે તે લઈ લીધું. ઘેર આવ્યો. અઠ્ઠમ પૂર્વક આરાધના કરી. તેનો અધિષ્ઠાયકદેવ પ્રસન્ન થઈ ગયો. જયદેવે ઈચ્છિત વસ્તુની માંગણી કરી.. ખૂબ ધન મેળવ્યું. લોકોને ખૂબ દાન આપ્યું. અને સુખી-સુખી થઈ ગયો.

*રે માનવ.... !*
*બાળપણમાં તું વિષ્ટામાં રમતો ભૂંડ હતો...*
*યુવાનીમાં તું કામવાસનાનો ગધેડો થયો...*
*ઘડપણમાં તું ગળીયા બળદ જેવો થયો...*
*તો તું મનુષ્ય ક્યારે થઈશ ?*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મધ્યસ્થતા

શાસ્ત્રકાર મહારાજા ચિંતામણી રત્નના દૃષ્ટાંત દ્વારા આપણને કહે છે કે ચિંતામણીરત્ન કયારે ટકે ? અને ક્યારે ઈચ્છિત વસ્તુઓ આપે ? જો સદ્‌ગુણોરૂપી વૈભવ હોય તો જ આ રત્ન ટકી શકે.. નહીંતર પેલા ભરવાડની જેમ માંગતા ન મળે, તો તેને ફેંકી દઈએ. આજે આપણી સ્થિતિ આવી જ છે. ધર્મની આરાધના કર્યા વિના રોજ ભીખારીની જેમ આપણે ધર્મ પાસે માંગ-માંગ કર્યા કરીએ છીએ... પછી ઈચ્છિત વસ્તુ નહીં મળતાં આપણે આપણી બુદ્ધિના ત્રાજવે ધર્મને તોળીએ છીએ.. અને બોલીએ કે કળિયુગ આવ્યો છે... ધર્મ કરીએ છીએ તોય કાંઈ હાથમાં આવતું નથી. ધર્મમાં પણ કાંઈ સત્ રહ્યું નથી. પણ જરા ઉંડા ઉતરીને જોઈએ તો આજના ધર્મી કહેવાતા માણસના ઘરમાં ડોકિયું કરીએ તો ઘરમાં એકલો અધર્મ જ જોવા મળે. બધા અધર્મીઓ જ ભેગા થયા હોય... ઘરમાં મા-બાપનો તિરસ્કાર થતો હોય.. વ્યસનોમાં ગળાડૂબ હોય... કોઈની આમન્યા સાચવવામાં આવતી ન હોય... આવા કુટુંબોમા ધર્મ ટકે કેવી રીતે ? પુણ્યશાળી વ્યક્તિને જ જેમ ચિન્તામણી રત્ન પ્રાપ્ત થાય તેમ પુણ્યશાળીને જ ધર્મરૂપી રત્ન પ્રાપ્ત થાય. તે રત્નને મેળવવા માટે પહેલાં યોગ્યતા કેળવવી પડશે. **ધર્મને પામવાને યોગ્ય શ્રાવકના ૨૧ ગુણો પૂ. શાંતિસૂરિ મહારાજ ધર્મરત્નપ્રકરણમાં બતાવી રહ્યા છે.** આપણે દસ ગુણો પહેલાં જોઈ ગયા હવે **ધર્મને પામવાને યોગ્ય શ્રાવકનો અગ્યારમો ગુણ છે મધ્યસ્થતા.**

આ ગુણ ખૂબ જ મહત્ત્વનો છે. માણસની છાપ એવી હોવી જોઈએ કે વિરોધી પણ કહે કે એ કહેશે તે અમને મંજૂર છે.. માણસ એવો તટસ્થ હોવો જોઈએ.. ઘણા લોકો આ ગુણના અભાવે સાચા તત્ત્વને પામી શકતા નથી. મેં પકડયું તે જ સાચું. તેને સો વાર સમજાવીએ તો પણ જો તે તટસ્થ ન હોય તો લીધેલી વાત ન મૂકે... આજે સમાજના ઘણા કાર્યોમાં તટસ્થતાને અભાવે તિરાડો પડતી હોય છે. મધ્યસ્થભાવે વિચાર કરે તો ઘણા ક્લેશો શાંત પડી જાય... મધ્યસ્થતાને અભાવે કુળપરંપરાથી ચાલ્યો આવતો ખોટો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મ પણ માણસ સમજવા છતાં છોડી શકતો નથી... તેને સાચું સમજાવીએ તો પણ પોતાના ધર્મનું પૂંછડું છોડે જ નહીં.

### ભીષ્મપિતામહ

પાંડવ-કૌરવોના યુદ્ધ વખતે ભીષ્મપિતામહ કૌરવના પક્ષે હતા.. યુદ્ધના સમયે યુધિષ્ઠિર ભીમને કહે છે કે ભીમ ! જા...સામા મોરચે રહેલા ભીષ્મપિતામહના આશીર્વાદ લઈ આવ... ભીમ કહે છે કે ભાઈ ! આપ આ શું બોલો છો ? વિરુદ્ધપક્ષમાં રહેલી વ્યક્તિ પાસે આશીર્વાદ લેવા જાઉં તો શું એ મને જીતવાના આશીર્વાદ આપે ખરા ? યુધિષ્ઠિરે કહ્યુ કે તું જા, હું તને કહું છું ને ! તે મધ્યસ્થ ભાવે જ તને કહેશે. મોટાભાઈની આમન્યા હતી. તેથી વધારે દલીલો કર્યા વિના ભીમ સામેની છાવણીમાં પહોંચ્યો. દાદાના પગમાં પડયો કહ્યું દાદા ! આશીર્વાદ આપો. દાદા કહે છે - ભીમ अर्थस्य पुरुषो दासः नार्थोदासस्तु कस्यचित् – પુરુષ પૈસાનો દાસ છે. પણ પૈસો કયારેય કોઈનો દાસ બનતો નથી. અમે આજે દુર્યોધનના દાસ બની ગયા છીએ. અમારા પેટમાં તેનું લૂણ છે તેથી તેના પક્ષે ઉભા રહ્યા સિવાય છૂટકો નથી પણ यतो धर्मस्ततो जयः । જ્યાં ધર્મ છે ત્યાં જ જય છે, તમારો જય થાઓ, ન્યાય તમારા પક્ષે છે. જીવન આવું મધ્યસ્થ હોવું જોઈએ. કોઈનો પણ પક્ષપાત ન કરો.

### વડામૂલ્લાની તાવીજ

અમુક ધર્મો જ્યારે ઉત્પન્ન થયા ત્યારે દેશ-કાળને લીધે તે-તે નિયમો વહેતા થયા. કાળ બદલાતાં તેમાં ફેરફાર કરવા જોઈએ. સત્ય સમજાતાં માણસે પોતાનો આગ્રહ છોડી દેવો જોઈએ. વડા મૂલ્લા નામના એક ધર્મગુરુ છે. મુસ્લિમ લોકો તેમની પાસે જાય છે. તેઓ તેમને સાક્ષાત્ ભગવાન માને છે. આ મુલ્લાજી લોકોને તાવીજ બનાવી આપે છે. બદલામાં પૈસા પડાવે છે... અંધશ્રદ્ધાળુ લોકો આ તાવીજ મળે એટલે સ્વર્ગ મળી ગયું તેમ માને છે. તાવીજમાં મૂલ્લાજી લખી આપે કે આ ફલાણાભાઈને સ્વર્ગમાં હે અલ્લા! તમે સારો બંગલો આપજો. એક સારી ફિયાટ્ આપજો.. અમૂક-અમૂક સગવડો આપજો.. વગેરે... વગેરે.. તાવીજ મળ્યું એટલે સ્વર્ગ મળ્યું...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા લોકો સાચા ધર્મને કેમ પામી શકે.. હિંસાને જ ધર્મ માનનારો પણ વર્ગ છે. તેમને આપણે ગમે-તેમ સમજાવીએ છતાં તેઓ હિંસા ને જ ધર્મ સ્વરૂપે માને તટસ્થતાના અભાવે હિંસાને છોડી શકે નહીં.... તટસ્થ માણસ ધર્મને પામીને ક્યાં સુધી પહોંચે છે તેના પર એક બ્રાહ્મણનું દૃષ્ટાંત આવે છે.

**મધ્યસ્થ ગુણ પર - સોમવસુ બ્રાહ્મણની કથા**

કૌશાંબી નામનું નગર છે તેમાં સોમવસુ નામનો એક બ્રાહ્મણ રહે છે. તે ખૂબ જ ગરીબ છે. કોઈપણ કામમાં તેને સફળતા મળતી નથી.. જે કોઈ ધંધા કરે તે બધા જ અવળા પડે છે. આથી ખૂબ ઉદ્વિગ્ન બની જાય છે. સંસારમાં કર્મનું પ્રાબલ્ય એટલું બધું છે કે માણસ જેવું કરે તેવું જ પામે છે. પુણ્ય હોય તો વગર મહેનતે સંપત્તિનો ઢગલો થાય છે અને પુણ્યના અભાવે લાખ પ્રયત્ન છતાં હાથમાં રાતી કોડીયે આવતી નથી.. મહાપુરુષો કહે છે કે પુણ્યને ભેગું કરો. પુણ્યના અભાવે કદાચ સંપત્તિ મળી જશે તો પણ તે સંપત્તિ સુખ અને શાંતિ નહીં આપે. સોનાને કાંઈ ખવાતું નથી. ખાવા માટે તો અનાજ જ જોઈશે. પૈસાના કારણે અનેકનાં ખૂન થાય છે. સગો દીકરો પોતાની માને મારી નાખે છે. આવા તો ઘણાયે કિસ્સાઓ છાપામાં વાંચવામાં આવે છે. માટે મહાપુરુષો કહે છે કે પુણ્ય ભેગું કરો.

**"પુણ્ય પૂરા જબ હોયગા, ઉદય હોયગા પાપ,**
**દાઝે વનકી લાકડી, પ્રગટે આપો આપ."**

**ધર્મ ક્યાંથી મેળવવો ?**

પુણ્ય જ્યારે પુરું થાયે ત્યારે ચારે બાજુથી ઉપાધિઓના દાવાનળ સળગે છે, જીવતો માણસ તેમાં હોમાઈ જાય છે. કરોડો રૂપિયા હશે તો કોઈ ભોગવનાર નહીં હોય... એ સંપત્તિ એને બોજા રૂપ બની જશે... આજે માણસો धर्मस्य फलमिच्छन्ति धर्मं नेच्छन्ति मानवाः । ધર્મના ફળને ઈચ્છે છે પણ ધર્મને ઈચ્છતા નથી. પેલો બ્રાહ્મણ મૂંઝાઈ ગયો છે. કયાંય સફળતા નથી મળતી... તેનું મન હવે ધર્મ તરફ વળે છે. ધર્મશાસ્ત્રના જાણકાર પાસે પહોંચ્યો. તે કોઈ કથા સંભળાવતા હશે ત્યાં બેઠો. જીવનમાં ધર્મ હોય તો હાથી, ઘોડા-સુભટો-સંપત્તિઓ બધું મળે છે. સારા સ્વજનો, સારા મિત્રો પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મથી જ મળે છે. માણસ ધર્મ કરે તો જગતમાં સારભૂત ચીજો તેને મળે છે. આવી વાતો તેણે સાંભળી. કથા પૂરી થયા પછી બ્રાહ્મણે કથાકારને પૂછ્યું કે સ્વામી ! ધર્મથી બધું મળે છે તે વાત સાચી પણ ધર્મ ક્યાંથી મેળવવો? કથાકારે કહ્યું કે **મીઠું ખાવું, સુખે સૂઈ** જવું અને લોકો**માં પ્રિય થવું** આ ત્રણ વાતનું રહસ્ય જેની પાસેથી તને જાણવા મળે તેની પાસેથી તને સાચો ધર્મ સમજવા મળશે. આ વાકયોના રહસ્યને પામવા બ્રાહ્મણ ગામો-ગામ ફરી રહ્યો છે આગળ શું થાય છે તે અવસરે જોઈશું.....

*કોઈકના સુખ જેવું મને સુખ મળે એવું માંગ્યા કરવું તે ભિખારી વૃત્તિ છે.*

*કોઈકનું સુખ ઝૂંટવી લેવાનો ઈરાદો કરવો તે શિકારીવૃત્તિ છે.*

*પોતાના સુખને પણ બીજાના સુખને માટે લૂંટાવી દેવું તે મુનિવૃત્તિ છે.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સુખનો આભાસ

શાસ્ત્રકાર મહારાજા સંસારનાં સુખોને ઝાંઝવાના જળ જેવા સમજાવી રહ્યા છે. માણસ ઝાંઝવાના નીરને પીવા માટે દોડી રહ્યો છે. સુખની કલ્પના આપણી કેવળ ભ્રાંતિ છે અને એ ભ્રમમાં જીવન આખું વહી જાય છે, તેની પણ આપણને ખબર પડતી નથી. એ ભ્રાન્તિને દૂર કરવા માટે ધર્મ જ સમર્થ છે. પણ એ ધર્મને યોગ્ય બનવા માટે ગુણો જોઈશે.

## ધર્મની શોધમાં નીકળેલો બ્રાહ્મણ

ધર્મને યોગ્ય બનવું હોય તો જીવનમાં માધ્યસ્થ્ય ગુણ ખૂબ જરૂરી છે. તટસ્થતા આવે તો જ આપણે તુલના કરી શકીએ અને સત્યને પામી શકીએ...આના પર બ્રાહ્મણનું દૃષ્ટાંત ચાલી રહ્યું છે. ગરીબ બ્રાહ્મણ ત્રણ વાકયોના અર્થની શોધમાં નીકળ્યો છે. એક બાવાજીના મઠમાં પહોંચે છે. બાવાજીને પૂછે છે કે મીઠું ખાવું, સુખે સુઈ જવું, અને લોકોમાં પ્રિય થવું. આ ત્રણ વાકયોનો અર્થ શુ ? બાવાજી કહે છે કે મારા ગુરૂજી એ અમને આ ત્રણ પદ આપેલા, પણ તેના રહસ્યને તેમની પાસેથી સમજીએ તે પહેલાં તો ગુરૂ મહારાજ પરલોક સીધાવી ગયા. તેથી અમે તો આ પદોનો આ પ્રમાણે અર્થ કરીએ છીએ. **મીઠું ખાવું એટલે** ગામમાંથી સારામાં સારી ભિક્ષા લાવીએ છીએ. ભારે પદાર્થો ખાધા હોય તેથી નિંદ્રા પણ મીઠી આવે છે. શાંતિથી રહીએ છીએ.. કોઈ ખટપટ કરતા નથી અને જંતર-મંતર કરીને લોકોના દુઃખો કંઈક હળવા કરીએ છીએ આમ લોકોમાં પ્રિય બનીએ છીએ. સાદો અને સીધો આ અર્થ છે. બ્રાહ્મણ વિચારે છે કે આ અર્થ યોગ્ય જણાતો નથી. ખાવા ને સૂવા માટે કાંઈ આ જન્મારો નથી. આ રહસ્ય એ સાચું નથી. વિગઈઓથી ભરપૂર ભોજન ચિત્તને પણ વિકારી બનાવે છે. શાસ્ત્રકારો કહે છે કે - **'વિગઈ વિગઈ બલા નેઈ'** વિગઈઓ વિકૃતિ લાવે છે. તે માણસને બળાત્કારે ખેંચીને દુર્ગતિમાં લઈ જાય છે. સંતનું જીવન તો સાદા ભોજનવાળું હોવું જોઈએ. બાવાજીએ તેને કહયું કે અમૂક જગ્યાએ મારા ગુરૂભાઈ છે તેમને પણ તું મળી આવ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સત્યને શોધતો બ્રાહ્મણ

બ્રાહ્મણ સત્યને શોધવા આગળ ચાલ્યો. બ્રાહ્મણ ત્યાં પહોંચ્યો. તેમણે આંગણે આવેલાં અતિથિનું સન્માન કર્યું. પછી બંને બેઠા. પૂછે છે કે આપના ગુરૂએ આપને ત્રણ વાકયો મંત્ર રૂપે આપેલા છે તેનું સાચું રહસ્ય શું છે ? અથવા તો આપ એનો શું અર્થ કરો છે ? બાવાજી બોલ્યા કે ગુરૂજીએ મને પહેલો મંત્ર આપ્યો કે **'મીઠું ખાવું'** તેનો અર્થ મેં મારી મતિ પ્રમાણે આ રીતે કર્યો છે. બરાબર કકડીને ભૂખ લાગી હોય ત્યારે ભોજન કરીએ તો લૂખો રોટલો પણ મીઠાઈ કરતાં વધુ મીઠો લાગે. તેથી હું એકાંતરે ઉપવાસ કરું છું. અને ઉપવાસના બીજા દિવસે પણ એક જ ટંક ભોજન લઉં છું તેથી બરાબર કકડીને ભૂખ લાગી હોય. વળી 'લોકોમાં પ્રિય થવું' એટલે ભોજનમાં પણ જે મળે તે લઈ લઉં છું. જેથી કરીને લોકોમાં પ્રિય બન્યો છું. લોકો પાસે મારી કોઈ અપેક્ષા જ નથી. લોકોને હું ભારે પડું તેમ નથી. લોકો પાસે માંગ-માંગ કર્યા જ કરીએ તો લોકોને અપ્રીતિ થાય ને ! આ તો એક જ ટંક અને જેવું મળે તેવું. વળી આખો દિવસ સ્વાધ્યાયમાં જ વીતે. તેથી રાત પડતાં મગજ થાકી જાય તેથી પથારીમાં પડતાં જ ઉંઘ આવી જાય. ખાવાથી જ શરીર બગડે છે. ખોરાક એ શરીરને પુષ્ટ પણ કરનાર છે અને ખાતાં ન આવડે તો રોગી પણ બનાવનાર છે. આજે આટલા બધા રોગો શા માટે છે ? ખાવાનો સમય પણ નક્કી નહીં ને ટંકે નક્કી નહીં. રોજ ચાર ટંકે ય થાય ને છ ટંકે ય થાય ! બ્રાહ્મણે વિચાર્યું કે વાહ ! બાવાજીએ મંત્ર વાકયનો અર્થ બરાબર કર્યો છે. છતાં હજુ ઉંડાણથી જો આનો અર્થ મળતો હોય તો મારે જાણવો છે માટે કયાંક આગળ તપાસ કરું છું.

## ગુરૂની શોધમાં ભમતો બ્રાહ્મણ

ચાલતાં-ચાલતાં પાટલીપુત્ર નગરે પહોંચ્યો. હવે ત્યાં તપાસ કરતાં જાણવા મળ્યું કે કોઈ ત્રિલોચન નામના વિદ્વાન ધર્મગુરૂ છે. તેમની પાસે તે પહોંચ્યો. ત્યાંનું વિવેકભર્યું વાતાવરણ જોઈને ખુશ-ખુશ થઈ ગયો. પંડિતજીને મળ્યો અને કહ્યું કે પંડિતજી ! મારે જીવનને પવિત્ર બનાવવું છે, વ્રતોને સ્વીકારવા છે. માટે કૃપા કરીને એવા ગુરૂ બતાવો જેથી મારો જન્મ પવિત્ર બને.તેમણે પણ તે જ ત્રણ પદોને જેણે જીવનમાં સ્વીકાર્યા હોય તેમની પાસે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવાનું કહ્યું. વળી કહ્યું કે સાધુ-સંતો મીઠું ખનારા છે. તેઓ ભિક્ષા પર જ જીવનારા હોય છે. તમારે ત્યાં ધર્મલાભ આપે. તમે વહોરાવો તો પણ તમને ધર્મલાભની આશિષ આપે અને ન વહોરાવો તોય ધર્મલાભની આશિષ આપે. નિર્દોષ જીવન જીવનારા છે તેઓ મીઠું ખાય છે અને સતત સ્વાધ્યાય-ધ્યાનની આરાધનામાં લીન હોય છે કોઈનું ખરાબ બોલતા નથી ને ખરાબ વિચારતા નથી. તેમજ **નિષ્પાપ, નિષ્પરિગ્રહી, નિશ્ચિંત, નિસ્પૃહી, નિર્દંભ, નિરુપાધિક, નિર્મળ, નિરુપદ્રવી અને નીરોગી આમ નવ 'ન'કારથી યુક્ત જીવન જીવનારા છે.** શરીરને આરામ આપવા પૂરતી જ અલ્પનિંદ્રા લે છે. આવું સુંદર જીવન જીવનારા હોવાથી લોકપ્રિય હોય છે આવા સાધુપુરુષને તું ગુરૂ તરીકે સ્વીકારજે. ત્યાંથી ઉઠયો. કોઈ ઉપાશ્રયમાં જઈ ચડયો. ત્યાં સાધુની દિનચર્યા જોઈ ચકિત થઈ ગયો. કેવા અપ્રમત્ત, ત્યાગી, તપસ્વી, સતત બીજાના કલ્યાણની ભાવના રાખનારા. સાધુની પાસે રાત રોકાયો. રાત્રે સાધુ મહારાજ સ્વાધ્યાય કરે છે. તેને સાંભળવા માટે કોઈ સમ્યગ્દૃષ્ટિ દેવ ત્યાં આવે છે. સ્વાધ્યાય પૂરો થાય છે. પછી દેવ રજા માંગે છે. રજા માંગતી વખતે કહે છે હે મહાપુરુષ ! કાંઈક માંગો હું આપને આપવા ઈચ્છું છું. પણ મહાપુરુષ તો નિસ્પૃહી છે. ના પાડે છે. મારે કાંઈ જ જોઈતું નથી. બસ તમારું કલ્યાણ થાય એજ જોઈએ. આ જોઈને બ્રાહ્મણ ખુશ થાય છે. દેવ જેવા દેવ આપવા માટે તૈયાર છે છતાં પણ આ કેવા નિસ્પૃહી છે ! તેમના તેજથી અંજાયેલો એ બ્રાહ્મણ પોતાના આત્માનું કલ્યાણ સાધી લે છે. દીક્ષા લે છે. સદ્ગતિને પ્રાપ્ત કરે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે તે બ્રાહ્મણ મધ્યસ્થતા ગુણને ધરાવનારો હતો માટે સાચા તત્ત્વને પકડવા માટે તે આટલું રખડ્યો. નહીંતર જે પહેલા બાવાજીએ કહેલું કે લાડવા-મિષ્ટાન્ન ખાવા, નીરાંતે સૂઈ જવું અને જંતર-મંતર કરીને લોકોને રીઝવવા. એમાં જ ફસાઈ જાત. સાચા અર્થને મેળવી શકત નહીં.

એક વ્યક્તિએ કહેલું કે નહીં ભણેલાઓ કરતાં ભણેલાઓએ આ દેશને ઘણું નુકશાન પહોંચાડ્યું છે. જ્ઞાનની સાથે મધ્યસ્થતા હોત તો આજનો યુગ સ્વર્ણયુગ બની જાત. આ ગુણના અભાવે આજે આ દેશ દુર્ગુણોની ટોચે પહોંચ્યો છે. અશાંતિ પ્રધાન બની ગયો છે. જો આ બધા નેતાઓમાં તટસ્થતા આવી જાય તો દેશનું કલ્યાણ થઈ જાય... !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગુણાનુરાગી**

## ચાર દુર્લભ ચીજો

પરમકૃપાળુ પરમાત્મા આપણને સંસારની અસારતાને સમજાવવા માટે અને તેમાંથી મુક્ત થવા માટે ધર્મનો મંગલમય માર્ગ બતાવી રહ્યા છે. આ જીવાત્મા ચોરાશી લાખ યોનિમાં સરકી રહ્યો છે. **જ્યાં સતત સરકતા રહેવું તેનું નામ સંસાર.** એક યોનિમાંથી બીજી યોનિમાં આ જીવાત્મા સરકી રહ્યો છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી ફરી આવ્યો છે. કીડી-મંકોડા-માખી-મચ્છર-ડાંસ આવી બધી અસંખ્ય યોનિમાં અનંતીવાર ફરી આવ્યો છે. આવા સૂક્ષ્મજંતુઓમાંથી માનવજન્મ મેળવવો કેટલો દુર્લભ છે. મચ્છર થયા હોઈશું ત્યારે ઝેરી દવાઓ છાંટીને આપણને મારી નાખ્યા હશે. માંકડ થયા હોઈશું ત્યારે ગરમ પાણી નાંખીને આપણને મારી નાખ્યા હશે. દરેકે દરેક જન્મમાં કેટલી કેટલી વેદનાઓ ભોગવી-ભોગવીને કર્મોનો ક્ષય કરીને આ માનવ જન્મને પામ્યા. એથી વધારે આર્ય દેશ મળ્યો. અમેરીકા વગેરે દેશોમાં જન્મ ન મળતાં આ ધાર્મિક દેશમાં જન્મ મળ્યો. જ્યાં પગ ઉપાડતાં જ કોઈ માતાનું મંદિર કે કોઈ મહાદેવનું મંદિર કે કોઈ દહેરાસર કે કોઈ સ્થાનક વગેરે ધાર્મિક સ્થાનો જોવા મળશે અને ગામડે-ગામડે પગપાળા ઘૂમીને ધર્મનો સંદેશો સંભળાવતા સંતોના દર્શન થશે.આર્યદેશ મળ્યા પછી પણ ખાટકી વગેરે નીચ કુળમાં જન્મ ન થતાં જૈનકુળમાં- ઉત્તમ કુળમાં જન્મ મળ્યો. એનાથી વધારે સદ્ગુરૂનો યોગ મળ્યો. ધર્મ સાંભળવા મળ્યો અને સાંભળ્યા પછી પણ ઘણા જીવોને એમાં રૂચિ થતી નથી. અને કદાચ રૂચિ થાય તો પણ કેટલાક જીવો સ્વીકારી શકતા નથી.. આચરણમાં મૂકી શકતા નથી. આવી દુર્લભ વસ્તુઓ આપણને સહજતાથી પ્રાપ્ત થઈ ગઈ છે તો આપણે હવે ધર્મને સાધી લેવો જોઈએ.

ધર્મને મેળવવા માટે પણ યોગ્ય બનવું પડે છે. યોગ્યપાત્રની પાસે રહેલી સંપત્તિ ટકી શકે છે. કોઈ દેવાળિયાના હાથમાં કે કોઈ ઉડાઉ વ્યક્તિના હાથમાં આવેલી સંપત્તિ ટકી શકતી નથી. તેમ ધર્મ પણ યોગ્ય વ્યક્તિના જીવનમાં જ ફળી શકે છે. શાસ્ત્રકાર મહારાજા આપણને ધર્મને યોગ્ય બનવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે કેવી વ્યક્તિ હોવી જોઈએ તે સમજાવી રહ્યા છે. **ધર્મને યોગ્ય માણસનો બારમો ગુણ - ગુણાનુરાગી.**

ગુણાનુરાગી એટલે બીજાના સારામાં સારા ગુણોને ગ્રહણ કરવા... ગુણના અનુરાગી બનવું. માણસને જો વિચાર આવે કે મારે અવગુણને દૂર કરીને સદ્‌ગુણો પ્રગટાવવા છે તો તે અવશ્ય કરી શકે છે. પણ આ વિચાર જ આવતો નથી. એ કયારે બને જો પોતાની જાતનું નિરીક્ષણ કરે તો. પણ આપણે બીજાનું નિરીક્ષણ સૂક્ષ્મ રીતે કરીશું જ્યારે જાત તરફ તો નજર પણ નહીં નાંખીએ. પોતે જાણે સર્વગુણસંપન્ન છે. એમ જ માને છે. અને બીજા દોષોથી ભરેલા છે. સંત કબીર કહે છે કે હું મારી જાતનું નિરીક્ષણ કરું છું ત્યારે મને એમ લાગે છે કે અહો ! હું કેવળ દોષોથી જ ભરેલો છું. સંત જેવા સંતો પણ પોતાની જાતને દોષોથી ભરેલી માનતા હોય તો આપણે શું વિસાતમાં !

## ગુણાનુરાગનું પ્રથમ પગથિયું

ગુણો તો આવતાં વાર લાગે પણ ગુણાનુરાગી તો બની શકાય ને ! ગુણાનુરાગી બનવા માટે ગુણવાનો તરફ બહુમાન હોવું જોઈએ. તેમના ગુણોની પ્રશંસા કરે. બીજા પાસે તેમના ગુણો ગાય. ગુણાનુરાગથી સામેની વ્યક્તિના હૃદય સાથેનું અંતર ઘટી જાય છે. તેના હૃદય સુધી પહોંચી શકાય છે.. જ્યારે ગુણ દ્વેષથી બન્ને વચ્ચેનું અંતર વધતું જાય છે. એક-મેક બની શકતા નથી. **સામેની વ્યક્તિના હૃદયમાં પેસવા માટે ગુણનો રાગ એ દ્વાર છે.** સહેલાઈથી સાચા માણસનું દિલ જીતી શકાય છે.

જગતમાં બન્ને જાતના માણસો હોવાના ગુણી અને નિર્ગુણી. ગુણીની પ્રસંશા કરવાની અને નિર્ગુણીની ઉપેક્ષા કરવાની. નિર્ગુણી પર દ્વેષ કરવાથી શું ફાયદો ? કુતરું આપણને બચકું ભરે તો શું કુતરાને આપણે બચકું ભરવા જવું ? ના, ઉપેક્ષા કરવાની. એના સિવાય ચાલી જ શકતું નથી. ગુજરાતીમાં કહેવત છે કે **‘ગામ હોય ત્યાં ઢેઢવાડો તો હોય જ.’** સામેની વ્યક્તિમાં ગુણ-દોષ બન્ને રહેવાના, પણ આપણે ગુણોને જ જોવા અને દોષોની ઉપેક્ષા કરવાની. આ ગુણાનુરાગીનું પ્રથમ પગથિયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણાનુરાગનું બીજું પગથિયું

બીજું પગથિયું - ગુણોને ગાયા પછી પોતાના જીવનમાં ઉતારવાની પ્રવૃત્તિ કરે. ફકત ગાવાથી કાંઈ ન વળે. તથા જે ગુણો આપણામાં હોય તેને મલિન ન થવા દે, પણ વિસ્તારે. આપણે સારું કપડું પહેર્યું હોય તો તેને કેવું સાચવીએ ? તેને એક પણ ડાઘ પડવા ન દઈએ. તેમ આપણામાં રહેલા ગુણોને મલિન નહીં થવા દેવાના. ચાહે દાન, દયા, પરોપકાર કે કોઈપણ હોય. તેને ખીલવવાના. દાન આપનાર એમ વિચારે કે કોઈ લુચ્ચો માણસ દાન લઈ જશે તો ! લુચ્ચો પણ હોય તેથી કાંઈ દાન બંધ કરી ન દેવાય. જે ગુણાનુરાગી હોય છે તે બધાને પ્રિય બને છે. તેને જોતાં જ બધાને આનંદ થાય. તેનું નામ લેતાં પણ માણસ હરખાય. આનાથી વિશેષ કઈ કમાણી જોઈએ ? ગુણદ્વેષી માણસોનું નામ લઈએ તો બીજા કહે કે રહેવા દો... એવા માણસનું નામ ન લેશો. નહીંતર આપણો દહાડો બગડી જશે. ગુણાનુરાગથી પાપ ધોવાઈ જાય છે. અને ગુણાનુરાગ ન હોય તો પુણ્ય ધોવાઈ જાય છે. ગુણને ઘૂંટશો તો ગુણ આવશે અને દોષને ઘૂંટશો તો એજ દોષો તમારામાં ઉતરશે. **પૂ. પદ્મવિજયજી મહારાજે** ઋષભદેવ ભગવાનના સ્તવનમાં કહ્યું છે કે **'જિન ઉત્તમ ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ'** પરમાત્માના ઉત્તમ ગુણનું ગાન કરીએ તો એ ગુણો આપણામાં આવે. જેને ઉત્તમ ગુણો પર ગુણાનુરાગ હોય તેને તીર્થંકર પદવી પણ મળે છે. તેનું સૌભાગ્ય નામકર્મ વધારે જ્વલંત બને છે. તેનાથી લોકોમાં તેનું વચન માન્ય બને છે.

## ગુરૂ દત્તાત્રેય

ગુરૂ દત્તાત્રેયને ૨૩ ગુરૂ હતા. કોઈની પણ પાસેથી તેમને કાંઈક શીખવા મળે તેને તે પોતાના ગુરૂ બનાવી દેતા. ચાહે તે કુતરો હોય કે વાંદરો હોય. ગુણાનુરાગી માણસ હમેશાં ગુણો જ શોધતા હોય છે. દોષોથી ભરેલી વ્યક્તિમાં પણ તેને ગુણો જ દેખાય છે. ગુણના અનુરાગથી એવું પુણ્ય બંધાય છે કે જગતની સારામાં સારી વ્યક્તિઓ- વસ્તુઓ તેનાથી આકર્ષાઈને તેની પાસે આવે છે. દાન-શીલ-તપમાં કંઈકને કંઈક ભોગ આપવો પડતો હોય છે જ્યારે ગુણના અનુરાગી બનવા કંઈ પણ ભોગ આપવો પડતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સૌથી વધારે ડાહ્યો - સોક્રેટિસ

ગ્રીસ દેશમાં એક દેવી અમુક દિવસે પ્રગટ થતી હતી. કોઈ ભૂવાના દિલમાં પ્રવેશ કરીને તે બધાને સત્ય જવાબો આપતી હતી. બધાને કુતૂહલ થયું કે આપણા દેશમાં વધારે ડાહ્યો માણસ કોણ ? દેવીને પૂછયું. દેવીએ જવાબ આપ્યો કે સોક્રેટિસ છે. સોક્રેટિસ દેખાવે કદરૂપો હતો. કોઈક વ્યક્તિએ સોક્રેટિસને કહ્યું કે દેવીએ તમને સૌથી વધારે ડાહ્યા કહ્યા છે. સોક્રેટિસે કહ્યું કે તમે બરાબર સાંભળ્યું નહીં હોય.. કારણ કે હું તો કંઈ જાણતો જ નથી.. માટે જાઓ ફરીથી દેવીને પૂછો. દેવીને ફરીથી પૂછયું. દેવીએ કહ્યું કે જે કંઈ જ જાણતો નથી એમ કહે છે તે જ બધું જાણે છે. બધું જ જાણવા જશો તો ફસાઈ જશો. સદ્ગુણવાળી વ્યક્તિને પ્રખ્યાત થવા મહેનત કરવી પડતી નથી. સદ્ગુણો જ તેને પ્રખ્યાત કરે છે. સૂર્ય જ્યારે ઉગે છે ત્યારે કોઈને કહેવા જવું નથી પડતું કે સૂર્યદેવ પધારે છે. તેનો પ્રકાશ જ માણસને જણાવી દે છે.

## ધૂપની પૂજા શું કરવા ?

આ લોકમાં સુખી થવા માટે અને સમાધિ મરણ પ્રાપ્ત થાય તથા સદ્ગતિ મળે તેના માટે ગુણનો અનુરાગ ખૂબ જ જરૂરી છે. આપણે દહેરાસરમાં ધૂપની પૂજા કરતાં બોલીએ છીએ કે **'અમે ધૂપની પૂજા કરીએ રે, હો મન માન્યા મોહનજી.' 'દુર્ગંધ અનાદિની હરીએ રે હો મન માન્યા મોહનજી.'** એ ધૂપની પૂજા દ્વારા આપણા મનમાં ભરેલી અનાદિની દુર્ગંધ જેવી કે અસૂયા, ઈર્ષ્યા, દંભ વગેરેને દૂર કરવાની છે, નહીં કે સુગંધીદાર અગરબત્તીથી દહેરાસરની દુર્ગંધ દૂર કરવાની !

## પરોપકારી સ્વામી રામતીર્થ

સ્વામી રામતીર્થ ઘણા પરોપકારી માણસ.. એ જમાનાની વાત. જ્યારે એક રૂપિયામાં માણસ પોતાનું ગુજરાન ચલાવતો. મહિને ૩૦ રૂપિયા પગાર તેને મળે તો ઘણો થઈ જતો. સ્વામી રામતીર્થને ૧૦૦૦ રૂપિયાનો પગાર મળતો. એ વખતના હજાર એટલે અત્યારે તો ત્રણ-ચાર લાખ જેટલા ગણાય. સ્વામી ખૂબ ઉદાર, આટલા બધા પૈસા આવતા તેમાંથી તેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘર ખર્ચ બાદ કરીને બાકીની રકમ દીન-અનાથની પાછળ ખર્ચી નાખતા. વૈભવ-વિલાસમાં એક પાઈ પણ વેડફતા નહીં.આજે રોજના લાખો રૂપિયા વિલાસમાં ખર્ચાય છે. પૈસા વધતાં તેની કિંમત ઘટી છે. માણસ પૈસાને પાણીની જેમ વાપરે છે.

## લક્ષ્મીના ત્રણ રૂપો

શાસ્ત્રકારો કહે છે કે - **લક્ષ્મીના ત્રણ રૂપો છે. માતા જેવી, સ્ત્રી જેવી અને દાસી જેવી.** માતા જેવી લક્ષ્મી ઘરમાં આવે તો માને જેમ પૂજે તેમ પૈસાની પૂજા જ કર્યા કરે. સાચવ્યા કરે..તેને વાપરે જ નહીં. **બીજી લક્ષ્મી સ્ત્રી જેવી.** આવી લક્ષ્મી ઘરમાં આવે ત્યારે સ્ત્રી જેમ પોતાને જ ભોગવવા યોગ્ય છે પણ બીજાને ભોગવવા ન અપાય. તેમ લક્ષ્મીનો ઉપભોગ પોતાના જ માટે કરે બીજાને એક પાઈ પણ ન આપે. **ત્રીજી લક્ષ્મી દાસી જેવી.** જેમ શેઠ-રાજા વગેરેના ઘરમાં દાસીઓ હોય તેને તેઓ રાખવી હોય તો રાખે અને બીજાને આપે પણ ખરા ! તેમ આવી લક્ષ્મી ઘરમાં આવેલી હોય તો તેનો ભોગવટો યે કરે અને આપવી હોય તો આપી પણ દે. પોતાની સ્ત્રીને ન અપાય પણ દાસીને અપાય. આ ત્રીજા પ્રકારની જ લક્ષ્મી યોગ્ય છે.

**"લક્ષ્મીનો ભોગ નહીં, ત્યાગ કરો, ઉપભોગ નહીં પણ ઉપયોગ કરો"**

સ્વામીની પત્નીને ખબર પડી કે સ્વામી પગારનો મોટો ભાગ બીજાને આપી દે છે. તેથી તેમણે સ્વામી પાસે ફરિયાદ કરી કે આટલું કમાઓ છો તો મને કેમ આપતા નથી ? મારાં આવાં કપડાં જોઈને લોકો મારી નિંદા કરે છે. તેથી પૈસા આપો તો હું સારા દાગીના-કપડાં લઈ આવું અને એ પહેરીને સારી દેખાઉં. સ્વામીએ કહ્યું કે આપણે દુનિયાને સારા દેખાઈએ તે માટે જન્મ્યા નથી પણ સારાં કાર્યો કરી ભગવાનને સારા દેખાઈએ તે જ મહત્ત્વનું છે તેથી ભૂલેચૂકે આ વાત મારી પાસે કરવી નહીં. માન ગુણોને હોય છે. વ્યક્તિને કે કપડાને નહીં. ગુણોને પ્રગટાવવાની અનેક ચાવીઓ છે. તે અવસરે જોઈશું.

> *સંસારીઓનું જીવન જીવોની **યાતના** પર છે.*
> *જ્યારે સંયમીઓનું જીવન જીવોની **યતના** પર રહેલું છે.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સુખની ચાવી

ધર્મરૂપી રત્નને પ્રાપ્ત કરવા માટે કેવા ગુણો હોવા જોઈએ તે શાસ્ત્રકારો આપણને સમજાવી રહ્યા છે. આપણે ગુણાનુરાગને જોઈ રહ્યા છીએ. **અરીસામાં જેમ પ્રતિબિંબ પડે છે તેમ ગુણાનુરાગીના જીવનમાં સદ્‌ગુણોનુ પ્રતિબિંબ પડતું હોય છે.** ભગવાન પણ આવા જ માણસો પર પ્રસન્ન રહે છે. જેમ છોકરાને ખાતો-પીતો આનંદ-કિલ્લોલ કરતો જોઈને મા-બાપ કેવા ખુશ થાય છે તેમ દરેક જીવને પ્રેમથી, અહોભાવથી, સ્નેહથી જોનારો જ ધર્મને સારી રીતે આરાધી શકે છે. જગતમાં જેટલું નાનામાં નાનું બનવું સહેલું છે તેટલું જ મહાનમાં મહાન બનવું પણ સહેલું છે. **It is as easy to be great as to be small.** ચાવી છે આપણા જ હાથમાં, પણ લગાડતાં આવડવી જોઈએ. ગુણાનુરાગ એ ચાવી છે. ગુણ-ગુણને ખેંચે છે.

## ગુણાનુરાગી-અબ્રાહમ લિંકન

અમેરીકાના પ્રેસિડન્ટ અબ્રાહમ લિંકનની વાત છે. જ્યારે તે નાના હતા ત્યારે અત્યંત ગરીબ હતા. અભ્યાસ કરવા માટે તેમની પાસે પાટી-પેન પણ નહોતાં. ચોપડીના પૈસા પણ નહોતા. દાખલા ગણવા માટે તેઓ પાવડા (લોખંડનું સાધન) પર ધૂળ નાખી તેમાં આંગળીથી આંકડા લખીને ગણતા.આવી સ્થિતિમાં પણ તેઓ ભણ્યા અને પોતાની દક્ષતાથી આગળ આવ્યા. ચૂંટણીનો સમય આવ્યો. તેમાં પોતે ઉભા રહ્યા. મનમાં શુભ વિચારો છે. દેશના ભલાની ભાવના પડેલી છે. વિચારો જ માણસને ઉંચે લાવે છે. ઘણા માણસોની મદદથી તેઓ ચૂંટાઈ આવ્યા. અમેરિકાના પ્રેસિડન્ટ બન્યા. સત્તા પર આવ્યા પછી તેમણે પોતાના વિરોધી પક્ષમાંથી સારા-સારા માણસોને ચૂંટીને મોટા-મોટા હોદ્દા આપવા માંડયા. સ્વપક્ષના માણસો ખળભળી ઉઠયા. તેમણે લિંકનને કહ્યું કે તમે આ શું કરો છે ? વિરોધીઓને તો સાફ કરી નાખવા જોઈએ. જેથી માથું ઉંચકે જ નહીં તેના બદલે તમે તો તેને મોટા હોદ્દાઓ આપો છે. લિંકન કહે છે કે હું વિરોધીઓને જ ખતમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી રહ્યો છું. તેમને યોગ્ય ગણીને મોટા હોદ્દાઓ આપી રહ્યો છું. **વિરોધીઓને નહીં પણ વિરોધને દૂર કરવો જોઈએ. વૈરીને નહીં પણ વૈરને દૂર કરો. વૈરી આપો આપ ખતમ.** તેમનામાં આવો જબરજસ્ત ગુણાનુરાગ હતો.તેથી તો વિરોધીઓમાં પણ તેમને ગુણ દેખાયા. જે સ્થાન માટે જે લાયક હોય તેને તે સ્થાન સોંપવું જોઈએ તેમાં પક્ષપાત કરવાનો ન હોય. આજે તેનાથી ઉલટું ચાલે છે. સારા-સારા માણસો ફેંકાઈ જાય છે અને પોતાના પક્ષના ઠોઠાં જેવાઓને ખુરશી સોંપે છે. એટલે લૂંટો ભાઈ લૂંટો, તેથી લોકશાહીને બદલે લોકો પર શાહી ઢોળવાનું જ કામ કરી રહ્યા છે. અને દેશની બરબાદીને નોંતરી રહ્યા છે.

ગુણાનુરાગથી સામાન્ય માણસ પણ મહાન બને છે તેમ દુર્ગુણી માણસ પણ સાધુ-સંત જેવો બની શકે છે.

## ડાકુમાંથી સંત

કેટલાક સાધુઓ જંગલમાંથી પસાર થઈ રહ્યા છે. અટવી ઘણી લાંબી છે. લાંબો વિહાર શકય નથી. તેથી આજુબાજુ તપાસ કરતાં ભીલની પલ્લી જોવામાં આવી. ત્યાં ગયા. પલ્લીપતિ પાસે રહેવા માટે જગ્યાની માંગણી કરી. પલ્લીપતિએ પોતાના ઘરની બાજુમાં જગ્યા આપી. સાધુઓ ત્યાં ઉતર્યા. તેમની દરેક પ્રવૃત્તિ જયણાથી યુક્ત હોય. પલ્લીપતિ ખૂંખાર ડાકુ-લૂંટારો હતો. કેટલાયના ખૂનો કરનારો. લૂંટ-ફાટ જ તેનો ધંધો હતો. સાધુ દરેક ચીજ વસ્તુ લે-મૂકે તો રજોહરણથી પૂંજે. પલ્લીપતિ સાધુની રોજની આ ક્રિયાને જોયા કરે. તેણે સાધુને પૂછયું કે મહારાજ આ શું કરો છો ? વારે ઘડીએ આનાથી આમ-તેમ (પૂંજ-પૂંજ) શું કરો છો ? મહારાજ કહે છે કે ભાઈ ! અમે કોઈ જીવ મરી ન જાય એટલે એની રક્ષા માટે આ રજોહરણ રાખીએ છીએ. નિર્દોષ જીવને શા માટે મારવા ? અરે ! દોષિત હોયને તો પણ અમે તો તેનું ભલું જ ઈચ્છીએ. આ સાંભળતાં જ પલ્લીપતિની દૃષ્ટિના પડળ ખસી ગયા. પોતાની જાતનું નિરીક્ષણ કરવા લાગ્યો. અરર ! હું કેવો પાપી છું. મેં તો નિર્દોષ કેટલાય નાના નહીં પણ મોટા-મોટા પંચેન્દ્રિય જીવની હત્યા કરી છે. પોતાના પાપનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. થોડા જ દિવસના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહવાસથી આવો ભયંકર-ખૂંખાર ડાકુ તરત જ પીગળી ગયો. પોતાનાં તીર-કામઠા લઈને ફેંકી દીધા. અને સાધુની પાસે પ્રતિજ્ઞા કરી કે હે ભગવાન! આજથી બધી જ પાપપ્રવૃત્તિનો હું ત્યાગ કરું છું, જાત મહેનતની કમાણીથી હું મારું ગુજરાન ચલાવીશ. નિરપરાધી જીવોની હું હિંસા નહીં કરું. ગુણાનુરાગથી તે સુધરી ગયો.સાધુએ કોઈ ઉપદેશ આપ્યો નથી ફકત એમના જીવનને જોઈને એમના ગુણથી આકર્ષાયો. કોઈથી પણ નહીં પકડાનારો, પોલીસોથી નહીં ડરનારો એક જ ગુણને લીધે પાપથી ડરીને વગર ઉપદેશે તરી ગયો. સત્ય ઘટના છે.

ગુણાનુરાગી જીવો જગતમાં બહુ ઓછા છે તેનાથી ઓછા ગુણી છે અને તેનાથીયે ઓછા ગુણી હોય અને ગુણાનુરાગી હોય. કદાચ ગુણવાન હોય પણ ઈર્ષ્યાથી બીજાના સારા કામની પ્રશંસા કરી શકતા નથી. ગુણી હોય અને ગુણાનુરાગી હોય તેવા જીવો તો હજારોમાં એકાદ જોવા મળે. શાસ્ત્રમાં શાલ-મહાશાલની કથા આવે છે. જેઓ ગુણી છે અને ગુણાનુરાગી છે.

**શાલ-મહાશાલ**

શાલ અને મહાશાલ નામના બે ભાઈઓ છે બન્ને ભાઈઓ વચ્ચે ગાઢ પ્રીતિ છે. એક રાજા છે બીજો યુવરાજ છે. ન્યાય-નીતિથી રાજ્ય ચલાવે છે. પ્રજાપ્રિય છે. પ્રજા તેમને દેવ જેવા ગણે છે. પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી. બન્ને ભાઈઓની સુંદર જોડી છે. એકવાર ભગવાન મહાવીર વિચરતાં-વિચરતાં પધારે છે. શાલ-મહાશાલની પૃષ્ઠચંપા નગરી નજીક જ છે. તેથી ભગવાન ગૌતમ સ્વામીને આદેશ કરે છે કે પૃષ્ઠચંપામાં જાઓ. શાલ-મહાશાલની નગરીમાં ગુરૂ ગૌતમ પધારે છે. શાલ-મહાશાલ અને નગરીના લોકો હર્ષઘેલાં બન્યા છે. સાક્ષાત્ કલ્પવૃક્ષ આંગણે આવ્યું. ગુરૂની દેશના સાંભળવા હજારો લોકો ભેગાં થયાં છે. ગૌતમસ્વામી મહારાજા દેશના શરૂ કરે છે. સંસારની અસારતા સમજાવે છે..**શાસ્ત્રમાં સંસારનું બીજું નામ 'માર' આવે છે જ્યાં જીવને સતત માર જ પડયા કરતો હોય છે.** ફૂટબોલની રમતમાં બોલની સ્થિતિ તમે જોઈ છે ને ! એક માણસ લાત મારે સામે બીજો લાત મારે. આમ લાતો જ ખાતો-ખાતો કૂટાયા જ કરે છે. તેમ માણસ પણ ઘરમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૈરીની-દીકરાની-નોકરોની અને ઓફિસમાં શેઠની-સાહેબોની આમ બધાની લાતો જ ખાતો જીવતો હોય છે. આવા આ સંસારમાં પરમાત્માએ બતાવેલો માર્ગ એ જ સાચો છે. તેનાથી જ આ આત્માનું કલ્યાણ છે. ગૌતમ સ્વામીની દેશના સાંભળીને બન્ને ભાઈઓને સંસાર અસાર ભાસ્યો. કેવા હળુકર્મી આત્માઓ! એક દેશનાએ રાજવૈભવના સુખો અસાર લાગે ! અને તમને હજારો દેશનાએ પણ અશાંતિ ભરેલા તમારા સુખો મીઠા મધ જેવા લાગે છે.

## શ્રોતાઓના ત્રણ પ્રકાર

શાસ્ત્રમાં શ્રોતાઓ ત્રણ પ્રકારના બતાવવામાં આવ્યા છે - **સોતા, સરોતા અને શ્રોતા.**

**૧. સોતા :- કેટલાક લોકો સુંદર પ્રવચન ચાલતું હોય ત્યારે મીઠી નિંદર માણતા હોય.** ઘરમાંથી કંટાળીને આવ્યા હોય. ઉપાશ્રયમાં ઠંડો પવન આવતો હોય અને ભાઈ સાહેબ નિરાંતે ઉંઘતા હોય. આવા શ્રોતાઓને વાણી શું અસર કરે ?

એક શેઠ વ્યાખ્યાનમાં રોજ આગળ આવીને બેસે પણ રોજ ઝોકાં ખાય. એકવાર મહારાજે પૂછયું કે શેઠ ઉંઘો છો ? શેઠ એકદમ ઝબકીને કહે કે ના... ના.. સાહેબ જાગું છું ને ! ઉંઘતા હોવા છતાંયે કહે છે કે હું જાગું છું. માણસ હમેશાં સ્વનો બચાવ જ કરે છે. ભૂલનો સ્વીકાર કરવામાં તેને નાનપ લાગે છે. માટે તો રખડે છે. જવાબ આપીને ફરી પાછા શેઠ ઝોકે ચડયા. મહારાજ પણ તેમને માથાના મળેલા. તેથી મહારાજે થોડીવાર થઈને ફરી પૂછયું કે શેઠ જીવો છો ? ના.. ના.. સાહેબ ! આખી સભા ખડખડાટ હસી પડી. ત્યારે શેઠને ભાન થયું કે મેં શું જવાબ આપ્યો. આવા માણસને વ્યાખ્યાન શું અસર કરે ?

**૨. સરોતા :- સરોતા એટલે સૂડી.** કેટલાક માણસો સૂડીની જેમ કાપવાનું જ કામ કરતા હોય. વક્તાના દોષો જ શોધતા હોય. વાણીમાં શું દોષ છે તેને શોધવામાં પડેલા હોય તેને પણ વાણીની કોઈ જ અસર થતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. **શ્રોતા :- શ્રોતસ્ એટલે કાન.** સાચા શ્રોતાઓ તે જ છે કે જે કાન દઈને પ્રાણ રેડીને સાંભળે. કાનથી અને પ્રાણથી સાંભળનારા જ આ શાલ-મહાશાલ અને શાલિભદ્ર વગેરેની જેમ તરી ગયા. ઘણા લોકોને સાંભળવું ગમે પણ અમલમાં કાંઈ મૂકે જ નહીં. આચરણ વિનાનું બધું નકામું છે.

**સંયમ લેવા માટે પડાપડી.**

શાલ-મહાશાલે દેશના સાંભળી અને તરત જ અમલમાં મૂકવાનું શરૂ કર્યું. બન્ને જણા સંસાર છોડવાની વાત કરે છે. શાલ મહાશાલને કહે છે કે ભાઈ તું રાજ સંભાળ અને મને રજા આપ. મહાશાલ શાલને કહે છે કે ભાઈ તમે રાજ્ય સંભાળો અને મને રજા આપો. આમ બન્ને વચ્ચે સંયમ લેવા માટે રકઝક ચાલે છે. બધે રાજ્ય લેવા માટેના ઝઘડા હોય જ્યારે અહીં રાજ્ય છોડવાનો ઝઘડો ચાલે છે. છેવટે વચલો માર્ગ કાઢે છે. પોતાની એક બેન હતી. તેને એક પુત્ર હતો. બેન-બનેવી અને ભાણિયાને બોલાવે છે. પોતાની ભાવના વ્યક્ત કરે છે. ભાણેજ અને બનેવી રાજ્યની સંભાળનો સ્વીકાર કરે છે. અને મહામહોત્સવપૂર્વક બન્ને ભાઈઓ દીક્ષા લે છે. ખૂબ સુંદર આરાધના કરતાં વિચરે છે.

**ગુણાનુરાગે આપ્યું કેવળજ્ઞાન**

ઘણા સમય પછી વિચરતાં વિચરતાં એ પ્રદેશમાં આવે છે. શાલ-મહાશાલ ભગવાનને વિનંતી કરે છે કે ભગવન્ ! રજા આપો તો પાસે જ રહેલી અમારી નગરીમાં જઈએ. ભગવાન ગૌતમસ્વામીને આદેશ કરે છે. ગૌતમસ્વામી બન્નેને લઈને તેમની નગરીમાં આવે છે. પ્રજા પોતાના ભૂતપૂર્વ રાજાને જોઈને હર્ષઘેલી બની છે. ગૌતમસ્વામી મહારાજા દેશના આપે છે. સંસારની અસારતા સમજાવે છે. બેન-બનેવી અને ભાણિયા પર દેશનાની ઘણી ઊંડી અસર થાય છે. ત્રણે જણા સંયમની ભાવના બતાવે છે. ગૌતમ સ્વામી પાસે સંયમ ગ્રહણ કરે છે. બધાની સાથે ગૌતમસ્વામી મહારાજ ભગવાન પાસે પાછા ફરી રહ્યા છે. રસ્તામાં શાલ-મહાશાલ, બેન-બનેવી અને ભાણિયાનો વિચાર કરે છે કે આ લોકો કેવા સારા છે. આપણને દીક્ષા લેવા માટે માર્ગ મોકળો કરી આપ્યો. પોતે આંટી-ઘૂંટી ને પ્રપંચથી ભરેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજ્યને સ્વીકારીને આપણને મુક્ત કર્યા. કેવા સજ્જન છે ! આમ અહોભાવથી તેમને નમસ્કાર કરે છે. મનમાં એમના ગુણોને જ વિચારે છે. આ બાજુ બેન વિચારે છે કે મારા ભાઈઓ કેવા સારા છે ? બહેનને પરણાવ્યા પછી પિયરમાં શું હક્ક હોય ? છતાં પોતાનું આખું રાજ્ય મને આપી દીધું ! કેવી ઉદારતા! બનેવી વિચારે છે કે આ સાળાઓ મને કેવા સારા મળ્યા ! રાજ્ય લેવા માટે તો કેટલી લોહીની નદીઓ વહેવડાવી પડે. જ્યારે વિના મહેનતે સામેથી રાજ આપ્યું. એટલું જ નહીં પણ અમે રાજ્યમાં ખૂંચી ન જઈએ માટે અમને તારવા સામેથી આવ્યા. ભાણીયો વિચારે છે કે મામા કેવા સારા છે ? આમ ત્રણે જણા પોત પોતાની રીતે વિચારે છે. બનેવી સાળાનો વિચાર કરે છે સાળો બનેવીનો વિચાર કરે છે, પાંચે જણા એક-બીજાના ગુણોને જ જુએ છે. રસ્તામાં ચાલતાં-ચાલતાં જ ઉચ્ચગુણોની વિચારધારાએ ચડે છે અને ગુણની વિચારધારા એમને ક્યાં લઈ ગઈ ! ક્ષણમાં જ બધાં જ કર્મોનો ભૂક્કો, અને નિર્મળ કેવલજ્ઞાન થયું. ગૌતમસ્વામી મહારાજ આ પાંચે જણને લઈને ભગવાનની પાસે આવે છે. દેશના ચાલી રહી છે. પાંચે કેવલજ્ઞાનીઓ કેવળીની પર્ષદા તરફ વળે છે. ત્યાં ગૌતમસ્વામી બોલે છે કે અરે ! એ બાજુ ક્યાં જાઓ છો ? એ તો કેવલીની પર્ષદા છે. તમારે તો આ બાજુ બેસવાનું છે. ત્યાં ભગવાન કહે છે કે ગૌતમ ! કેવલીની આશાતના ન કર. એમને કેવળજ્ઞાન થયું છે, ગૌતમસ્વામી આશ્ચર્યમુગ્ધ બને છે. બોલી ઉઠે છે ભગવન્! હજુ હાલ તો દીક્ષા લીધી છે એટલીવારમાં કેવળજ્ઞાન.. હા... ગુણાનુરાગથી એ આત્માઓ તરી ગયા.

*પહેલવાન બનવા માટે અખાડાઓ છે.*
*ધનવાન બનાવ માટે દુકાનો છે.*
*ભાગ્યવાન બનવા માટે લોટરીઓ છે.*
*ભગવાન બનવા માટે મંદિરો છે.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધર્મરૂપી કિંમતી લોકરની ચાવી

પરમકૃપાળુ પરમાત્મા આપણું કેમ કલ્યાણ થાય તેના માટે ચાવીઓ બતાવી રહ્યા છે. લોકરમાં ગમે તેટલું ભરેલું હોય પણ જો ચાવી ન હોય તો અંદર હીરા-મોતી-માણેક જોવા મળે ખરા ! ચાવી એ મોટી સફળતા છે. મહાપુરુષો પણ ધર્મરૂપી કિંમતી લોકરની ચાવીઓ બતાવી રહ્યા છે. એક વર્ગ એવો છે કે જે ખાવા-પીવાની મોજ મઝામાં ડૂબેલો છે તેને તો ઈશ્વર નામનું કોઈ તત્ત્વ છે જ નહીં ? અથવા પુણ્ય કે પાપ આવું કંઈ પણ જાણવા-જોવાની તમન્ના નથી. તે તો **'રોટી-કપડા ઓર મકાન'** બસ આટલું જ મેળવવામાં ડૂબેલો છે. વળી રોટી-કપડા અને મકાન મળી ગયા પછી પણ તેમાં તેને સંતોષ તો નથી જ. તેમાં વધારો કરવા પાછું વળીને જોતો નથી. ધંધામાં જોયા વિના ઝુકાવે છે અને પછી પોક મૂકીને રોવા બેસે છે. પૈસો કમાવો એ જોખમી છે. પૈસો આવે તેમ માણસને જાનનું જોખમ વધતું જાય છે. માણસ જેમ-જેમ છૂટવા માટે પ્રયત્ન કરે તેમ-તેમ વધારેને વધારે ઉંડો ઉતરતો જાય. સુખની લાલસાથી સંસાર માંડયો પણ દુઃખની પરંપરાઓ ઉભી થઈ.

## તૃષાતુર વાંદરો

એક વાંદરો જંગલમાં ફરતો હતો. તેને ખૂબ તરસ લાગી.... પાણીની શોધમાં આમ-તેમ અથડાતો હતો.. ત્યાં તેણે કોઈ પથ્થરમાંથી પાણીનું ઝરણું વહેતું હતું તે ધોધની જેમ નીચે પડતું હતું. પાણી પાસે પહોંચ્યો. ખૂબ તૃષાતુર હતો એટલે તરત જ પાણીમાં મોઢું નાખ્યું. હકીકતમાં તે પાણી નહોતું પણ શીલાજીત નામના રસનો ઝરો વહેતો હતો. તે રસ અત્યંત ચીકણો તેથી વાંદરાનું મોઢું તેમાં ચોંટી ગયું. હવે મોઢાને રસથી છૂટું પાડવા લાંબી બુદ્ધિ તો દોડે નહીં, તેથી બે હાથની મદદ લીધી. ત્યાં તો બન્ને હાથ ચોંટી ગયા. હવે હાથને છૂટા પાડવા માટે પગનો ટેકો લીધો તો પગ પણ ચોંટી ગયા. ઘણાં તરકડિયાં માર્યા પણ બધા વ્યર્થ નીવડયા છેવટે મૃત્યુ પામ્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## લોભ તારા પાપે....!

સંસારમાં આજ દશા છે ને ! માણસને એમ થાય કે અહીંથી ભેગ કરું કે અહીંથી ભેગાં કરું- ચારે બાજુ મોં નાખવા જાય... મોં ચોંટે એટ હાથનો ઉપયોગ કરવા જાય અને પછી પેલા વાંદરાની જેમ ખૂંપતો જ જાય ખૂંપતો જ જાય. અત્યારે માણસોને શેરનું ઘેલું લાગ્યું છે ને ! પછી ચા પાન-ગલ્લાંવાળાં હોય કે વાળ કાપનારા હોય કે બુટ પોલીશ કરનાર હોય... બધાને શેરનું ઘેલું લાગ્યું છે. રાતોરાત કરોડપતિ બની જવું છે એટલે બધાએ ઝૂકાવ્યું, પેલા વાંદરાની જેમ વિચાર્યા વિના સીધું મોઢું જ ઘાલ અને પછી વાંદરો તરફડીને મૃત્યુને વર્યો તેમ આજે બધા શેરમાંથી (સિંહમાંથી બકરી બની ગયા. અને કોઈકને તો જીવનનો અંત પણ આણવો પડયો મહાપુરુષો કહે છે કે આ બધાને છોડો. માયા જાળમાં જો ફસાયા તો પછ બહાર નીકળવું અશકય બનશે.

આપણો ક્રિયા તરફ જેટલો ઝુકાવ છે તેટલો ગુણ તરફ લાવવાની જરૂ છે. તપશ્ચર્યા થાય તેવો વાસક્ષેપ નખાવનારા ઘણા આવે છે પણ કોઈ એ કહેનાર નથી આવતા કે સાહેબ મારામાં ઘણા અવગુણો છે તે દૂર થાય અ સદ્દગુણો આવે એવો વાસક્ષેપ નાખો.

## ભગવાનની સાથે પણ માયા...!

**સ્વામી રામતીર્થ કહેતા કે લોકો** ભગવાન **પાસે જાય છે અને હાથ ઉંચ કરી-કરીને રાગડા તાણીને કહેતા હોય છે કે** ભગવાન **હું અવગુણનો ઓરડ છું. પણ ખરેખર !** ભગવાનને **પણ છેતરે છે.** જો તે બહાર નીકળે ને કોઈ વ્યક્તિ જો તેને અવગુણ બતાવે તો ત્યાંજ ધડાકો થઈ જાય. જગતમાં સાર કહેનારા બહુ ઓછા છે તેમ સત્યને સાંભળનારા તો તેનાથી પણ દુર્લભ છે સાચી વાત સહ્ય થતી જ નથી. એક સુભાષિત આવે છે કે - **अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः** । અપ્રિય હોય છતાં હિતકારી હોય એવું કહેનારા અને સાંભળનારા દુર્લભ છે. મંદિરમાં જવું હોય તો થોડ પગથિયાં તો ચડવાં પડે જ. તેમ જીવનમાં પણ આ બધાં પગથિયાં છે ભગવાન ક્યાં કંઈ જવાબ આપવાના છે માટે તો તેની પાસે રાગડા તાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાણીને અવગુણો વર્ણવીએ છીએ. અવગુણોથી ભરેલો છું માટે સંસારમાં રખડી રહ્યો છું તેવું સમજનારા બહુ અલ્પ છે. નવહજાર નવસોને નવ્વાણું રોટી કપડાને મકાનની પંચાતમાં પડયા છે, ગુણ-અવગુણને જોવામાં ને જાણવામાં કોઈને રસ નથી.

## પહેલાં શસ્ત્રવિરામ

જગતના અવગુણ જોવા ખૂબ જ સરળ છે પણ પોતાના અવગુણને જોવા ખૂબ જ કઠિન છે. બ્રહ્માએ પાંચે ઈન્દ્રિયોનો પ્રવાહ બહાર કર્યો છે. તમે જોશો તો આંખો બહારનું જ જૂએ છે. કાન બહારનું સાંભળે છે ભગવાન સામે પાંચે ઈન્દ્રિયોરૂપી શસ્ત્રો દ્વારા લડાઈ માંડી છે આંખનો, કાનનો, નાકનો, જીભનો બધાનો દુરુપયોગ કરી રહ્યા છીએ. લડાઈ બંધ કરવી હોય તો પહેલાં શસ્ત્રાવિરામ કરવો પડશે. અર્થાત્ પહેલાં ઈન્દ્રિયોને કાબૂમાં લેવી પડશે. જો આ મળેલા પાંચ-પચાસ વર્ષો સુધરી ગયા તો ભવિષ્યના અનંતા ભવો સુધરી જશે અને બગડયા તો અનંતા જન્મો બગડી જશે. આપણી એકે ઈન્દ્રિયો અંદર તરફ વળેલી નથી.

**આનંદઘનજી** મહારાજ **અજિતનાથ** ભગવાનના સ્તવનમાં કહે છે કે,

**ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર,**
**જેણ નયણ મારગ જોઈએં રે, નયણ તે દિવ્ય વિચાર...,**
**પંથડો નિહાળું રે બીજા જીન તણો... રે.,**

ચર્મ ચક્ષુથી હું જોઈ રહ્યો છું માટે સંસારમાં ભૂલો પડ્યો છું. જે નેત્ર દ્વારા માર્ગ જોઈ શકાય તે દિવ્યચક્ષુ છે. આપણા દિવ્યચક્ષુ જો ખૂલી જાય તો જ આપણને આપણા અવગુણો દેખાય. ગીતામાં **કૃષ્ણ મહારાજા** અર્જુનને કહે છે કે **हे अर्जुन ! दिव्यं ददामि ते चक्षुः ।** હે અર્જુન! હું તને દીવ્ય ચક્ષુ આપું છું તેના દ્વારા જો...

## ગુણાનુરાગનુ ત્રીજું પગથિયું

આંખ નબળી હોય તો પાસે પડેલી વસ્તુને પણ આપણે ન જોઈ શકીએ તે બની શકે, તેમ આપણી દૃષ્ટિ ઝાંખી હોય અને આપણને આપણા દોષો ન દેખાય તે બની શકે, પણ બીજી કોઈ વ્યક્તિ બતાવે કે આ ભૂલ છે ત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનંદથી તેને સ્વીકારવી આ ત્રીજું પગથિયું છે. **જેમ ઝાંખી દૃષ્ટિવાળા કોઈ માણસને રસ્તામાં સામે આવતી ગાય અથડાઈ ન જાય તેથી કોઈ વ્યક્તિ તેને બચાવે તો તે ખુશ થાય કે નહીં ? સારૂં થયું તમે મને બચાવી લીધો નહીંતર હું અથડાઈ પડત. આજ રીતે ભૂલ ને પણ આનંદથી સ્વીકારવી જોઈએ.** એક પછી એક પગથિયાં ચડીએ તો જ આગળ વધી શકાય. તો જ ટોચે પહોંચી શકાય. પહેલું પગથિયું છે કે આપણાં મગજમાં જે ભ્રાન્તિ ભરેલી છે કે હું તો બરાબર છું, મારામાં કોઈ જ અવગુણ નથી, હું તો ગુણનો ભંડાર છું. આને મગજમાંથી કાઢી નાખવું જોઈએ. બીજા પગથિયામાં પોતે અંદર તરફ જુએ કે મારામાં કયાં-કયાં અવગુણો છે ? જુએ તો જ તેને ખ્યાલ આવે કે હું ક્યાં ભૂલ્યો છું અને ત્રીજા પગથિયામાં કોઈ આપણને દોષ બતાવે તે સહર્ષ સ્વીકારીએ તો જ આપણે સુધરી શકીએ.

## અમે બે ને અમારા બે

જીવનમાં ગુણાનુરાગને કેળવવાથી ગુણો આવીને ઉભા રહે છે. આપણે બધાને પરાયા માનીને બેઠા છીએ માટે તો દુઃખી છીએ. માણસનું માનસ બહુ સંકુચિત બની ગયું છે બસ **'અમે બે ને અમારા બે !'** મા-બાપનો પણ આમાં નંબર નહીં. મા-બાપ જશે ક્યાં ? ઘરડાના ઘરમાં કે માંડવીના આશ્રમમાં ? શું ઘરડા ઘરમાં જવા માટે તમને જન્મ આપ્યો છે. કેટ કેટલી બાધા-આખડીઓથી તમને આ પૃથ્વી પર ઉતાર્યા છે... ઘણા ઘણા માણસો એમ કહેતા આવે છે કે સાહેબ ! મારા દિકરાને બરાબર નથી તેને બરાબર જ્ઞાન ચડે... સુખી થાય એવો વાસક્ષેપ નાખો, પણ કોઈ એમ નથી કહેતા કે સાહેબ મારા પિતાને બરાબર નથી તેમને શાતા રહે એવો વાસક્ષેપ આપો કે નાખો! કેવું સંકુચિત છે માનસ ! આ માનસને બદલવું પડશે. બધા જ મારા છે. જ્યારે આવી વૃત્તિ અપનાવશો ત્યારે જ તમારા જીવનમાં રહેલી ઈર્ષ્યા, અસૂયા દૂર થશે.

## સંત અને વેશ્યાનું દૃષ્ટાંત

કોઈ ગામમાં એક સંત પુરુષ રહેતા હતા. તેમની કુટિરની સામે જ કોઈ વેશ્યાનું ઘર હતું. આ વેશ્યા રોજ સંતપુરુષના દર્શનથી પોતાની જાતને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પવિત્ર કરતી. તે અહોભાવથી તે સંતના ગુણોનું કીર્તન કરતી. જીવન વેશ્યાનું હતું પણ વિચારધારા સંત જેવી હતી. પોતાની જાતને હંમેશાં નિંદતી. હું કેવી કમભાગી છું ? રોજ અનેક વિટપુરુષોને મારે સંતોષવાના. મારા દેહનું લિલામ કરવાનું. સતત પાપમય પ્રવૃત્તિમાં ડૂબ્યા રહેવાનું. જ્યારે સંત કુટિરમાં રહેતા સંતપુરુષ વેશ્યાની નિંદા કર્યા કરતા. કેવી હલકી સ્ત્રી છે, છે કાંઈ લાજ-શરમ ? સવારથી ઉઠે ત્યારથી પુરુષોના સંગમાં જ રમ્યા કરવાનું. કેવું નિંદ્ય જીવન છે આનું ! હું કેવો સદ્ભાગી છું.સવારથી ઉઠું ત્યારથી ભગવાનના ભજનમાં જ રહેવાનું. કોઈ પાપકાર્ય કરવાનું નહીં. આમ સ્વપ્રશંસા અને પરનિંદામાં તેનો આખો દિવસ પસાર થતો. જે કોઈ મળવા આવે તેની પાસે પણ વેશ્યાના જ દોષો વર્ણવ્યા કરે. સંતના ખોળિયામાં જીવન સંતનું હતું પણ વિચારધારા સાવ હલકી હતી. સમય વીત્યો... બન્યું એવું કે સંત અને વેશ્યા બન્ને એક જ દિવસે મરી ગયા. સંતની પાલખી અને વેશ્યાની નનામી તૈયાર થઈ. સંતની પાલખીને ફૂલોથી શણગારવામાં આવી અને વેશ્યાની નનામીને કોઈ ઉપાડનારા નથી. જીવ લેવા આવેલા યમદૂતો યોગીના જીવને નરક તરફ લઈ જાય છે અને વેશ્યાના જીવને સ્વર્ગ તરફ. આ જોઈ યોગીનો જીવ બોલી ઉઠે છે કે તમે ભૂલા પડયા લાગો છો નરકમાં જવા યોગ્ય તો આ વેશ્યાનો જીવ છે. હું તો યોગી હતો - યમદૂતો કહે છે કે ભાઈ ! તું તો શરીરથી સંન્યાસી હતો પરંતુ તારા મનમાં શું હતું ? તું ગુણદ્વેષી હતો. પરનિંદક હતો. જ્યારે એ વેશ્યા તો તારા સંન્યાસી જીવનમાં જે શાંતિ અને અપૂર્વ આનંદ હતો તેને પામવા માટે વિચારોમાં ખોવાયેલી રહેતી હતી ! રાત્રે જ્યારે તું ભજન ગાતો અને પ્રાતઃકાળમાં મધુર મંગલ શ્લોકો ગાતો ત્યારે વેશ્યા પ્રભુમય બની જતી. ભાવવિભોર બની પોતાના કુકર્મો પર આંસુ વહાવતી. તું સંન્યાસી હોવાના અંહકારને પુષ્ટ કરતો હતો જ્યારે બીજી બાજુ વેશ્યા પોતાના પાપી જીવનના પશ્ચાત્તાપથી વિનમ્ર બનતી હતી. તેના ચિત્તમાં ન હતો અહંકાર, ન હતી વાસના. મૃત્યુ સમયે તેનું ચિત્ત પરમાત્માની પ્રાર્થનામાં લીન હતું. સંન્યાસી મૌન બની ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવાનું તાત્પર્ય કે ગુણાનુરાગથી વેશ્યા કલંકિત જીવન જીવતી હોવ છતાં તરી ગઈ અને સંન્યાસી સાધુજીવન જીવતો હોવા છતાં ડૂબી ગયો.

ચારે બાજુ દોષોથી ભરેલા જગતમાં ગુણ દેખાય એ મોટું આશ્ચર્ય છે. એમાંયે ગુણોનો ભંડાર હોય તો એ મહાઆશ્ચર્ય છે. જીવનમાં એકાદ ગુણ હોય તોય સદ્‌ભાગ્ય. એનાથી આગળ વધીને કહીએ તો જ્યાં કેવળ દોષો જ છે ત્યાં ઓછા દોષવાળા હોય તો પણ ઘણું સારું માટે જ મહાપુરુષો કહે છે કે જગત તો નિર્ગુણીઓથી ભરેલું છે તેની ઉપેક્ષા કરો..

## *જીવો ત્રણ પ્રકારના*

***વિચારગ્રસ્ત*** *- પાંચે ઈન્દ્રિયોના વિષયોની વિચારણામાં જ જેનું મનરમતું હોય...*

***વિચારત્રસ્ત*** *- વ્યક્તિ પ્રત્યેના કષાય ભાવથી જેનું મન ત્રસ્ત રહે તે...*

***વિચારમસ્ત*** *- વિષય-કષાયથી ઉપર ઉઠેલું જેનું મન શુભવિચારો રમ્યા કરે..*

*- દાન કરે તેનું પુણ્ય ખૂટતું નથી.*
*- શીલપાળે તેનું સુખ જતું નથી.*
*- તપ કરે તેને દુઃખ આવતું નથી.*
*- ભાવથી નવકાર ગણે તેને મોક્ષ મળ્યા વિના રહેતો નથી.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સત્કથા**

## દયાપાત્ર કોણ ?

આપણું કલ્યાણ કેમ થાય તે માટે ભગવાન આપણી સતત ચિંતા કરી રહ્યા છે. જગતમાં ધર્મો ઘણા ચાલે છે પણ સાચો ધર્મ કયો છે તેની ઘણાને ખબર નથી. તપ-જપ કરતા હોય પણ આપણને ફોગટ કાય કલેશ જ લાગે. સાચો ધર્મ તેમના હાથમાં આવતો નથી. ભગવાનની વાણીને જે સાંભળતા નથી તેમનો જન્મ ખરેખર ! શોચનીય છે. તેઓ દયાપાત્ર છે. પણ જેઓ **સાંભળીને સમજવા છતાંયે આચરતા નથી તેઓ તો દયાપાત્રમાં પણ દયાપાત્ર છે.**

ઘાંચીની ઘાણીએ બાંધેલો બળદ આખા દિવસમાં માઈલ-બે માઈલ ચાલે પણ જુઓ તો ઠેરનો ઠેર. તેમ આપણે મનથી માનીએ કે મેં આ કર્યુ. મેં આ કર્યું, પણ સરવાળે જોઈએ તો ઠેરના ઠેર. ન કોઈ સ્વભાવમાં ફેરફાર કે ન કોઈ વાણી-વર્તનમાં ફેરફાર !

ધર્મ કરવા માટે ગુણો જોઈશે. પહેલાં આપણે ગુણાનુરાગ જોઈ ગયા. અનંત જન્મોથી આપણને આપણી જાત પર ગર્વ છે માટે આપણને આપણા ગુણો જ દેખાય છે અને બીજાના અવગુણો જ દેખાય છે. અવગુણોને દૂર કરવા સત્સંગ ઘણો જરૂરી છે. **શાસ્ત્રકાર મહારાજા ધર્મને યોગ્ય વ્યક્તિનો ૧૩મો ગુણ સત્કથા-સત્સંગ બતાવી રહ્યા છે.**

સત્કથા એટલે જ્યાં બેઠો હોય ત્યાં તેની પાસેથી સારીજ સારી વાતો જાણવા-સાંભળવા મળે. ઘણા માણસો એવા હોય કે તે જ્યાં બેઠા હોય ત્યાં કોઈકનું રંધાતું જ હોય.. નિંદા-કુથલી સિવાય કાંઈ હોય જ નહીં.

### ચાર વિકથાઓ - ૧. સ્ત્રી કથા

જગત આખું આ ચાર કથામાં ડૂબેલું છે :- **સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા.** સત્કથી મળવો ઘણો દુર્લભ છે. **સ્ત્રીકથા** એટલે **સ્ત્રી સંબંધી ચર્ચા.** કામી પુરુષો પાસે બેસો તો શું સાંભળવા મળે ? સ્ત્રી કથા જ ને ! ટી.વી., વીડીયો, નાટક-સિનેમામાં સ્ત્રીકથા જ હોય છે ને ! અને હવે તો આગળ વધીને બ્યૂટીની સ્પર્ધા નિકળી છે. સ્ત્રીના સૌંદર્યની સ્પર્ધા. **સ્ત્રીના**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સૌંદર્યને જોવાનો અધિકાર પતિ સિવાય કોઈનો ન હોય. પણ આજે છડેચોક આવી સ્પર્ધાઓ યોજાય છે. આપણા શરીરમાં માંસ છે તે પક્ષીઓને બતાવાય ખરું ? પક્ષીઓ ન જૂએ માટે તો એની ઉપર ચામડી રાખી છે. નહીંતર ગીધડા તમને જીવવા દે ખરા ! સૌંદર્ય તો ઢાંકીને રાખવાની ચીજ છે.** કામી પુરુષો રૂપી ગીધડાઓ ચારે બાજુ ઉડી રહ્યા છે. શું દશા થાય ? અરે ! લારીઓમાં ખોરાકી માલ પણ ઢાંકીને રાખવામાં આવે છે. પરદેશમાં તો કોઈપણ ખોરાકી માલ ખુલ્લો રાખીને વેચવો તે ગુન્હો ગણવામાં આવે છે. એક ભાઈએ અમેરિકામાં સિદ્ધચક્રપૂજન ભણાવ્યું. પૂજનમાં તો ફળ ફળાદિ ખુલ્લાં મૂકવામાં આવે. એ ફળ-ફળાદિને કોઈ હાથ પણ ન અડાડે. આ ભાઈને થયું કે હવે આ ફળ-ફળાદિ કોને આપવા ? પાણીમાં નાખવા ગયો તો ત્યાં પણ ના પાડી કે અમારા લોકોને નુકશાન કરે. પાણીમાં પણ ન નાખવા દે. આટલી બધી સૂગ છે ખુલ્લા ખોરાકની. **ખાદ્ય પદાર્થો પણ ઢાંકીને રાખવામાં આવે તો સૌંદર્ય જેવી મહામૂલી ચીજને ખુલ્લેઆમ મૂકાય ખરી.** આજે આ સ્પર્ધાઓ ઘણા લોકોને વાસનાગ્રસ્ત બનાવે છે. ચારેબાજુ આવું જ વાતાવરણ હોય એટલે અસર થાય જ. માટે આવી કથાઓ જ્યાં ચાલતી હોય ત્યાં ધર્મી માણસ ઉભો પણ ન રહે.

**૨. ભક્તકથા**

**બીજી કથા છે ભક્તકથા :- ભોજનકથા** - જગતનો મોટો ભાગ અર્થાત્ સ્ત્રી વર્ગ ભોજનકથામાં જ પડયો છે. સવારે ઉઠે ત્યારથી ભોજનકથા શરૂ થાય તે રાત્રે સૂવે ત્યાં સુધી ચાલતી હોય. પહેલાં તો રસોડા પૂરતી જ ભોજન કથા રહેતી અને હવે તો આ સુધરેલા (?) યુગમાં છાપાઓ મેગેઝિનો અને કંઈ કેટલીએ પુસ્તિકાઓમાં કઈ વાનગી કેવી રીતે બનાવવી તેની વાતો છપાય છે. ભૂખ લાગી, ખાઈ લીધું પછી શું ખાધું ને કેમ બનાવવું તેની વળી વાતો શી ? અત્યારે તો ઉપાશ્રયમાં જાઓ તો ત્યાં પણ એક બહેન બીજીને પૂછે કે આજે શું બનાવ્યું છે ? ફલાણી વાનગી કેવી રીતે બનાવાય? ધર્મકથાની જગ્યાએ પણ ભોજનકથાની ચર્ચા ચાલતી હોય. માટે તો ઉદયરત્નજી મહારાજને સજ્ઝાય બનાવવી પડે કે **"આજ મારે એકાદશી રે,**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નણદલ મૌન ધરી મુખ રહીએ..."** ઘરમાંથી નીકળ્યા પછી ઘરની વાતો બંધ. બહાર નીકળો એટલે સારી ચર્ચાઓ જ કરો. જેથી તમને પણ લાભ થાય અને સાંભળનારને પણ લાભ થાય.

### ૩. દેશકથા

**ત્રીજી કથા છે દેશકથા :-** જુદા-જુદા દેશોની કથા. આ દેશમાં આ ચાલે છે ને ! આ દેશમાં આ ચાલે છે ! જાત-જાતના દેશોની ચર્ચામાં હાથમાં શું આવે ? આ બધી કથામાં ડૂબેલો હોય ત્યાં પરમાત્માની કથા તેને સૂઝે ક્યાંથી ?

### ૪. રાજકથા

**ચોથી કથા રાજકથા :-** એક યુગ એવો હતો કે ઋષિઓનું રાજ્ય ચાલતું. રાજ્ય ભલે રાજાઓ કરે પણ ઋષિ મુનીઓના કહ્યા પ્રમાણે જ થાય. રાજાઓ તેમને માન આપે. વિશ્વામિત્ર હોય કે દુર્વાસા હોય કે વસિષ્ઠ હોય. ઋષિઓના બળે જ રાજ્ય ચાલતું. સમય પલટાયો. ક્ષત્રિયોનું રાજ્ય આવ્યું. ક્ષત્રિયો ધારે તે કરે. અમૂક સમય બરાબર ચાલ્યું.પછી આવ્યું વૈશ્યોનું રાજ્ય. રાજ્ય ભલે ક્ષત્રિય રાજાઓ કરે પણ તેના મંત્રીઓ વણિક વગેરે જાતિના રહેતા. મંત્રીઓ જ રાજ્યને ચલાવતા. મહાજન જે કરે તે થાય. તેવું પણ કેટલાક સમય ચાલ્યું. આમ રાજ્ય ઋષિઓ-બ્રાહ્મણોએ કર્યું, ક્ષત્રિયોએ કર્યું, વૈશ્યોએ કર્યું અને હવે બાકી રહ્યા શુદ્રો, અત્યારે રાજકારણ શૂદ્રોના હાથમાં જઈ ચડ્યું છે અને તેમની શૂદ્ર વૃત્તિઓના કારણે દેશપાયમાલીના પંથે જઈ રહ્યો છે.

### અજબ અલૌકિક શક્તિ !

આ મુખ્ય ચાર કથાઓ ઉપરાંત પણ બીજી બે કથાઓ છે **અહંકાર કથા અને દ્વેષકથા.** લગભગ સામાન્ય માણસોની વચ્ચે તમે ઉભા રહો તો ત્યાં આપ-વડાઈ સિવાય કાંઈ સાંભળવા ન મળે. **I am Something** પણ એ એમ નથી જાણતો કે જગતમાં એક બીજી પણ અલૌકિક શક્તિ છે. એ આજનો માણસ સ્વીકારવા તૈયાર નથી. બસ એને તો પોતાની શક્તિનો ખૂબ અહંકાર હોય છે. મોટાં-મોટાં પૂર આવે કે ધરતીકંપો થાય ત્યારે માણસની કઈ શક્તિઓ કામ કરી શકે છે. પરમાત્મા સિવાય એ સમયે કોઈ બચાવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકતું નથી. કોઈપણ કાર્યની શરૂઆતમાં જે પ્રભુને યાદ કરે છે તેના પર પ્રભુની કૃપા અવશ્ય ઉતરે છે પછી ભલે ને એ સારું ખાવાનું લઈ આવ્યો હોય તો પણ પહેલા ભગવાનના ચરણે ધરે. પણ એ કયારે બને ? અહંકારથી મુક્ત બને તો ! કાં તો માણસ અહંકારની કથામાં ફસાય છે અથવા તો દ્વેષની કથા એટલે બીજાના કોઈ ગુણો ગાતો હોય તો તેમાંથી તે દોષ વીણી વીણીને તેને હલકો ચિતરે. અત્યારે ચારે બાજુ આ છ કથાઓ જ ચાલી રહી છે. આ કથાઓ કરનારા માણસોનું વિવેકરૂપી રત્ન નષ્ટ થઈ જાય છે. મન કલુષિત રહે છે. ધર્મમાં વિવેક તો સારભૂત છે. હવે જો વિવેક જ ન રહે તો ? માટે ધર્મનો અર્થી સત્કથી હોવો જોઈએ.

*જીવનમાં માત્ર ફરિયાદ જ કરવી હોય તો આ ત્રણની કરો...*

*ભગવાન મને કેમ મળતા નથી ?*

*ભગવાન મળી ગયા છે તો ગમતા કેમ નથી ?*

*ભગવાન ગમી ગયા છે તો હું ખુદ ભગવાન કેમ બનતો નથી ?*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સુપક્ષથી યુક્ત

**ધર્મને યોગ્ય અધિકારીનો ૧૪મો ગુણ છે સુપક્ષથી યુક્ત હોય.**

સુપક્ષથી યુક્ત એટલે સત્સંગવાળો. તેની આજુ-બાજુના બેઠકિયા સારા હોવા જોઈએ. આ બહુ અગત્યની ચીજ છે.આજે સારા-સારા માણસો પણ ખરાબ માણસની બેઠકને લીધે દારૂડિયા-જુગારી બની ગયા છે. સારા માણસની સોબતથી આપણે કદાચ દુર્વ્યસની હોઈએ ને તો પણ ધીમે-ધીમે સુધરી જઈએ. મુંબઈ જેવા શહેરમાં સત્સંગ હશે તો જ બચાશે. નહીંતર પગ લપસતાં વાર નહીં લાગે. સત્સંગથી ભયંકર ખૂંખાર બહારવટીયો પણ સજ્જન બની ગયો.

### ડાકુમાંથી સંત બનાવ્યો કોણે ?

એક બહારવટીયો હતો. ખૂનો-લૂંટફાટ તેનો ધંધો. રાતદિન તેમાં જ મશગુલ. એકવાર એક સંતનો તેને ભેટો થયો. साधूनां दर्शनं पुण्यम् । સંતોનું દર્શન પણ પુણ્યને ખેંચી લાવનારું છે તો પછી તેના સંગની તો વાત જ શી ? કબીરે એક જગ્યાએ લખ્યું છે કે -

**"કબીર સંગત સાધુ કી, હરે આધિ ઔર વ્યાધિ,**
**બૂરી સંગત અસાધુકી, આઠોં પોર ઉપાધિ."**

સજ્જનના સંગથી માણસના દુઃખ-દર્દો દૂર થાય છે જ્યારે દુર્જનના સંગથી આઠે પહોરની ઉપાધિને માણસ વહોરે છે. સંતના દર્શનથી જ આ લૂંટારાનું મન શાંત બની ગયું. સંતની પાસે બેસવાની તેને ઈચ્છા જાગી. તેમની પાસે બેઠો. સંતે જોયું કે લાગે છે બહારવટિયો પણ હૃદય કાંઈક પીગળ્યું લાગે છે માટે તેને સમજાવવાની કોશિષ કરી. સંતે પૂછયું કે તું શું કરે છે ? તેણ કહ્યું મારવું અને લૂંટવુ આ મારો ધંધો છે. અરર ! એક પેટના ખાડાને પૂરવા માટે તું આટલી ક્રૂરતા આચરે છે, કેટલા લોકોની હાય તું વહોરે છે. કુટુંબના એક મોભીને તું મારી નાખે તો તે આખું કુટુંબ પાયમાલ બની જાય તેની તને કેટલી હાય લાગે. આવા તો હજારો કુટુંબોની હાય તેં લીધી છે. તારું શું થશે ? **શાસ્ત્રકારો કહે છે કે કોઈની પણ હાય ન લેશો.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**એ હાયની વરાળ તમારા જીવનના લીલાછમ બાગને બાળી નાખશે. ભસ્મીભૂત કરી નાખશે.** ઘણાં કિસ્સાઓ મેં સાંભળેલા છે. મા-બાપની-વડીલોની હાય લેનારાઓ પાછળથી પાયમાલ થઈ ગયા છે. એ સિવાય દુકાને બેઠા હો તો કોઈને ખરાબ માલ ભટકાડીને પૈસા પડાવીને ગ્રાહકની પણ હાય ન વહોરશો. તે હાય પણ તમને ધંધાથી પાયમાલ કરી દેશે. આજે તીર્થસ્થાનોમાં આવું ખૂબ જ ચાલે છે. શંખેશ્વર જેવા તીર્થમાં માણસ દર્શન સાથે ખરીદી પણ કરતો જાય છે. મુંબઈ ગયા પછી ખરીદીનો માલ જૂએ તો નમૂનામાં જે સારામાં સારો બતાવેલો હોય તેનાથી સાવ હલકો જોવા મળે. હવે ત્યાં ગયા પછી કોઈ બદલાવવા ન આવે. પણ આ છેતરપીંડીથી વહેપારી કયારેય ઉંચો ન આવે.

### વૃદ્ધાશ્રમની વ્યથા

અમે માંડવીના વૃદ્ધાશ્રમમાં એક-બે દિવસ રહેલા.મા-બાપના કેવા નિઃસાસાઓ આજના સંતાનો લે છે.એમની હૈયાવરાળ સાંભળીને અમે કંપી ઉઠયા. મા-બાપને તરછોડવા છતાં એ જ મા-બાપો પોતાના દીકરાને-પોતરાને યાદ કરીને આંસુ સારતા હોય છે. કેટલાક તો બિચારા મારો દિકરો આજ લેવા આવશે. કાલ લેવા આવશે એ આશામાં ને આશામાં બારણા પર મીટ માંડીને રાત-દિન પસાર કરતા હોય છે. ક્યાં મા-બાપનો નિઃસ્વાર્થ પ્રેમ અને ક્યાં સંતાનોનો સ્વાર્થી પ્રેમ. પથ્થરદિલ માણસનું પણ કાળજું કંપી ઉઠે તેવી સ્થિતિ તે આશ્રમમાં છે. ધર્મની શરૂઆત જ મા-બાપથી થાય. પહેલાં એમની પૂજા પછી બધો ધર્મ. તમે દહેરાસર જાઓ છો કે નહીં, પૂજા કરો છો કે નહીં એ પછીની વાત છે પણ જ્યાં હો ત્યાંથી મા-બાપને ત્રિકાળ મનથી પણ પ્રણામ કરો. પાયાનો આ ધર્મ જ માણસને ઉંચી ભૂમિકાએ પહોંચાડે છે.

### વાણીનો ચમત્કાર !

સંતની મીઠી વાણીથી ડાકૂનું હૃદય પીગળી ગયું. સત્સંગની તરત જ અસર થઈ. જગતમાં બે ચીજ દુર્લભ છે તેમ **સંત તુલસીદાસ** કહે છે -

**સંત-સમાગમ હરિ- કથા તુલસી દુર્લભ દોય,**
**સુત-દારા ઓર લક્ષ્મી પાપી કે ભી હોય.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંતનો સમાગમ અને હરિકથા બન્ને ખૂબ જ દુર્લભ છે. સંતના સમાગમથી ભલભલા પાપીજીવો પણ પવિત્ર થઈ ગયા છે. અનેક ડાકુ-લુંટારાઓ પણ સંતના સમાગમથી આ માનવજન્મને સાર્થક કરી ગયા છે. બાકી પુત્ર-પત્ની અને લક્ષ્મી તો પાપીઓના ઘરે પણ હોય છે. માટે **પૈસો મળવો તે મહત્ત્વનું નથી પણ સંતનો સમાગમ થવો તે મહત્ત્વનું છે.** આ ડાકુએ પણ તરત જ પ્રતિજ્ઞા કરી કે અણહક્કનું મારે કાંઈ ન ખપે. મજૂરી કરીને હું મારું ગુજરાન ચલાવીશ. પતિ-પત્ની બન્ને જણા પાપી કાર્યોને છોડીને ધર્મના માર્ગે વળી ગયા. સમય મળે ત્યારે પ્રભુનું નામ સ્મરણ કરે છે. પ્રભુનું નામ એ એક જબરી ઔષધિ છે. જે લોકો ખરા ભાવથી તેનું સ્મરણ કરે છે તેના બધા જ દૂઃખો દૂર થઈ જ જાય છે.

**"પ્રભુ નામ કી ઔષધિ, ખરા ભાવથી ખાય,**
**રોગ શોક આવે નહીં, સવિ સંકટ મીટ જાય."**

એકવાર બન્ને પતિ-પત્ની જંગલમાંથી ગામ તરફ જઈ રહ્યા છે રસ્તામાં એક ચાંદીનું કડલું (પગમાં પહેરવાનું આભૂષણ) પડયું છે. અત્યારે આમ તો આ બન્ને જણા પૈસાની ભીડમાં છે પણ પ્રતિજ્ઞા છે કે અણહક્કનું લેવું નહીં. પતિએ વિચાર્યું કે મારે તો નથી જ લેવું પણ પાછળ આવતી મારી પત્નીની દાનત બગડી જાય તો ! તેથી તેણે તે કડલા પર ધૂળ વાળી, પત્નીએ આ જોયું.તે બોલી ઉઠી કે **'ધૂળ પર ધૂળ શું નાખો છો ?'** આપણે મન હવે પરધન પથ્થર સમાન છે. તુલસીદાસે કહ્યું છે કે

**'પરધન પથ્થર સમ ગણે, પરસ્ત્રી માત સમાન,**
**ઈસકો વૈકુંઠ ન મલે તો, તુલસી દાસ જમાન.'**

જે માણસ પરધનને પથ્થર સમાન ગણે છે અને પરસ્ત્રીને માતા સમાન ગણે છે તેને જો વૈકુંઠ ન મળે તો તુલસીદાસ કહે છે કે હું જામીન થાઉં છું. અર્થાત્ વૈકુંઠ અવશ્ય મળે જ.

બન્ને જણા પોતાના નિયમમાં અડગ રહ્યા. સજ્જન કરતાં પણ ચડી જાય તેવું સુંદર જીવી ગયા. એક ખુંખાર ડાકુને પણ સજ્જન કોણે બનાવ્યા? સંતના સમાગમે જ ને !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજુબાજુનો પરિવાર સારો હોય તો જ માણસ શાંતિથી રહી શકે અ ધર્મને આરાધી શકે. પક્ષ એટલ પાંખ. પંખી ગમે તેટલું મોટું હોય પણ તેની પાંખ કપાઈ જાય તો નીચે જ પટકાય ને ! આમ સારા પક્ષથી યુક્ત માણસ આગળ આવી શકે છે. રાજા પણ જો સુપક્ષોથી યુક્ત હોય તો રાજ્ય વ્યવસ્થિત ચાલે. જો તેના બેઠકિયા લંપટ-લાલચુ હોય તો રાજ્ય પણ ભાંગે છે. આજે ઘર-ઘરમાં શાના કલેશો ઉભા થાય છે ? નણંદ-સાસુ ભેગ મળીને દીકરાને એવો ચડાવે કે સ્ત્રીથી સાવ વિમુખ બનાવી દે અને ઘર આ પાયમાલ થઈ જાય. કોઈવાર સાસરિયા પણ જમાઈને ચડાવીને મા-બા વગેરેથી વિમુખ બનાવી દે છે. સંસારમાં ડગલેને પગલે ચડાવવાના પ્રસંગ ચાલ્યા જ કરતા હોય છે. બધી જ જગ્યાએ સુપક્ષથી યુક્ત માણસ હોય ત જ શાંતિથી જીવી શકે. સુપક્ષનો બીજો અર્થ સારી સલાહ આપનારાઓ પ થાય છે. માણસને સાચી સલાહ આપનારાઓ બહુ થોડા હોય છે. આ સુપક્ષથી યુક્ત માણસ જીવનમાં શાંતિ મેળવી શકે. શાંતિ હોય તો જ ધર્મ આરાધી શકે.

*ભલા બનજો પણ ભોળા ન બનશો...*
*ઉદાર બનજો પણ ઉડાઉ ન બનશો...*
*કરકસરિયા બનજો પણ કૃપણ ન બનશો...*
*ખરા બનજો પણ ખારા ન બનશો...*
*સત્યગ્રાહી બનજો પણ સત્યાગ્રહી ન બનશો...*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંધારામાં અટવાતું જગત**

## સુદીર્ઘદર્શી

જગતના તમામ જીવો અજ્ઞાનના અંધારામાં આથડી રહ્યા છે એ તો બરાબર છે પણ જીવો એ અંધારાને જ પ્રકાશ માની બેઠા છે તે દુઃખની વાત છે. તેથી પરિણામ એ આવ્યું કે આંખ હોવા છતાં અને સામે નિધાન પડયું હોવા છતાં માણસ જોઈ શકતો નથી. જો માણસ સમજી શકે કે હું અંધારામાં અટવાઈ રહ્યો છું તો સદ્ગુરૂ તેને માર્ગ બતાવવા તૈયાર બેઠા છે, પણ આપણે તો આંખો બંધ કરીને જ બેઠા છીએ. સત્ય સાંભળવા તૈયાર જ નથી તે મુશ્કેલી છે. મહાપુરુષો ઘંટ વગાડીને આપણને કહી રહ્યા છે. ब्रह्म सत्यं जगन् मिथ्या । પણ આપણે મિથ્યા જગતને સાચું માનીને તેની પાછળ દોડી રહ્યા છીએ.

**ધર્મનો અર્થી માણસનો પંદરમો ગુણ - સુદીર્ઘદર્શી.**

### આ લોકનું નાણું ક્યાં લગી ?

ધર્મના અર્થીપણા માટે દીર્ઘદર્શીગુણ બહુ મહત્ત્વનો છે. માણસ લાંબાગાળાનો વિચાર કરે તો ઘણા અનર્થોમાંથી બચી જાય. પણ આપણી વિચારધારા બહુ જ ટુંકી હોય છે. માટે તો આપણને ચારે બાજુ ધન-પૈસો, વૈભવ દેખાય છે. જો માણસ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરે તો ધન ક્યાં સુધી ? તમે જેટલું જીવો ત્યાં સુધી કદાચ કામ લાગે, પણ પરલોકમાં કામ લાગવાનું ખરું ! ભારતનો રૂપિયો અમેરીકા સુધીયે કામ નથી લાગતો તો પછી આ લોકનું નાણું પરલોકમાં ક્યાં આવવાનું ? વળી આ ધન આ જીવનમાં પણ પૂરા ઉપભોગમાં લઈ શકાતું નથી. મુંબઈ જેવા શહેરમાં સાચા દાગીના પહેરીને નીકળી શકાય છે ખરું ? પહેરીને નીકળો તો જાનનું જોખમ થઈ જાય ! દાગીના લોકરમાં જ પૂરાયેલા રહે ! આવી સંપત્તિ છે. છતાં માણસ ભ્રાન્તિમાં જીવે છે. અનેક સંકટોને લાવનારી સંપત્તિ પૂરી ભોગવી પણ શકાય નહીં. કયારેક જીવનની સમાપ્તિ સુધી પણ તે લઈ જાય છે. અથવા સંપત્તિ ઘણી હોય પણ શરીર રોગી હોય. સારું ખાઈ-પી શકે પણ નહીં. કદાચ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુણ્યના યોગે સંપત્તિ મળી. ભોગવી પણ ખરી. પણ ક્યાં સુધી ? કબીર કહે છે કે - **કહત કબીરા સુણ મેરે ગુણીયા, આપ મુએ પીછે ડૂબ ગઈ દુનિયા.** ઉલ્ટાની આસક્તિથી પોતાના આગામી જન્મોને તે બગાડે છે. આમ તો સંપત્તિ પુણ્યના યોગથી મળે છે તેમ કહેવાય પણ કયારેક સંપત્તિને લીધે જ જ્યારે ખૂન થાય ત્યારે તો તે પાપના ઉદયથી મળી હોય તેવું લાગે. સંપત્તિ આવ્યા પછી માણસ વિલાસમાં ડૂબી જાય છે અને નવા-નવા પાપો બાંધતો જાય છે. જો માણસ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરે તો તેને સમજાય કે આ ધન મને કયાંય ફેંકી દેનારું છે. આગામી જન્મોમાં તો ધર્મજ મને કામ આવશે.

## સાથે શું આવશે ?

માણસ મરી જાય અને સ્મશાનમાં લઈ જાય. ચિત્તા સળગાવી.. પછી લોકો પાછા ફરે છે. પાછળ નજર નાખીને જોતા પણ નથી. વળી કયાંક પાછો આવશે તો ! એ બીકે, બરાબર ને ! સાથે આવનાર કોણ ? આવ્યાં કોઈ સગા-વ્હાલા, મોટર, બંગલો કે વૈભવ..? કંઈ પણ સાથે આવવાનું નથી. છતાં જાણે બધું જ સાથે લઈને જ જવાનું હોય તેમ માણસ છેલ્લા શ્વાસ સુધી સંસારની માયામાં ગળાડૂબ રહે છે. માણસ લાંબો વિચાર કરે તો તેને આ બધું અનર્થ લાગે અને તે ધર્મના માર્ગે વળી શકે. તેનાથી જ પુણ્યોપાર્જન થાય અને સંપત્તિ-શાંતિ આપ મેળે આવીને ઉભી રહે... તેને શોધવા માટે મહેનત કરવાની જરૂર જ નથી. પુણ્ય ઉભું કરો. બધું બરાબર થઈ જ રહેશે.

## દૃષ્ટિરૂપી ચશ્મા

માઈનસ નંબરવાળા માણસને પાસેનું જ દેખાય દૂરનું કાંઈ દેખાય નહીં. દૂરનું જોવા માટે એને ચશ્મા પહેરવા પડે... તેમ આપણી દૃષ્ટિ પણ માઈનસ બની ગઈ છે, પાસે રહેલા પત્ની-પુત્ર-પરિવાર-ધન-દોલત દેખાય છે પણ દૂરનો પરલોક આપણે જોતાં નથી. જો તેને જોવો હોય તો આપણે સદ્ગુરૂના બોધ રૂપી ચશ્મા પહેરવા પડશે. આપણે અંધકારમાં જ આથડીએ છીએ. પ્રકાશ આપણા સુધી પહોંચતો જ નથી. કદાચ પ્રકાશ આવી જાય ને તો પણ આપણે અંજાઈ જઈએ છીએ. જેમ અંધારામાંથી અચાનક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશમાં જઈએ તો આપણી આંખો કેવી એકદમ મીંચાઈ જાય છે તેની જેમ... આપણે અંહકારના અંધારામાં આથડીએ છીએ. તેના કારણે સત્યને પામી શકતા નથી. અરે સત્ય કોઈ સમજાવે-બતાવે તો આપણે તાડૂકીએ છીએ. આપણા દોષો જોવામાં આપણે આંધળા બની ગયા છીએ.

**આજનો સુધરેલો (?) માનવ...**

માણસ સુખની ભ્રાન્તિમાં જીવી રહ્યો છે. ધર્મથી સુખ મળે છે તે તેની સમજમાં ઉતરતું જ નથી. ધર્મવાન્ બનવા માટે પહેલાં ગુણવાન્ બનવું પડશે. પરિણામનો વિચાર કર્યા વિના જ આજનો સુધરેલો (?) માનવ પ્રવૃત્તિ કરતો હોય છે. ક્રોધનો આવેશ-માનનો આવેશ. આ બધાના આવેશમાં કરેલાં કાર્યોનું પરિણામ પેઢીઓની પેઢીઓ સુધી ચાલતું રહે છે. આજે પગ ઠંડા થઈ ગયા છે અને મગજ ગરમ થઈ ગયું છે. પગને ગરમ રાખવાના હતા તેના અભાવે સાવ નજીકમાં જ જવાનું હોય ને તો પણ સ્કૂટર-ગાડી વિના ચાલે જ નહીં ને ! ચાલવાનું તો લગભગ નહીંવત્ બની ગયું છે તેથી શરીર પણ કેવા બેડોળ અને રોગના ઘર બની ગયા છે. એક વ્યક્તિનું શરીર એટલું બધું ફૂલી ગયેલું કે ઘરના દરવાજાની બહાર નીકળી શકે જ નહીં. એ મરી ગયો ત્યારે તેને દોરડાથી બાંધીને નીચે ઉતારવો પડયો. બારણામાંથી નીકળી શકે તેમ ન હતો માટે... મગજને ઠંડુ રાખવાનું હતું તેના બદલે એટલું બધું ગરમ બની ગયું છે કે વાત-વાતમાં દીકરો બાપની સાથે, વહુ-સાસુની સાથે, ભાઈ-ભાઈની સાથે ઝઘડી પડે છે, સમતાના અભાવે જ ને !

માનવજન્મ તો ઘણાને મળ્યો છે પણ આ ધર્મ બધાને મળ્યો નથી. જેને મળ્યો છે તે પણ તેને સમજવા તૈયાર નથી. માટે તો જગત આખું કાવા-દાવાથી સડી રહ્યું છે. ભવિષ્યનો વિચાર કર્યા વિના માણસ વાત-વાતમાં ઉશ્કેરાટથી ખૂન પણ કરી બેસે છે. દીર્ઘદર્શિતાના અભાવે સુખમય જીવનને પણ દુઃખમય બનાવી નાખે છે. કરોડો રૂપિયાના પ્રોજેક્ટો ઉભા કરે અને પછી પાછળથી ટેન્સનથી હોસ્પીટલ ભેગા કે કૌભાંડોથી જેલ ભેગા થવા વખત આવે. **માનવ જન્મ ફકત દેહને જ પંપાળવા માટે નથી પણ આત્મામાં અનંતશક્તિઓ ભરેલી પડી છે તેને પ્રગટ કરવા માટે છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પશ્ચિમી અનુકરણ

મનુસ્મૃતિમાં છેલ્લે લખેલું છે કે બીજા દેશના માણસો અમારી પાસેથી કેવી રીતે જીવવું તે શીખે તેવી અમારા લોકોની રહેણી કરણી હશે. પણ આજે આ દેશના લોકોને એક મોટામાં મોટું વ્યસન લાગું પડેલું છે કે તે પશ્ચિમી દેશોનું તરત જ અનુકરણ કરે છે. ખાવામાં-પીવામાં, પહેરવા-ઓઢવામાં. અરે ! નામ પાડવામાં પણ તેનું અનુકરણ. જન્મથી માંડીને મરણ સુધી બધું જ નકલી... અસલી સાવ લુપ્ત બની ગયું છે. **હવે ધોતી-ઝભ્ભો ને સાડલો તો મને લાગે છે કે મ્યુઝિયમમાં મૂકવા પડશે.** ધોતિયું કેવુ હતું તે જોવા માટે મ્યુઝિયમમાં જવું પડશે. ભારતના લોકોની દરેક પ્રવૃત્તિમાં લાભ રહેતો. ધોતિયાનો પહેરવેશ નાના કે મોટા બધાને કામ લાગે, એક બીજાનું પહેરી શકાય. પણ તમારા આ મેકસી-પંજાબી વગેરે કેટલીયે જાતના કપડાં, જેનાં હોય તેને જ કામ લાગે.

## લોર્ડ કર્ઝન કટ

કેવું આંધળુ અનુકરણ કરે છે તેનો પ્રત્યક્ષ પુરાવો. **લોર્ડ કર્ઝન** ભારતમાં વાઈસરોય થઈને આવેલા હતા તેનો એક બાજુનો હોઠ કપાયેલો હતો. તેથી તેના પર મૂછ ઉગે નહીં. વચલા ભાગમાં જ મૂછ રાખે. બીજી બાજુની કપાવી નાખે. બન્ને બાજુ સરખું થાય તેથી.તેનું અનુકરણ આપણા આ ગાંડિયા લોકોએ કરવા માંડયું.વચલા ભાગમાં જ મૂછ રાખવાનું શરૂ કર્યું. કોઈ ડાહ્યા માણસે એક યુવાનને પુછયું કે આમ કેમ મૂછ કપાવે છે ? યુવાને કહ્યું કે આ તો 'કર્ઝન કટ' છે. આ સાંભળીને પેલા ડાહ્યા માણસે કહ્યું કે અરે ! પેલા લોર્ડ કર્ઝનને તો હોઠ નથી માટે તે બન્ને બાજુની મૂછો કપાવે છે પણ તું કેમ આવું કરે છે ? તો કહે કે આ તો ફેશન છે. આવું આંધળું અનુકરણ કરનારી આજની આ દુનિયાને શું કહેવું ?

એક બાજુ અનંત અશાંતિને ઉત્પન્ન કરનારા પદાર્થો છે અને બીજી બાજુ પરમાત્મા છે. જેને પરમાત્માને ઓળખ્યા છે તેના માટે પ્રથમ તો પરલોક એટલે કે સદ્ગતિ નક્કી છે, અને પદાર્થોનું ખેંચાણ નહીં હોવાના કારણે તેને મેળવવા માટે કરાતા અનેક પ્રપંચોમાંથી મુક્તિ... તેથી જીવનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ શાંતિ... આ લોક પણ શાંતિથી અને પ્રસન્નતાથી પૂરો થાય અને પરલોકમાં પણ સદ્‌ગતિ મળવાથી ત્યાં પણ પરમશાંતિ. જેણે પ્રભુને ઓળખ્યા તેના મનની મસ્તી અલૌકિક હોય છે.

## રામ રાખે તેને કોણ ચાખે

એક સંતપુરુષ ધ્યાનમાં બેઠેલા છે. શિષ્ય પડખે ઉભો છે. ઘોર ભયંકર જંગલ છે. ત્યાં વાઘ-વરૂના અવાજો સંભળાયા. શિષ્ય એકદમ ગભરાઈ જાય છે. ગુરૂ મહારાજને ચેતવે છે પણ ગુરૂ તો ધ્યાનમગ્ન હતા. ભગવાનના સાનિધ્યમાં છે. તેમને કોઈનો ય ડર નથી... શિષ્ય પોતાની જાત બચાવવા ઝાડ પર ચડી ગયો. ત્યાં ત્રાડ નાખતો વાઘ આવે છે. ઝાડ પર બેઠેલો શિષ્ય થથરે છે. હમણાં આ વાઘ ગુરૂ મહારાજને ફાડી ખાશે. પણ તેને ક્યાં ખબર છે કે ભગવાન જેની પાસે હોય તેનો વાળ પણ કોઈ વાંકો કરી શકતું નથી.. કહેવત છે ને કે **'રામ રાખે તેને કોણ ચાખે'** વાઘ નજીક આવ્યો. ગુરૂની સૌમ્યમૂર્તિ જોઈને એકદમ શાંત થઈ ગયો તેમને પ્રદક્ષિણા દઈને થોડીવાર તેમની છાયામાં બેસીને ચાલ્યો ગયો. શિષ્યતો દૃશ્ય જોઈ રહ્યો. ગુરૂ તો ભગવાનમાં લીન છે. જ્યારે આપણે પરમાત્મા સાથે એકરૂપ બની જઈએ છીએ ત્યારે આપણે પરમાત્મા બની જઈએ છીએ. જીવનમાં શાંતિનો અનેરો આનંદ પ્રગટી ઉઠે છે. આપણે બહારના પદાર્થો સાથે તન્મય બની ગયા છીએ તેથી આપણું ચિત્ત પરમાત્મામાં લાગતું નથી. થોડા સમય પછી શિષ્ય ઝાડ ઉપરથી નીચે ઉતર્યો. શિષ્યે ગુરૂ મહારાજની ખૂબ પ્રશંસા કરી. ગુરૂ શિષ્ય હવે આગળ ચાલે છે. આગળ જતાં સામે એક કૂતરો ભસતો-ભસતો આવ્યો. ગુરૂએ હાથમાં રહેલી સોટી તેની સામે ઉગામી... શિષ્ય બોલ્યો કે ગુરૂજી આમ કેમ ? વાઘ જેવું ભયંકર પ્રાણી આપની સામે આવ્યું તો આપે આંખ પણ ન ખોલી અને આ કૂતરાની સામે લાકડી ઉગામો છો. એનું શું કારણ? ગુરૂજીએ જવાબ આપ્યો કે વાઘ આવ્યો ત્યારે હું ભગવાનની સાથે હતો પણ અત્યારે હું તારી સાથે છું. સંસારના દરેક વ્યવહારમાં તમે પ્રભુને સાથે અને માથે રાખીને કામ કરો.. પછી જૂઓ તેનો ચમત્કાર.. આજે માણસને કોઈ રાષ્ટ્રપતિ કે ધારાસભ્યની સાથે સંબંધ હોય તો કેવો રોફમાં ફરતો હોય છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે આ તો રાજાધિરાજ-દેવાધિદેવ છે તેની સાથેનો સંબંધ કેટલો ગર્વ લાવે! કેવી મસ્તી લાવે ?

## પસંદગી કોની ?

પદાર્થોમાં અને પરમાત્મામાં પસંદગી તમારે કરવાની છે.. સદ્‌ગુરૂ તો ત્રિભેટે ઉભેલા એવા તમને રસ્તો બતાવી રહ્યા છે કે ભાઈ ! આ માર્ગ સીધો છે. શાંતિભર્યો છે અને આ માર્ગ હાઈવે જેવો સતત ઘોંઘાટ અને એકસીડેન્ટોના ભયથી ભરેલો છે. અનેક વિઘ્નોથી ભરપૂર છે. તારે જે માર્ગે જવું હોય તે માર્ગે જા... કયો મૂર્ખ માણસ પદાર્થો રૂપી વિઘ્નોથી ભરપૂર માર્ગે જાય..! તમે જાઓ ખરા !

ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં મહત્ત્વની વાત કહી છે કે **बहूनां जन्मनामन्ते ज्ञानवानू मां प्रपद्यते** । ઘણા જન્મના અંતે જ્ઞાનીપુરુષો મને પ્રાપ્ત કરી શકે છે. પણ જો આપણું લક્ષ પરમાત્માને પ્રાપ્ત કરવાનું હોય તો જ. એ તરફ ગતિ કરતા હોઈએ તો, પણ જો પરમાત્માની વિરુદ્ધ દિશામાં જ આપણી ગતિ હશે તો કરોડો ભવે પણ આપણે તેને પ્રાપ્ત નહીં કરી શકીએ. આપણે જવું હોય મુંબઈ અને જઈએ દિલ્હી તરફ... કયારેય મુંબઈને પામી શકીએ ખરા ! ક્લેશ જ પામીએ ને ! તેમ પરમાત્માની દિશા તરફ ચાલીશું તો આપણને વહેલા કે મોડા પણ મળશે ખરા ! તેનાથી વિરુદ્ધ પદાર્થની દિશામાં જ દોડીશું તો કયારેય પરમાત્માને પામી શકીશું નહીં. ઉલ્ટાની દુઃખોની પરંપરા ઉભી કરીશું.

પરમાત્મા પાસે જવું હશે તો મનને તે રીતે તૈયાર કરવું જ પડશે. દીર્ઘદૃષ્ટિથી વિચાર કરશો તો તમને જણાશે કે તે જ સાચું છે.

*માલા બનાઈ કાષ્ઠ કી*
*બીચમેં ડાલા સૂત*
*માલા બેચારી કયા કરે*
*કી જપનેવાલા કપૂત...*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દીર્ઘદૃષ્ટિ

પરમકૃપાળુ પરમાત્મા કરુણાથી આપણને સમજાવી રહ્યા છે. ધર્મનો માર્ગ માનીએ તેટલો અઘરો નથી. છે તો સરળ જ, પણ તેને પહેલાં મગજમાં બરાબર બેસાડવો પડશે પણ આજે માણસના મગજમાં જાત-જાતની ચિંતાઓ ભરેલી પડી છે. સંસારની ચિંતામાં ધર્મને વિચારવાની ફૂરસદ જ ક્યાં છે?

જે જન્મ મળ્યા પછી સ્વર્ગ અને મોક્ષ સુધી પહોંચી શકાય. તેવો દુર્લભ જન્મ મળ્યા પછી જો આમ વેડફી નાખશો તો દુઃખનો અંત કયારે આવશે? દીર્ઘદૃષ્ટિથી વિચાર કરો તો તમને સમજાય કે ધર્મ કેવો અમૂલ્ય છે ? તમે તમારી જાતની સરખામણી તો કરો કે પેલા ઝૂંપડપટ્ટીમાં વસતાં લોકો કરતાં અમે કાંઈક સુખી છીએ, શા માટે ? તમારી પાસે કંઈક વિશિષ્ટ વસ્તુ છે માટે જ ને ! તો એ વિશિષ્ટ વસ્તુ છે ધર્મ... જો કે આ ભવમાં તો ખબર નથી તમે કેવો અને કેટલો ધર્મ કરી રહ્યા છો ? પણ પૂર્વજન્મમાં કરેલો ધર્મ તમને ચોક્કસ શાંતિ આપી રહ્યો છે. લક્ષ્મીને ખેંચવાની જરૂર નથી. એની મેળે આવવા દો. પુણ્ય એને ખેંચીને લાવશે.. તમે તમારી મહેનતે ખેંચવા જશો તો તમે જ તૂટી જશો. ન્યાય નીતિથી તમે તમારું કામ કરો.. તેથી લક્ષ્મી સામેથી જ આવશે.

### લખ્યા લેખ મિથ્યા ન થાય

એક રાજા હતો. તેને કોઈ સંતાન નહોતું. તેથી તે ચિંતાતુર રહેતો હતો. પ્રજા પણ ચિંતામાં હતી. કારણ કે રાજા અને પ્રજા વચ્ચે પિતા-પુત્ર જેવો સંબંધ હતો. રાજાઓ પ્રજાવત્સલ રહેતા. લીંબડીના રાજા ગામમાં કોઈ મૃત્યુ થયું હોય ને તો પોતે જાતે ત્યાં પાથરણે બેસવા જતા. તેને સાંત્વન આપતા. આવા પ્રજાવત્સલ રહેતા. આજે લોકો જ રાજાને ચૂંટીને બેસાડે તોય એજ રાજા લોકોને ખાડામાં નાંખે.. આ રાજાનો મંત્રી ખૂબ હોંશિયાર અને પરગજુ હતો. તેણે વિધાતા દેવીની સાધના કરી. સાધનાથી શું અશક્ય હોય! દેવી પ્રત્યક્ષ થયા. વરદાન માંગવા કહ્યું. મંત્રીએ હઠ લીધી. ત્યારે દેવીએ કહ્યું કે પુત્ર થશે પણ સુખી નહીં થાય. આટલું કહીને દેવી અદૃશ્ય થઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયા.સમય વીત્યો. રાણીએ પુત્રને જન્મ આપ્યો. રાજાના હર્ષનો કોઈ પાર નથી. પુત્રનો જન્મોત્સવ ઉજવે છે. હવે છઠ્ઠીના દિવસે વિધાતા લેખ લખવા આવે છે. મંત્રી કુંવરના પારણા પાસે જાગતો બેઠો છે. દેવીની આરાધના કરેલી છે તેથી મંત્રી દેવીને લેખ લખતાં જુએ છે. લેખ લખીને દેવી જેવાં પાછા ફરે છે ત્યાં મંત્રી તેમનો પાલવ પકડે છે. અને પૂછે છે કે લેખમાં શું લખ્યું તે મને જણાવો. દેવી કહે છે કે આ છોકરો ૨૦ વર્ષનો થશે ત્યારે રાજા-રાણી બન્ને મૃત્યુ પામશે. રાજ્ય દુશ્મનો પડાવી લેશે. અને પુત્રની પાસે ફકત એક ઘોડો, દોરડું અને કુહાડો આ ત્રણ ચીજ રહેશે.દેવી ચાલ્યાં ગયાં. આ ગુપ્ત રહસ્ય મંત્રી પોતાના જ મનમાં સંઘરીને રાખે છે. વખતને વીતતાં શી વાર ! સમય તો પાણીના રેલાની જેમ વહી રહ્યો છે. સુખના દિવસો જલ્દી પસાર થઈ જાય છે. જોત-જોતામાં ૨૦ વર્ષ પસાર થઈ ગયા. રાજા-રાણી બન્ને મૃત્યુ પામે છે. હવે દુશ્મનો ચડી આવે છે. રાજ્ય પડાવી લે છે. મંત્રી પણ રાજ્ય છોડીને સંન્યાસ સ્વીકારે છે...

**કર્મરાજાનો ફટકો**

આ બાજુ કુંવરના હાથમાં એક ઘોડો, દોરડું અને કુહાડો જ રહે છે. તે લઈને કુંવર ત્યાંથી ભાગી નીકળે છે. એક વખતનો રાજકુંવર આજે ભટકતો ભિખારી બની ગયો. કર્મરાજા કયારે કોને બેહાલ બનાવશે તે કહી શકાતું નથી. તેવા સમયે ધર્મ જ સાથ આપે છે. આ કુંવર ઘોડો લઈને રોજ જંગલમાં જાય છે અને લાકડા કાપીને તેનાથી પોતાનું ગુજરાન ચલાવે છે. મંત્રી ખૂબ ચાલાક હતો. તે કુંવરની પાસે પહોંચ્યો અને કુંવરને કહ્યું કે આજે સાંજે તું ઘોડો, દોરડું, અને કુહાડો ત્રણ વેચી નાખજે. કુંવર કહે કે પણ મારી આજીવીકાનું સાધન જ આ છે. એ વેચી નાખું તો હું કરું શું ? સંન્યાસી કહે કે તું ચિંતા ન કરીશ હું કહું તેમ કર. કુંવરે લાકડાની ભારી સાથે ઘોડો, દોરડું અને કુહાડો વેચી નાખ્યા. સારા પૈસા મળ્યા. તેમાંથી તેણે સારી ખાવા-પીવાની અને પહેરવાની ચીજો ખરીદી. રાતપૂરી થઈ અને સવાર થયું ત્યાં તો આંગણામાં ઘોડો, દોરડું અને કુહાડો આવીને પડયા છે. આશ્ચર્યસહિત એ ત્રણે વસ્તુ લઈને જંગલમાં જાય છે. સાંજે એ ત્રણે વેચી નાખે છે. સવારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ત્રણે ચીજ આંગણામાં હાજર થઈ જાય છે. કારણ કે તેના નસીબમાં એ ત્રણ વસ્તુ લખાયેલી જ હતી. તેથી તે વિધાતાને હાજર કરવી જ પડે. વિધાતા રોજ-રોજ ઘોડા ક્યાંથી લાવે! તેથી તે કંટાળે છે. પેલા મંત્રી-સંન્યાસીની પાસે જાય છે તે કહે છે તેં તો મને સંકટમાં મૂકી દીધી.હું રોજ રોજ ઘોડા ક્યાંથી લાવું ? મંત્રી કહે કે તો એને રાજ પાછું આપી દે નહીંતર રોજ ઘોડો લાવી આપ. વિધાતા એને રાજ્ય પાછું અપાવે છે.

કહેવાનું તાત્પર્ય છે કે આ તો એક વાર્તા છે.. પણ **નસીબમાં જે લખાયું છે તેને કોઈ મિથ્યા કરી શકવાને સમર્થ નથી.** કેટલાક લોકો ધૂળમાંથી પણ ધન પેદા કરે છે. બિલ્ડરો શું કરે છે ? ધૂળમાંથી જ કમાણી કરે છે ને ! કેટલાક નસીબમાં ન હોય તો ધનને પણ ધૂળ કરે છે. વારસામાં ગમે તેટલું ધન મળ્યું હોય પણ જો નસીબમાં ન હોય તો તે ચાલ્યું જાય છે. તમે તમારા પ્રારબ્ધ પર ભરોંસો રાખો. કાવા-દાવા કરીને લોકોને શા માટે લૂંટો છો ? તમારા ભાગ્યમાં લખેલું કયાંય જવાનું નથી. વિધાતાને ગમે ત્યાંથી આપવું જ પડશે.

**પોકળધર્મ**

જો માણસ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરે તો એને સમજાય કે આ શરીર ક્ષણભંગુર છે. નાશવંત છે. અત્યારે સમય બહુ ભયંકર છે. કઈ પળે કઈ સેકન્ડે માણસ ઉપડી જશે તે કહી શકાય તેમ નથી. પુણ્યનું ફળ બધાને જોઈએ છે. ગાડી, વાડી, બંગલા, વૈભવ જોઈએ છે પણ એ જેના દ્વારા મળે છે તે પુણ્યને માણસો ઈચ્છતા નથી. કહેવાય છે કે पुण्यस्य फलमिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवाः । જન્માષ્ટમી આવશે એટલે મંદિરોને લાઈટીંગથી શણગારશે. મોટા-મોટા વરઘોડા કાઢશે. પણ જીવનમાં ડોકિયું કરો તો **'જન્માષ્ટમીને જુગારાષ્ટમી'** બનાવી દીધી છે. ખરેખર ! ઉજવણી કરવી હોય તો બધા વ્યસનોને તે દિવસે તિલાંજલી આપી દો. પાન, બીડી, સિગરેટ, તમાકુ, દારૂ આ બધું બંધ કરી દો. ભગવાનની આજ્ઞાને માથે ચડાવો તો સાચી રીતે જન્મોત્સવ કર્યો કહેવાય. આ તો બૂમો પાડવી છે કે **'હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલ કી'** પણ જીવનમાં કયાંય કૃષ્ણે બતાવેલા રાહને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણ્યો જ ન હોય. આચર્યો જ ન હોય. આપણે ત્યાંય તમે બૂમો પાડો છો ને કે 'ગુરૂજી અમારો અંતર્નાદ, અમને આપો આશીર્વાદ' પણ આશીર્વાદ લેવા હોય તો સારાં કામ કરો. અમારી પાસે આવો. **નજીક તો આવવું નથી અને આશીર્વાદ લેવા છે. બજારની વચ્ચે મોટે-મોટેથી બૂમો પાડશે પણ કયારેય ગુરૂની નજીક આવીને પોતાના વ્યસનોને-અવગુણોને દૂર કરવાનો પ્રયાસ નહીં કરે.** ધર્મ કરવો નથી. વ્યસનો તજવા નથી અને **આશીર્વાદ માટે બરાડા પાડવા છે.** કેવો માયાવી દંભી આ સંસાર છે ! દીર્ઘદૃષ્ટિથી વિચાર કરો તો તમને ખ્યાલ આવે કે તમે ક્યાં ઉભા છો ?

## સ્થાન રાખવા ધર્મ

અમારી પાસે ઘણા લોકો આવતા હોય છે કે સાહેબ અમને આશીર્વાદ આપો. અમારી પાસે પૈસા થાય અને અમે સંઘ કાઢીએ. મેં કહ્યું કે ભાઈ! તારે સંઘ કાઢીને કામ શું છે ? શું કોઈએ જાત્રા નથી કરી ? જવાબ મળ્યો કે સાહેબ એવું નથી ! મિત્રમંડળમાંથી કોઈએ મૂર્તિ ભરાવી છે, કોઈએ સંઘ કાઢ્યો છે, તો કોઈએ પૂજન ભણાવ્યાં છે, જો હું કાંઈ ન કરાવું તો મારું સ્થાન નીચું પડી જાય ! મેં કહ્યું કે અરે ભાઈ ! મોભો સાચવવા ધર્મ કરવો છે કે પછી સદ્‌ગતિ મેળવવા ! આવા તો એક-બે નહીં પણ ઘણા લોકો આવો જ ધર્મ માનતા હોય છે. આશીર્વાદ તો તમારું કલ્યાણ થાય તેવા માંગવાના હોય તેને બદલે શું તમને પૈસો કમાવવાના આશીર્વાદ આપવા !

## પૈસાને જ માન આપતી દુનિયા - શેઠની કથા

એક શેઠ હતા. ગત જન્મોમાં કરેલા કોઈક સુકૃતનાં કારણે જ આ જન્મમાં અઢળક લક્ષ્મી મળી. જ્યાં ગોળ હોય ત્યાં માખીઓ આવે. એ કહેવત અનુસાર શેઠને લક્ષ્મી ખૂબ મળી હતી તેમ મિત્રો પણ ઘણા હતા. પણ પુણ્યનું વાદળું કયારે ખસી જાય તે કહી શકાતું નથી. પુણ્ય પરવારી ગયું. લક્ષ્મી ધીમે ધીમે ઘટવા લાગી. તેમ મિત્રો પણ ઘટવા લાગ્યા. છેલ્લે એવી પરિસ્થિતિ ઉભી થઈ કે અન્નને અને દાંતને વેર થયાં. ખાવાનાં સાંસા પડયા. જે મિત્રો સાથે ફરનાર, રહેનાર હતા તે બધા હવે મોં દેખાડવા પણ આવતાં નથી. કેવો સ્વાર્થી આ સંસાર છે ! શેઠને થયું કે સ્વદેશમાં તો હું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે કાંઈ કમાણી કરી શકીશ નહીં. માટે પરદેશ જાઉં. કમાણી કરવા પરદેશ ગયા. કેટલાંક કર્મો ક્ષેત્ર બદલાતાં પૂરાં થતાં હોય છે. પરદેશમાં શેઠનું પુણ્ય ખીલ્યું. સારી એવી લક્ષ્મી મેળવી. સ્વદેશ યાદ આવ્યો. અઢળક લક્ષ્મી સાથે સ્વદેશ પાછા ફરી રહ્યા છે. ગામના માણસોને ખબર પડી કે શેઠ ખૂબ કમાણી કરીને આવી રહ્યા છે. શેઠનું સામૈયું કરવું જોઈએ. મિત્રો બધા ભેગા મળ્યા. સામૈયું લઈને સામે ગયા. શેઠ એકદમ સિમ્પલ ડ્રેસમાં આવી રહ્યા છે. કોઈને કલ્પના પણ ના આવે કે આ માણસ અબજોની સંપત્તિવાળો છે. શેઠ આગળ ચાલે છે પાછળ ઘોડા પર ધનનો ખડકલો છે. એક-બે ઘોડા નહીં. પણ પાંચ-પચ્ચીસ ઘોડાના કાફલા સાથે આવી રહ્યા છે. સૌની મોખરે શેઠ છે છતાં લોકો ઘણા વર્ષ પછી અને સાદા ડ્રેસમાં રહેલા શેઠને ઓળખી શકતા નથી. તેમને શેઠનો નોકર સમજીને પૂછે છે કે શેઠ કયાં છે ? શેઠે કહ્યું કે પાછળ ઘોડા પર આવે છે. લોકો પાછળ ગયા, ઘોડા પર તો માલ-સામાન સિવાય કોઈ દેખાતું નથી. પાછા આગળ આવીને તેમને જ પૂછે છે કે પાછળ તો કોઈ નથી.શું તમે જ શેઠ છો કે ? શેઠ કહે છે કે હા, શેઠ તો હું પોતે જ છું પણ તમે જેનું સામૈયું કરવા આવ્યા છો તે ઘોડાની પીઠ પર છે. It is on the Horse back. લોકો શરમિંદા બની ગયા. શેઠ કહે છે કે હું તો એનો એ જ છું. પહેલાં જ્યારે મારી પાસે આ (ધન) હતું ત્યારે તમે મને પૂજતા હતા. અને આજે પણ આ આવ્યું એટલે પૂજતા આવ્યા. સંસારમાં આવું જ ચાલતું હોય છે. સ્વાર્થ હશે ત્યાં સુધી તમે ફૂલે પૂજાશો, અને સ્વાર્થ પૂરો થતાં એ જ લોકો તમને પથરા મારનારા હશે.માટે તો મહાપુરુષો કહે છે કે ભાઈ ! જરા વિચારી જો. દીર્ઘદૃષ્ટિથી વિચારો તો તમને સમજાશે કે આ ધન-દોલતની કોઈ જ કિંમત નથી.

**યુવાવસ્થામાં માણસ ધનને માટે આરોગ્ય ગુમાવે છે અને પછી વૃદ્ધાવસ્થામાં આરોગ્ય માટે ધન ગુમાવે છે, અંતમાં તેની પાસે એકે રહેતું નથી.**

*મોટા સમંદર શા કામનાં, તૃષા કોઈની ન ટળે,*
*એથી નાની નદીઓ ભલી, જ્યાં સર્વને શાંતિ મળે...*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દીર્ઘદૃષ્ટિ

પરમકૃપાળુ પરમાત્મા આપણને ધર્મનો મંગલમય માર્ગ બતાવવા જણાવી રહ્યા છે કે ધર્મનો સ્પર્શ જીવન સાથે હોવો જોઈએ. **એક સંઘ કાઢયો, નવ્વાણું કરાવ્યું, ચોમાસું કરાવ્યું. કોઈ જગ્યાએ ભગવાન બેસાડયા. એટલે ધર્મ થઈ ગયો એમ ન માનશો. ધર્મ તમારા એક-એક વ્યવહારમાં વણાયેલો હોવો જોઈએ.**

ઝાડના મૂળમાં પાણી રેડવાનું હોય છે, એની શાખા પર કે ફળ પર પાણી રેડવાનું નથી. મૂળમાં પાણી રેડો એટલે વૃક્ષ એની મેળે ફૂલશે અને ફાલશે. તેમ બધા જ સુખોનું મૂળ એવા ધર્મને કરો. સુખો આપમેળે આવશે. ધન મેળવવાની અનાદિકાળની જે સંજ્ઞા છે એને દૂર કરીને ધર્મ મેળવવાની લગની જગાવો. પૈસો જીવને માણસ બનાવી શકતો નથી... અર્થાત્ મનુષ્યજન્મ અપાવી શકતો નથી. ચક્રવર્તીને અબજોની સંપત્તિ હોય છે છતાં જો તે છોડે નહીં તો તે નરકમાં જાય છે, માટે સંપત્તિ મળે એટલે સદ્ગતિ મળી જાય એવું માનીને બેસી ન રહેશો. ધર્મને ગંભીરતાથી વિચારવો જોઈએ. *દીર્ઘદૃષ્ટિથી સમજવો જોઈએ. શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આવે છે.*

### *ડાંગરના દાણા પર કથા*

*એક શેઠ હતા. તેને ચાર દિકરા.. ચારે દિકરાને પરણાવ્યા. શેઠ હવે સંસારના વ્યવહારોમાંથી મુક્તિ ઈચ્છતા હતા.* દિકરા બધું સંભાળી શકે તેવા થાય એટલે તમે નિવૃત્ત થવા ઈચ્છો કે નહીં ? કેટલાક માણસો એવા હોય છે કે છેલ્લા શ્વાસ સુધી વ્યવહાર ને ધંધાને છોડે નહીં - છેવટે મૃત્યુ આવે એટલે બધું છૂટી જાય. સંસારની ઉપાધિમાંથી મુક્ત થાઓ તો તમને ધર્મ કરવાનો-વિચારવાનો સમય મળે. શેઠે વિચાર્યું કે ઘરનો આટલો મોટો કારભાર કોને સોંપવો ? વહુઓની પરીક્ષા કરવા તેણે એક મોટો સમારંભ યોજ્યો. બધા સગા-સ્વજનોને બોલાવ્યા. પછી બધાની વચમાં વારા ફરતી એક-એક વહુને બોલાવે છે. અને ચારે વહુને ડાંગરના પાંચ-પાંચ દાણા સાચવવા માટે આપે છે. અને કહ્યું કે હું માગું ત્યારે મને આપજો. મોટી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વહુને થયું કે આ ડોસાની સાઠે બુદ્ધિ નાઠી લાગે છે. આ પાંચ દાણાને શું કરવા છે ? સસરા માંગશે ત્યારે ઘરમાંથી બીજા પાંચ દાણા લાવીને આપી દઈશ. આને ક્યાં સાચવવા ? એમ વિચારી તેણે પાંચ દાણા ફેંકી દીધા. બીજા નંબરની વહુ તે દાણા ખાઈ ગઈ. ત્રીજા નંબરની વહુએ વિચાર્યું કે સસરાજીએ બધાની વચ્ચે આ દાણા આપ્યાં છે તેથી કાંઈ રહસ્ય હશે. તેણે સાચવીને તિજોરીમાં મૂકી દીધા. હવે ચોથા નંબરની વહુ બહુ હોંશિયાર હતી. તેણે વિચાર્યું કે મારા સસરાજી ઘણા બુદ્ધિશાળી છે. તેમણે કોઈ હેતુથી જ આ દાણા અમને આપ્યા હશે.તેણે તે દાણાને પોતાના પિયર મોકલાવી આપ્યા. અને ભાઈઓને કહ્યું કે આ પાંચ દાણાને તમે ખેતરમાં જુદા વાવજો. અને તેમાંથી જે પાક થાય તે દાણા બીજા વર્ષે. તેમાંથી જે મળે તે ત્રીજા વર્ષે. આમ એના એજ દાણાઓ વાવતા જજો.

## ચોથીની ચતુરાઈ

વખત વીત્યો. પાંચેક વર્ષનો ગાળો પસાર થઈ ગયો. સસરાજીએ ફરીને મોટો સમારંભ રાખ્યો. બધી વહુઓને પેલાં પાંચ દાણા લાવવા કહ્યું. મોટી વહુએ તો કોઠીમાંથી પાંચ દાણા લાવીને આપ્યા. સસરાએ કહ્યું કે આ દાણા મેં આપેલા નથી. મેં આપેલા દાણા ક્યાં ગયા ? મોટી વહુ સાચું બોલી ગઈ. તેણે કહ્યું કે પિતાજી ! એ તો મેં ફેંકી દીધા. ઠીક, બીજી વહુ પાસે માંગ્યા. બીજીએ કહ્યું કે હું તે દાણા ખાઈ ગઈ. સસરાજી કહ્યું કે ઠીક. ત્રીજીને કહ્યું. ત્રીજી એ તિજોરીમાંથી લાવીને આપ્યા. ચોથી વહુને સસરાએ કહ્યું કે દાણા લાવો. નાની વહુએ કહ્યું કે પિતાજી એ દાણાને લેવા માટે તો તમારે ગાડે-ગાડા મોકલવા પડશે. સસરાજીએ ગાડાં આપ્યા. ૫૦૦ ગાડાં ભરીને ચોખા લાવવામાં આવ્યા. દીર્ઘદૃષ્ટિ સસરાએ જોયું કે મોટી વહુએ દાણાને નાખી દીધા છે તેને નાખતાં જ આવડે છે. માટે તેને ઘરનો કચરો કાઢવા વગેરેનું કાર્ય સોંપ્યું. બીજી વહુ ખાઈ ગઈ. તેને ખાતાં જ આવડે એમ સમજીને સસરાએ તેને ભઠિયારો (રસોઈનું) સોંપ્યો. ત્રીજી વહુએ દાણાને સાચવી રાખ્યા હતા. તેથી તેને ઘરેણાં વગેરેને સાચવવાનું કામ સોંપ્યું. અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોથી વહુએ પોતાની બુદ્ધિથી દાણાને વધાર્યા તેથી તેને ઘરનો સંપૂર્ણ કારોબાર સોંપ્યો. દેખરેખ તેને રાખવાની. બધા તેની હકુમત નીચે. આ તો દૃષ્ટાંત છે તેનો ઉપનય ઘટાવે છે.

## પુણ્યના ચાર પ્રકારો

આપણે પુણ્યને ફેંકી દેવું છે, ખાઈ જવું છે, સાચવી રાખવું છે કે વધારવું છે. આજે મોટો વર્ગ પુણ્યને ફેંકી રહ્યો છે અર્થાત્ વેડફી રહ્યો છે. તમે મોજશોખમાં ધનને વેડફી નાખો છો ને ! ફરવા જાય ત્યાં પાંચ-પચ્ચીસ હજાર ખર્ચીને આવે. કોઈ ગરીબ કુટુંબને મદદ કરી હોત તો કેટલા માણસને રાહતનું કામ થાત. તો શું તમારે આમ પુણ્યને વેડફી નાખવાનું છે ? કેટલાક માણસો પુણ્યને ખાઈ જવાનું કામ કરે છે. ઉડાઉ માણસ જેમ આવે તેમ, જ્યાં-ત્યાં પૈસાની ફેંકાફેંકી જ કરતો હોય છે. કેટલાક માણસો પુણ્યને સાચવી રાખે. આવેલી લક્ષ્મીને થોડી ઘણી વાપરે... જ્યારે કેટલાક માણસો સારા કાર્યો દ્વારા-બીજાના ભલા દ્વારા- દાન-દયા પરોપકારથી પોતાના પુણ્યનો વધારો કરી રહ્યા છે. આ ચાર પ્રકારના માણસોમાં તમારો નંબર શેમાં આવે તે વિચારજો... સૌથી શ્રેષ્ઠ પુણ્યમાં વધારો કરનારા માણસો છે... !

## વિશેષજ્ઞ

### ધર્મના અર્થી માણસનો ૧૯મો ગુણ વિશેષજ્ઞ

ઉત્તમધર્મની પ્રાપ્તિ કયારે થાય ? જે માણસ વિશેષજ્ઞ એટલે કે તફાવતને જાણનારો હોય તે સાચા ધર્મને પારખી શકે છે. ગોળ અને ખોળના ભેદને જાણનારો જ ગોળને પ્રાપ્ત કરી શકે છે. તેમ ગુણો કયા અને દોષો કયા છે તેને સમજે તો ગુણોને આરાધી શકે. સંપત્તિ મળ્યા પછી પણ તે જો વિશેષજ્ઞ હોય તો જ સંપત્તિનો સદ્વ્યય કરી શકે નહીંતર ભોગ વિલાસ, અમન-ચમનમાં મળેલા જન્મને અને મળેલી સંપત્તિને ગુમાવી દે. ધર્મના આજે ઘણા ફાંટાંઓ છે, ઘણા પ્રકારના ગચ્છો છે, સંપ્રદાયો છે આ બધામાંથી વિશેષજ્ઞ માણસ જ સારાને ગ્રહણ કરી શકે છે. નહીંતર અન્યમાર્ગે દોરવાઈ જાય.

**આજે જગતનો મોટા ભાગનો વર્ગ જ્યાં ચમત્કાર ત્યાં નમસ્કાર કરનારો**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બની ગયો છે.** આ ગુણના અભાવે તે એટલો બધો અંધશ્રદ્ધાળુ બની ગયો છે કે તેને પથ્થરમાં ચમત્કાર દેખાય તો પથ્થર પાસે પણ પોતાના ભોગોને માંગવા બેસી જાય. કોઈ તેને બતાવનારો જોઈએ કે ભાઈ ! આની પાસે માંગ તને બધું મળશે.

## અંધશ્રદ્ધાળુ મૂર્ખની કથા

એક માણસ હતો. તેને સ્ત્રી ખોવાઈ ગઈ. તે રામના મંદિરે જઈને ભગવાન પાસે ખૂબ રડવા લાગ્યો. તેને રડતો જોઈને પૂજારીને દયા આવી. પૂજારીએ કહ્યું કે ભાઈ શું થયું છે આટલા બધા કેમ રડો છો ? મને કહો તો કાંઈક ઉકેલ મળશે. પહેલાં તો પેલા માણસે કહેવાની ના પાડી. કાંઈ નથી. ફરી પૂજારી એ કહ્યું કે ભાઈ ! આ રામની હું વર્ષોથી પૂજા કરુ છું તમે આજે જ કદાચ દર્શન કરવા આવ્યા છો એ એમ કાંઈ તમારી પ્રાર્થના નહીં સાંભળે. મને કહો મારી સાંભળશે. કારણ કે તમારા કરતાં મારી વધારે લાગવગ છે. મેં તેમને વધારે પૂજ્યા છે. પેલાને થયું કે સાચી વાત છે. હું તો કયારેક જ યાદ કરું છું. આ તો રોજ એને પૂજે છે. પેલા માણસે પૂજારીને કહ્યું કે ભાઈ મારી સ્ત્રી ખોવાઈ ગઈ છે તે જલ્દી મળી જાય તેના માટે હું ભગવાનને પ્રાર્થના કરવા આવ્યો છું. પૂજારીએ કહ્યું કે અલ્યા તું ભૂલ્યો ! જો તારે તારી સ્ત્રીને મેળવવી હોય તો હનુમાન પાસે જા... કારણ કે રામની સીતા ખોવાઈ ગઈ ત્યારે હનુમાને જ શોધી આપી હતી.. પેલા માણસને લાગ્યું કે સાચી વાત છે. તે ગયો હનુમાનના મંદિરે ત્યાં હનુમાનની મૂર્તિ પર બેસીને એક ઉંદર નાચતો હતો.તેને લાગ્યું કે હનુમાન કરતાં તો આ ઉંદર ચડિયાતો છે. ઉંદરને પકડીને પાંજરામાં પૂર્યો અને ઉંદરની પૂજા કરવા લાગ્યો. એક દિવસ બિલાડીને ઉંદર પકડતાં જોઈ. આને લાગ્યું કે ઉંદર કરતાં તો બિલાડી ચડિયાતી છે. બિલાડીને પૂજવા લાગ્યો. વળી એક દિવસ બિલાડીની પાછળ કૂતરાને દોડતો જોયો. તેથી બિલાડી કરતાં કૂતરો ચડિયાતો. કૂતરાને ઘરે લાવ્યા. તેને રોજ નવડાવે, ટીલાં ટપકાં કરે. તેની સ્ત્રી જે ઘેર આવી ગઈ તેણે જોયું. તેને લાગ્યું કે આમને કેમ સમજાવવા ! જેને જૂએ તે પૂજવા લાગે છે. તેને પાઠ ભણાવવા તેણે એક દિવસ તેના જોતાં જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૂતરાને ધોકો માર્યો. કૂતરો ચીસો પાડતો ભાગ્યો. આ ભાઈ સાહેબને લાગ્યું કે અરે કૂતરા કરતાં તો મારી સ્ત્રી જ મહાન છે. તેની જ મારે પૂજા કરવી જોઈએ. હવે બાયડીને પૂજવા લાગ્યો. સ્ત્રી ચિડાણી તેણે હાથ ઉગામ્યો. આ ભાઈસાહેબે ધોકો લીધો. ઠોકી દીધો. સ્ત્રી રડવા લાગી. ત્યારે આ માણસને લાગ્યું કે અરેરે ! બધા કરતાં તો હું જ મહાન છું કેવી મૂર્ખતા ! કેવી અંધશ્રદ્ધા !

આવા અનેક ચમત્કારોને બતાવતા અનેક ફાંટાઓ આજે વિદ્યમાન છે. બાવા-ભૂવા, સંન્યાસીઓ આજે અનેક ભોળા લોકોને છેતરી રહ્યા છે. આવા આ યુગમાં વિશેષજ્ઞ માણસ જ સાચા તત્ત્વને પામી શકે.

*બુઝાતી દીપકની જ્યોત...*

*અસ્તાચલે જઈ રહેલો સૂર્ય*

*નાભિમાંથી ઉઠતો શ્વાસ...*

*દૃષ્ટિનો ઉઘાડ હોય તો આપણને મોતનો અણસાર આપતા હોય તેવું લાગે છે, પણ આપણી પાસે આંખ જ નથી ત્યાં દૃષ્ટિના ઉઘાડની વાત શી કરવી ?*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આસો સુદ-૭

## શ્રી સિદ્ધચક્રના વ્યાખ્યાનો - પહેલું પદ

વર્ષમાં બે વાર નવપદની આરાધના કરવામાં આવે છે. જ્યાં જૂઓ ત્યાં દહેરાસરમાં સિદ્ધચક્રનું યંત્ર હોય જ. સિદ્ધચક્ર એક ચક્ર છે. તેમાં દરેક પદોનું મહત્ત્વ ખૂબ જ છે. જેમ ઘડિયાળમાં એક-એક સ્પેરપાર્ટનું મહત્ત્વ હોય છે. ઘડિયાળ આખી હોય પણ કાંટા જ ન હોય તો, કાંટા હોય પણ ચાવી જ ન હોય તો, સેલ વાળી ઘડિયાળમાં બધું જ છે પણ સેલ જ ન હોય તો. એક સ્ક્રૂ જો ન હોય તો ઘડિયાળ ન ચાલે તેમ - એક પદ ન હોય તો તેનું સામર્થ્ય તૂટી જાય છે. નવપદમાં શાસન છે અને શાસનમાં નવપદ છે. તેના ત્રણ વિભાગ છે. દેવ, ગુરુ અને ધર્મ. પહેલાં બે પદોમાં દેવ છે બીજા ત્રણ પદોમાં ગુરુ છે અને છેલ્લા ચાર પદોમાં ધર્મ છે. નવપદમાં પાંચ ગુણી છે અને ચાર ગુણ છે. એ ચાર ગુણના બળથી જ અરિહંત, સિદ્ધ વગેરે થાય છે. દેવે શાસનની સ્થાપના કરી અને ગુરુઓએ તેને ચલાવ્યું.

### અરિહંત પ્રથમ કેમ ?

નવપદમાં પહેલાં અરિહંતપદ શા માટે ? અરિહંત પરમાત્માને તો ચાર કર્મોનો જ ક્ષય થયો છે જ્યારે સિદ્ધ પરમાત્માને તો આઠે કર્મોનો ક્ષય થઈ ગયો છે છતાં પહેલાં અરિહંત અને પછી સિદ્ધ. આમ કેમ ? એટલા માટે કે આપણા સૌથી નજીકના ઉપકારી તે છે. આપણને માર્ગ બતાવનાર, અરે ! જગતમાં સિદ્ધપદ છે એમ કહેનાર કોણ છે ? અરિહંત સિવાય આ બધું કોણ સમજાવે ? આમ તો માણસ ધર્મથી જ તરે છે ને ! છતાં આપણે દેવ-ગુરુ અને ધર્મમાં દેવને વધારે ઉપકારી માનીએ છીએ. કારણ કે જેમ કોઈ શેઠે સંકટમાં આવી પડેલી કોઈ વ્યક્તિને ૧૦૦ રૂપિયા આપ્યા. તેનાથી તેનો કટોકટીનો સમય નીકળી ગયો. હવે એ વખતે એ શું બોલશે કે શેઠે મને બચાવી લીધો. એના ઉપકારને એ ન ભૂલે. ખરેખર તો રૂપિયાએ જ એને બચાવ્યો હતો ને ! પણ શેઠ ન હોત તો રૂપિયા મળત ક્યાંથી ? તેમ જગતમાં ધર્મથી આ ભવસમુદ્રને તરી શકાય છે તે સાચી વાત પણ ધર્મને બતાવનાર કોણ ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરિહંત પરમાત્મા જ ને ! જો એ ન મળ્યા હોત તો આપણા હાથમાં ધર્મ આવત જ નહીં. ધર્મ તો મિયાંભાઈ પણ કરે છે પણ કેવો ? ડૂબાડનારો જ ને ! માટે માણસ જો શાંતચિત્તે વિચાર કરે ને તો એને અરિહંત પરમાત્મા તરફ બહુમાન જાગ્યા વગર રહેજ નહીં. ગુરુ પણ અરિહંતે ધર્મ સ્થાપ્યો પછી જ એમાં જોડાયા ને ! ગૌતમ સ્વામી ભલે શાસનને ચલાવનારા કહેવાય છતાં પણ જો ભગવાન મહાવીર ન મળ્યા હોત તો હોમ-હવન જ કરતા હોત ને! આવા ગુરુની ભેટ આપનાર કોણ? અરિહંત જ ને ! સંતો કઈ મસ્તીમાં ડૂબેલા હોય છે ? પ્રભુ મળ્યા તે મસ્તીમાં જ ને ! જન્માંતરમાં જઈશું તો આ બધામાંથી એક ચીજ પણ સાથે આવવાની ખરી ! સાથે આવનાર તો ભગવાનનું સ્મરણ જ ને ! આમ મહાનમાં મહાન ઉપકારી કેન્દ્રસ્થાને રહેલા અરિહંત પરમાત્મા છે. માટે સાચો કૃતજ્ઞ માણસ રાત-દિવસ અરિહંતને ભૂલે નહીં. જ્યાં-જ્યાં સારું છે એ બધું બતાવનાર અરિહંત છે, એને ભૂલાય કેમ ! જ્યારે જીવનમાં અરિહંતનું આગવું સ્થાન આવે છે. પછી એને દહેરાસરમાં ઘર નહીં, પણ ઘરમાં દહેરાસર આવી જાય છે.

ઉત્સર્પિણીકાલના છ આરા અને અવસર્પિણી કાલના છ આરા.. એમ બાર આરાનું કાળ ચક્ર વણથંભ્યું ચાલ્યા કરે છે. ઉત્સર્પિણી કાલનો પહેલો, બીજો અને ત્રીજો આરો અવસર્પિણી કાલના ચોથા, પાંચમા અને છઠ્ઠા આરા જેવા હોય છે. પહેલાં આરામાં સુખ જ સુખ હોય છે. ધરતીની માટીમાં સાકર કરતાં પણ વધારે મીઠાશ હોય છે. તે આરામાં રહેલા જીવો કાળ કરીને નિયમાત્ સ્વર્ગે જ જતા હોય છે. તેઓ અત્યંત સરળ હોય છે. ઉત્સર્પિણી કાલના પહેલા આરાના ચાર કોડાકોડી સાગરોપમ વર્ષ, બીજા આરાના ત્રણ કોડાકોડી સાગરોપમ તથા ત્રીજા આરાના બે કોડાકોડી સાગરોપમ વર્ષ અને આજ રીતે અવસર્પિણી કાળના ચોથા, પાંચમા અને છઠ્ઠા આરાના નવ કોડાકોડી સાગરોપમ વર્ષ કુલ અઢાર કોડાકોડી સાગરોપમની સ્થિતિમાં ધર્મ હોતો જ નથી. ત્રીજા આરાનો મોટો ભાગ વ્યતીત થયા પછી અરિહંત પરમાત્માનો જન્મ થાય છે અને ધર્મની સ્થાપના કરે છે. અરિહંત ભગવાન સૂર્ય સમાન છે. એ સૂર્ય અઢાર કોડાકોડી સાગરોપમના અંધારાને ઉલેચે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધચક્રમાં કેન્દ્ર સ્થાને અરિહંત પરમાત્મા છે અને અરિહંત પરમાત્માના કેન્દ્રસ્થાને જગતના કલ્યાણની ઉચ્ચકોટીની ભાવના છે. તે ભાવનાથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. આ નામકર્મના પ્રભાવથી ભગવાનમાં એવી શક્તિ આવે છે કે તેનાથી તે તીર્થની સ્થાપના કરે છે. સ્થાપના કરવી એ ઘણું મોટું તથા અઘરું કામ છે. રસ્તો પડયા પછી એ રસ્તે ચાલનારા હજારો માણસો હશે. પણ રસ્તો પાડવો એ કઠિન છે. તીર્થની સ્થાપના પછી હજારો લાખો લોકો તરે. આજે આપણે એક સંસ્થાની સ્થાપના કરવી હોય તો સો વિચારો આવે છે. આજે હજારો માણસો ઘર છોડે છે, મોજશોખ છોડે છે, કોના નામે? ભગવાન મહાવીરના નામે જ ને ! અરે ! ભગવાન મહાવીરનો જન્મ થયો એટલું સાંભળવા માટે કરોડો રૂપિયા ખર્ચાય છે. કેવું અજબ વ્યક્તિત્વ હશે કે એક વ્યક્તિના નામે હજારો લોકો તરી ગયા. કેવું અજબનું પુણ્ય ! માસક્ષમણના પારણે માસક્ષમણ. તેમાં એક જ ચિંતન કે બસ બધા જીવોને હું કેમ સુખી કરું ? દુઃખમાંથી જીવો કેમ મુક્તિ પામે ! શાસનપ્રેમી બને ! બધાનું કલ્યાણ કેમ થાય ? આ એક જ વિચારણા. ભગવાનના રોમે-રોમમાં કલ્યાણની ભાવના પડેલી છે. આ ભાવનામાંથી જ આવું અજબ કોટીનું પુણ્ય ઉપાર્જન થાય છે. આપણા રોમેરોમમાં સ્વાર્થની ભાવના ભરેલી છે. ભગવાનના રોમે રોમમાં પરાર્થ ભરેલો પડેલો છે માટે તો ભગવાન પરાર્થવ્યસની કહેવાયા.

## વિચારધારાનું પુણ્ય

આપણી વિચારધારા કેટલી નબળી છે. એક સંઘ કાઢે તો ય ચાંદીની ફ્રેમવાળા માનપત્રની ઝંખના કરે ! કેટલી તુચ્છતા. એના બદલે એમ વિચારે કે આ માનપત્રને હું લાયક છું ખરો ? મારા પર કૃપા કરીને આ સંઘમાં જોડાઈને માણસોએ મારી લક્ષ્મીને સાર્થક કરવાની મને તક આપી છે. આવી ઉચ્ચવિચારધારા હોવી જોઈએ. ધનસાર્થવાહના ભવમાં ભગવાન આદિનાથ સાર્થ લઈને જાય છે. મનમાં એક જ વિચારણા છે કે હું એકલો જ સુખી થાઉં એ ન ચાલે, મારા ગામના બધા માણસો સુખી થવા જોઈએ. માટે તો સાર્થ લઈ જતાં પહેલાં ઘોષણા કરાવે છે કે જેને આવવું હોય તે ચાલો, સગવડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધી મારા તરફથી... ઘણા લોકો જોડાય છે. સાથે આચાર્ય મહારાજ પણ છે. એક સમયે રાત્રીના **ધનસાર્થવાહ** જાગી જાય છે ત્યાં તેમના કાને વાર્તાલાપનો અવાજ અથડાય છે. બે ચોકીદારો પરસ્પર વાતો કરતાં હોય છે કે આપણા શેઠ કેવા ઉદાર છે ! કેવા દયાળુ છે ! કેવા પરોપકારી છે! ચોકીદારોએ કરેલી પોતાના પ્રશંસા સાંભળીને મનમાં ફૂલાતા નથી. પણ વિચારે છે કે આ પ્રશંસાને હું લાયક છું ખરો ! ત્યાં વિચારતા આચાર્ય મહારાજ યાદ આવે છે... અરે ! આ મહારાજ સાહેબને તો હું ભૂલી ગયો. એમણે એમની વ્યવસ્થા કેવી રીતે કરી હશે... ! પોતાની ભૂલનો ખૂબ પશ્ચાત્તાપ થાય છે. પશ્ચાત્તાપનો અગ્નિ એટલો બધો પ્રજવલિત બને છે કે પ્હો ફાટતાં જ સાધુ મહારાજના પાલ તરફ દોડે છે, પગમાં પડીને માફી માંગે છે... વહોરવા માટેનું આમંત્રણ આપે છે. તેમના ભાવોલ્લાસ જોઈને મુનિ ભગવંત વહોરવા પધારે છે. સવારના પહોરમાં તૈયાર તો કંઈ હતું નહીં. શું વહોરાવવું ? ઘીના કુડલા જુએ છે. આખું કુડલું ઉપાડે છે અને પાત્રામાં ઠાલવી દે છે. શાસ્ત્રકારો કહે છે કે એ સમયે એવી ઉચ્ચભાવધારા ચાલી રહી છે કે ત્યાં જ બોધિબીજની પ્રાપ્તિ કરે છે. બીજો કોઈ ધર્મ જાણતા નહોતા કે કર્યો પણ નહોતો. બસ ભાવમાંથી જ તીર્થંકર નામકર્મ બાંધ્યું. આજ સુધી આપણે સ્વાર્થી જ વિચારધારા વહાવી છે. સગો ભાઈ પણ પૈસાદાર થાય તો આપણને ન પોસાય. આપણે દુકાને બેઠા હોય તો કેમ બીજાને લુટું ? આવી હલકી વિચારધારા ચાલતી હોય. વિચારધારાનું પુણ્ય, ભગવાન આદિનાથનું જીવન-ભગવાન મહાવીરનું જીવન જુઓ તો ખ્યાલ આવે.

બીજાનું સારું ન કરી શકો તો કાંઈ નહીં, પણ બીજાનું બુરું કરવાનું નહીં એવો તો નિયમ લો. બીજાનું ખરાબ કરવાનો વિચાર આવ્યો કે તરત જ મનને ઠપકો આપો. આવો વિંચાર મને આવ્યો ? આ તો અશ્પૃશ્ય વિચાર છે. ચંડાળ છે. આપણે ચંડાળથી કેવા દૂર ભાગીએ છીએ. એમ ખરાબ વિચારથી દૂર ભાગવાનું છે. અમારા ગુરૂદેવ બાપજી મહારાજને ગુસ્સામાં પણ શબ્દો ભલાનાજ નીકળતા. તે કયારેક કોઈ શિષ્યો પર ગુસ્સો કરે તો પણ શું કહે કે 'તારા ભલા થાય..' રોમે રોમમાં બીજાના ભલાની ભાવના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડેલી હોય ત્યારે આવા ઉદ્‌ગાર નીકળે. આખી દુનિયાના લોકોને મદદ ન કરી શકો તો કાંઈ નહીં, પણ તમારી દુકાને લેવા આવનાર ગ્રાહકને આડું-અવળું સમજાવીને છેતરવો નહીં. આ તો શકય છે ને ? શું છેતરવાથી જ તમે પૈસાદાર થવાના છો ? ના, આ તમારી ભ્રમણા છે. લક્ષ્મી તો પુણ્યને આધીન છે. આટલું તો કરો કે બીજાનું ખરાબ થાય તેવું મારે વિચારવું નથી, કરવું નથી અને બોલવું નથી.

ધર્મ એટલે માત્ર ક્રિયાકાંડ નથી. ખોળિયું હોય પણ અંદર પ્રાણ ન હોય તો... સારું વિચારી શકતા નથી, સારું બોલી શકતા નથી કે નથી સારું કરી શકતા... હું શા માટે ઘસાઉં ? ચંદન ઘસાય છે બદલામાં શીતળતા અને સુગંધી આપે છે માટે ભગવાનના મસ્તકે ચડે છે. તીર્થંકરો ઘસાય છે માટે મહાનપદે પહોંચ્યા છે. તેમણે શાસનની સ્થાપના શું પોતાના માટે કરી છે ? આપણે બીજાને ઘસવા માટે તૈયાર છીએ પણ આપણને ઘસાવું પાલવતું નથી. ભલું કરવાના વિચારોમાં સુગંધી છે અને બીજાનું ખરાબ કરવાના વિચરોમાં દુર્ગંધી છે.

જેના પાંચ કલ્યાણકના દિવસે નરકમાં પણ અજવાળાં પથરાય છે. જગતના કલ્યાણની ભાવનાથી ભરેલો એક પિંડ આ પૃથ્વી પર અવતરી રહ્યો છે ત્યારે જ્યાં સદાકાળને માટે અંધકાર જ અંધકાર છવાયેલો છે. સતત દુઃખ જ દુઃખ છે ત્યાં પણ ક્ષણભરને માટે શાંતિ પથરાય છે. કેવું અજબ પુણ્ય !

## સંસાર એક સમુદ્ર છે

ભગવાન તીર્થંકર છે. **તીર્થ એટલે આરો...** તળાવમાં, નદીઓમાં, સરોવરમાં બધે જ આરા હોય છે. આરા વિના આપણે ગમે તે બાજુએથી તળાવ વગેરેમાં ઉતરવા જઈએ તો ડૂબી જ જઈએ. તેમ સંસાર રૂપી સમુદ્રને તરવા માટેનો તીર્થ એ આરો છે. तीर्यंतेऽनेन इति तीर्थम् । તારે તે તીર્થ. સંસારને સમુદ્રની ઉપમા શા માટે આપવામાં આવી છે ? સમુદ્રમાં તો પાણી હોય. સંસાર પણ જન્મ-જરા-મૃત્યુ રૂપી પાણીથી ચિક્કાર ભરેલો છે. આ પાણી પણ સમુદ્રની જેમ ઘણું ઉંડુ છે. એમાંથી પાર ઉતરવું સહેલું નથી. કારણ કે આપણી પાસે સાચું દર્શન જ નથી. આપણને અવળી જ બુદ્ધિ મળી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાપુરુષો જેને છોડવાનું કહે છે તેને આપણે મજબૂત રીતે પકડી રાખીએ છીએ. જ્યાં સુધી આપણને આ બધું મિથ્યા છે એવું ભાન નહીં થાય ત્યાં સુધી આપણે આ સંસારમાંથી બહાર નીકળી શકવાના નથી. કદાચ સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય તો પણ આપણે એને સ્વીકારી શકતા નથી. શ્રાવકે નવકારશી ચઉવિહાર કરવા જોઈએ. આપણે આ જાણીએ છીએ છતાં તમને કહેવામાંઆવે કે ભાઈ આટલો નિયમ લો. આખો દિવસ ખાવાની છૂટ પણ સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી ત્યાગ, છતાં તૈયાર થાય છે ખરા ! આ વિરતીનું બંધન આપણને ગમતું નથી. અવિરતીમાં જ આપણને રસ છે. ઘણા લોકો કહે કે સાહેબ અમે કરીશું પણ નિયમ નહીં લઈએ. હરાયા ઢોરની માફક ફર્યા કરીએ છીએ. અરે ! તમારા ભલા માટે તમને કહીએ કે ભાઈ! મસાલા ન ખાઓ. છતાં સ્વીકારો છો ખરા ? **'નાથ વિનાનો બળદ અને નિયમ વિનાનો મરદ'** બન્ને નકામા છે. નાથ વિનાનો બળદ હોય તે આખલા જેવો થઈને જ ફરે ને ! પ્રતિક્રમણની શરૂઆતમાં ફલાણાને આવવા દો એમ કરતાં વાટ જૂએ ને પારતી વખતે કાઉસગ્ગમાં કોઈને થોડી વાર લાગેને તો ઝટપટ પારીને ઉભો થઈ જાય. જાણે છૂટયા જેલમાંથી, છૂટયા જેવો હાશકારો થાય છે. કારણ કે આપણને અવિરતી બહુ ગમે છે. લેતી વખતે વાટ જોશે પણ પારતી વખતે તો તે એવો અકળાઈ ગયો હશે કે પારીને ઝટપટ ઘર ભેગો... જ્યારે સાચી સમજણ આવશે ત્યારે તેને સંસાર છોડતાં એમ થશે કે હાશ છૂટયો. આપણને સામાન્ય નિયમ પણ લેવો ગમતો નથી. જુઠું ન બોલાય, હિંસા ન કરાય, ચોરી ન કરાય, વિશ્વાસઘાત ન કરાય, છેતરી ન શકાય. આ બધું તો જીવનમાં સ્વાભાવિક જ વણાયેલું હોવું જોઈએ. એના બદલે ઉલટું છે. મિથ્યાદૃષ્ટિના કારણે તથા અવિરતીના કારણે આપણા માટે સંસાર તરવો ખૂબ જ મુશ્કેલ બની ગયો છે. મિથ્યાનું આવરણ એટલું બધું ગાઢ છે કે આપણને આપણામાં રહેલો ક્રોધ અને માનની ભૂખ આપણને દેખાતાં નથી. **નામ અને માનની પાછળ આ દુનિયા પાગલ બની છે.** સમુદ્રમાં ચાર પાતાળ કળશો હોય છે. જેમાં વાયુ ભરાવાથી સમુદ્રમાં એકદમ ભરતી આવે છે. તેમ આ સંસારરૂપી સમુદ્રમાં ક્રોધ-માન-માયા-લોભ રૂપી ચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાતાળ કળશા છે. તેમાંથી જ્યારે ક્રોધ વગેરે બહાર ઉછળતા હોય ત્યારે ભલભલા તપસ્વીઓ ને ત્યાગીઓ પણ ફેંકાઈ જતા હોય છે. ગીતામાં પણ **કૃષ્ણ ભગવાને કહ્યું છે - त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः । कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत् त्रयं त्यजेत् ॥** નરકના ત્રણ દરવાજા છે- કામ, ક્રોધ અને લોભ...આજે મોટા ભાગના અનર્થો આ ત્રણના કારણે જ સર્જાય છે.

**કામ તારા પાપે....!**

હમણાં થોડા દિવસ પહેલાં જ છાપામાં એક કિસ્સો આવેલો. ત્રણ જિગરજાન મિત્રો હતા. એક-બીજાને મળ્યા વગર ચાલે જ નહીં. એમ કહી શકાય કે જીવ એક ને ખોળિયાં જુદા. આવી મિત્રાચારી હતી. એકવાર એક દોસ્તની બહેન સાથે બીજા દોસ્તની આંખો મળી ગઈ. ધીમે-ધીમે બન્ને વચ્ચે પ્રેમ ગાઢ બનતો ગયો. વળી બીજા દોસ્ત સાથે પણ તેને લગાવ જામ્યો. સ્ત્રી એક અને તેને લેનાર બે જણા બની ગયા. એક દિવસ વાત-વાતમાં એક દોસ્તે કહ્યું કે મને તારી બેન સાથે પ્રેમ થયો છે. તું ગોઠવણ કરી આપ અમારા લગ્નની. ત્યાં બીજો બોલ્યો કે એની બેનની સાથે તો મારે પ્રેમ છે મારે તેને પરણવું છે. બન્ને વચ્ચે વિવાદ ચાલ્યો. છેવટે વિવાદનો અંત ખૂનથી આવ્યો. એક દોસ્તે બીજા દોસ્તને અમૂક જગ્યાએ મળવા બોલાવ્યો. દોસ્તીના નાતે ભોળાભાવે તે મળવા ગયો. ત્યાં જ તીક્ષ્ણ હથિયારોથી તેનું ખૂન કરી નાંખ્યું. કોના લીધે ? કામ-વાસનાના લીધે જ ને ! કેવા સબંધો સ્વાર્થિ અને ક્ષણિક છે. પૃથ્વીરાજ ચૌહાણ સંયુક્તા નામની સ્ત્રીના મોહમાં ડૂબી જવાથી આખા ભારતને હારી ગયો.

સમુદ્રમાં મોટાં-મોટાં આવર્ત્તો હોય છે. જો એની અંદર કોઈ વહાણ આવી જાય તો તે ડૂબી જ જાય. તેમ આ સંસારરૂપી સમુદ્રમાં પણ મોહના મોટા મોટા આવર્ત્તો છે. મોહના ચક્કરમાં જે ફસાયો તે ગયો. બ્રિટીશ સામ્રાજ્યનો રાજા કોઈ વિધવાના ચક્કરમાં ફસાઈ ગયો. બ્રિટીશ લોકોએ કહ્યું કે કાં તો સત્તા છોડો અને કાં તો વિધવાને છોડો. મોહના આવર્ત્તમાં એવો તો ફસાઈ ગયેલો કે બ્રિટીશ રાજ્યને છોડી દીધું. સત્તા પરથી નીચે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉતરી ગયો. બ્રિટીશ રાજ્ય એટલું પથરાયેલું હતું કે એ રાજ્યમાં સૂર્ય કયારે આથમતો નહીં એમ કહેવાતું. આવા સમર્થ રાજ્યનો ધણી હોવા છતાં વિધવાના મોહમાં ફસાઈ ગયો. આમ સંસારને સમુદ્રની સાથે સરખાવવામાં આવ્યો છે. સમુદ્રમાંથી પાર ઉતરવું હોય તો આરો જોઈશે. સંસારના સમુદ્રમાંથી પાર ઉતરવા માટે અરિહંત પરમાત્મા તીર્થની સ્થાપના કરે છે. માટે તેઓ તીર્થંકર કહેવાય છે.

તીર્થસ્થાનનું મહત્ત્વ શા માટે ? કારણ કે તીર્થસ્થાનોમાં સારા વિચારો જ મોટા ભાગે ભરેલા હોય છે. દહેરાસરમાં જેટલો સમય બેઠા હોઈએ તેટલો સમય તો ખરાબ વિચારોથી બચીએ. દાદાના દર્શન કરવા જઈએ ત્યારે મોટાભાગે શુભ વિચારો જ આવે. કારણ કે વાતાવરણની અસર છે. કોઈ વેશ્યાના સ્થાન પાસેથી પસાર થઈએ તો ત્યાં ખરાબ પરમાણુથી વ્યાપ્ત હોવાના કારણે આપણા શુભ વિચારો પણ અશુભ બની જાય છે. સ્વામી વિવેકાનંદ માટે કહેવાતું કે રસ્તામાં ચાલતાં સિનેમાગૃહ વચમાં આવે તો પોતે તે સાઈડ છોડીને સામેની સાઈડે જતા રહે. સિનેમાગૃહ પુરું થાય પછી આ સાઈડે આવતા રહે.

**માતૃભક્ત શ્રવણ**

માતૃભક્ત શ્રવણના જીવનમાં પણ વિચારોથી એક પ્રસંગ બનેલો. શ્રવણ માતા-પિતાને કાવડમાં બેસાડીને તીર્થસ્થાનોમાં ફેરવી રહ્યો છે. મહારાષ્ટ્રમાં ગયો છે ત્યાં કાવેરી તીર્થસ્થાન છે. લોકોને પૂછે છે કે કાવેરી ક્યાં આગળ છે ? કાવડમાં માત-પિતાને બેસાડીને જઈ રહેલા શ્રવણને લોકો કહે છે કે કાવેરી-કાવેરી શું કરો છો ? તમે પોતે જ કાવેરી રૂપ છો. તીર્થથી તમે નહીં પણ તમારાથી તીર્થ પવિત્ર થશે. તમારી માતા-પિતા તરફની અજોડ ભક્તિ જ તીર્થસ્વરૂપ છે. આજે તો જો કે આ બધું લુપ્ત થઈ રહ્યું છે. આપણા દેશમાં તો કંઈકે જળવાઈ રહ્યું છે, પણ અમેરીકા વગેરે દેશોમાં તો ૧૬ વર્ષની ઉંમર થતાં જ પુત્ર માતા-પિતાને છોડી દે, પછી કોઈ જ લેવા-દેવા નહીં.

મા-બાપની ભક્તિ એ પુણ્યબંધનું કારણ છે. શ્રવણ પાણિપતના યુદ્ધના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેદાનમાંથી પસાર થાય છે. અનેક યુદ્ધો અનેક સંહારો ત્યાં થયેલા છે. ચારેબાજુ માર-ફાડના વિચારોના જ પુદ્ગલો ભરેલા પડ્યા છે. ત્યાંથી પસાર થતાં માતૃભકત શ્રવણના વિચારો એકદમ પલટાયા. તેને થયું કે આવો ભાર જીંદગી સુધી શું મારે વેઠવાનો ? આમ તો હું મરી જઈશ. આ મા-બાપ હવે કયારે મરી જાય અને હું છુટો થાઉં. જુઓ વિચારોની કેવી અસર થઈ? પછી એ મેદાન પાર કર્યું ત્યાં પાછા વિચારો પલટાયા. અરે ! આ શું વિચાર્યું? મા-બાપનો મારા પર કેવો ઉપકાર છે. આખા વિશ્વમાં વિચારના પરમાણુઓ ફેલાયેલા છે. ઘણા લોકોના વિચારો ખૂબ ઉજ્જવળ હોય છે તો તેના મુખ પર તેજસ્વીતા પથરાયેલી દેખાય છે. જ્યારે ઘણાના વિચારો કાળા હોય છે તેથી તેના મોં પર જાણે કાળી શાહી ચોપડી હોય તેમ કાળાશ પથરાઈ જાય છે. વિચારમાં જબરજસ્ત શક્તિ છે. આરોગ્યના વિચાર કરશો તો આરોગ્ય સુધરી જશે. અને જો તમે માંદગીના વિચાર કરશો તો સાજા હશો તો પણ માંદા લાગશો.

*સંપે સંપત સાંપડે, સંપે પામે સુખ*
*સંપ વિનાના માનવી, પળ પળ પામે દુઃખ.*

●

*દહેરાસરમાં જાઓ ત્યારે - જિનભક્તિ.*
*સંસારના વ્યવહારમાં રહો ત્યારે - જીવમૈત્રી.*
*એકાંતમાં રહો ત્યારે - આત્મમૈત્રી*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## માણસાઈ મોટો ધર્મ છે

નવપદમાં મુખ્યસ્થાને અરિહંત છે. માણસ મહાન નથી, પણ માણસની ભાવના મહાન છે.એક-એક તીર્થંકર પરમાત્માઓના જીવન જોશો તો તેમની ભાવનાનો તમને ખ્યાલ આવશે. નેમિનાથ ભગવાન પૂર્વ જન્મમાં પતિ-પત્ની જંગલમાં જઈ રહ્યા છે ત્યાં જંગલમાં કોઈ ગુફામાં મહાત્મા કાઉસગ્ગ ધ્યાને રહેલા છે. મહાત્મા એકદમ પડી ગયા.. પડવાનો અવાજ બન્ને જણાએ સાંભળ્યો. બન્ને અવાજ સાંભળીને ગુફામાં દોડી ગયા. મહાત્માને બેઠા કર્યા. તેમની સેવા-શુશ્રૂષા કરી. બસ આટલા નાનકડા પ્રસંગમાંથી તેમણે બોધિબીજની પ્રાપ્તિ કરી લીધી. બીજાને કેમ મદદરૂપ થવું એ જ તેમના લોહીના અણુએ અણુમાં વણાયેલું હોય છે. આપણે તો માણસ છેલ્લા શ્વાસ લેતો હોય ને તો ય ઉભા ન રહીએ... આજે જોઈએ છીએ ને કે તમે કોઈ બસમાં બેઠેલા છો. રસ્તામાં કોઈ એક્સીડન્ટ થયેલો છે. કેટલાક માણસો મરી પણ ગયા છે. તમારી બસને ત્યાં થોડીવાર રોકાઈ જવું પડે. તમારે સામે પહોંચવાની ઉતાવળ છે. તમે શું વિચારો ત્યારે..? પેલા માણસો મરી ગયા તેની જરાયે અરેરાટી તમારા દિલમાં થાય ખરી... ના, તમને તો તમારા કામનું મોડું થયું તેની જ ચિંતા હોય છે. જ્યારે આવા મહાપુરુષોની રગે રગમાં બીજાના દુઃખને દૂર કરવું આજ વણાયેલું હોય છે. નવમાં ભવમાં નેમનાથ-રાજુલ બન્યા. સારા કામમાં આપેલો સાથ માણસને કેવો સહકાર આપે છે. સંસારના બધા જ સંબંધો ક્ષણિક છે.એક જન્મના સંબંધો પણ મરીએ ત્યાં સુધી રહેતા નથી. તો જન્મો-જન્મના સંબંધો કેવી રીતે ટકે ? પતિ-પત્ની, માતા-પુત્ર, પિતા-પુત્ર આ સંબંધો પણ જન્મના અંત સુધી ઘણીવાર રહેતા નથી. એક ભાઈ મારી પાસે આવેલા.. દાદાની પૂનમો ભરે.. લાખો રૂપિયા ધર્મમાં ખર્ચે પણ ખરા. પણ વર્ષોથી પતિ-પત્ની વચ્ચે અબોલા છે. બન્ને સાથે રહે છે પણ બોલતા નથી. જીવનમાં જરાયે ઉમંગ નહીં... કેવી આંટી-ઘુંટી જીવનમાં વણાઈ ગઈ હશે ? આને ધર્મ સ્પર્શ્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ કહેવાય ? બે દિકરાને મિલકત વહેંચી આપી. એમાં કોઈને કોઈ દાગીનો ઓછો-વત્તો આપ્યો. અરે ! એક ગોદડું ઓછું આપ્યું. તો તરત જ મા-બાપ પર અણગમો. મા-બાપ નકામા ! અરે ! ભાઈ તને પોરામાંથી હાથી બનાવ્યો કોણે ? માએ તને બોલતાં શીખવ્યો, ખાતાં-પીતાં શીખવ્યો, તારા મળ મૂત્રને સાફ કર્યા. એ ઉપકારને તું ભૂલી ગયો ? એક ચીજ તને ઓછી મળી એટલે મા-બાપ નકામા બની ગયા. એના ઉપકારની સરખામણી તો કર.. આપણા સંબંધોમાં એકલી સ્વાર્થની દુર્ગંધ મારતી હોય છે. તીર્થંકર પરમાત્માઓ માણસાઈમાંથી જ બને છે. તેમણે ધર્મ નામની કોઈ ચીજ સાંભળી પણ હોતી નથી. બસ પરોપકારનું જ લક્ષ્ય તેમના જીવનમાં હોય છે. દીન-દુઃખી જોયો કે દોડયા જ છે. આજેતો દીન-દુઃખી જોઈને આપણે મોં ફેરવી લઈએ છીએ. **ધંધો વધારો ને ધન કમાવો** આ સૂત્રને તમે આજે લઈને બેઠા છો તેની જગ્યાએ **વિચારો સુધારો ને પુણ્ય વધારો** એને અપનાવવાની જરૂર છે.

જગતમાં બધા જ પ્રકારના પુદ્‌ગલો પથરાયેલા પડયા છે. સારા અને નરસા. જેમ ઠંડીમાં ઠંડા પુદ્‌ગલો સમસ્ત વાતાવરણમાં ફેલાઈ જાય છે. અને ગરમીમાં ગરમીના પુદ્‌ગલો ચારે તરફ ફેલાઈ જાય છે. કાશ્મીર અહીંથી ભલે ગમે તેટલા યોજન દૂર હોય તોય ત્યાં હિમવર્ષા થાય અને તેના પરમાણુ અહીં પહોંચે છે. તેથી ગરમીની ઋતુમાં પણ અચાનક ઠંડી લાગવા માંડે છે. તેજ રીતે મનોવર્ગણાના પુદ્‌ગલો ચારે તરફ ફેલાઈ જાય છે. આપણા અંતઃકરણના જેવા અધ્યવસાયો (વિચારો) હોય તેવા પુદ્‌ગલો ખેંચાઈને આપણી પાસે આવે છે. પર્યુષણમાં તપના વિચારોના પુદ્‌ગલો ચારે તરફ ફેલાયેલા હોય છે તેથી કલ્પી પણ ન શકાય તેવી ઘોર તપશ્ચર્યાઓ થાય છે. આમ જેવા વિચારો તેવા પુદ્‌ગલોને મન ખેંચે છે.

આ કળિયુગમાં હોસ્પિટલમાં જૂઓ.. પરમાણુ કેવા ફેલાયેલા હોય છે? ઘણા ડૉકટરો એવા નિર્દય હોય છે કે દરદીને જોઈને તેને કેમ લુંટું તેવી જ ભાવના રાખતા હોય છે - અરે ! કોઈનો યુવાન દીકરો મૃત્યુ પામ્યો હોય, સ્વજનો બધા આક્રંદ કરતા હોય ત્યારે આવા નિર્દયી ડૉકટરો કહે છે કે પહેલાં અમારું બિલ ચૂકવો પછી મૃતદેહને લઈ જવાશે. આવા ક્રૂર પરિણામોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુદ્ગલો ત્યાં ફેલાયેલા હોય છે. તેવા વાતાવરણની માણસ પર જલ્દી અસર થતી હોય છે. તે જ રીતે કોઈ દહેરાસરમાં જાઓ, ભાવના ચાલતી હોય, ભક્તિની રમઝટ જામેલી હોય, ત્યાં આપણી ભાવના કેવી બની જાય છે? ક્ષણવાર તો પ્રભુમાં આપણે ડૂબી જઈએ છીએ. **માણસનું મોટામાં મોટું ધન એનું મન છે.** સારામાં સારા વિચારો કરીને મોક્ષે પણ જઈ શકે છે અને હલકા વિચારોથી નરકે પણ પહોંચી જાય..

**આપણા જીવનમાં બે વસ્તુની ખામી છે એક ભાવના અને બીજી સાધના.** આજે માણસનું મન ખૂબ જ સંકુચિત બની ગયું છે. બીજાનું સારું ઈચ્છવા પણ તે તૈયાર નથી. ભગવાનની પરકલ્યાણની ભાવના છે તેનો પડઘો પણ એટલો જ પડે છે.

## વિચારોનો પડઘો - ચંદનનો વહેપારી

એક નગરમાં ચંદનનો વહેપારી હતો. ચારે બાજુ તેની ખ્યાતિ પથરાયેલી હતી. રાજા પણ અવસરે તેની પાસેથી ચંદન ખરીદતો હતો. તેનો વહેપાર સારો ચાલતો હતો. તેણે પોતાની મૂડી ચંદનમાં રોકી દીધી. ચંદન ખરીદીને તેણે વખારો ભરી.. આવો ખ્યાતિવાન વહેપારી એટલે રાજસભામાં રાજા સાથે તેની બેઠક હતી. ચંદનની કિંમત ઘણી.. શરૂ-શરૂમાં તો તેનો વહેપાર સારો ચાલ્યો પણ તેનો વપરાશ કેટલો... ? તેથી ધીમે-ધીમે વહેપાર બંધ પડવા માંડયો. મૂડી તો બધી રોકાઈ ગઈ છે. ચંદન ખપતું નથી. તેથી વેપારી મનમાં મુંઝાવા લાગ્યો. તેના મનમાં એક વિચાર ઝબકયો. જો રાજકુળની કોઈ વ્યક્તિ મરી જાય તો તેની ચિતા માટે મારું ચંદન વેચાય. મનમાં રોજ આવી દુષ્ટ વિચારણા ચાલે છે. રાજસભામાં જાય છે. તેની ચારે બાજુ દુષ્ટ વિચારના પરમાણુ પથરાયેલા છે. જુઓ વિચારોનો પડઘો સામે કેવો પડે છે ? એકા એક રાજાના મનમાં પણ આના તરફ દ્વેષ ઉભરાયો. તેને નજરે જોવો પણ ગમતો નથી. રાજસભામાં નહીં આવવા માટે ના પાડવાની જ ઈચ્છા થાય છે. પણ વિના કારણે તેની સાથે સંબંધ બગાડવો કેમ ? કયારેક તો તેને મારી નાખવાનું પણ મન થઈ આવે છે. રાજાએ આ વિચાર મંત્રીને જણાવ્યો. મંત્રીએ વિચાર્યું કે આમ એકાએક કેમ બન્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વહેપારીનો કોઈ ગુન્હો નથી. છતાં રાજાના મનમાં આવા ખરાબ વિચારો આવે છે કેમ ? મંત્રી હંમેશા ચતુર હોય છે. તે વહેપારીને ત્યાં ગયા. વહેપારીને પૂછયું કેવો વહેપાર ચાલે છે ? વહેપારીએ પોતાની બધી જ હકીકત છૂપાવ્યા વિના કહી દીધી. મંત્રી સમજી ગયો કે રાજાને આવો ખરાબ વિચાર કેમ આવ્યો ? કારણ કે આના મનમાં ખરાબ વિચાર રમી રહ્યા છે માટે. આત્મા એ અરીસો છે. તેમાં તરત જ પ્રતિબિંબ પડે છે. તમારા વિચારોનો પડઘો સામાના હૃદયમાં પડયા વિના રહેતો જ નથી. હવે મંત્રી રાજા પાસે પહોંચ્યો. રાજાને કહ્યું કે રાજન્ ! આપ તો મોટા મહારાજા છો. દુનિયામાં બધાને ત્યાં રસોઈ કોલસા કે લાકડાંથી થાય છે, પણ આપ એક વિશિષ્ટ વ્યક્તિ છો તેથી આપને ત્યાં રસોઈ ચંદનના લાકડાથી બનવી જોઈએ. રાજાએ તરત જ વાતનો સ્વીકાર કર્યો. ચંદનના વહેપારીને ત્યાંથી સામટું ચંદન ખરીદ્યું. વહેપાર પાછો ધમધોકાર ચાલવા લાગ્યો. હવે ચંદનના વહેપારીના વિચારો બદલાયા. રાજા ઘણું જીવે તો સારું ! આના વિચારો બદલાયા એટલે રાજાના વિચારો પણ પલટાયા. રાજાને તેના પર એકાએક પ્રેમભાવ જન્મ્યો. તેની હાજરી તેને વધારે ગમવા લાગી... એટલે રાજાએ મંત્રીને પૂછયું કે આમ કેમ ? મારા વિચારો પાછા પલટાઈ ગયા. મંત્રીએ સત્ય હકીકત રાજાને જણાવી... આમ વિચારોનું એક જબરજસ્ત સામ્રાજ્ય છે. હજારો માઈલ દૂર બેઠેલો માણસ પણ એક-બીજાના ખેંચાણથી અચાનક આવી મળે છે. ચેતનાને અંતર હોતું જ નથી. તેમજ કાળ અને ક્ષેત્રને પણ અંતર નથી. ભગવાન અને આપણી વચ્ચે ક્ષેત્રનું અને કાળનું કેટલું મોટું અંતર છે, છતાં આપણે એનો પ્રત્યક્ષ અનુભવ કરી શકીએ છીએ. ચેતના સર્વવ્યાપી છે. આપણે કોઈને બહુ યાદ કરતા હોઈએ તો એ માણસ આપણને જલ્દી મળે છે. આપણે ભલે ને દૂર હોઈએ છતાં તેના મનમાં પડઘો પડે જ છે.

### અરિહંત શબ્દ પણ મહાન છે

મહાપુરુષો તો કહે છે કે અરિહંત તો મહાન છે જ, પણ અરિહંતનું નામ પણ મહાન છે. ભગવાન જ્યારે વિચરતા હશે ત્યારે તો તેમના દર્શન-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાણીથી લોકો તર્યા હશે પણ અત્યારે આપણે તેમના નામથી જ તરવાનું છે. અંત સમયે માણસો કહેશે કે નવકાર સંભળાવો... ભગવાનના નામનું સ્મરણ કરો.. તેમના નામથી જ સદ્ગતિ થશે... નામમાં પણ કેટલી તાકાત હશે ? નરસિંહ મહેતાએ કહ્યું છે ને કે **'રટણ કર રટણ કર કઠણ કલિકાળમાં દામ બેસે નહીં કામ સરશે...'** વગર પૈસે માણસ પોતાનું કામ સુધારી લે એવી અજબ તાકાત પ્રભુના નામમાં છે. 'નમો અરિહંતાણં' નો જાપ કરતાં-કરતાં આ અક્ષરો જ છે એમ ન સમજવું પણ સાક્ષાત્ પરમાત્મા છે. પદમયી દેવતા ! એમ સમજીને સ્મરણ કરો. ઉપાસનામાં દેશ કાળનું અંતર હોતું નથી. જાપ કરતાં કરતાં એવું લાગવું જોઈએ કે ભગવાન મારી આજુ-બાજુ જ છે. મારી સાથે જ છે. મારે શું ચિંતા ? આવી નિષ્ઠાપૂર્વક કરાયેલું પ્રભુ-નામ-સ્મરણ કેમ ન તારે ? મરાઠીમાં એક ભજન છે - **જેથે મીં જાસી તેથે તું માઝાં સાંગાથી.** હું જ્યાં જાઉં ત્યાં તુ મારો સંગાથી રહેજે. ભગવાનને આપણે સંગાથી તરીકે માનીએ એજ જીવનની મોટી સિદ્ધિ છે. ભગવાન જેવો ભગવાન આપણો સંગાથી હોય પછી બીજું જોઈએ પણ શું ? પુણ્યને સંગાથી માનવા કરતાં પરમાત્માને સંગાથી માનો. ભગવાનને સંગાથી માનવાથી ઘણો ખોટાં કામો કરતાં આપણએ અટકી જઈએ. દહેરાસરમાં જઈએ તો આપણને કોઈ ખોટો વિચાર આવે કે તરત જ મન ટકોર કરે કે ભગવાન તારો સંગાથી છે. ભગવાન સાથે હોય પછી કોઈ ખોટો વિચાર કરાય ? ખરાબ વિચારથી પુણ્ય પણ પાપમાં ફેરવાઈ જાય છે.

ભગવાનનું નામ સ્મરણ પરલોકમાં સદ્ગતિને આપે છે અને આ લોકમાં આખું જગત જેની પાછળ પાગલ બન્યું છે, તે અર્થ અને કામની પ્રાપ્તિ પણ કરાવી આપે છે. આ સડકો પર હજારો ગાડીઓ દોડી રહી છે અને હજારો માણસો દોડી રહ્યા છે, એ શું ભગવાનને મેળવવા માટે દોડી રહ્યા છે ? ના, અર્થને માટે જ ને ! ભગવાનના નામનો જાપ કરો એટલે તીજોરીમાં નાણાં આવી જાય એમ નથી કહેતો. પણ સંપત્તિ સહેલાઈથી પ્રાપ્ત થાય. જ્યારે ભગવાનના નામનો સ્વાદ જીવનમાં આવશે ત્યારે બધા રસો-સ્વાદો ઓગળી જશે પછી જમતાં-જમતાં ભોજનમાં ઠેકાણું નહીં હોય ને તો ય ખબર નહીં પડે- મીઠું નાખેલું છે કે મીઠા વિનાનું છે ? તેનીયે ખબર નહીં પડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વ્યથા કોની કોની ?**

આપણને પૈસાની વ્યથા, પરિવારની વ્યથા, પ્રતિષ્ઠાની વ્યથા આ બધી વ્યથાઓ છે પણ કયારેય પ્રભુ નથી મલ્યા તેની વ્યથા છે ? ચોવીશ કલાકમાં પ્રભુનું ભજન ક્ષણવાર પણ થતું નથી. ભજન વિનાનું જીવન એળે જઈ રહ્યુંછે. એવું કયારેય ખટકે છે ખરું ? બધા જન્મોમાં બધું મળશે પણ પ્રભુ નહીં મળે. જ્યારે જીવનમાં પ્રભુની વ્યથા ઉત્પન્ન થશે ત્યારે તેના નામમાં-ધ્યાનમાં કોઈ જુદા જ આનંદની અનુભૂતિ થશે. એક કહેવત છે કે -

**'સબ રસાયન હમ કરી, પ્રભુ નામ સમ ન કોય,**
**રંચક ઘટમેં સંચરે, સબ તન કંચન હોય..'**

પ્રભુના નામની ઔષધિ જેવી કોઈ ઔષધિ નથી એ થોડી પણ જીવનમાં ઉતરે તો જીવન કંચન જેવું બની જાય.. જગતમાં જે જે આનંદો તે બધા ઉત્તેજનાત્મક છે. ઉત્તેજના ઓસરી જાય એટલે સાવ ઢીલો થઈ જાય છે. આપણને ગમતી કોઈ વ્યક્તિ અથવા આપણે જેના પર શરત લગાડી હતી તે વ્યક્તિ ક્રિકેટમાં જીતી ગઈ ક્ષણવાર પૂરતો આનંદ થયો, ત્યાં તો એની વળી બીજી કોઈ વ્યક્તિ જીતી ગઈ. આપણો આનંદ ગાયબ. આમ આપણો આનંદ ક્ષણિક છે. જ્યારે પ્રભુના ભજનનો આનંદ કયારેય ઓગળતો જ નથી. ભોજનમાં કોઈ સારી ચીજ વાપરો તો ક્ષણવાર પૂરતો જ તેનો આનંદ રહે છે વળી તેમાંય જો પેટમાં વિક્રિયા થાય તો ક્ષણનું સુખ અને મણનું દુઃખ. જ્યારે પ્રભુના આનંદમાં મણનું સુખ અને ક્ષણનું દુઃખ. તીર્થંકર પરમાત્મા સર્વકાળમાં કે સર્વ ક્ષેત્રોમાં ન હોય પણ તેમનું નામ તો હોય જ. દેવલોકમાં રહેલા દેવો પણ ભગવાનના નામથી જ તરે છે ને ! ત્યાં કંઈ ભગવાન જવાના નથી... પણ નામ તો બધે જ જવાનું.

*માંગ્યા વિના ન મળે દાન...*
*નસીબ વિના ન મળે માન...*
*ખેતી વિના ન મળે ધાન...*
*ગુરૂ વિના ન મળે જ્ઞાન...*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વીતરાગની વાણી અને દર્શન

દુલર્ભ એવા માનવભવને તમે પામ્યા તો હવે સિદ્ધચક્રની સેવના બરાબર કરી લો. આ માનવજન્મ પરમાત્માને પ્રાપ્ત કરવા માટે છે. પદાર્થોને પ્રાપ્ત કરવા નહીં. માણસ થઈને જન્મ્યા છીએ અને સાચા અર્થમાં માનવ બનવું છે. તમારા જીવનમાં માણસાઈ છે કે નહીં તે મહત્ત્વનું છે. ભગવાનના રોમે રોમમાં આ ગુણ વણાયેલો હતો. આ ગુણને લીધે જગતના શુભ પરમાણુઓ ખેંચાઈને તેમની તરફ આવતા હતા.

### ભૂખી તરસી ડોશીની કથા

ભગવાનની વાણીમાં પણ ગજબની તાકાત છે. ભૂખ-તરસને ભૂલાવી દે તેવી અત્યંત મધુર હોય છે. આવશ્યક સૂત્રમાં એક કથાનક આવે છે. એક અત્યંત વૃદ્ધ ડોશીમા છે. નિરાધાર છે. કોઈ કમાવનાર નથી. તેથી તે પોતે કોઈ શેઠને ત્યાં લાકડાનો ભારો આપીને ખાવાનું મેળવતી હતી.. એક વખત ગરમીના દિવસો છે, ડોશી જંગલમાં લાકડા લેવા ગઈ છે. બિચારી ખૂબ જ વૃદ્ધ હોવાને લીધે લાકડા રોજ કરતાં થોડાં ઓછા લઈને શેઠના ઘેર આવે છે. માથે તો આગ વરસી રહી છે. ડોસી તો પરસેવાથી રેબઝેબ છે. આવીને જ્યાં ભારો નાખે છે ત્યાં શેઠાણી ભભૂકી... આજે આટલાં જ લાકડાં કેમ ? જાઓ બીજા લઈ આવો પછી જ જમવાનું મળશે. પૈસા માણસને નિષ્ઠુર બનાવી દે છે.

**'દુ:ખીના દુ:ખની વાતો સુખી ના જાણી શકે,**
**જો સુખી જાણી શકે તો દુ:ખ વિશ્વમાં ના ટકે.'**

ડોશીમાને થાક પણ ખૂબ લાગ્યો છે. પેટના ખાડાને પૂરો કરવા બિચારી ડોશી ફરી વનમાં જાય છે. જેમ-તેમ કરીને લાકડાં કાપીને ભારો લઈને પાછી ફરે છે. રસ્તામાં તેના કાને ભગવાનની વાણીનો સુમધુર અવાજ અથડાય છે. વાણીમાં એટલી બધી શીતળતા ને મધુરતા છે કે ડોસી ત્યાં ને ત્યાં થંભી જાય છે, ભૂખ-તરસની વેદના અને ભાર બધું ભૂલી જાય છે. શાસ્ત્રકારો કહે છે કે આમ તો ભગવાનની દેશના એક પહોર સુધી ચાલે, પણ જો છ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ મહિના સુધી દેશના ચાલે ને તો આ ડોસી એ જ હાલતમાં એક ડગલું પણ ત્યાંથી ન ખસે. આવી અજબ તાકાત વીરની વાણીમાં છે. પાપીમાં પાપી વ્યક્તિને પણ ક્ષણમાં તારી દે છે. ચક્રવર્તિને પણ ક્ષણમાં રંગી નાખે છે. આવી અજબ તાકાત શેમાંથી આવે છે ? હૃદયમાં પડેલી પરકલ્યાણની ભાવનામાંથી... વળી **ભગવાન સર્વાભિમુખ** છે તેથી સર્વજીવોને એમ જ થાય છે કે ભગવાન મારી સાથે જ વાત કરે છે. મને જ ઉદ્દેશીને કહી રહ્યા છે. **આપણે સર્વ વિમુખ છીએ. અથવા તો સ્વાભિમુખ છીએ** માટે જ આપણી વાણીમાં કોઈ રંગાતું નથી. સંપૂર્ણ સર્વાભિમુખ ન બની શકીએ તો કાંઈ નહીં, પણ આપણા સંસર્ગમાં આવનારનું તો કલ્યાણ કરવું જોઈએ. પરંતુ આથી ઉલ્ટાગુણના લીધે જ આપણી વાણી માનવના હૃદયમાં પેસતી નથી, પણ પાછી ફરે છે, જ્યારે ભગવાનની વાણી આર-પાર ઉતરી જાય છે.

## દર્શનની અજબ તાકાત- પિતા પુત્રની કથા

ભગવાનની વાણીની અને નામની અજબ તાકાત આપણે જોઈ. હવે ભગવાનના દર્શનમાં કેટલી તાકાત છે તે જોઈએ. મન વિના પણ કરેલું ભગવાનનું દર્શન નિષ્ફળ જતું નથી. એક બાપ-દિકરો હતા. બાપ ધર્મમાં શ્રદ્ધાવાળો પણ દિકરો નાસ્તિક હતો. બાપ રોજ દીકરાને કહે કે બેટા ! ભગવાનના દર્શન કર.. તારો જન્મ સફળ થઈ જશે. પણ દીકરો આજના કળિયુગના દીકરા જેવો. બાપને કહે કે બાપાજી એ પથ્થરની મૂર્તિના દર્શન કરવાથી શું ધૂળ જન્મ સફળ થાય. મને તો ટાઈમ નથી. બાપને આ શબ્દ વજ્ર જેવા લાગે. પણ શું કરે ! વાત્સલ્ય છે ને ! દીકરાની ગતિ બગડે એ બાપને પાલવે તેમ ન હતું. દીકરાનો આ જન્મ તો સુધારવો હતો પણ પરલોકે પણ સુધારવો હતો. આજે તમને તમારા સંતાનની પરલોકની જરાય ચિંતા નથી...! ટ્યૂશને નહીં જાય તો વઢીને મોકલશે પણ પાઠશાળાએ નહીં જાય તો કાંઈ નહીં કહે. બાપા જમાનાના ખાધેલ હતા. તેમણે એક યુક્તિ અજમાવી. ઘરનું બારણું નાનું કરાવી નાખ્યું અને બારણાની બારસાખ પર ભગવાનની નાનકડી મૂર્તિ કોતરાવી... ઘરના બારણામાં દિવસમાં દસ વાર પ્રવેશ કરવાનું થાય. દીકરો જ્યારે જ્યારે બારણાની અંદર પ્રવેશે છે ત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ મૂર્તિ પર નજર નથી નાખવી તોય જતી રહે છે અને બારણું નીચું છે એટલે નીચા પણ વળવું પડે છે. જે વસ્તુ જોવાની આપણે મનને ના પાડીએ તે વસ્તુ પર વારંવાર નજર જાય છે. વર્ષો વીતી ગયા. બાપે મરી ગયા ને દીકરો ય મરી ગયો. દીકરો સમુદ્રમાં મોટા મચ્છ તરીકે ઉત્પન્ન થયો. કહેવાય છે કે સમુદ્રમાં બધા જ આકારના માછલા હોય.. પ્રતિમા આકારના પણ હોય..અનાયાસે મન વગરના કરેલા ભગવાનના દર્શન પણ આ માછલાના જીવનમાં પરિવર્તન લાવે છે. માછલું વારંવાર એ પ્રતિમા આકારના માછલા તરફ જોયા કરે છે. આવું મે કયાંક જોયેલું છે.. એમ વિચારતાં-વિચારતાં ત્યાં જાતિસ્મરણ જ્ઞાન થાય છે. પૂર્વજન્મ દેખાય છે. પિતાની આજ્ઞા નહીં પાળ્યાનો અફસોસ... અને જિનેશ્વરદેવની કરેલી આશાતનાનું ફળ પ્રત્યક્ષ અનુભવે છે. ખૂબ પશ્ચાતાપ કરે છે. માછલાના ભવમાં પણ તપ-ત્યાગ કરે છે, છેવટે અણસણ કરીને સ્વર્ગમાં જાય છે. ભાવ વગરના દર્શન પણ જો માણસને તારી દેતાં હોય તો ભાવથી કરેલા દર્શન માણસને શું ન આપે ! અરે ! દર્શન તો આપે જ, પણ દર્શનની લગની પણ સદ્ગતિને આપે છે.

## દર્શનની લગન - ડોશીમાની કથા

એક નિરાધાર ડોશીમા જંગલમાં લાકડાં લેવા ગયાં છે. ત્યાં રસ્તામાં લોકોનાં ટોળે ટોળાં સામા મળે છે. લોકોને પૂછે છે કે તમે બધા ક્યાં જાઓ છો ? લોકો કહે છે કે અહીં તીર્થંકર પધાર્યા છે. અમે તેમના દર્શને જઈએ છીએ. તીર્થંકર એટલે શું ? લોકો કહે છે કે અરે ! એમનું નામ લઈએ ને તો પણ આપણા દુઃખ-દારિદ્ર ચાલ્યાં જાય. ડોસીને પણ ભગવાનના દર્શનની લગની લાગી. મનમાં એક જ રટણ છે મારે દર્શન કરવાં છે. દર્શન કરવા જતાં રસ્તામાં જ તે મૃત્યુ પામે છે. દર્શનની લગનીથી તે દેવલોકમાં જાય છે, ત્યાંથી ચ્યવીને કોઈ રાજાને ત્યાં કુંવર તરીકે જન્મ લે છે. આમ એક ભવ દેવનો અને એક ભવ રાજાનો એમ સાત ભવ કરીને આઠમે ભવે રાજા થાય છે. કોઈ બગીચામાં બેઠા છે ત્યાં એક દૃશ્ય જૂએ છે. એક દેડકાને સાપે પકડેલો છે, સાપને સમડીએ પકડેલો છે, સમડીને વળી અજગરે પકડે છે. આમ **'મત્સ્યગળાગળ'** ન્યાયની જેમ સંસારમાં પણ આવું જ ચાલે છે. મોટો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાનાને દબાવે એનાથી મોટો મોટાને દબાવે.... આ પ્રમાણે આવો ભયંકર સંસાર ચાલી રહ્યો છે આ દૃશ્ય જોતાં જ તરત જ વૈરાગ્ય આવે છે અને સંયમ લે છે, અંતમાં મોક્ષે પહોંચે છે. ભગવાનનું દર્શન કેટલી સહેલાઈથી મોક્ષ આપે છે.

અરિહંત પરમાત્માની ઉપાસના શ્વેત વર્ણથી કરવાની હોય છે. કારણ તેમનો વર્ણ શ્વેત છે. શ્વેતરંગની ઉપાસના આપણને પણ શ્વેત બનાવે છે. આપણે અંદરથી કાળા છીએ. કાબર-ચીતરા છીએ. કેટલાય દુર્ગણોથી ભરેલા છીએ. સફેદ રંગમાં શુદ્ધિ કરવાની તાકાત છે. અરિહંત પરમાત્માનું ધ્યાન કરીએ તેમ-તેમ આપણું તેજ-ઉજ્જવળતા વધે છે. આપણી કાલિમા દૂર થાય છે. ચિત્તની ઉજ્જવળતાથી એક પણ કાળો વિચાર આવશે કે તરત જ આપણને ખ્યાલ આવી જશે. જેમ સફેદ કપડા પર કાળો ડાઘ તરત જ દેખાય ને !

**જિનના ધ્યાને જિન**

આવા અરિહંત પરમાત્માની સાચી ઓળખાણ ત્યારે જ થશે કે જ્યારે બીજે ભટકતું ચિત્ત પ્રભુના ધ્યાનમાં મગ્ન થશે... આપણે માળા ગણીએ છીએ, પૂજા કરીએ છીએ પણ એમાં ચિત્ત ચોંટતું નથી. કારણ કે ચિત્તમાં પદાર્થોનો ઢગલો ખડકાયેલો છે. જ્યારે ભ્રમર-ઈલિકાના ન્યાયથી પ્રભુમાં મસ્ત બનશું ત્યારે જ તેનો સાચો આનંદ, સાચો સ્વાદ મળશે. ઈયળને ભમરીના ડંખનો ખૂબ જ ડર હોય છે. એ ડરમાં ને ડરમાં ભમરી બની જાય છે. કારણ કે સતત ભમરીનું રટણ હોય છે. હમણાં ભમરી આવશે મને ડંખ મારશે. આ ભયના રટણમાં ઈયળ ભમરી સ્વરૂપ બની જાય છે. તેમ રાત-દિવસ અરિહંતનું ધ્યાન કરશો તો અરિહંત સ્વરૂપી બની જશો.

અરિહંતને ભજવાથી અનાદિની જે આપણી ચાલ છે તે પૂરી થઈ જાય... પણ ખરેખર ! **આપણે ભગવાનને ભજતા નથી. પણ ભોગવાનને** ભજીએ છીએ. અરિહંત બનવું મુશ્કેલ છે પણ અરિહંતનું નામ લેવું તો અઘરું નથી ને ?

**સિદ્ધપદ**

અરિહંત ભગવાન ઉપદેશ શા માટે આપે ? પૈસા મેળવવા માટે નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપતા પણ સિદ્ધ પદ મેળવવા માટે આપે છે. સિદ્ધ પદને ઓળખાવનાર અરિહંત જ છે. એક આત્મા મોક્ષે જાય-સિદ્ધ થાય એટલે એક જીવ નિગોદમાંથી બહાર આવે. નિગોદમાં અનંતા જીવોનો જથ્થો છે. તેમાં જન્મે ને તેમાં જ મરે. અનાદિકાળથી આ ચક્ર ચાલ્યા જ કરે છે. એક આત્મા સિદ્ધ થતાં આ અનંતા જીવોના જથ્થામાંથી એક જીવને બહાર નીકળવા મળે. આમ સિદ્ધ ભગવંતનો પણ આપણા પર અનન્ય ઉપકાર છે. જેનું બધું સિદ્ધ થઈ ગયું હોય તેને કહેવાય સિદ્ધ. સિદ્ધના સુખની સરખામણી કરે તેવો કોઈ જ પદાર્થ આ જગતમાં નથી. તેના સુખને વર્ણવી શકાતું નથી. એક દૃષ્ટાંત આવે છે.

## સિદ્ધનું સુખ કેવું ?

કોઈ એક નગરમાં એક રાજા હતો. તેની પાસે વિપરીત શિક્ષાવાળો એક ઘોડો હતો. એકવાર રાજા આ ઘોડા પર સવાર થઈને ફરવા નીકળ્યો છે. રાજા પોતે ઘોડાની શિક્ષાથી અજાણ છે તેથી ઘોડાની લગામ જેમ-જેમ ખેંચતો જાય તેમ-તેમ ઘોડાનો વેગ વધતો જાય. ઘોડો ઉભો રહેવાને બદલે ભાગ્યો. જંગલ તરફ દોડયો. રાજા થાકયો. એણે લગામ ઢીલી મૂકી... તેની સાથે જ ઘોડાનો વેગ ઘટવા માંડયો. ઘોડો ઉભો રહ્યો. રાજાને ખબર પડી કે આ તો વિપરીત શિક્ષાવાળો છે. ભયંકર અટવીમાં રાજા આમ-તેમ આથડે છે. ત્યાં થોડાં ઝૂંપડા દેખાયા. રાજા તે તરફ વળ્યો. ભૂખ-તરસ ખૂબ લાગેલી... ઝૂંપડામાંથી એક પુરુષ બહાર આવ્યો. તેણે રાજાને આવકાર આપ્યો. ભોજન-પાણીથી રાજાની ભક્તિ કરી. રાજા ખૂબ-ખુશ થઈ ગયો. તે આ પુરુષને સાથે લઈને પોતાના નગર તરફ પાછો ફર્યો. પેલા જંગલી માણસે કયારેય નગર જોયેલું નથી. આવા સુઘડ માણસોને અને મહેલોને તેણે પહેલીવાર જોયા. રાજાએ તેને પોતાની પાસેના મહેલમાં ઉતારો આપ્યો. થોડા દિવસ તો રાજાની મહેમાન ગતિ માણી. આવા સુંદર ભોજનો તેણે કયારેય ખાધેલાં નહીં. રાજાને ત્યાં શું કમી ન હોય..? વળી આ તો રાજાનો ઉપકારી છે.. તેથી તેની સરભરા પણ વિશિષ્ટ પ્રકારે થાય છે. છતાં જંગલના મુક્ત વાતાવરણમાં રહેલા આ માણસને મહેલ જેલ જેવો લાગે છે. તે રાજાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાસે જંગલમાં પાછા જવા માટે રજા માંગે છે. રાજા ઘણું સમજાવે છે. આવી સુખ-સાહ્યબી છોડીને તું જંગલમાં જઈને શું કરીશ ? તો પણ તેણે પોતાની માંગણી ચાલુ રાખી. છેવટે રાજાએ તેને જવા માટે રજા આપી. તે જંગલમાં જઈને પોતાના સાથીદારોને મળે છે. સાથીદારો પૂછે છે કે તેં ત્યાં શું જોયું? શું ખાધું ? જંગલમાં એવી કોઈ ચીજ જ નથી કે જેની સાથે એણે જે જોયું તે અને જે ખાધું તેની સરખામણી કરે.. ! રાજાને ત્યાં ભોગવેલા સુખને તે કોઈ શબ્દોમાં વર્ણન કરી શકે તેમ નથી...સિદ્ધનું સુખ પણ આવું જ છે. તે વર્ણવી શકાતું નથી. તેમની પાસે સ્વદ્રવ્ય છે, સ્વક્ષેત્ર છે અને સ્વકાળ છે. આપણી પાસે આમાંનું કાંઈ જ નથી. આપણે પરદ્રવ્યો પર જ મુસ્તાક છીએ. મોટર, બંગલો, વૈભવ... આ બધું પરદ્રવ્ય છે. આત્માના ગુણો એ પોતાના છે. સિદ્ધને કાલાતીત કહેવાય છે. રાજાઓના રાજાઓ અને વંશોના વંશો ડૂબી ગયા. જ્યાં સ્થળ ત્યાં જળ અને જળ ત્યાં સ્થળ થઈ ગયા. બધા જ કાળથી ઘેરાયેલા છીએ. જ્યારે સિદ્ધ ભગવાન અકાલ છે. જેમ કોઈ અલ્લા બોલે, કોઈ સ્વામિનારાયણ, કોઈ હર-હર મહાદેવ બોલે, તેમ એક એવો પણ પંથ છે જે 'સત્ શ્રી અકાલ' એમ બોલતો હોય છે. આ બધા પરમતત્ત્વના જ રૂપો છે. અરિહંત પરમાત્માની જે આ બધી મથામણો છે તે પરમતત્ત્વ સુધી આપણને પહોંચાડવાની છે.

## સુખની વ્યાખ્યા

ઘણા માણસોને પ્રશ્ન થાય છે કે સિદ્ધપદમાં નહીં ખાવાનું, નહીં પીવાનું, નહીં સુવાનું, નહીં કોઈ વિરહ-વેદના તો પછી આનંદ કયો ? આપણે સુખની વ્યાખ્યા બહુ ટુંકી કરીએ છીએ. ઘેર ગાડીઓ ફરતી હોય. આલિશાન બંગલો હોય, સુખ-સગવડના બધાં જ સાધનો મોજુદ હોય આને આપણે સુખી કહીએ છીએ.. વાસ્તવમાં આ સાચું સુખ નથી પણ સુખનો આભાસ છે. સંસારના સુખોમાં વિષય અને વેદનાનો અભાવ છે. તાવ જ્યારે ચઢતો હોય... છ ડીગ્રીએ પહોંચ્યો હોય ત્યારે માણસ કેવો હાંફળો-ફાંફળો થઈ જાય છે પણ દવાથી ધીમે-ધીમે તાવ ઉતરતો પાંચ ડીગ્રીએ આવ્યો. ચઢતી વખતે પાંચ ડીગ્રી વટાવી. ત્યારે શું સ્થિતિ હતી ? અને ઉતરતી વખતે પાંચ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડીગ્રી આવી ત્યારે મનની શું સ્થિતિ હોય છે ? ચઢતી વખતે માણસ આકુળ-વ્યાકુળ બની ગયો, પણ જ્યાં ઉતરવા લાગ્યો એટલે એકદમ રાજી-રાજી થઈ ગયો. વેદનાના અભાવમાં માણસ ખુશ બન્યો. **સિદ્ધના જીવો પરમાનંદી છે.** જ્યારે સંસારી જીવો પરમક્લેશી છે.

## સિદ્ધનો વર્ણ લાલ કેમ ?

**નમો સિદ્ધાણં** પદની આરાધના કરવાથી માણસના સર્વ કાર્યો સિદ્ધ થાય છે. સિદ્ધનો વર્ણ લાલ છે. કારણ કે તેમના બધાં કર્મો બળી ગયાં છે માટે. તેની ઉપાસના લાલ રંગથી કરવામાં આવે છે. આ રંગમાં વશીકરણની એક શક્તિ છે. સંસાર પણ આખો વશીકરણ પર જ ચાલે છે ને ! જૂઓ સ્ત્રીઓની ચૂંદડીનો રંગ તો લાલ, ચાંદલાનો રંગ તો લાલ. સ્ત્રીઓ કપાળમાં મોટો લાલ ચાંદલો જ કરતી. તેની પર સામેની વ્યક્તિી નજર પડતાં તે તેના તરફ આકર્ષાય છે. જો કે આજે તો કાળા ને લીલા ને પીળા ચાંદલા થઈ ગયા છે. એ લોકોને કોણ સમજાવે કે લીલા-પીળા ને કાળા ચાંદલાથી તમારો સંસાર પણ લીલો-પીળો થઈ ગયો છે. આ પદની ઉપાસનાથી એવી વશીકરણ શક્તિ ઉત્પન્ન થાય છે કે ભલભલા રાજા-મહારાજાઓને પણ તે વશ કરી શકે. પણ આજે માણસને ઉંડા ઉતરવાની ફૂરસદ જ કયાં છે ? બધું પુસ્તકોમાં જ સચવાઈને પડયું છે. આરાધનાઓ ખૂબ કરે છે. ઘણી ઓળીઓ જીવનમાં કરી પણ એકે પદની સાચી ઉપાસના કરી શકયા નથી. તમે આંબિલ કરો તે બહુ સારી વાત છે. પણ આપણે તે આંબિલમાં પ્રાણ પૂરવા છે, તપની સાથે જપ પણ ચાલુ રાખો.

*તન પવિત્ર સેવા કિયે*
*ધન પવિત્ર દાન કિયે*
*મન પવિત્ર ભજન કિયે*
*તે ત્રિવિધ કલ્યાણ કિયે...*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ત્રીજું પદ - આચાર્યપદ

સિદ્ધચક્રમાં તમામ ગુણો અને તમામ ગુણવાન આવી જાય છે. પિતાને પોતાના પુત્રને તૈયાર કરવાની, આગળ લાવવાની કેવી તાલાવેલી હોય છે? શિલ્પીને પથ્થરમાંથી મૂર્તિ બનાવવાની કેવી તાલાવેલી હોય છે. મનમાં સતત એક જ ચિંતન ચાલતું હોય કે મારે આ કરવું છે. અને એ ચિંતનનો પડઘો પડે જ. એમ આપણે પણ મનમાં કોઈ સારો સંકલ્પ કર્યા કરીએ તો તેનો પડઘો પડે જ. મહાપુરુષોએ સંકલ્પ કર્યો છે કે જગતના જીવોને મારે તારવા છે. આપણે એ સંકલ્પને અનુકૂળ બનવાનું છે.શિલ્પી ગમે તેવો તૈયાર હોય પણ પથ્થર એવો કઠણ હોય કે ટાંકણાને જ તોડી નાખે, તો એમાં શિલ્પીનો દોષ નથી. કોઈ ચિતારાએ ચિત્રને લાંબુ ટકાવવા માટે સુંદર કેનવાસનું કપડું તૈયાર કર્યું. ચિત્ર દોરવાની શરૂઆત કરી. પણ કપડું પવનથી ઉડા-ઉડ કરતું હોય તો ચિતારો ચિત્ર દોરી શકે ખરો ? ના, અરિહંત પરમાત્માનો સંકલ્પ છે કે **'સવિ જીવ કરું શાસન રસી'** પણ જીવની યોગ્યતા જ ન હોય તો. આપણે આરાધના દ્વારા- ગુણો દ્વારા યોગ્યતા કેળવવાની છે. આપણે યોગ્ય બનીશું તો સાધના કરી શકીશું. પહેલાં તો જીવનમાં સજ્જનતાની આરાધના-સાધના કરવાની છે. શ્રીપાળમહારાજના ગુણો શાસનના અધિપતિ ગૌતમસ્વામિ મહારાજ પણ ગાવા બેસે છે. શા માટે ? તેમના જીવનમાં સજ્જનતા ટોચની હતી. તેમના રાસમાંથી ફક્ત વાતો જ નથી પકડવાની પણ શ્રીપાલના જીવનમાં રહેલા ગુણોને મેળવવાના છે. ધવલશેઠની દુર્જનતા ટોચની હતી... છતાં સહાનુભૂતિથી કૃતજ્ઞતા ગુણના બળે અધમમાં અધમ કોટીની દૂર્જનતા કરી હોવા છતાં તેમાં ઉપકારીનાં જ દર્શન કરે છે. કેટલું વિશાળ દિલ ? જગત મોટાભાગે દુર્જનોથી જ ભરેલું છે. શાસ્ત્રકારો કહે છે કે દુર્જનોની ઉપેક્ષા કરીને તેના તરફ સહાનુભૂતિ બતાવીને સજ્જને ઉંચે આવવાનું છે. એક સુવાકય છે - **दुर्जनं प्रथमं वन्दे सज्जनं तदनन्तरम्।** હું દુર્જનને પહેલો નમસ્કાર કરું છું અને ત્યાર પછી સજ્જનને નમસ્કાર કરીશ. કારણ કે દુર્જન છે તો સજ્જનની કિંમત અંકાય છે. પિત્તળ છે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોનાની કિંમત અંકાય છે. કાચના ટુકડા છે તો હીરાની કિંમત અંકાય છે. આમ, જો દુર્જન જગતમાં ન હોત તો સજ્જન માણસની કિંમત અંકાત નહીં.

## શાસનનો દીવો

ભગવાન મહાવીર તો આ પૃથ્વી પર ઉપદેશ આપવા માટે ફકત ૩૦ જ વર્ષ રહ્યા. અલ્પકાળમાં સૂર્ય પ્રકાશી ગયો. પણ પછી જો જ્યોતિ જેવા ઝગમગ આચાર્ય ભગવંત ન હોત તો અંધારું જ હોત ને ! આજે હજારો વર્ષ થઈ ગયા છતાં આપણા સુધી આ શાસન પહોંચ્યું, તે કોના બળે ? આચાર્ય ભગવંતના લીધે જ ને ! અરિહંત પદ કરતાં પણ કયારેક આચાર્યપદ અઘરું બની જાય છે. કારણ કે અરિહંત ભગવાન પાસે તો અતિશયો છે તેથી તેઓ તો અતિશયો દ્વારા કામ પુરું પાડે છે જ્યારે આચાર્ય ભગવંતે તો વગર અતિશયે કામ લેવાનું છે. શાસનમાં અનેક પ્રકારના જીવો હોય. ઉંચી કક્ષાના ય હોય, મધ્યમ કક્ષાના ય હોય અને નીચલી કક્ષાના પણ હોય. છતાં બધાને સહુ-સહુની યોગ્યતા પ્રમાણે સંભાળવાના. પંચાચારને પોતે પાળવાના અને બીજાની પાસે પળાવવાના. આજના નેતાઓ તો પોતે કાંઈ અમલમાં મૂકે નહીં અને પ્રજાને ઓર્ડર કરે- પ્રજાને કહેશે કે કરકસર કરો... ગરીબી હટાવો.. પણ પોતે તો છાશ પીવા માટે પ્લેનમાં જાય.. અને પગચંપી કરાવવા માટે ય પ્લેનમાં ઉડે. અહીં તો પહેલાં પાળો પછી પળાવો. આચાર્ય ભગવંત ગંભીર, જ્ઞાની, બાહ્ય અને અભ્યંતર આચારમાં મક્કમ હોય છે. જિનેશ્વર ભગવાન રૂપી સૂર્ય અસ્ત થઈ ગયો અને સામાન્ય કેવળી ભગવંતરૂપી ચંદ્ર અસ્ત થઈ ગયા પછી અમાસની ઘોર અંધારી રાત જેવું અંધારું જ પથરાઈ જાય ને ! અમાસની અંધારી રાતે તમે શું કરો ? દીવો પ્રગટાવો ને ! આ આચાર્ય ભગવંત પણ દીવા સમાન છે. માટે તેમનો વર્ણ પીળો છે. તેઓ શાસનમાં રાષ્ટ્રપતિના સ્થાને છે. આ શાસનને ચલાવવાનું કપરું કામ આચાર્ય ભગવંતનું છે. આચાર્યપદ કાંઈ એમને એમ નથી મળી જતું ? તેના માટે તો કેટલા ભોગો આપવા પડે છે.

## માનદેવસૂરિ મહારાજ

લઘુશાન્તિના રચયિતા માનદેવસૂરિ મહારાજની વાત છે. તેમની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધના જબરજસ્ત હતી. તેમની સાધનાથી ખેંચાઈને જયા અને વિજયા નામની બે દેવીઓ તેમની આસપાસ રહેતી. તેમના ગુરુ મહારાજે વિચાર્યું કે માનદેવ વિજયજી આચાર્યપદ માટે યોગ્ય છે. જ્ઞાની છે, સાધક છે, ગંભીર છે. પદ માટે બરાબર યોગ્ય છે. એ સમયમાં આખા સંઘ ઉપર એક જ આચાર્ય રહેતા. આચાર્યપદ પ્રદાનનો મહોત્સવ મંડાયો - લોકોમાં ઘણો ઉત્સાહ પ્રવર્તેલો છે. પદપ્રદાનનો દિવસ આવી પહોંચ્યો. વિધિ શરૂ થઈ. સૂરિમંત્ર આપવાનો સમય આવી પહોંચ્યો. તે સમયે ગુરુભગવંતની નજર માનદેવવિજયજી મહારાજના ખભા પર બેઠેલી બન્ને દેવીઓ પર ગઈ. દેવીઓ જેનું સાનિધ્ય કરે તેને આચાર્ય પદવી ન અપાય. એ કયારે પણ ગબડી ચૂકે. વિશુદ્ધ રહી શકે જ નહીં. શું કરવું ? ભલે સંઘ ભેગો થયેલો હોય પણ અયોગ્યને જો આચાર્ય પદવી અપાઈ જાય તો શાસનને મોટું નુકશાન પહોંચે. હું દોષિત બનું. તરત જ નિર્ણય કર્યો કે આચાર્ય પદવી આપવી નથી. મિનીટો ગણાઈ રહી છે, સમય થઈ ગયો છે. ગુરુદેવ મૌન બેઠા છે. તેથી સભા પણ સ્તબ્ધ બની ગઈ છે. સમય થવા છતાં આચાર્ય મહારાજ કેમ મૌન બેઠા છે ? પૂ. માનદેવવિજય મહારાજની નજર ગુરૂમહારાજની મુખાકૃતિ પર પડી. તેમણે જોયું ગુરૂ મહારાજ દ્વિધામાં છે. કંઈક ઉદ્વિગ્ન પણ છે. તેમણે પોતાની આસપાસ નજર કરી. દેવીઓને સ્કંધ પર બેઠેલી જોઈ. સમજી ગયા... ગુરૂ પ્રત્યે બહુમાન પણ કેટલું ? ગુરૂજી જે વિચારે છે તે સત્ય જ છે તરત જ ગુરુદેવની પાસે જઈને તેમના ચરણમાં પડયા. અને કહ્યું કે ગુરુદેવ ! યાવજજીવ છએ વિગઈનો ત્યાગ કરાવો. ભરયુવાવસ્થા... ! છએ વિગઈઓનો ત્યાગ ! કેવી શાસન પ્રત્યેની ભક્તિ... કેવો ગુરુદેવ તરફનો પ્રેમ ! ગુરૂદેવે તેમની તેજસ્વિતા જોઈ. છએ વિગઈના પચ્ચક્ખાણ કરાવ્યા. અને પછી પદવીની ક્રિયા શરૂ કરાવી. આવા ગુણો હોય તેજ આચાર્ય બનવા માટે સમર્થ બની શકે છે, કાંઈ પદવીનો સિક્કો લગાડવાનો નથી. ઘણી મોટી જવાબદારી શિર પર આવી પડે છે.

આચાર્ય ભગવંત પ્રજ્ઞાને પણ કેવી પચાવે છે ? તેનું તાદૃશ ચિત્ર વર્ણન કરતું આ દૃષ્ટાંત છે. બુદ્ધિને પચાવવી એ પણ મોટો પરિષહ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કાલિકાચાર્ય

ઉજ્જયિનીમાં કાલિકાચાર્ય વિચરતા હતા. તેઓ મહાજ્ઞાની હતા. અપ્રમત્ત હતા. પણ તેમના શિષ્યો બહુ પ્રમાદી અને જડ હતા. શિષ્યોને કાંઈ પણ કહે તો શિષ્યો માને જ નહીં. તેથી આચાર્ય મહારાજને ગુસ્સો આવી જતો. ઘણા સમય સુધી આમ ચાલ્યું પછી તેમને થયું કે આમાં તો મારું બધું બગડે છે. આ લોકો તો જરાયે સુધરતા નથી. તેમણે એક અગ્રેસર શ્રાવકને વાત કરી. હું હવે આ બધાથી કંટાળી ગયો છું માટે એકલો કયાંક ચાલ્યો જવા માંગું છું... કર્મસત્તા કોઈને પણ છોડતી નથી. આવા યુગપ્રધાન આચાર્યને પણ એકલા રહેવાનો વારો આવ્યો ! કોઈ શિષ્યને કહ્યા વગર એકલા નીકળી પડયા. સવાર પડી.. શિષ્યોએ રાહ જોઈ કે હમણાં ગુરુ મહારાજ આવશે પણ દિવસ વીતવા આવ્યો તોય ગુરૂ મહારાજ ન દેખાયા. ચારે તરફ તપાસ કરી શ્રાવકોને પૂછ્યું પણ કયાંય પત્તો ન લાગ્યો. કાલિકાચાર્ય તો ત્યાંથી નીકળીને સુવર્ણભૂમિ તરફ ગયા. ત્યાં પોતાના શિષ્યનો શિષ્ય વિચરતો હતો. તેઓ બન્ને એકબીજાને જોયા નથી કે ઓળખતાયે નથી. આ બાજુ શિષ્યોએ શ્રાવકોને ખૂબ આગ્રહ કરીને પૂછ્યું ત્યારે તે શ્રાવકે કહ્યું કે તમારા ક્લેશથી કંટાળીને ગુરૂમહારાજ ચાલ્યા ગયા છે. ક્યાં ગયા તે ખબર નથી. શિષ્યોને થયું કે આ તો અમારી નામોશી થશે, માટે આપણે ગમે તેમ કરીને ગરૂ મહારાજને શોધી કાઢીએ. ત્યાંથી વિહાર કર્યો.

કાલિકાચાર્ય ધીમે-ધીમે વિહાર કરતાં-કરતાં સુવર્ણભૂમિમાં જ્યાં પ્રશિષ્ય વિચરતો હતો ત્યાં આવી પહોંચ્યા. સાધુઓને એમ કે કોઈ ડોસો આવ્યો છે એટલે એમની બહુ આગતા-સ્વાગતા કરી નહીં કે માન-સન્માન આપ્યું નહીં. પણ આ તો ધીર-ગંભીર હતા. એકબાજુ ખૂણામાં બેસે છે આખો દિવસ પોતાની સાધનામાં મસ્ત રહે છે. બીજા સાધુઓ દરરોજ વાચના લેવા માટે બેસે છે, ત્યારે આ આચાર્ય મહારાજ પણ શિષ્યોની પાછળ એકબાજુ બેસે છે. જ્ઞાનને કેટલું પચાવ્યું હશે ? વાચના સાંભળે છે. વાચના આપનાર સાધુ આચાર્ય ભગવંતને પૂછે છે- કેમ મહારાજ ! હું બરાબર વાંચું છું ને ? આચાર્ય ભગવંત કહે છે- હા ભાઈ બરાબર છે. ઉં કે ચાં બોલતા નથી. ચુપચાપ બધું જોયાં કરે છે. પોતાની સાધના-આરાધનામાં જ ડૂબેલા રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બાજુ તેમના શિષ્યો તેમની શોધ કરતાં-કરતાં આ તરફ આવી રહ્યા છે. અહીં રહેલા સાગરસૂરિ મહારાજને ખબર પડે છે કે કોઈ સાધુઓનો સંઘ ભારતમાંથી આવી રહ્યો છે. તે જ ગામમાં આવી પહોંચે છે. અહીં બિરાજેલા સાધુ બધા સાધુઓને લઈને સામે જાય છે. આચાર્ય મહારાજ તો એક ખૂણામાં બેઠા છે. બધા સાથે મળીને મુકામમાં આવે છે. આવનાર સાધુ ભગવંતો સાગરસૂરિને પૂછે છે કે અહીં કોઈ સાધુ મહારાજ આવ્યા છે ? હા, એક ડોસો આવ્યો છે. અરે ! એ ડોસો નહીં પણ આપણા બધાના ગુરૂ હોવા જોઈએ આવીને જૂએ છે. ગુરૂ મહારાજના પગમાં પડે છે, માફી માંગે છે. સાગરસૂરિ મહારાજ તો આ જોઈને દંગ જ થઈ ગયા.. અરર ! મેં તો જ્ઞાની ગુરૂની કેટલી આશાતના કરી... તેઓ પણ આચાર્ય ભગવંતના પગમાં પડે છે. માફી માંગે છે. આચાર્ય ભગવંત કેટલા સરળ છે ? કહે છે કે ભાઈ! તારી પાસે જ્ઞાન ઘણું છે, પ્રસિદ્ધિ પણ છે, આવડત પણ છે, પણ તારામાં એક ખામી છે. તું પ્રજ્ઞાને પચાવી શકયો નથી. તને જ્ઞાનનું-પ્રજ્ઞાનું અજીર્ણ થઈ ગયું છે. જ્ઞાન એ અહંકારને હણવા માટે છે જ્યારે તે તારા અહંકારને વધારનારું બન્યું છે.આચાર્ય ભગવંતે પ્રજ્ઞાને કેવી પચાવી હતી કે પોતાના શિષ્યના શિષ્યનું અપમાન પણ સહન કર્યું. આવા યુગપ્રધાનોથી આ શાસન ટકી રહ્યું છે.

આચાર્યપદની ઉપાસનાથી આપણા અજ્ઞાન રૂપી અંધારા ઉલેચાઈ જાય છે. તેઓ ઝળહળતી જ્યોત જેવા છે માટે અંદરના અંધકારને દૂર કરે છે. ઉપરાંત સિંહ-વાઘ-સર્પ જેવા ભયંકર પ્રાણીઓને પણ સ્થંભાવવાની શક્તિ આનો જાપ કરવાથી પેદા થાય છે.

## ધર્મ માત્ર વિધિ બની ગયો... !

પૂ. હીરસૂરિજી મહારાજના જીવનનો પ્રસંગ છે. સાધુવૃંદ સાથે વિહાર કરીને જઈ રહ્યા છે. રસ્તામાં કોઈ સાધુને સર્પ કરડયો. તેણે એકદમ ચીસ પાડી. સર્પ કરડયો... સર્પ કરડયો....હીરસૂરિજી મ. પાસે આવ્યા. જ્યાં સર્પે ડંખ માર્યો હતો ત્યાં હાથ ફેરવ્યો. અને કહ્યું કે ચલ ઉભો થા ! ચાલવા માંડ... સ્પર્શથી ઝેર ઉતરી ગયું. આ બધી સાધના માટે આત્મામાં ઉંડા ઉતરવું જોઈએ. ૧૦૮ નવકાર ગણી લીધા એટલે ફળ મળી જાય એમ નહીં... એમાં તન્મય બનવું જોઈએ. આપણી બધી ક્રિયાઓ ક્રિયાકાંડ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બની જાય છે. આપણે તો ધર્મની બધી વિધિઓ જ કર્યા કરીએ છીએ. સામાયિક એટલે બે ઘડી કટાસણા પર ઈરિયાવહીયં કરીને બેસવું પછી ભલેને મનમાં તો ગમે તેનું ધમસાણ ચાલતું હોય. વાસ્તવમાં સામાયિક એટલે સમતાની સાધના, સામાયિક કર્યા પછી જીવનમાં સમતા કેટલી આવી ? નહીં વાણીમાં સમતા, નહીં વિચારોમાં સમતા, એજ વાંધા-વચકા-ઝઘડા. ૧૦૦ સામાયિક કર્યા પણ મીંડા જેટલીએ જીવનમાં સમતા ન આવી. શ્રીપાલ મહારાજને પરણવા જતાયે સામાયિક હતું. કારણ કે તેમના ચિત્તમાં સમતા હતી. ધવલશેઠની દુર્જનતા પરાકાષ્ઠાએ પહોંચવા છતાં તેમના તરફ લેશમાત્ર પણ દ્વેષભાવ ન હતો. શ્રીપાલ મહારાજાની દરેક ક્રિયામાં સામાયિક જ હતું. ભલેને કટાસણું પાથરીને બે ઘડી બેઠા નહોતા, પણ તેમનું ચિત્ત સામાયિકમાં જ... સમતામાં જ રમતું હતું. માટે તો ધવલશેઠે સમુદ્રમાં નાખી દીધાપછી સિદ્ધચક્રના બળે તરીને કાંઠે આવ્યા ત્યારે પણ તેમના તરફ લેશમાત્ર દ્વેષ નહોતો. નિરાંતે ચંપાના વૃક્ષ નીચે સૂઈ જાય છે. ઉંઘ કયારે આવે ? માણસ નિશ્ચિંત હોય તો જ ને ! બબ્બે સ્ત્રીઓને અને અઢળક લક્ષ્મીને સમુદ્રમાં તરતી મૂકીને આવ્યા છે એનો લેશમાત્ર પણ રંજ તેમના દિલમાં નહોતો. શ્રીપાલના રાસમાંથી આ સાર જ ગ્રહણ કરવાનો છે. આરાધના સાથે ક્રિયા કરીએ તો એનું ફળ અલૌકિક પ્રાપ્ત થાય. આજે તો ઘણાના જીવનમાં પૂજા-દર્શન-સામાયિક પ્રતિક્રમણ આ બધી વિધિઓ જ છે. એ સાધના રૂપ બન્યા જ નથી. કેટલીક વાર દીક્ષા પણ એક વિધિ જ બની જાય છે સાધુ-સાધ્વીઓના જીવનમાંથી પણ સમતાનો લોપ થવા લાગે તો સંયમની ઈમારત ટકે કેવી રીતે ? કોઈપણ ક્રિયાના મૂળ સુધી પહોંચો. ફકત રૂઢિ પ્રમાણે કર્યા કરવાથી તેનું સંપૂર્ણ ફળ મળી નહીં શકે... ક્રિયામાં એકાગ્રતા લાવો... આજે આપણે નવપદની આરાધના એટલે નવ દિવસ આંબિલ કરવાના, કોઈ એક ધાનથી કરશે તો કોઈ એક દ્રવ્યથી કરશે. એનાથી આગળ વધીને નવપદની પૂજા ભણાવવાની અને એથી ય આગળ સિદ્ધચક્ર પૂજન.. બસ આટલામાં આપણને ઉત્કૃષ્ટ આરાધના કરી લીધાનો સંતોષ છે. પણ ના, આટલેથી જ સંતોષ નથી મેળવવાનો.. નવપદમાં રહેલ દરેક પદોના ગુણો સુધી પહોંચો.. એની આરાધનામાં તન્મય બનો...

*તરવાના ત્રણ સ્થાનો - પર્વાધિરાજ, મંત્રાધિરાજ, તીર્થાધિરાજ*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ચોથું પદ - નમો ઉવજ્ઝાયાળં

નવપદના નવ પદોમાં અરિહંત અને સિદ્ધ એ દેવ તત્ત્વ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ગુરુ તત્ત્વ છે. દેવ તત્ત્વ તો અમુક કાળે જ પ્રગટ થાય અને અમુક સમય સુધી જ રહે. તે સમયમાં જે જીવાત્માનો ઉદ્ધાર થયો તે થઈ ગયો પણ પછીના અસંખ્ય જીવાત્માનું શું ? ગુરુ તત્ત્વના બળથી જ એ જીવાત્મા તરી શકે છે. જેમ મા-બાપ વગરના છોકરાનું હિત થઈ શકતું નથી તેમ ગુરૂ તત્ત્વ વિના જીવાત્મા પાર ઉતરી શકતો નથી. શરીરના દોષોના ઈલાજો માટે ડોકટરની કે વૈદ્યની જરૂર પડે છે તેમ મનની વ્યાધિના ઈલાજો માટે ગુરૂની ખૂબ જ જરૂર છે. કામ, ક્રોધ, માન, માયા, લોભ, હિંસા, અસૂયા વગેરે મનની વ્યાધિઓ છે. તે ગુરૂ ભગવંત રૂપી ડોકટર દ્વારા જ દૂર થઈ શકે તેમ છે.

દેશ સ્વતંત્ર થયો કે તરત જ બુદ્ધિશાળી લોકોને ચૂંટી-ચૂંટીને ભેગા કર્યા અને દેશનું બંધારણ ઘડાયું. અહીં પણ તીર્થની સ્થાપના પછી તરત જ બંધારણ ઘડવામાં આવ્યું. તેને કહેવાય દ્વાદશાંગી. ભગવાને ત્રણ પદ આપ્યા. उप्पन्ने इ वा, धुव्वे इ वा, विगए इ वा । આ ત્રણ પદ પર ગણધર ભગવંતોએ દ્વાદશાંગી બનાવી. બંધારણને સાચવવાનું કામ ઉપાધ્યાય ભગવંતે કર્યું. આચાર્ય મહારાજ પણ જો કંઈ આડા-અવળા થાય તો ઉપાધ્યાય ભગવંત તરત જ તેમને પણ અટકાવી શકે. અહીં તો બધું બંધારણ પ્રમાણે ચાલે, તમારી ઈચ્છા પ્રમાણે ન ચાલે. બીજું ભણવું અને ભણાવવું એ કામ ઉપાધ્યાય ભગવંતનું રહેતું. પથ્થર પર અંકુરા ઉગાડવાએ કેટલું કઠિન કામ છે. ઉપાધ્યાય ભગવંત પથ્થર જેવા શિષ્યોમાં પણ વાત્સલ્યથી જ્ઞાનના અંકુરા ઉગાડે. આજે તમારા છોકરાને ભણાવવા માટે તમારે લાખો રૂપિયા ખરચવા પડે છે પણ અમારા ઉપાધ્યાય મહારાજ તો રાત-દિવસ ભણાવે પણ પગાર એકેય રૂપિયાનો નહીં. **ઉપાધ્યાય એટલે - જેની પાસે બેસીને ભણવામાં આવે તે.** તેમનો વર્ણ લીલો હોય છે. કારણ કે તે જ્ઞાનના અંકુરાને પ્રગટાવનારા છે. અંકુરા લીલા રંગના હોય છે ને ! લીલા રંગને જોઈને માણસ ઠરી જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગમે તેવો જડ શિષ્ય હોય પણ ઉપાધ્યાય ભગવાનની ઉપાસનાથી જ્ઞાની બને છે.

## પાંચમું પદ - નમો લોએ સવ્વસાહૂણં ।

એક રાજ્ય ચલાવવું હોય તો ય રાજા જોઈએ, મંત્રી જોઈએ, સેનાપતિ જોઈએ, સૈનિકો જોઈએ. જ્યારે આ તો આખું શાસન ચલાવવાનું છે. તેમાં શું ન જોઈએ ? અરિહંત પરમાત્માનું સ્થાન રાજાના સ્થાને છે. આચાર્ય ભગવંત મંત્રીના સ્થાને છે, ઉપાધ્યાય ભગવંત સેનાપતિના સ્થાને છે અને સાધુઓ સૈનિકો છે. આ બધાનો આધાર સૈનિકો પર છે. સેનાપતિ ગમે તેટલો મહાન યોધ્ધો હોય પણ સૈનિકો સિવાય એ શું કરી શકે ! આ શાસન સાધુ-સાધ્વીના લશ્કર પર ચાલે છે. દેશો-દેશ, ગામો-ગામ, ઘર-ઘર સુધી પહોંચી જાય છે માટે તો આ ધર્મ ગામો-ગામ ફરી વળ્યો છે. આખા શાસનનો ફેલાવો કરનાર સાધુ-સાધ્વીજી છે. અરિહંત ભગવાનના શાસનમાં સાધુ-સાધ્વીનો ખૂબ જ ફાળો છે. આ જગત સત્પુરુષોના પુન્યથી જ ટકી રહ્યું છે. જગતમાં પાપ ઘણું વધી ગયું છે છતાં દરિયો માઝા કેમ મૂકતો નથી ! કારણ કે તે વિચારે છે કે જો હું માઝા મુકીશ તો આ સત્પુરુષોનું શું થશે ? તેઓ પણ ડૂબી જશે. માટે તે માઝા મૂકતો નથી. જગત આખું જૈન સંઘથી જ શોભી રહ્યું છે. પગાર વિનાનાં, ઘરબાર છોડીને નીકળી પડેલા, ભૂખ-તરસ, માન-અપમાનને સહન કરનારા એવા મહાત્માઓથી જ આ શાસન ચાલી રહ્યું છે. જગતના કલ્યાણને માટે શાંતિનાથ, અરનાથ અને કુંથુનાથ જેવાએ તો ચક્રવર્તિપણું છોડી દીધું છે. મહાવીરસ્વામી ભગવાને ૧૨ વર્ષ સુધી તો ઘોર તપશ્ચર્યા કરી.

સાધુ પદની આરાધના કાળા રંગથી કરવાની છે. કારણે કે તેમનો વર્ણ કાળો હોય છે. તપસ્યા કરવાથી તેઓ શ્યામ વર્ણવાળા બની ગયા છે. કાળા રંગનું મહત્ત્વ ઘણું છે. કોઈ શાસન વિરોધીને ઉખેડીને ફેંકી દેવો હોય તો કાળા રંગથી ઉપાસના કરાય છે. તાંત્રિકો કાળા રંગની સાધનાથી ભલભલાનું ઉચ્ચાટન કરી નાખે છે. સામેના માણસને પરાસ્ત કરવા માટે આ રંગથી સાધના કરવામાં આવતી. અત્યારે તો ધાર્મિક અર્થ રહ્યો. તાંત્રિક અર્થ છૂટી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયો એટલે તો શાસનમાં ચારે બાજુથી હલ્લા આવે છે. ગોરજીઓની પાસે મંત્ર-તંત્ર, જ્યોતિષ, વિદ્યાઓ વગેરે હતું. ગોરજીઓ જતાંની સાથે બધું જ ખતમ થઈ ગયું. આવા સાધકોના કારણે લોકો પણ ડરતા હતા. સાધુપદનો દુહો આવે છે કે સાધુ કોને કહેવાય ?-

**"અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે,**
**સાધુ સુધા તે આત્મા, શું મુંડે શું લોચે રે."**

સાધુ સદાયે અપ્રમત્ત રહે. જેમ-તેમ કરીને આખો દહાડો પસાર કરનારો ન હોય. વળી ગમે તેવા ભક્તો આવે કે ગમે તેટલું માન-સન્માન મળે તો પણ જરાયે હરખ નહીં. આજની જેમ છાપામાં ન છપાવે કે ફલાણા મિનિસ્ટર મળવા આવ્યા હતા કે નાસિકના બેન્ડોથી ભવ્ય સામૈયું થયું હતું.તે સમજતો હોવો જોઈએ કે આ માન-સન્માન મને નથી મળતું પણ આ પ્રભુના વેશને છે. અજાણ્યા ગામમાં જઈ ચડયા હોય છતાં વેશને જોઈને ફટાફટ ઉપાશ્રય ખુલી જાય.. સાહેબ વહોરવા પધારજો.. સાહેબ પાણી તૈયાર છે... આ બધી આગતા-સ્વાગતા કોના બળ પર મળે છે ! તમે અજાણ્યા ગામમાં જઈ ઉભા રહો તો તમને કોઈ આવકારેય આપે ખરું ? ભલું હોય તો કોઈ પાણીનો પ્યાલો ન આપે. **'મહાવીરની પછેડી સવા લાખની'** છે. માટે જે કાંઈ માન-સન્માન મળે છે, તે મને નહીં પણ વેશને મળે છે, તેમ માની માનથી જરાયે ફૂલાય નહીં. તેમજ કદાચ કોઈ વખત ન પણ મળે.. તો પણ મનમાં જરાયે શોક ધારણ કરે નહીં. આવું તો તે ગામમાં ભવ્ય સામૈયું થયું અને મારા તો કોઈએ ભાવે ન પૂછયા. આવું વિચારીને મનમાં જરાયે દીનતા ન અનુભવે. આને કહેવાય સાધુ. જો આવો સાધુ ન હોય તો યશોવિજયજી મહારાજ કહે છે શું મુંડે ? શું લોચે રે ? માથું મુંડાવવાથી કાંઈ દહાડો વળવાનો નથી. પણ મન મુંડાવાનું છે.

## ગુરુ એ તત્ત્વ છે...

ગુરુએ માંસનો પીંડ નથી પણ તત્ત્વ છે. ગુરુ શબ્દએ મંત્રાક્ષર છે. **'ગુ' અક્ષર અંધકારવાચી છે.** અને **'રુ'એ અગ્નિવાચી છે.** શાસ્ત્રમાં બધા અક્ષરોને મંત્રાક્ષર કહ્યા છે. શબ્દએ સૃષ્ટિનું મૂળ છે. શબ્દમાં આખું જગત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાઈ જાય છે. કોઈ અક્ષર અગ્નિનું બીજ છે તો કોઈ પાણીનું બીજ છે. કોઈ વાયુનું બીજ છે. સાધના કરતાં આવડતું જોઈએ. પહેલાં તે-તે અક્ષરોની સાધના કરવાની હોય છે. અને પછી તેનો જાપ કરતાં જ અગ્નિની જરૂર હોય તો કાંઈ જ નહોય ને એકદમ અગ્નિ પ્રગટ થાય છે. પાણીના બીજની સાધના કરતાં કાંઈ જ નહોય અને એકદમ ખળખળ વહેતું પાણી નીકળી પડે છે. શબ્દનો કયારેય નાશ થતો નથી. માટે તો 'અક્ષર'નો અર્થ છે જે ખરે નહીં તે.

કલકત્તાનો એક ન્યાયાધીશ હતો. તેને આ વાત સાંભળવામાં આવી કે અક્ષર એ બીજ છે. તેને થયું કે ચીકુનું બીજ હોય, કેરીનું બીજ હોય, સફરજનનું બીજ હોય તે સમજી શકાય પણ બારખડીના અક્ષરો એ મંત્રબીજ છે. એ મગજમાં બેસતું નથી. કોઈ યોગી પાસે ગયા અને પોતાના મનની મુંઝવણ રજુ કરી. યોગીએ કહ્યું કે કાલે આવજો. યોગી સાધક હતો. બીજે દિવસે તેણે લાકડાનો મોટો ઢગલો કરાવ્યો, અને તેની સામે થોડે દૂર યોગી અને ન્યાયાધીશ બેઠા... દૂર બેઠા બેઠા જ યોગીએ 'ર' બીજનો ઉચ્ચારકર્યો. થોડીવારમાં જ લાકડામાંથી ધુમાડો પ્રગટ થયો અને તણખા ખરવા લાગ્યા. આગ ભભૂકી ઉઠી. ન્યાયાધીશના મનની મુંઝવણ દૂર થઈ. તેણે સાક્ષાત્ મંત્રાક્ષરનો પ્રભાવ જોયો છે. 'ગુરુ' શબ્દ એ આપણા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવે છે. જગતમાં દેવ તત્ત્વ કરતાં પણ ગુરુ તત્ત્વ મહાન છે. દેવ અને ધર્મને ઓળખાવનાર ગુરુ તત્ત્વ છે.

શાસ્ત્રકારો કહે છે કે આપણો આત્મા શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધ બસ પાંચ ઈન્દ્રિયોના વિષયમાં જ ગડાબૂડ ડૂબી ગયો છે. બસ આ પંચ પરમેષ્ઠિની સેવામાં જ રાત-દિવસ રચ્યો-પચ્યો રહે છે. સંસારમાં રખડાવનાર એવા આ પંચ પરમેષ્ઠિને જીતવા હોય તો અરિહંતાદિ આ પંચ પરમેષ્ઠિની ઉપાસના કરો.

## છુઠ્ઠું પદ - 'નમો દંસણસ્સ'

આઠે પદોની ઉત્પત્તિ સમ્યગ્દર્શનમાંથી જ થાય છે. સમકિત ન આવે તો અરિહંત થવાય જ કેમ ? ગમે તેવો જ્ઞાતા હોય કે વિદ્વાન હોય પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્ત્વ વિના એ નિગોદમાં ફેંકાઈ જાય છે. જ્ઞાન પણ પ્રમાણભૂત કયારે કહેવાય ? સમ્યગ્દર્શન હોય તો જ. સમ્યગ્દર્શન એટલે શુ ? **જિનેશ્વરની વાણીમાં, વચનમાં રુચિ એટલે શ્રદ્ધા તેનું નામ સમ્યગ્દર્શન.** જ્યાં રુચિ હોય ત્યાં જ વીર્યોલ્લાસ આવે. ખાવામાં રુચિ હોય તો ખાવામાં દોટ મૂકશે. **જ્યાં જેની રુચિ ત્યાં તેની દોટ.** સાંભળ્યુ ઘણું પણ જો રુચિ જ નહોય તો. થાળીમાં ઘેબર પીરસાયું પણ ખાવાની રુચિ જ નહોય તો તે આરોગવાની ઈચ્છા થાય ખરી, માટે શાસ્ત્રકારો કહે છે કે શ્રદ્ધા વિના બધું નકામું છે. ભલે એકવાર પણ જિનેશ્વરના તત્ત્વોમાં રુચિ પેદા થઈ ગઈ પછી ભલે ચાલી જાય તો પણ અર્ધપુદ્ગલ પરાવર્ત સંસાર તેનો ઓછો થઈ જાય. રુચિ એટલે બીજ. બીજ હોય તો વૃક્ષ ઉગી નીકળે. કાશીના પંડિતોએ જૈન શાસ્ત્રનો અભ્યાસ પણ કર્યો હોય અને ભણાવતાએ હોય. પણ લખેલું બોલી બતાવે. એમને જરાયે સ્પર્શે નહીં. ભણી-ભણીને પંડિત થવાથી હાથમાં કાંઈ નહીં આવે.

એક પંડિતને ત્યાં હું મળવા ગયો. ૮૫ વર્ષની ઉંમર. જૈન શાસ્ત્રોનો સારો એવો અભ્યાસ. પણ હવે નિવૃત્ત થયેલા. મેં પૂછયું કે હવે શું કરો છો? પંડિતજી બોલ્યા કે ટી.વી. જોઉં છું. છાપાં-મેંગેઝિન વાંચું છું. હું તો સાંભળીને આશ્ચર્ય જ પામ્યો. ત્યાં મારી સાથે રહેલા નાના સાધુએ પૂછયું કે ભગવાનનું નામ તો લો છો ને ! ના, સાહેબ હું નાસ્તિક છું. શું કહેવું ? આખી જીંદગી શાસ્ત્રો ભણ્યા અને ભણાવ્યા પણ જીવનમાં જરાયે સ્પર્શ જ નહી, પેલી કડછી જેવું થયું. દૂધપાકના કડાયામાં ફરતી કડછીને દૂધપાકનો સ્વાદ આવે ખરો! **આવા રિટાયર્ડ માણસ પણ સમ્યગ્ દર્શન વિના સંસારથી ટાયર્ડ થતા નથી** જ્યાં સુધી સમ્યગ્દર્શન નહીં આવે ત્યાં સુધી ભવભ્રમણ ચાલુ જ રહેવાનું. ચારિત્ર પણ ગમે તેટલું ઉંચુ હોય પણ સમકિત વગર તેનું સાચું ફળ મળી શકતું નથી.

## સમકિતના પ્રકારો

આત્મામાં રાગ-દ્વેષનો કચરો ભરેલો છે તેમાં જિનેશ્વર ભગવાનની વાણી રૂપી કતકચૂર્ણનો ભુક્કો નાખવામાં આવ તો કચરો બધો નીચે બેસી જાય. જેમ ડહોળાયેલા પાણીમાં કતકચૂર્ણનો ભૂકો નાખતાં કચરો બધો નીચે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેસી જાય છે. તેમ અહીંયા પણ સમ્યગ્દર્શનથી આત્મા નિર્મળ બને છે. એના ત્રણ પ્રકાર છે.કાંતો કચરો નીચે બેસી જાય. એટલે કે રાગ દ્વેષ ઉપશમી જાય. તેને કહેવાય **ઉપશમ સમકિત.** બીજું **ક્ષાયોપશમિક સમકિત** છે. રાગ-દ્વેષરૂપી કચરો નીચે બેસી ગયા પછી તેને હલાવેતો પાણી જેમ ડહોળાઈ જાય તેમ સમકિત ડહોળાઈ જાય છે. એટલે કે મિથ્યાત્વનો જરાક સંગ થયો કે માણસનું સમકિત ડહોળાઈ જાય. સમકિતને સ્થિર રાખવા સત્સંગ ખૂબ જ જરૂરી છે. મોટાભાગની વ્યક્તિઓને ક્ષયોપશમિક સમકિત જ હોય છે. આ સમકિત જીવનમાં અસંખ્યવાર આવે છે. સત્સંગ થાય ત્યાં સુધી સ્થિર રહે. મિથ્યાત્વી થતાં એ વાર ન લાગે. આવે ને ચાલ્યું જાય..ત્રીજું ક્ષાયિક સમકિત છે, જેમાં રાગ-દ્વેષ રૂપી કચરો હોય જ નહીં. આ સમકિત જીવનમાં એક જ વાર આવે છે, અને આવ્યા પછી કયારેય ચાલ્યું જતું જ નથી. રાગ દ્વેષનો કચરો જ નહોય પછી ડહોળાય જ કયાંથી ?

### સમકિતના આભૂષણો

સમ્યક્ત્વ પણ જો આભૂષણથી યુક્ત હોય તો જ શોભે. તેના પાંચ આભૂષણો મહત્ત્વના છે. - સમકિતના પાંચ આભૂષણો છે. ૧. **સ્થૈર્ય-સ્થિરતા**. ૨. **પ્રભાવના.** ૩. **પ્રભુભક્તિ** ૪. **જિનશાસનમાં કુશળતા**. ૫. **તીર્થસેવા.** ૧. સ્થિરતા- ભગવાનનો ધર્મ સમજ્યા પછી તેમાં સ્થિરતા હોવી જોઈએ. મોટા ભાગના જગતના જીવો અસ્થિર જ હોય છે. જ્યાં કોઈ બીજાનો સંસર્ગ થાય ત્યાં જ દોડી જાય છે. એને એમ થાય કે આ સાચું કે આ સાચું... શાસ્ત્રકારો કહે છે કે એમ ડામાડોળ ન બનો. એક જ ભગવાનના ધર્મ પર શ્રદ્ધા રાખો. આજે તો અનેક સંપ્રદાયો છે અને અનેક ગચ્છો છે અને અનેક માર્ગો છે. કેટલાક લોકો અસ્થિરતાના કારણે સાચો ધર્મ છોડીને જે-તે માર્ગે ચડી જાય છે. સામાન્ય માણસોની વાત જવા દો પણ ખુદ ભગવાનની પુત્રી પ્રિયદર્શના પણ ભગવાનનો પંથ છોડીને થોડા સમય માટે તો પોતાના પતિ જમાલીના પંથમાં ભળી ગઈ હતી. જમાલી કહેતો કે કોઈપણ કાર્ય સંપૂર્ણ થયા પછી સંપૂર્ણ થયું કહેવાય. ભગવાનનો મત હતો કે કાર્યની શરૂઆત થઈ કે કાર્ય કર્યું કહેવાય. આ પ્રિયદર્શનાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ ભગવાનના માર્ગમાં સ્થિર કરનાર એક કુંભાર હતો. એક વખત કોઈ કુંભારને ત્યાં પ્રિયદર્શનાનો મુકામ છે. કુંભાર ભગવાનનો ખાસ ભક્ત હતો. તેણે થયું કે ભગવાનની દીકરી ભગવાનનો પંથ છોડી દે એ કેમ ચાલે ? એટલે પ્રિયદર્શનાને સાચે માર્ગે લાવવા માટે પ્રિયદર્શના બેઠા હતા ત્યાં નિભાડામાંથી એક અંગારો લઈને તેમના સાડા પર ફેંકયો. સાડા પર અંગારો પડતા સાડો સળગવા લાગ્યો. પ્રિયદર્શનાએ તેને બુઝાવીને કુંભારને કહ્યું કુંભાર ! જરા સાવધાનીથી કામ કર. જો મારો સાડો બળી ગયો. કુંભારે તરત જ કહ્યું કે તમારા પતિના મતે તો સાડો સંપૂર્ણ બળી જાય તો જ બળ્યો કહેવાય. ભગવાનના મતે બરાબર છે. થોડો બળ્યો હોય તોય બળ્યો કહેવાય. પણ તમે તમારા પતિના મતે બોલો તો ન ચાલે. આ સાંભળીને આંખ ખૂલી ગઈ અને ભગવાનના માર્ગમાં આવી ગઈ. ધર્મમાં સ્થિર રહેવું તે સમકિતનું પહેલું આભૂષણ છે.

૨. **પ્રભાવના** :- માણસના જીવનનો પ્રભાવ પડવો જોઈએ. અહો ! આ માણસ કેવો ધર્મિષ્ઠ છે ? ધર્મથી તેનું આખું જીવન પલટાઈ ગયું ! અહો ! ધર્મનો કેવો અચિન્ત્ય પ્રભાવ છે. દાન, શીલ અને તપથી ધર્મની પ્રભાવના કરવી જોઈએ. આજે શાસનની પ્રભાવના ખાવા-પીવામાં અને બેન્ડવાજામાં સીમિત થઈ ગઈ છે. આ ઓચ્છવમાં કેવાં બેન્ડવાજા હતા ને કેવું ખાવાનું હતું ? તે જ બધા જુએ છે પણ ધર્મની પ્રભાવના કેવી થઈ તે તો કોઈ જોતું નથી.

## ભક્તિ ત્રણ પ્રકારની

૩. **પ્રભુભક્તિ** :- જિનેશ્વર તરફની ભક્તિ. રાગ-અનુરાગ હોય. ભક્તિ જ્યારે જીવનમાં પ્રગટ થાય છે. ત્યારે આપોઆપ જીવનમાં રંગ આવે છે. વ્યસનના નશાની જેમ ભક્તિના રસનો પણ એક નસો હોય છે. ભક્તિના ત્રણ પ્રકાર છે. ૧. પથ્થરની પૂતળી જેવી. ૨. ગાભાની (કપડાની) ઢીંગલી જેવી. ૩. સાકરની પૂતળી જેવી.

**૧. પથ્થરની પૂતળી જેવી** - પથ્થરની પૂતળીને પાણીમાં ડૂબાડી રાખો તો એમાં પાણીનો જરાયે પ્રવેશ થાય ખરો ? જે ભક્તિ પથ્થરની પૂતળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવી હોય એટલે કે હૃદયમાં જરાયે પ્રવેશ કરતી ન હોય. તે આપણા દુર્ગુણો દૂર શી રીતે કરે ? આજે પૂજનો જૂઓ, ભાવનાઓ જુઓ.. ઘણીવાર ભાડૂતી જ ભક્તિ હોય છે ! આવી ભક્તિથી શું ફાયદો?

**૨. ઢીંગલી જેવી** - કપડાની ઢીંગલીને પાણીમાં નાખો તો તે પાણીમાં સંપૂર્ણ ભીંજાઈ જાય. ભક્તિ પણ એવા પ્રકારની હોવી જોઈએ કે માણસ આર્દ્ર બની જાય. સ્વભાવમાં પરિવર્તન આવી જાય. દોષોનું ભાન થાય. ભક્તિરસમાં તરબોળ બની જાય.

**૩. સાકરની પૂતળી જેવી** - સાકરની પૂતળીને પાણીમાં નાખો તો સંપૂર્ણ ઓગળી જશે. તેમ ભક્ત પ્રભુની ભક્તિમાં સમાઈ જાય છે. આનંદઘનજી મહારાજે સ્તવનની ચોવીશી બનાવેલી તેમાં બાવીશમા ભગવાન શ્રી નેમિનાથનું સ્તવન બનાવતાં ભગવાનમાં એવા લીન થઈ ગયા કે જેમ રાજુલ નેમનાથમાં સમાઈ ગયા તેમ આનંદઘનજી મહારાજ ભગવાનમાં સમાઈ ગયાં. પછી બે સ્તવનો બીજા કોઈએ બનાવીને જોડી દીધા છે. મીરાં, નરસિંહ મહેતા, સંત કબીર વગેરેની ભક્તિ સાકરની પૂતળી જેવી હતી.

**"જબ લગ મેં તબ પ્રભુ નહીં, જબ પ્રભુ તબ નહીં મેં,**
**પ્રેમ ગલી અતિ સાંકડી, વામેં દો ન સમેં."**

બીજા નંબરની પૂજા હશે તો કયારેક ત્રીજા નંબરની પૂજા જીવનમાં આવશે. ભગવાન પરનું બહુમાન પ્રગટ થશે પછી જ સાચી ભક્તિ આવશે. સમકિતના બે આભૂષણો બાકી રહ્યાં તે આગળ જોઈશું.

*ગુરુવચનમાં જેને શ્રદ્ધા નથી એને સ્વપ્ને પણ સુખની સિદ્ધિ સાંપડતી નથી. ગુરુ શ્રદ્ધાએ મહાન વસ્તુ છે ત્રણ તત્ત્વમાં ગુરુતત્ત્વનું મહાત્મ્ય વધારે છે.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સમકિતનું ચોથું આભૂષણ

સિદ્ધચક્ર એક અણમોલ ચીજ છે. તેની ઉપાસના કરવાથી ને તે તે પદોનું ધ્યાન ધરવાથી તે પદ પ્રાપ્ત થાય છે. જીવનમાં બધા પદોને મેળવવા માટે માણસ પ્રયત્નશીલ બને છે પણ આ પદોને મેળવવા માટે તેનો પ્રયત્ન બહુ અલ્પ છે. એક વખત જો સાચું સમ્યગ્ દર્શન આવી જાય તો આ જીવન-મરણનો અંત આવે. સમ્યક્ત્વ પણ જો આભૂષણોથી યુક્ત હોય તો જ શોભે. **સમ્યક્ત્વનું ચોથું આભૂષણ છે જિનશાસનમાં કુશળતા** :- વેપારમાં જે માણસ કુશળ અને ચપળ હોય તે આગળ આવે છે તેમ જિનશાસનમાં કુશળતા હોવી જોઈએ. વેપારી પોતાના માલને ખપાવવા કેવી કુશળતાથી પોતાના માલની રજુઆત કરતો હોય છે. તેમ ધર્મની પણ એવી સરસ રજૂઆત કરે કે સામેની વ્યક્તિને એમ જ લાગે કે અહો ! આવો સુંદર, આવો અદ્‌ભુત જૈન ધર્મ છે ?

## નાસ્તિકને પાઠ ભણાવતો પ્રધાન

એક રાજા હતો. તેના દરબારમાં નાસ્તિકો અને આસ્તિકો બધાએ આવતા. તેમાં કોઈકે કહ્યું કે જૈનોના સાધુ એટલે કહેવું પડે ! સંસારના વિષયોથી અલિપ્ત રહીને મનના યોગ દ્વારા મુક્તિને સાધે છે. ત્યાં સભામાંથી કોઈ નાસ્તિક શેઠીયો બોલી ઉઠયો કે એ બની શકે જ નહીં. સાધુઓ શું આવા વિષયોથી અલિપ્ત રહી શકે ખરા ? રાજા પણ વિચારમાં પડી ગયો. પ્રધાન આસ્તિકવાદી અને ચતુર હતો. આ બન્નેને વાત ગળે ઉતારવા તેણે એક નાટક ગોઠવ્યું. રાજાના માણસોને ફોડી નાખીને રાજાનો કિંમતી હાર ચોરીને તેણે તે શ્રેષ્ઠિના ઘરમાં છૂપાવી દીધો. હવે રાજાને ખબર પડી કે હાર ખોવાયો છે. જાહેરાત કરી કે કોઈ હાર ચોરીને લઈ ગયા હોય તો પાછો આપી જાવ નહીંતર જેના ઘરમાંથી નીકળશે તેને દેહાંતદંડની સજા થશે. સૈનિકોએ ચારે બાજુ તપાસ કરી. પ્રધાને શ્રેષ્ઠિના ઘેર પણ તપાસ કરવા મોકલ્યા. પોતે જ ત્યાં છૂપાવ્યો હતો. અને પોતાના જ માણસોને તપાસ કરવા મોકલેલા એટલે હાર તરત જ પકડાઈ ગયો. શ્રેષ્ઠિને દેહાંતદંડની સજા ફટકારવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી. પ્રધાને કહ્યું કે જો તમે છલોછલ ભરેલી તેલની વાટકી લઈને તમારા ઘેરથી રાજ દરબારે આવો. તમારી સાથે લોકોનું મોટું ટોળું હશે. ઢોલ-નગારા વાગતા હશે પણ તેલની વાટકીમાંથી એક બિંદુ તેલ પણ જો નીચે પડશે તો તે જ વખતે તમારો શિરચ્છેદ થશે અને જો ટીંપુય તેલ નીચે પડયા વિના તમે રાજદરબારે આવી પહોંચશો તો તમારી સજા માફ. શ્રષ્ઠિએ વાતને સ્વીકારી લીધી. તેલની વાટકી લઈને ઘેરથી નીકળ્યા. કીડીની ચાલે ચાલતાં રાજ દરબારે આવી પહોંચ્યા. પેલો પ્રધાન પૂછે છે કે શેઠજી ! રસ્તામાં તમે શું જોયું ? શ્રેષ્ઠી કહે કે મેં તો તેલની વાટકી સિવાય કંઈ જોયું નથી. પ્રધાન કહે કે તમે તો એક જ મૃત્યુના ડરથી આટલા બધા ડરી ગયા. તો પછી સાધુઓ તો જન્મ-મરણની જંજાળથી ડરી ગયા છે. એક નહીં અનેક મૃત્યુનો ભય તેમને લાગ્યો છે તેથી તેઓ આ સંસારના વિષયોથી અલિપ્ત બનીને સાધના કરે છે. જેણે મૃત્યુનો ભય લાગ્યો છે તે જ આ સંસારના સ્વાદથી અલિપ્ત બને છે. તમે ગુન્હેગાર નહોતા પણ તમે સામે દલીલ કરી હતી ને કે સાધુઓ નિર્લેપ રહી શકે જ નહીં. માટે આ બધું કાવત્રું કરવામાં આવ્યું હતું. બધાએ જિનશાસનની અનુમોદના કરી.. આ પ્રમાણે જિનશાસનની પ્રભાવના કરવી જોઈએ.

**૫. તીર્થસેવા** :- તીર્થ બે પ્રકારે છે જંગમ તીર્થ અને સ્થાવર તીર્થ. જંગમ તીર્થ એટલે મહામુનિરાજોની સેવા કરવી. ભક્તિ કરવી અને સ્થાવરતીર્થ એટલે તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓને સ્પર્શવી. વળી દહેરાસર આદિનો વહીવટ વગેરે કરવો. તેનાથી પણ સંઘ વિશાળ બને. લોકો ધર્મમાં જોડાય.. આ બધી તીર્થ સેવા છે. આ પાંચ સમ્યક્ત્વની શોભામાં વધારો કરનારા તથા સમ્યક્ત્વને ઉજ્જળ બનાવનારાં છે માટે તેને આભૂષણો કહ્યા છે. જેમ આભૂષણો છે તેમ સમ્યક્ત્વને દૂષિત કરનારાં પાંચ દૂષણો પણ છે તેનાથી માણસે દૂર રહેવું જોઈએ.

## સમકિતનાં પાંચ દૂષણો

**૧. શંકા** - જિનમતમાં શંકા કરે. ભગવાને કહ્યું તે સાચું હશે કે નહીં?

**૨. કાંક્ષા** - બીજા ધર્મો માટેની ઈચ્છા કરવી. કોઈ જગ્યાએ મંત્ર-તંત્રાદિનો ચમત્કાર જોઈ તે-તે ધર્મમાં જોડાઈ જવાની ઈચ્છા કરવી. આજે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો આવું ઘણું છે. જ્યાં ચમત્કાર ત્યાં નમસ્કાર.

૩. **વિચિકિત્સા** - ધર્મ સંબંધી ફળનો સંદેહ. હું આ અનુષ્ઠાન કરું છું અથવા આ તપ-જપ કરું છું તેનું ફળ મને મળશે કે કેમ ?

૪. **મિથ્યાદૃષ્ટિની પ્રશંસા** - મિથ્યા ધર્મની અથવા ધર્મીની જાહેરમાં પ્રશંસા ન કરવી. કારણે કે તેનાથી જેને સત્યાસત્યનું ભાન નથી તેવા જીવો આ સન્માર્ગને છોડીને મિથ્યા ધર્મોમાં ફસાઈ જાય છે.

૫. **મિથ્યાત્વીનો પરિચય :-** મિથ્યાધર્મીઓનો ગાઢ પરિચય ન કરવો. આ વાત બધાને લાગુ પડતી નથી. જેઓ દેખાદેખીથી જ આ ધર્મને વળગી રહેલા છે તેવાઓને માટે છે. નાના કુમળા છોડને જ વાડની જરૂર હોય છે કાંઈ મોટા વૃક્ષોને વાડની જરૂર નથી. અજ્ઞાની જીવો સત્યમાર્ગથી ભ્રષ્ટ ન થઈ જાય, માટે મિથ્યાદૃષ્ટિઓનો પરિચય કરવો નહીં.

આ પાંચે સમ્યક્ત્વને દૂષિત કરતા હોવાથી તેને સમ્યક્ત્વનાં દૂષણો કહ્યાં છે. પંચ પરમેષ્ઠિ મળ્યા પછી તેમાં રુચિ થવી એજ મહત્ત્વની છે. જો પંચ પરમેષ્ઠિ પર આપણને વધારે રૂચિ છે તો સમજવું કે આપણી પાસે સમ્યગ્દર્શન છે. જ્યારે સાચું સમ્યગ્દર્શન થાય ત્યારે એને એવું લાગે કે અનંતા જન્મોમાં જે આંખ મને મળી નહોતી તેવી દિવ્ય આંખ મને મળી છે. ભગવાનનો માર્ગ આ દિવ્ય આંખ દ્વારા જ જોવા મળશે. ચર્મચક્ષુથી નહીં જોવાય. અને એ ચક્ષુ શાસ્ત્રોના અધ્યયન દ્વારા અને તેમાં શ્રદ્ધા દ્વારા જ મળે છે.અરિહંત પરમાત્માના મૂળમાં પણ સમ્યગ્દર્શન જ છે. સમકિત પ્રાપ્તિ થયા પછી જ તેમના ભવોની ગણતરી થાય છે. જ્ઞાન અને ચારિત્ર તેનું મૂળ છે.

## સાતમું પદ - 'નમો નાણસ્સ'

સમ્યગ્દર્શનના પાયા પર જ શાસનનો મહેલ ઉભો છે પણ તેના મૂળમાં તો જ્ઞાન જ છે. જ્ઞાન એ પ્રકાશ છે.જીવનમાં અનાદિકાળથી પથરાયેલા મોહના અંધારાને દૂર કરનાર છે. દશવૈકાલિકમાં આવે છે - **'પઢમં નાણં તઓ દયા.'** પ્રથમ જ્ઞાન અને પછી દયા. અજ્ઞાનીને શી ખબર પડે કે હિંસા શેમાં છે ને અહિંસા શેમાં છે ? હેય શું છે ને ઉપાદેય શું છે ? જ્ઞાન હોય તો જ ખ્યાલ આવે.

કોઈ મકાનમાં સોય ખોવાઈ ગઈ. હવે તેને શોધવી કેવી રીતે ? પણ જો સોય દોરામાં પરોવાયેલી હશે તો શોધતાં વાર લાગે ખરી ? તેમ આપણો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મા એ સોય છે તે સંસારના વિષયોમાં ખોવાઈ ગયો છે પણ તે જ્ઞાનરૂપી દોરો તેમાં પરોવાયેલો હશે તો તેને શોધતાં વાર નહીં લાગે.

**જ્ઞાનપદ બોલતું છે.** એના આધારે જ બીજા પદની મહત્તા છે. અરિહંત ભગવાનને કેવળજ્ઞાન થાય છે ત્યારે તે આગળ વધી શકે છે. જ્ઞાન ન હોત તો અરિહંત થાત શી રીતે ? **જ્ઞાન એ સંસાર સાગરની દીવાદાંડી છે.** અનંતા જન્મોના કર્મો માણસ સ્વાધ્યાય દ્વારા જ ખપાવે છે. મહાપુરુષો પણ જ્યારે સંસારની અસારતાને સમજયા ત્યારે નીકળ્યાને ! અજ્ઞાની માણસો કરોડો ભવો સુધી તપાદિ ક્રિયાઓ દ્વારા જે કર્મ ખપાવે છે તે કર્મ ત્રણ ગુપ્તિથી યુક્ત એવો જ્ઞાની એક શ્વાસોશ્વાસમાં ખપાવે છે.

પહેલાં આપણા બાપદાદા આટલા લાડવા ખાતા હતા કે આટલી રોટલી ખાતા હતા કે આટલું ઘી પચાવી શકતા હતા પણ આજે તો ફરસાણનો જ જમાનો આવ્યો છે. આ તો ભોજનની વાત થઈ તે જ પ્રમાણે જ્ઞાનમાં પહેલાંના શ્રાવકો અનેક શાસ્ત્રો સાંભળતા અને પચાવતાં. સાધુઓએ પણ સાવધ રહેવું પડતું. જે તે ફાસફુસ વ્યાખ્યાનમાં ન ચાલે. આગમો જ વાંચવામાં આવતા. શ્રાવકો બહુશ્રુત કહેવાતા. પણ આજે જેમ ભોજનમાં ફરસાણ આવી ગયું છે તેમ જ્ઞાન પણ ફાસફૂસ એટલે કે હસાહસની વાતો વાળું બની ગયું છે. આજે તત્ત્વજ્ઞાનીની વાતો ગમતી નથી પણ જ્યાં વ્યાખ્યાનમાં હસા-હસ હોય તેવું જ વ્યાખ્યાન વધારે ગમે છે. ભૂતકાળમાં શ્રુતજ્ઞાનથી પણ સાધુપુરુષો કેવળી કહેવાતા. **શ્રુતકેવળી.**

## આઠમું પદ - ચારિત્રપદ.

ચારિત્ર એ ક્રિયાપદ છે. જેમ ક્રિયાપદ વગરનું વાકય અધુરું છે તેમ ચારિત્ર પદ વગર બધા પદો અધૂરાં છે. એક વાક્યમાં કર્તા અને ક્રિયાપદ હોવાં જોઈએ. **અરિહંત-સિદ્ધ એ કર્તા છે.** દર્શન-જ્ઞાન અને તપ એ કરણ છે અને ચારિત્ર એ ક્રિયાપદ છે.

## રાગનો ત્યાગ અને ત્યાગનો રાગ

ચક્રવર્તિ જેવો ઋદ્ધિશાળી વ્યક્તિ પણ તણખલાની પેઠે છ ખંડની ઋદ્ધિને ત્યજીને ચારિત્ર માર્ગે નીકળી પડે છે, શા માટે ? **'ચારિત્ર વિણ નહીં મુક્તિ રે'** સંયમ વિના આ જીવનો ઉદ્ધાર નથી. સંયમ એટલે માત્ર વેશ બદલો એટલું જ નથી. પણ જીવનમાં ક્ષમા, મૃદુતા, સરળતા, નિર્લેપતા... આ બધા ગુણો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જરૂરી છે. સર્વ વ્યક્તિઓ કંઈ ચારિત્ર લેવાને સમર્થ હોતી નથી. પણ એની ચેતનામાં જો ભોગના રાગને બદલે ત્યાગનો રાગ હોય તો તે સાધુ કરતાં પણ ચડી જાય છે. શ્રીપાલ મહારાજ વગર ચારિત્રે પણ ઉંચા સ્થાને પહોંચે છે. કારણ તેમના ચિત્તમાં અરિહંતાદિ પ્રત્યેનો અવિહડ રાગ હતો.ત્યાગનો રાગ ઠાંસી-ઠાંસીને ભરેલો હતો. માટે તો સંયમ વગર પણ ઉચ્ચગતિ મેળવી લીધી. આપણે એટલો વિચાર કરવો જરૂરી છે કે આપણી ચેતનામાં કોણ બેઠું છે ? ઘરના, વૈભવના પદાર્થો કે પરમાત્મા ? મોટે ભાગે માણસોની ચેતનામાં સંસારના વૈભવો જ બેઠેલા છે. જેની તરફ રાગ હોય ત્યાં જ ચિત્ત ખેંચાય છે. નવકારવાળી ગણતાં-ગણતાં સંસારના પદાર્થોમાં ઉપયોગ કેમ ક્ષણે-ક્ષણે ચાલ્યો જાય છે ? સંસારના પદાર્થોની તરફ રાગ છે માટે. જો વીતરાગ તરફ રાગ હોય તો નવકારવાળી ગણતાં ચિત્ત કયાંય જાય નહીં. **જ્યાં રાગ ત્યાં ખેંચાણ.** શાસ્ત્રકારો કહે છે કે ચેતનામાં સિદ્ધચક્રના નવપદોનું સ્થાન બેસાડો. તમારું ભવભ્રમણ અટકી જશે. જો સંસારના પદાર્થોને સ્થાપશો તો ભવભ્રમણ વધી જશે. ભૂતકાળમાં અરિહંત પરમાત્મા વિચરતા હતા ત્યારે પણ અનંતા આત્માઓ તેમના દર્શનથી, ધ્યાનથી, વાણીથી વંચિત હતા. શા માટે ? તેમની ચેતનામાં અરિહંતની સ્થાપના નહોતી. સાધનામાંથી જ સિદ્ધિ મળતી હોય છે, પણ માણસ આજે પ્રસિદ્ધિમાં ભૂલો પડયો છે.

### ત્યાગનો પણ અહંકાર... !

કયારેક માણસને ત્યાગનો પણ અહંકાર આવી જાય છે. એક સાધુ હતા. સુખી ઘરના નબીરા હતા. એશ-આરામ, મોજ-મઝા, વૈભવ છોડીને દીક્ષા લીધી.. પણ દીક્ષા લીધા પછી મનમાં ત્યાગનો અહંકાર છે. તેમણે બીજા કોઈ સાધુને વાત-વાતમાં કહ્યું કે મેં તો આટલી બધી ઋદ્ધિને લાત મારીને મેં દીક્ષા લીધી છે. સામેના સાધુ ઠરેલ હતા. સાધક હતા. તેથી તે ધીમે રહીને બોલ્યા કે મહારાજ ! લાત તો મારી પણ લાત બરાબર વાગી લાગતી નથી. કારણ કે પહેલાં લક્ષ્મી હતી તેનો અહંકાર હતો અને હવે એના ત્યાગનો અહંકાર છે. પદાર્થનો ત્યાગ એ ત્યાગ નથી પણ તેના તરફના રાગનો ત્યાગ એ જ સાચો ત્યાગ છે. શ્રીપાલ પાસે અઢળક ઋદ્ધિ હતી છતાં તે ત્યાગી કરતાં યે ચડી ગયા. કારણ કે તેમનામાં રાગનો ત્યાગ હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નવમું પદ - નમો તવસ્સ।**

## તપના બે પ્રકાર

**સિદ્ધચક્રની ઉપાસના એટલે ચેતનાની ઉપાસના.** તમારી ચેતનામાં શું પડ્યું છે ? તપની ભાવના કે ભોજનની ભાવના. ચેતનામાંથી જ સંસાર ઉભો થાય છે. ને ચેતનામાંથી જ મોક્ષ ઉભો થાય છે. બન્નેનું જન્મસ્થાન એક છે પણ એક ભવભ્રમણનું કારણ છે જ્યારે એક ભવવિરામનું કારણ છે. ઉપવાસ કરવો અઘરો લાગે પરંતુ જેના ચિત્તમાં ઉપવાસ પ્રત્યે આકર્ષણ હોય તેને એમ થાય કે અરે ! ઉપવાસ કેવો સુંદર તપ છે. ખાવા-પીવાની કોઈ ઉપાધિ જ નહીં. આ શુદ્ધ વિચાર પણ ઉપવાસનું ફળ આપી શકે છે. ચારિત્ર દ્વારા આવતાં કર્મો અટકે છે પણ અંદર પડેલી વાસનાનું શું ? જ્ઞાની ભગવંતો કહે છે કે તપ દ્વારા તે વાસનાને બાળી શકાય છે. કર્મોરૂપી ઈંધનને બાળી નાખવા માટે તપ એ અગ્નિ છે. તપના બે પ્રકાર છે. ૧. બાહ્યતપ. ૨. અભ્યંતર તપ.

## બાહ્યતપના છ પ્રકારો

તેમાં બાહ્યતપના છ પ્રકાર છે. **૧. અણસણ ૨. ઉણોદરી. ૩. વૃત્તિ સંક્ષેપ. ૪. રસત્યાગ. ૫. કાયક્લેશ. ૬. સંલીનતા.**

**૧. અણસણ :-** અણસણ એટલે ખાવું નહીં. એકાસણું, ઉપવાસને પણ અણસણ કહેવાય અને જાવજ્જીવ ભોજનનો ત્યાગ કરે તેને પણ અણસણ કહેવાય. આ રીતે આ તપની આરાધના કરવાની છે. ભગવાન જાણે છે કે આ ભવમાં મારો મોક્ષ થવાનો છે છતાં પણ ભગવાન કેવી દુષ્કર તપની આરાધના કરે છે. સાડા બાર વર્ષ સુધી ભગવાને ભૂમિનો પણ સ્પર્શ કર્યો નથી અર્થાત્ બેસવાનું નહીં કે ઉંઘવાનું નહી. બસ ઉભા-ઉભા ધ્યાનમાં જ રહેવાનું. આવી ઘોર તપશ્ચર્યા ભગવાને કરી છે.

**૨. ઉણોદરી** - ચારે ઈન્દ્રિયોનો આધાર જીભ ઉપર છે. સંસારમાં સર્વ ક્લેશો જીભને આભારી છે. શરીરના રોગોમાં પણ મોટો ભાગ જીહ્વેન્દ્રિયનો છે. ચોવીશે કલાક માણસની ચક્કી ચાલુ છે. અણસણ ન થઈ શકે તેના માટે આ તપ બહુ ઉત્તમ છે. ઉણોદરીથી ઘણા રોગો અટકી જાય છે. આ તપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણું જ કઠિન છે. કારણ કે માણસની સામે ભાવતું ભોજન હોય ત્યારે તે ઠાંસી-ઠાંસીને જ ખાય છે. આ એક જ તપ આમ જોવા જઈએ તો ત્રણે ટાઈમ ખાવાનું છે છતાં યે તપ... તેને કરવામાં આવે તો શરીરના મોટાભાગના રોગો ખતમ થઈ જાય.

૩. **વૃત્તિસંક્ષેપ** - વૃત્તિઓનો સંક્ષેપ કરવો. ઓછા દ્રવ્યો વાપરવા. આજે તો જાત જાતની વાનગીઓ, જાત-જાતના ફ્રૂટો, જાત-જાતના શાકભાજી જોવા મળે છે. પણ જો ઘણી ચીજો પેટમાં જશે તો બધી ભેગી થઈને કજીયો કરશે. **અંદર ભેગી થઈને એ બધી લડે અને આપણને રડાવે.** એકદમ ઓછાં અને સાદાં દ્રવ્યો જ ઉત્તમ ભોજન છે. આજે તો ઘણી ચીજો એ વૈભવની નિશાની છે. કેટલીય જાતના અથાણાં ને કચુંબરો હોય.. કોઈ અવસરના દિવસે તો એક થાળી ૧૫૦ કે ૨૦૦ રૂપિયાની પડતી હોય છે. અરે ! હમણાં સાંભળ્યું કે એક ભાઈના લગ્નમાં ૪૦૦ રૂપિયાની એક થાળી હતી. ભોજન તો શરીરને નિભાવવા માટે છે જ્યારે આજે શરીરને ખતમ કરવા માટે બની ગયું છે. **'આહાર તેવો ઓડકાર !'** આહાર વિલાસી અને જીવન પણ વિલાસી.. જીંદગીની પાયમાલી..

૪. **રસત્યાગ** - આગળના તપમાં કહ્યું કે ચીજો ઓછી ખાવી. પણ ઓછી ચીજો યે બહુ રસકસવાળી નહીં ખાવાની. કોઈ એમ કહે કે હું બે જ ચીજ ખાઈશ પણ લાડવા ને દુધપાક, તો ન ચાલે. તેના માટે આ તપ બતાવ્યો છે. ઓછી ચીજો પણ બહુ રસકસવાળી નહીં, અતિ સ્નિગ્ધ આહાર. જીવને પ્રમાદી બનાવે છે. તમે અનુભવ્યું પણ હશે કે કોઈ જમણવારમાં ભારે પદાર્થો જમીને આવ્યા. પછી આંખો ઘેરાવા લાગે. આરામ કરવો જ પડે. આવું બને છે ને ! માટે ભગવાને કહ્યું કે અલ્પાહારને અલ્પ રસકસવાળો આહાર કરવો એ પણ તપનો જ પ્રકાર છે.

૫. **કાયક્લેશ** - ખાઈ-પીને બેસી નથી રહેવાનું. નહીંતર તો શરીર મેદવાળું બની જાય છે. આજના માણસોના અને એમાંય મોટેભાગે સ્ત્રીઓના શરીર કેવાં બેડોળ બની ગયાં છે. બસ બેઠાં-બેઠાં ખાવાનું અને માણસોને ઓર્ડર કરવાનો. પછી શરીરમાં ચરબી ભેગી ન થાય તો બીજું શું થાય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરને જરાયે શ્રમ ન પડવો જોઈએ. એક દાદરો પણ એમને ચઢવાનો નહીં. એના માટે લીફ્ટ્ તૈયાર હોય. શાસ્ત્રકારો કહે છે કે બીજો કોઈ શ્રમ ન હોય તો છેવટે દહેરાસરમાં જઈને ૧૦૦ ખમાસમણાં આપવા. કાયા પ્રમાદી બને એટલે મન તો પ્રમાદી બને જ અને પછી આળસુ મન વિકલ્પોના જાળાં ગૂંથીને કર્મો બાંધ્યા કરે. કાયક્લેશને પણ તપ ગણવામાં આવ્યો છે. પ્રતિક્રમણ વગેરેમાં ક્રિયાઓ ઉભા-ઉભા કરવી. અમારે લોચનું કષ્ટ હોય છે. આ બધું કાયક્લેશ છે.

**૬. સંલીનતા** - આપણું ચિત્ત બહાર જ ભટકી રહ્યું છે. તેને અંદર તરફ વાળીએ તો જ પરમાત્મા મળે. બહાર ભટકતા ચિત્તને અંદર વાળવું તે મોટું તપ છે. કાચબાનું ઉદાહરણ આવે છે. કાચબો પોતાના બધા અંગોને અંદર સંકોચી લે છે પછી તેના પરથી ગાડું પસાર થાય ને તો પણ કાચબાને વાંધો ન આવે. તેમ આપણે પણ આપણી પાંચે ઇન્દ્રિયોને સંકોચી લેવાની છે. પાંચે ઇન્દ્રિયો બહાર ભટકી રહી છે. તેને આ તપ દ્વારા અંદર વાળો. **पराणि खानि व्यतृणत् स्वयंभूः ।** વિધાતાએ પાંચે ઈન્દ્રિયોનો પ્રવાહ બહાર તરફ વાળ્યો છે. આંખ તો બહારનું જ જુએ છે ને એમાં આનંદ મેળવે છે. તેમ કાન બહારનું જ સાંભળે છે. અંદરથી ઉઠતા અવાજને દબાવી દે છે. જો આ બધી ઈન્દ્રિયોને અંદર તરફ વાળવામાં આવે તો ઘણા ક્લેશોમાંથી મુક્તિ મળી જાય. આ બધી વિટંબણાઓ ઈન્દ્રિયોના વિષયોને મેળવવા માટેની જ છે ને ! ઈન્દ્રિયો જેટલી ઉપયોગી છે તેટલી જ ખતરનાક છે. **બાહ્ય તપનો મુખ્ય સંબંધ જીહ્વા સાથે છે. જ્યારે અભ્યંતર તપનો મુખ્ય સંબંધ આત્મા સાથે છે.**

## અભ્યંતર તપના છ પ્રકારો

**૧. પ્રાયશ્ચિત્ત. ૨. વિનય. ૩. વૈયાવચ્ચ. ૪. સ્વાધ્યાય. ૫. ધ્યાન. ૬. વ્યુત્સર્ગ.**

**૧. પ્રાયશ્ચિત્ત** :- બહારનો તપ તો લોકોને દેખાય. તમે ઉપવાસ કરો કે એકાસણું કરો તેની લોકોને ખબર પડે પણ અભ્યંતરતપને તો વ્યક્તિ પોતે જ જાણે. **પ્રાયશ્ચિત એટલે પ્રાયે કરીને ચિત્ત શુદ્ધ કરે તે.** કોઈપણ પાપ કર્યા પછી તે પાપને ગુરુ પાસે જઈને કહેવું તે ઘણું દુષ્કર છે. પોતાની મેળે પોતાની ભૂલનો સ્વીકાર કરવા કોઈ તૈયાર થતું નથી. સ્વીકાર એજ મોટી બાબત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. પોતાના જ મુખે પોતાની ભૂલનો સ્વીકાર કરતાં માણસને અહં નડે છે. પ્રથમ તો તેને પોતાની ભૂલ દેખાતી જ નથી. ભૂલ દેખાવી અને તેનો સ્વીકાર કરવો ઘણું કઠિન છે. ચંડકોશિયો નાગ શેમાંથી બન્યો ? ઋષિના ભવમાં ભૂલની માફી ન માંગી તેમાં જ ને ! ભૂલ કેટલી નાનકડીને સજા કેટલી મોટી ! માટે તો કહેવાય છે કે **સ્વીકારમાં સુખ ઈન્કારમાં દુઃખ.**

૨. **વિનય :-** વિનયને આરાધવો ઘણો મુશ્કેલ છે. બધાને એમ જ છે કે **'હું કાંઈક છું'** આ સૂત્ર જ બધાના મગજમાં રમતું હોય છે. આ સૂત્રને દૂર કરવા માટે વિનય ખૂબ જ જરૂરી છે. મગજને પહેલાં ખાલી કરો પછી જુઓ અરિહંતાદિ નવપદોનો પ્રકાશ કેવો સંચરે છે ? વળી વિનય એટલે આઠે કર્મોનું વિનયન (દૂર કરવાનું કામ) કરે તે...

૩. **વૈયાવચ્ચ** - પ્રાયશ્ચિત કદાચ જીવનમાં આવે. અરે ! વિનય પણ આવે છતાં પોતાના શરીરને નમાવવું ખુબ જ દુષ્કર છે. **सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ।** યોગિઓને સાધના કરવી સુકર છે પણ સેવાધર્મ ખૂબ કઠિન છે. સાધનામાં તો મનને એકાગ્ર જ બનાવવાનું છે જ્યારે આમાં તો મનનો ભોગ આપવાનો છે. ઈચ્છાઓનો ભોગ આપવાનો છે. સેવા કયારેય નકામી જતી નથી. આ ગુણ અપ્રતિપાતિ છે. આ તપથી અનંતા જન્મોના કર્મો પણ ખતમ થઈ જાય છે. ઋષભદેવ ભગવાનના પૂર્વજન્મની વાત છે.

## બાહુબલિ બલ અક્ષયકીનો

પીઠ અને મહાપીઠ તથા બાહુ અને સુબાહુ નામના આ ચાર ઋષભદેવ ભગવાનના શિષ્યો હતા. પીઠ અને મહાપીઠ ભણવાનું જ કામ કરતા. ચૌદ પૂર્વધારી હતા. જ્યારે બાહુ-સુબાહુ બન્ને વૈયાવચ્ચનું કામ કરતાં, પાંચસો સાધુઓને ગોચરી-પાણી પૂરી પાડતા. તેમની પગચંપી વગેરે કરતાં. ભગવાન બાહુ-સુબાહુના કામની પ્રશંસા કરતા. આ પ્રશંસા પીઠ-મહાપીઠથી સહન ન થઈ. તેમણે મનમાં વિચાર્યું કે બધે કામ જ વહાલું છે. અમે રાત-દિવસ મગજની કસરત કર્યા કરીએ છીએ તો અમારી પ્રશંસા નથી કરતાં ને આ બન્નેની પ્રશંસા કરે છે. મનમાં એટલો વિચાર આવતાં જ પટકાયા. પહેલા ગુણઠાણે પહોંચી ગયા ને ત્યાં સ્ત્રીપણું બાંધ્યું. બન્ને કાળ કરીને બ્રાહ્મી- સુંદરી બન્યા. અને સાધુઓની વૈયાવચ્ચ કરનાર બાહુ-સુબાહુ કાળ કરીને ભરત-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાહુબલી બન્યા. પૂજાની ઢાળમાં આવે છે ને કે **'બાહુબલી બલ અક્ષય કીનો..'** વૈયાવચ્ચના ફળ સ્વરૂપે આ જન્મમાં અક્ષય બળ પ્રાપ્ત કર્યું. આમ-આ તપનું મહત્ત્વ ઘણું છે. એમાં શરીરને નમાવવું પડે છે.

**૪. સ્વાધ્યાય** - સ્વાધ્યાય એટલે સ્વનું અધ્યયન. માણસ પરનું અધ્યયન કરવામાં જ પડયો છે. સ્વાધ્યાય કરે તો પોતાના દોષો દેખાયને ? વળી સ્વાધ્યાયથી ખ્યાલ આવે કે આમ કરવાથી આમ થાય. તેનાથી ખોવાયેલો આત્મા, પડેલો આત્મા ઉંચે આવે છે. પ્રાયશ્ચિત કરવાથી આ ફળ મળે. વિનય કરવાથી આમ થાય. વૈયાવચ્ચ કરવાથી આ લાભ થાય. આ બધું સમજાવે કોણ ? સ્વાધ્યાય જ ને ! પરમાત્મા સુધી પહોંચાડે કોણ ? પહેલાના પુરુષો પોતાના લાખો વર્ષના આયુષ્યને સ્વાધ્યાયના બળે જ વીતાવતા. આજે તો આપણે આ ૨૫-૫૦ વર્ષ વીતાવવા હોય તોય મહેનત પડે છે. કારણ કે સ્વાધ્યાય લુપ્ત પ્રાય બની ગયો છે અથવા ઘણો ઘટી ગયો છે. હા, વાતોનો સ્વાધ્યાય આવી ગયો છે. છાપાનો કે મેગેઝીનનો સ્વાધ્યાય કરી-કરીને આપણા હૃદય પણ પથ્થર જેવાં બની ગયા છે. પહેલાં તો એક વ્યક્તિનું મૃત્યુ સાંભળીએ ને તોય ચોંકી ઉઠતા. જ્યારે આજે છાપામાં કેટલાયના મૃત્યુ વાંચીએ છીએ છતાં એક હાથમાં ચાનો કપ ને બીજા હાથમાં છાપું. મનમાં જરાયે અરેરાટી તો નહીં પણ ટેસથી ચાનો ઘુંટડો ઉતારતા હોય.. જરાયે દિલને આંચકો લાગે નહિં. **સાધુ માટે તો સ્વાધ્યાય એ મોટો ખોરાક છે.** તપ ઓછો હશે તો ચાલશે પણ સ્વાધ્યાય જોઈએ. સ્વાધ્યાય એટલે માત્ર ગાથાઓ ગોખીને કંઠસ્થ કરવી એટલું જ નહીં તેના અર્થમાં રમણતા હોવી એ સાચો સ્વાધ્યાય છે. ચિંતન-મનન.. નિદિધ્યાસન એ સ્વાધ્યાયનું ફળ છે.

જૈનોનો તપ ઉત્તમ કોટિનો છે. છે ક્યાંય આવો તપ ? બીજા એક ઉપવાસ કરશે ને તોય ગા-ગા કરશે કે આજે તો મારે ઉપવાસ છે. એક રાત ભૂખ્યા રહ્યા હોય ને તોય સવારે શું કહેશે કે બ્રેક ફાસ્ટ કરવાનો છે. ઉપવાસનું પારણું કરીએ છીએ. જૈન દર્શનની આ વિશેષતા છે. ભગવાન મહાવીરે આપણને કેવો ઉત્તમમાં ઉત્તમ તપ આપ્યો છે !

*સાકરનું પાણી પિત્ત બેસાડે, જીનવાણી પિત્તો બેસાડે...*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સિદ્ધચક્રનું ધ્યાન

મહાપુરુષો કહે છે કે ૮૪ લાખ યોનિરૂપીભયંકર અટવીને પાર કરતાં... કરતાં.. મહાપુન્યના ઉદયે માનવજન્મને પામ્યા, પણ હજુ એક મોટી અટવી પસાર કરવાની બાકી છે. તે છે વૃત્તિઓની, વિકારોની અને વિચારોની.. આ અટવીને પાર કરવા માટે ભગવાનનો સથવારો જોઈશે. ચોરાશી લાખ યોનિના સંસ્કારને બાળવા માટે તપ રૂપી અગ્નિ જ કામ આવે છે. ચેતનાની અંદર ભરેલા વૈભવવિલાસના પદાર્થોને દૂર કરી ત્યાં નવપદની સ્થાપના કરો. આપણે તપના અભ્યંતર પ્રકારોને જોઈ રહ્યા છે. **પાંચમો પ્રકાર છે ધ્યાન :-** સિદ્ધચક્રનું ધ્યાન. આપણી ચેતનામાં સિદ્ધચક્રને બદલે વિલાસનું ચક્ર ગોઠવાયેલું છે. ભગવાનને બદલે ભોગવાન જ બેઠેલા છે. થોડીવાર નવકારવાળી ગણવી હોય ત્યાં સુધી ચેતનામાં રહેલા સંસારના પદાર્થોને ખસેડી આપણે અરિહંતાદિ લાવીએ છીએ. પણ જ્યાં ધ્યાન પુરું થયું કે ઓટોમેટિક અરિહંતાદિ ચાલ્યા જાય છે અને સંસારના પદાર્થો પાછા આવીને ભરાઈ જાય છે. સંસારના પદાર્થોને ચિત્તમાંથી ખસેડતાં ખૂબ મહેનત પડે છે. હા, એને લાવવા માટે જરાયે મહેનત પડતી નથી. એની મેળાએજ આવીને ઉભા રહી જાય છે. કારણ કે આપણને સંસારના પદાર્થોમાં અતિશય રાગ છે. આપણું ધ્યાન પણ એકજાતની કસરત જ બની જાય છે. શ્વાસોને જોવા ને લેવા. એક માનસિક કસરત સિવાય બીજું કાંઈ હાથમાં આવતું નથી. ભગવાનના ધ્યાનને શ્વાસોશ્વાસમય બનાવવાની જરૂર છે. આપણને ખબર પણ ન હોય અને આપણા શ્વાસમાં અરિહંતનું સ્મરણ ચાલતું હોય. આને અજપાજપ કહેવામાં આવે છે. જ્યારે જાપ આવો અજપા બનશે ત્યારે વાસ્તવિક આનંદ પ્રાપ્ત થશે. અને સહજતાથી જ સમાધિ લાગી જશે.

અનુષ્ઠાનો બધાં ચેતનાને બદલવા માટે છે. પાંચે ઈન્દ્રિયોને પોષણ આપવા માટે જીહ્વેન્દ્રિય જ કામ કરે છે. પહેલાં બાહ્યતપથી જીભને કાબૂમાં લેવાની છે. જીભ કાબૂમાં આવશે એટલે ચારે ઈન્દ્રિયો શાંત પડી જશે. પછી સંલીનતા દ્વારા પાંચે ઈન્દ્રિયોને અંદર તરફ વાળવાની છે. સ્વાધ્યાય દ્વારા જીવનું ઉત્થાન થશે. આજે તો આ માનવદેહનું મૂલ્ય કેટલું ? કોઈ એકસીડન્ટમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મરી ગયા.. વિમો ઉતરાવેલો હોય તો બે-પાંચ લાખ મળે અથવા તો સરકાર તરફથી પાંચ-પચ્ચીસ હજારની મદદ મળે.. બધો ઉહોપોહ શાંત... પણ શાસ્ત્રકારો કહે છે કે આ જન્મ તો મહાકિંમતી છે. એની કિંમત તો કોઈ આંકી શકે જ નહીં.

૬. **વ્યુત્સર્ગ** :- વૈભવી પદાર્થોનો સંક્ષેપ. આહારનો તપ પહેલાં કહી ગયા હવે **વ્યુત્સર્ગ એટલે ઉપકરણોનો તપ**. ઓછામાં ઓછાં વસ્ત્રો, અલંકારો, ફર્નિચરો રાખો. આજે આ તપ બિલકુલ લુપ્ત થઈ જવાના કારણે ઉદારતા આવતી નથી. **પૈસો અને વાત જીરવી શકાતાં નથી.** આ બન્નેને જીરવવાનું કામ ખૂબ જ અઘરું છે. કોઈની વાત સાંભળી કે આપણને ચટપટી લાગે કે કયારે હું કોઈને કહી દઉં ! પૈસો પણ તેવી જ ચીજ છે. એ આવે કે કાં તો બંગલાની શોભામાં કાં તો તનની શોભામાં ગમે ત્યાં નાંખ્યે જ છૂટકો. પણ જો ભોગો કાબૂમાં આવી જાય તો એ બધો પૈસો દીન દુઃખીમાં ખર્ચી શકીએ. વ્યુત્સર્ગ શું કામ કરે છે તે પર એક કથા આવે છે.

## એકના પુણ્યથી અનેક બચી ગયા....!

કમલપુર નામના નગરમાં કમલસેન નામનો એક રાજા હતો. તે નગરમાં એક નિમિત્તિયો આવ્યો. જૂના જમાનામાં નિમિત્તિયાઓ ઘણા રહેતા. એમની સાધના પણ જબરી રહેતી. બધું કાંઈ ચોપડીમાં લખેલું ન હોય. કોઈ મંત્રની સાધના દ્વારા તો કોઈ ગુરુની આરાધના દ્વારા સચોટ જ્ઞાન પ્રાપ્ત કરતા. વૈદ્યો પણ એવા હતા કે તમારી નાડી જોઈને જ કહી દે કે તમે શું ખાધું છે ? કેટલાક તો ચહેરા પરથી જ રોગ પારખી લે.. આ બધી સાધનાઓ અત્યારે સાવ લુપ્ત બની ગઈ છે. નિમિત્તિયાઓ જે કાંઈ કહે તે ખોટું પડે જ નહીં. એવું સચોટ જ્ઞાન પ્રાપ્ત કરેલું હતું. રાજસભામાં નિમિત્તિયો આવે છે. રાજાએ તો સ્વાભાવિક જ પૂછયું કે બોલો તમારા જ્ઞાનમાં હમણાં શું જણાય છે ? નિમિત્તિયાએ જ્ઞાનના બળથી કહ્યું કે ૧૨ વર્ષનો ભયંકર દુકાળ પડશે. તમારે જે બંદોબસ્ત કરવો હોય તે કરી લેજો. આ સાંભળીને રાજા ચિંતાતુર બની ગયો. પ્રજાને બાર-બાર વર્ષ સુધી બચાવવી કેવી રીતે ? બધા ઉદાસ બની ગયા. સંગ્રહ પણ કેટલો કરી શકાય? અન્ન-પાણી કેટલાં સંઘરવા.. તો શું કાંઈ દેશ છોડીને ચાલી નીકળવું ? એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ ક્યાં શક્ય છે ? જામેલો ધંધો-ઘર બાર વગેરે છોડીને જવું કાંઈ સહેલું છે. ચોમાસું નજીક આવવા માંડયું. આકાશમાંથી આગ વરસી રહી છે. રાજાને થયું કે નિમિત્તિયાની વાત સાચી પડશે એમ લાગે છે. બધા ચિંતામાં છે કોઈને કાંઈ સૂઝતું નથી. અષાઢ મહિનો ઉતરવા આવ્યો. ત્યાં એક દિવસ આકાશમાં એક વાદળું દેખાયું. જોત-જોતામાં વાદળું મોટું થઈ ગયું. અને થોડીવારમાં તો અનરાધાર વર્ષા શરૂ થઈ. પૃથ્વી જળબંબાકાર બની ગઈ. એટલી બધી વૃષ્ટિ થઈ કે એક જ વૃષ્ટિમાં લોકો ધરાઈ ગયા. લોકો વિચારમાં પડયા. નિમિત્તિયાનું વચન કયારેય ખોટું પડે જ નહીં. નિમિત્તિયાને બોલાવ્યો. તેને પૂછયું કે તારું જ્ઞાન ખોટું પડતું નથી આ વખતે આમ કેમ ? તે પણ કહે છે કે રાજન્ ! મારા જ્ઞાન પ્રમાણે ગ્રહોની દશા જોઈને કહું છું કે આ વૃષ્ટિ શકય જ નથી. હું પણ સમજી શકતો નથી. આ કોઈ ચમત્કાર લાગે છે.

## પ્રશ્નનું નિરાકરણ

હવે થોડા વખતમાં તે નગરમાં યુગન્ધર નામના જ્ઞાની ગુરુ મહારાજ પધાર્યા છે. રાજા અને પ્રજા બધા આચાર્ય ભગવાનની દેશના સાંભળવા ગયા છે. દેશનાને અન્તે રાજા પૂછે છે કે ભગવન્ ! એક પ્રશ્ન ઘણા વખતથી મનમાં ઘોળાઈ રહ્યો છે. આપ એનું નિરાકરણ કરો.. અમારા નિમિત્તિયાનું નિમિત્તજ્ઞાન કયારેય ખોટું પડયું નથી. પણ આ વખતે કેમ ખોટું પડયું ? ગુરુ મહારાજ કહે છે નિમિત્તિયાનું જ્ઞાન સાચું છે પણ તારા નગરમાં એક મહાપુણ્યવાન વ્યક્તિનો જન્મ થયો છે. પુણ્ય પોતે જ જાણે દેહ ધારણ કરીને ન આવ્યું હોય ! તેના પ્રભાવથી તારા આખા દેશમાંથી દુષ્કાળ નીકળી ગયો છે. રાજા આશ્ચર્ય પામ્યો. તેણે ગુરુમહારાજને પૂછયું કે ભગવન્ ! એવું તે કેટલું પુણ્ય તેણે બાંધ્યું હશે કે જેનાથી આવડી મોટી આફત ટળી ગઈ ? એ પુણ્ય તેણે બાંધ્યું કેવી રીતે ? ગુરુ મહારાજ કહે છે કે સાંભળ....

## પુણ્ય બાંધ્યું શેમાંથી ?

એક નગરમાં એક છોકરો હતો. તેના મા-બાપ મરી ગયા હતા. મા-બાપ વિનાનો અથડાતો કૂટાતો ભીખ માંગીને પોતાનું પેટ ભરતો હતો. ભીખમાં જે-તે ખાવાથી તેના શરીરમાં કોઢ વ્યાપી ગયો. કોઢ એ ચેપી રોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણાતો.. એટલે બધા તેને ધિક્કારવા માંડયા.. બિચારો જાય પણ ક્યાં ? એવામાં તેણે સાધુ મહાત્માને જોયા. તેને લાગ્યું કે આ મારી વાત સાંભળશે તેથી તેણે સાધુ મહારાજને કહ્યું કે ભગવન્ ! મારી ઉપર ઉપકાર કરો. મને લોકો બધા તિરસ્કારે છે. કોઈ આંગણે ઉભો ય રહેવા દેતું નથી. રોટલો પણ આપતું નથી. ભગવન્ ! કંઈક ઔષધિ બતાવો તો મારો રોગ મટે. જગતમાં સાધુ-સંતો જ એવા છે કે જેઓ દુઃખીયાની દુઃખની વાતો સાંભળે છે ને તેની સંભાળ લે છે. બાકી સુખી વર્ગ તો પોતાના સુખમાં ડૂબેલો છે. તેને તો દુઃખીના દુઃખની કલ્પના પણ આવતી નથી. સાધુ મહારાજ કહે જો તારે રોગમાંથી મુક્ત બનવું હોય તો પહેલાં તું વિરતીમાં આવી જા. પછી ખાવા પર પૂરતો સંયમ રાખ. તો જ આ રોગ મટે... આ પણ રોગથી ખૂબ ત્રાસી ગયો હતો. તેથી વિરતીમાં એટલે કે પચ્ચખાણમાં આવવા તૈયાર થઈ ગયો. તેણે સાધુ મહારાજ પાસે નિયમ લીધો એક અનાજ, એક વિગઈ. એકવાર ભોજન અને પાણી આ ચાર સિવાય બીજા બધા પદાર્થોનો ત્યાગ. એટલે ખાવા પર સંયમ આવતા જ ધીમે-ધીમે શરીર નીરોગી બનવા માંડયું. આજે પણ એવા કિસ્સાઓ જોવા મળે છે કોઈ કેન્સર જેવો ભયંકર વ્યાધિ લાગુ પડયો હોય.. માણસને એમ થાય કે આમે હવે કેન્સલ જ થવાનું છે તો શા માટે તક સાધી ન લેવી ? કોઈ મહાત્માઓ આવો જીવલેણ વ્યાધિ લાગુ પડતાં ઉપવાસ પર ઉતરી જાય છે. એટલે કે અણસણ સ્વીકારી લે છે. અને પછી ખાવાનું બંધ થતાં જ અંદરના જીવાણુઓ પણ પોષણ નહીં મળતા તે ખતમ થવા માંડે છે અને તબિયત સુધરવા માંડે છે. જીવલેણ વ્યાધિ પણ મટી જાય છે. કહેવાય છે કે लङ्घनम् परमौषधम् । **ઉપવાસ એ મોટામાં મોટી દવા છે.** પેલા છોકરાને તબિયત સુધરતાં પેલા સાધુ મહારાજ પર પણ ખૂબ અહોભાવ ઉત્પન્ન થયો. અને ધર્મ પર પણ સદ્ભાવ થયો. હવે તે નીરોગી થવા લાગ્યો પૈસા આવવા માંડયા. દ્રવ્યો તો તેને ચાર જ ખાવાના હતા, તેથી પૈસા વધવા માંડયા. પૈસામાંથી તેણે હવે વેપાર શરૂ કર્યો. ભીખ માંગવાનું છોડી દીધું. આ તો નસીબ કહેવાય. કયારે ખીલે ને કયારે કરમાય? તે કહી શકાય નહીં. આ છોકરાનો પણ ધંધો વધતાં-વધતાં લખપતિ નહીં પણ કરોડપતિ બની ગયો. મોટો શેઠ બની ગયો. પોતાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃત્તિ સંક્ષેપ છે. નિયમ છે માટે પૈસો વપરાય શેમાં ? તેથી તેણે પોતાના પૈસાનો સદ્વ્યય કરવાનું નક્કી કર્યું. દીન-દુઃખીયામાં તે ખૂબ ખરચવા લાગ્યો. એમાં વળી દુષ્કાળ જેવો વખત આવતાં તો તેણે પોતાના દ્વાર ખુલ્લાં મૂકી દીધાં. સાધુ-સંતોની પણ ખૂબ ઉલ્લાસથી ભક્તિ કરે છે. આ બધાથી તેણે મહાપુન્ય ઉપાર્જન કર્યું. ત્યાંથી મરીને તે દેવલોકમાં જાય છે. ત્યાં પણ દેવલોકના સુખોમાં નહીં લપેટાતા એક જ ભાવના છે કે ભગવાન મને તારું શાસન મળે. ઉત્તમ સંસ્કારી કુળમાં મારો જન્મ થાય. આવી ઉચ્ચ ભાવનામાં ત્યાંથી ચ્યવીને રાજન્ તારા નગરમાં એક શેઠને ત્યાં તેનો જન્મ થયો છે અને તે મહાપુણ્યશાળીના પ્રભાવથી તારી નગરી બચી ગઈ. દેશના પુરી થઈ. રાજા પરિવાર સાથે શેઠના ઘેર જાય છે. પારણામાંથી પુત્રને હાથમાં લઈને કહે છે કે હે જગતના આધાર ! દુર્ભિક્ષભંજન ! તને મારા નમસ્કાર હો. ખરેખર ! આ રાજ્યનો સાચો રાજા તો તું જ છે. તેનું **'ધર્મનૃપ'** એવું નામ પાડે છે. રાજ્યાભિષેક કરે છે. તેના પુન્યના પ્રભાવથી આખું રાજ્ય રોગ વગેરેમાંથી મુક્ત બને છે. છેવટે રાજ્ય છોડીને તે દીક્ષા લે છે તે જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જાય છે. જુઓ ! વ્યુત્સર્ગે કેવું કામ કર્યું. આજે આપણા જીવનમાં વ્યુત્સર્ગ છે જ નહીં. નહીં ખાવામાં કે નહીં વસ્ત્ર પાત્રમાં.. જે આવે તે નાખો પેટમાં.. અને જે આવે તે નાખો પટારામાં. **શરીરને અને મનને નિરોગી રાખવાની તપ એ અમોઘ દવા છે.**

### ચરકઋષિની પરીક્ષા

ચરકસંહિતા એ આયુર્વેદનો મહાનમાં મહાન ગ્રંથ છે. ચરક નામના ઋષિએ જ તે બનાવેલો છે. ચરક પ્રમાણભૂત છે કે નહીં તે જાણવા માટે એકવાર આયુર્વેદના દેવે પક્ષીનું રૂપ લઈને ચરકની પરીક્ષા કરી. ચરક જ્યાં બેઠા હતા ત્યાં આવીને પક્ષી બોલ્યું કે कोऽरुक् - કોણ નીરોગી ? ચરકે જવાબ આપ્યો हितभुक्- જે પથ્ય ખાતો હોય તે. બીજી વાર પક્ષી બોલ્યું કે कोऽरुक्। કોણ નીરોગી ? ચરકે કહ્યું કે मितभुक् । પરિમિત ખાનારો. ભૂખ વગર ખાધે રાખનારો ન હોય.. આજે તો ભૂખ હોય કે ન હોય.. પણ કંઈક સંસ્કારો કરીને ફરસાણો તૈયાર કરશે. એટલે લોલુપતાથી પણ માણસ ખાવા બેસે.. પક્ષી ત્રીજીવાર બોલ્યું कोऽरुक् ચરકે જવાબ આપ્યો अशाक भुक् - શાક ખાનારો ન હોય તે. આ ત્રણ શરતને પાળનારો નીરોગી રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગતના કલ્યાણને માટે ભગવાને કરુણાથી આપણને ધર્મનો મંગલમય માર્ગ બતાવ્યો છે. સિદ્ધચક્રનું જેમ મહત્ત્વ છે તેમ સિદ્ધચક્રનું ધ્યાન કરનાર, ઉપાસના કરનાર શ્રીપાલ મહારાજાનું પણ એટલું જ મહત્ત્વ છે. કારણ કે શ્રીપાલ પાત્ર હતા. પાત્ર વિના ધર્મ આવી શકે નહીં. આપણે ધર્મ મેળવવો હશે તો પાત્ર બનવું પડશે. જેમ બીજનું મહત્ત્વ છે તેમ જમીનનું પણ એટલું જ મહત્ત્વ છે. પથ્થર પર બીજ નાખવામાં આવે તો ઉગે ખરું ? યોગ્ય જમીનમાં જ બીજ ઉગી શકે છે. વરસાદનું પાણી સરખું જ હોય છે પણ સ્વાતિ નક્ષત્રમાં છીપલીમાં પડેલું પાણી મોતી બને છે. પાણી માટે છીપલી એ પાત્ર છે. સિદ્ધચક્રની આરાધના માટે શ્રીપાલ મહારાજા પાત્ર બન્યા ત્યારે જ આ સિદ્ધચક્રનું મહત્ત્વ દુનિયાને સમજાણું. પણ આપણે ધર્મને જ વળગીએ છીએ. પાત્ર બનવાની કયારેય કોશિષ જ નથી કરતા. પાત્ર બનવા માટે માણસે મહાન બનવું પડે છે. સજ્જન બનવું પડે છે.

૧૦૦ કે ૧૦૦૦ની નોટ નાના છોકરાના હાથમાં આપવામાં આવે અને કોઈ મોટી વ્યક્તિના હાથમાં આપવામાં આવે. બન્ને વચ્ચે કેટલો ફરક પડે ? નાના છોકરાના હાથમાં નોટ એ એક કાગળિયાનો ટુકડો છે. છે એને કોઈ કિંમત ? અને તમારે મન એ નોટનું કેટલું છે ? કારણ કે તમને એની કિંમત સમજાઈ ચૂકી છે. તેમ નવપદની કિંમત જેને સમજાય તે જ સાચા અર્થમાં આરાધી શકે.

## ત્રણ-ત્રણ જન્મોને સુધારનારો ...!

નવકાર મંત્ર તમારા ત્રણ-ત્રણ જન્મોને સુધારી નાંખશે. આ લોકમાં સુખ-શાંતિ આપે. પરલોકમાં સદ્ગતિ આપે અને પછી પણ ઉત્તમકુળમાં જન્મ આપે. નવકાર મંત્ર દવાનું પણ કામ કરે છે. આરોગ્ય પણ આપે છે એટલે કે તમને સ્ફૂરણા થાય કે આની ફાકી લે.. આ વસ્તુ બંધ કર. આ રીતે અંદરથી પ્રેરણા થાય. આમ શરીરને નીરોગી બનાવવાની તાકાત પણ નવપદના જાપમાં રહેલી છે. આજની દવાઓ તો રોગ મટાડવાને બદલે નવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રોગોને આમંત્રણ આપે છે. ખરેખર ! તો 'No Medicine is Medicine દવા જ ન લેવી એ મોટી દવા છે. અમદાવાદ શહેરમાં દસ ડગલાં ચાલોને ડોકટરનું પાટિયું લગાડેલું જ હોય. છતાં દવાખાનાઓ ઉભરાતાં હોય... ગામડામાં પણ ડોકટરોનો ધંધો ધીકતો ચાલતો હોય. રાત-દિવસ દર્દીઓ ઉભરાતા જ હોય. પહેલાં એવો જમાનો હતો કે સો માણસમાં પણ એક દર્દી ગોત્યો ન જડે. આજે તો જરાક માથું દુઃખે એટલે તરત જ ઉપડે દવાખાને.. એ જમાનામાં તો ગમે તેવા ભયંકર દર્દો હોય તો પહેલાં ડોશીમાને પૂછે.. ડોશીઓ દવાઓ જાણતાં. ન છૂટકે જ દવાખાને જવાનું હોય... માટે તો કહેવાય છે કે **'વૈદ્ય, વેશ્યા ને વકીલ ત્રણે રોકડીયા જોશી ડોશી ને વટેમાર્ગુ ત્રણે ફોગટીયા.'** વૈદ્ય પાસે જાઓ એટલે પહેલાં ફી માગે.. રૂપિયા હોય તો જ દવા બરાબર થાય. ત્યારે વેશ્યા તો ધન જોઈને જ પગલું માંડે.. તમારી પાસે હોય તો જ ઉભો રહેવા દે.. અને વકીલ તો આજે તમે જોઈ રહ્યા જ છો કે પહેલાં ફી પછી કેસ લડવાનો... આ ત્રણેય રોકડિયાં છે. જ્યારે ડોશીમાનું વૈદ્યું મફત જ રહેતું. જોશીઓ પણ પૈસા ન લેતા.. વટેમાર્ગુને તો ગમે ત્યારે રસ્તો પૂછો.. આજે તો વિભક્ત કુટુંબો થતાં ડોશીમાઓની કોઈ કિંમત જ નથી રહી. માટે તો બિમારીઓ પણ વધી રહી છે. ભગવાનનું નામ એ મોટામાં મોટી દવા છે.

## સંપત્તિએ પોઈઝન છે

નવકારમંત્ર તમને સદાયે પ્રસન્નતા બક્ષસે. આજે તો મોંઘવારી એટલી વધી ગઈ છે અને સાથે માણસની તૃષ્ણા પણ એટલી જોર કરે છે કે ઘરમાં સ્ત્રી-પુરુષ ને સંતાનો બધાને ધંધે દોડવું પડે.. માણસ નહીં પણ જાણે યંત્રો કામ કરી રહ્યાં હોય તેવું લાગે. મોં પર તેજ જ જોવા મળે નહીં. જ્યારે આ મંત્ર તમારાં કામોને સરળ બનાવી દેશે. તમારા જીવનમાં સંતોષ આવશે. સાથે પ્રસન્નતા પણ આવશે. જેટલી સંપત્તિ વધારે તે પણ ઝેર બની જાય છે. કોઈપણ વસ્તુ જ્યારે અતિ બને છે ત્યારે તે ઝેર બની જાય છે. **Everything in eccess is poision.** માટે જ **अति सर्वत्र वर्जयेत्।** અતિનો સર્વ ઠેકાણે ત્યાગ કરવો જોઈએ. પણ માણસને સંપત્તિ કયારેય અતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગતી જ નથી. લાડવા ટોનિક ગણાય. પણ જો તે વધારે પડતા ખાવામાં આવે તો શું થાય ? જીવ આપે કે જીવ લે ? શાસ્ત્રકારો કહે છે કે તમે તમારા વૈભવ પર પોઈઝનનું લેબલ લગાડી દો જેથી તમે વાપરો પણ તેનાથી દૂર રહો. જેમ ડોકટરને ત્યાં જે દવાની બાટલી પર પોઈઝન લખેલું હોય તે દવા કોઈને પીવા માટે આપે ખરા ! અરે કોઈને લગાડે ને તો પણ તરત જ સાબુથી હાથ ધોઈ નાંખે. તમારી સંપત્તિ પણ પોઈઝન જેવી છે. નવકારમંત્ર તમને આ પોઈઝનથી બચાવે છે.

નવકારમંત્ર આ જન્મને તો સુધારે છે જ પણ આંખ મીંચાયા પછી પણ આ મંત્ર તમને સદ્ગતિ આપશે. એટલુંજ નહીં પણ સ્વર્ગમાં ગયા પછી ત્યાંથી ઉત્તમકુલમાં જન્મ મળે. આમ ત્રણ ભવોની ગેરંટી આ મંત્ર આપે છે. તમારો આ લોક સુધારે પરલોક સુધારે અને પછીનો ભવપણ સુધારે... જો નિષ્ઠાપૂર્વક એકાગ્રતાથી ગણવામાં આવે તો. આવી શક્તિ આ મહામંત્રમાં રહેલી છે.

પહેલાં જીવનમાં પ્રતીતિ થવી જોઈએ કે આ મંત્ર જ મને બચાવશે. અંત સમયે કરોડોની સંપત્તિ કે સ્વજન પરિવાર કોઈ બચાવવા નહીં આવે. ગમે તેવા સંકટોમાં આ જ મારો રક્ષણહાર છે. એવો નિશ્ચય જ્યારે મનમાં જાગશે ત્યારે તેના ચમત્કારો જીવનમાં જોવા મળશે. આજે પણ આ મહામંત્રના આરાધકોના જીવનમાં ચમત્કારો જોવા અને સાંભળવા મળે છે.

નવપદના ધ્યાનની સાથે શુભવિચાર સરણી પણ જરૂરી છે. જેના જીવનમાં સતત એક જ ભાવના રમી રહી હોય કે જગતના જીવોનું કલ્યાણ કેમ થાય ? એક જ ચિંતા હોય કે જગતના જીવો સુખી કેમ થાય ? તે જ વ્યક્તિ પૂજનીય બને છે. તેના સમાગમમાં આવનાર વ્યક્તિને પણ સુખનો અનુભવ થાય.. જેમ અત્તરના સમાગમાં આવનારને સુગંધ મળે કે નહીં ? ચંદનના સમાગમમાં આવનારને ઠંડક મળે કે નહીં ? મળે જ. આમ આપણા સમાગમમાં જે કોઈ આવે તેને ઠંડક મળવી જોઈએ. આજે તો તમે પોતે જ અંદરથી સળગતા હોય ત્યાં બીજાને ઠંડક શું આપો ? હાથીની આજુબાજુ નાના-નાના છોકરાઓ ફરતા હોય છે પણ વાઘની આજુ-બાજુ ફરી શકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરા? ના, તમારે વાઘ જેવું ક્રૂર જીવન બનાવવાનું છે ? આજુ-બાજુ કોઈ ફરકી જ ન શકે. તમે બીજાને સુખી કરવા ઈચ્છો અથવા બીજા સુખી થાય તેમ ઈચ્છો તો જગતના પુણ્યના પરમાણુ તમારી તરફ ખેંચાઈને આવશે. તમે જેવા વિચારો કરશો તેવા પરમાણુઓ ખેંચાઈને આવશે. શુભ વિચારોથી શુભ ખેંચાઈને આવશે અને તમારું કલ્યાણ કરશે, સાથે તમારા સમાગમમાં આવનારનું પણ કલ્યાણ થશે. તમારા રોમે રોમમાં બીજાના શુભની ભાવના ભરી દો. સર્વ મંગલનો શ્લોક રોજ બોલો છો પણ જીવનમાં વર્તન એવું ખરું કે હું જ્યાં પણ પગ મૂકું ત્યાં રહેલા બધાનું કલ્યાણ થાય. સેવા-પૂજા કે સામાયિક-પ્રતિક્રમણ ન કરી શકો, દુકાનમાં અથવા ધંધામાં વ્યસ્ત હો તો પણ બેઠા-બેઠા આવી શુભ ભાવના તો બાંધી શકો ને ! તીર્થંકર નામ કર્મ બાંધનારા તો ઘણા હોય છે પણ નિકાચિત તો કોઈ એકાદ વિરલ આત્મા જ કરતો હોય છે. બાકી તો બધા તીર્થંકર નામ કર્મનો પ્રદેશ ઉદય ભોગવતા હોય છે. અને મોટી ઋદ્ધિ કે માન-પાન પામે છે. એક વ્યક્તિના પુન્યમાંથી આજે હજારો વર્ષ પછી પણ સંઘ ઉભો છે. તેના નામે કરોડો રૂપિયા ખર્ચાય છે. તેની છાયા ભારતભરમાં તો ખરી જ પણ વિદેશમાં યે ફેલાયેલી છે. કેવું જબરજસ્ત પુણ્ય. એ પુણ્ય શેમાંથી આવ્યું ? ત્રીજા ભવમાં માસક્ષમણમાં સતત એક જ વિચાર ધારા. જગતના જીવો સુખી કેમ થાય ! આપણી વિચારધારામાં આપણે કેમ સુખી થઈએ તે જ લક્ષ હોય છે. માટે તો નવપદનો જાપ કરવા છતાં ફળદાયી બનતો નથી. શુભવિચાર ધારાથી જાપ જલ્દી ફળદાયી બને છે.

- *સર્વજીવોનું ધ્યાન કરે તે અરિહંતનો ઉપાસક બને છે.*
- *સાધનાઓનું ધ્યાન કરે તે સિદ્ધનો ઉપાસક બને છે.*
- *સદાચારનું પાલન કરે તે આચાર્યનો ઉપાસક બને છે.*
- *સમ્યગ્ જ્ઞાનનું સેવન કરે તે ઉપાધ્યાયનો ઉપાસક બને છે.*
- *સહાધ્યાયીની સેવા કરે તે સાધુનો ઉપાસક બને છે.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વૃદ્ધાનુગ**

## ગુણસ્વરૂપ ધર્મ

શાસ્ત્રકાર મહારાજા આપણને સુખી થવાનો માર્ગ બતાવી રહ્યા છે. સર્વત્ર ધર્મ જ સુખી થવાનો માર્ગ છે. બાહ્ય દૃષ્ટિથી જોતાં એમ થાય છે કે ધર્મ ખૂબ જ વધી ગયો છે. પણ ધર્મનું અંતરંગ સ્વરૂપ નષ્ટ થઈ ગયું છે. તેથી જ ધર્મ વધવા છતાં જગતમાં અશાંતિ ઘટવાને બદલે વધી રહી છે. જ્યાં સુધી ગુણ સ્વરૂપે ધર્મને નહીં સ્વીકારીએ ત્યાં સુધી ધર્મનું ખોખું એ ખોખું જ રહેશે, તેમાં પ્રાણ નહીં પૂરાય. કોઈ પણ ધર્મ ગુણ સાથે થાય તો એનું ફળ અમૂલ્ય બની જાય... ચાહે દાન હોય, શીલ હોય કે તપ હોય. શાલિભદ્રનું દાન કેટલું અલ્પ હતું પણ તેમાં ભાવો કેવા ભરેલા હતા. આ **તો દાન આપતો હોય તો પણ દેખાવ માટે, પોતાના અહમ્‌ને પૂરવા માટે. અથવા તો બીજાને પાછો પાડવા માટે. આ ધર્મનું ફળ શું મળે ?** એક બાજુ દારૂ પીતો હોય અને બીજી બાજુ ભગવાન બેસાડતો હોય. એ ભગવાનમાં પણ ઓજસ્ આવે કેવી રીતે ? આપણને એ પ્રતિમાજી તરફ ભાવોલ્લાસ પ્રગટે શી રીતે ? ધર્મ ભલે થોડો કરો પણ ગુણ સાથે કરો. स्वल्पमप्यस्य धर्मस्य त्रायते भयात् । **ધર્મનું કોઈપણ આચરણ નાનું હોય તો પણ મોટા ભયમાંથી ઉગારી લે છે.**

**સત્તરમો ગુણ - વૃદ્ધાનુગ. ધર્મનો અર્થી માણસ વૃદ્ધને અનુસરનારો હોય.**

માણસે હમેંશા મોટાની સોબત કરવી યોગ્ય છે. સામાન્ય રીતે માણસ જુવાન હોય તો જુવાનને જ ચાહે. પરંતુ તેનાથી જુવાનિયાઓની બુદ્ધિ ઉછાંછળી બને છે. જુવાનોના વિચારોમાં હમેંશા આવેગનું તત્ત્વ વધારે હોય છે. વૃદ્ધની સોબત ન હોય તો તેઓ અંકુશમાં રહે જ નહીં. વૃદ્ધમાણસે જીવનમાં ઘણા તડકા-છાંયડા જોયા હોય તેથી અનુભવી બનેલા હોય છે. તેમની બુદ્ધિ ઠરેલી હોય છે. પાકા થયેલા ઘડામાં તમે ગમે તેટલું ઉકળતું પાણી નાંખો તો કાંઈ વાંધો આવે ખરો ? અને જો કાચા ઘડામાં પાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાખવામાં આવે તો ફૂટતા કેટલી વાર ? જેમ તે ઘડો તાપથી રીઢો થયેલો હોય તેમ વૃદ્ધ માણસ પણ જીવનનાં કડવા-મીઠા અનુભવોથી ઘડાયેલો હોય છે. કયાંય ઝઘડો ઉભો થયો હોય તો તેને સમાવવા વૃદ્ધની જરૂર પડે છે. તેથી જે માણસ વૃદ્ધના સંગમાં રહેતો હોય તેનામાં આપોઆપ તેના ગુણો ઉતરી આવે છે.

## વૃદ્ધ કોને કહેવાય ?

વૃદ્ધો કહેવા કોને ? શું માથે પળિયાં આવી ગયાં હોય તેજ વૃદ્ધ કહેવાય ? શાસ્ત્રકારો કહે છે કે હા તેઓ માત્ર વયથી વૃદ્ધ કહેવાય પણ તે સિવાય પણ જેનામાં તપ, શ્રુત, ધીરજ, વિવેક, ઈન્દ્રિયો પરનો સંયમ વગેરે ગુણો હોય તો તે જુવાન હોય તો પણ ગુણવૃદ્ધ કહેવાય છે. આજે માથે પળિયાં આવેલાં હોય અને ટી.વી. સામે આંખો ફાડીને જોતો હોય... અલ્યા હવે આ ઉંમરે ટી.વી.માં શું જોવાનું છે ? તો કહેશે કે સાહેબ શું કરીએ ઘરમાં બેઠા-બેઠા ટાઈમ પસાર થતો નથી. ટાઈમ પસાર કરવા માટે ભગવાનનું નામ લો. ટી.વી. જોવાથી તમારું કલ્યાણ નહીં થાય. એટલે માથે પળિયાં આવી જવાથી કાંઈ વૃદ્ધ બની જવાતું નથી. સાથે ગુણો જરૂરી છે. આજે તો જુવાનનેય પળીયા આવી જાય છે. સંત જ્ઞાનેશ્વરે ૧૬ વર્ષની ઉંમરે તો ગીતાની રચના કરેલી અને ૨૪ વર્ષની ઉંમરે તો સમાધિ લઈ લીધી હતી. આ જ્ઞાનવૃદ્ધ કહેવાય. શાસ્ત્રના ચિંતન દ્વારા જેની બુદ્ધિ બરાબર પરિપકવ થયેલી હોય.. કોઈ પણ કાર્યમાં ઉતાવળ ન કરે. ધીરજથી કામ લે. કાર્ય-અકાર્યનો વિવેક કરે.. પંચેન્દ્રિયના વિષયો સામે આવીને પડેલા હોય. ચાહે મકાનનું રૂપ હોય કે કપડાનું રૂપ હોય કે પછી ૧૦૦૦-૧૦૦૦ની નોટોનું રૂપ.. આ આંખના વિષયો છે. આવા જાત-જાતના વિષયો સામે આવી પડવા છતાં જેનું એક રૂવાંડુયે ફરકતું નથી તેને વૃદ્ધ કહેવામાં આવેલા છે. વૃદ્ધ માણસની દરેક પ્રવૃત્તિ વિચાર કર્યા પછીની જ હોય - દારૂના કેફ જેવો યુવાનીનો એક કેફ હોય છે. દારૂ પીને ગાડીઓ ચલાવનારા કેટલા એકસીડેન્ટો કરે છે ? આજે ઘણા એકસીડેન્ટો થવામાં આ પણ મુખ્ય કારણ છે. સ્વસ્થ બુદ્ધિથી ચલાવે તો ઘણા બધા એકસીડેન્ટો ઓછા થઈ જાય. દારૂના નશામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માણસને ભાન જ રહેતું નથી. તેમ જુવાનીના નશામાં ભાન ભૂલેલા યુવાનો તડને ફડ કરવામાં જ સમજતા હોય છે. જામેલા ઘરને કાચી મિનિટમાં વેર-વિખેર કરી નાખતા હોય છે. વૃદ્ધ માણસના સંગથી જીવનમાં ઘણો પલટો આવતો હોય છે.

## હૃદયપારખું ડોશીમાની કથા

એક ગામમાં એક ડોસીમાં રહેતા હતા. જે સમયમાં ગાડીઓ વગેરે સાધનો નહોતા તે સમયે લોકો મોટા ભાગે પગે ચાલીને જ એક ગામથી બીજા ગામ જતાં. અને રસ્તામાં જે ગામ આવે ત્યાં કોઈ પણ માણસને ત્યાં રાતવાસો રહેતાં. તે સમયે અતિથિ દેવ જેવો ગણાતો. અતિથિસત્કારમાં લોકો ખૂબ માનતા. કોઈ બે વેપારીઓ ઘી અને ચામડું ખરીદવા માટે તે ગામથી પસાર થઈ રહ્યા છે. સાંજ ઢળી ચૂકી છે. તેથી કોઈને ત્યાં રાતવાસો કરવા ગામમાં જાય છે. આ ડોસીમાને ત્યાં રાતવાસો રહે છે. ડોસીમા બન્નેનો સત્કાર કરે છે. પૂછે છે કે ભાઈ ! શા માટે નીકળ્યા છો ? એકે કહ્યું કે હું ઘી લેવા માટે નીકળ્યો છું અને બીજાએ કહ્યું કે હું ચામડું લેવા માટે નીકળ્યો છું. બન્નેને વાળુ કરવા (સાંજનું જમણ) ડોસીમા બેસાડે છે. ઘીના વેપારીને ડોસીમા ઘરની અંદર બેસાડે છે. અને ચામડાના વેપારીને ઘરની બહાર ઓસરીમાં બેસાડે છે. એ જમાનામાં ઘણા ઘરોમાં આવી વ્યવસ્થા રહેતી. હલકી કોમના માણસોને ઘરના છેડે અથવા બહાર બેસાડવામાં આવતા. આજે તો બધું વર્ણસંકર થઈ ગયું છે. તમારી જ પાડોશમાં ઢેઢ-ભંગી પણ રહેતા હોય અને કસાઈ કે મુસલમાન પણ રહેતા હોય.. તમારા સંતાનો નીચ કુળમાં પરણી જતા હોય.. આવું તો ઘણું બધું આજના આ યુગમાં અને દેશમાં ચાલી રહ્યું છે. સંસ્કારની મૂડી સાવ સાફ થઈ ગઈ છે. બીજા દિવસે બન્ને વહેપારીઓ આગળ ચાલ્યા. થોડા સમય પછી બન્ને જણા પોતાનો માલ લઈને પાછા એ જ ગામમાં એ જ ડોસીમા ને ત્યાં આવીને ઉતર્યા. ડોસીમાએ બન્નેનું સ્વાગત કર્યું. બન્નેને જમવા બેસાડયા. પણ આ વખતે ચામડાના વહેપારીને અંદર બેસાડયો અને ઘીના વહેપારીને બહાર બેસાડયો. ઘીના વહેપારીથી રહેવાયું નહીં તેથી તે ડોશીમાને પૂછે છે કે માજી!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ કેમ ? જતી વખતે મને અંદર બેસાડયો અને ચામડાના વહેપારીને બહાર બેસાડયો. અને અત્યારે એને અંદર બેસાડયો અને મને બહાર આનું શું કારણ? ડોસીમા કહે કે ભાઈ એની પાછળ ઘી અને ચામડું લેવા જતી વખતે તારા વિચારો ખૂબ સુંદર હતા. તું વિચારતો હતો કે હું જ્યાં જાઉં ત્યાં સુકાળ હોય.. અને ઘી-દૂધની નદીઓ વહેતી હોય તો સારૂં જેથી મને ઘી સસ્તામાં મળે. જ્યારે ચામડાના વહેપારીના વિચારો એવા હતા કે હું જ્યાં જાઉં ત્યાં દુષ્કાળ હોય તો સારું. જેથી ઢોર ઘણા મરે અને મને ચામડું સસ્તામાં મળે. પણ તમે અત્યારે ઘી અને ચામડું લઈને આવો છો તેથી તમારા વિચારો બદલાયા છે. તને વિચાર આવ્યો કે હવે હું જ્યાં જાઉં છું ત્યાં દુષ્કાળ હોય તો સારું જેથી મારું ઘી ઉંચા ભાવમાં વેચાય અને મને સારી કમાણી થાય. ચામડાવાળાને વિચાર આવ્યો કે હું જ્યાં જાઉં છું ત્યાં સુકાળ હોજો જેથી ઢોરો મરે નહીં અને મારા ચામડાંના સારા ભાવો ઉપજે. વિચારોનો જબરદસ્ત પ્રભાવ છે. કાળા બજાર કહેવાય છે તો શું એ બજારને કાંઈ કાળા રંગથી રંગેલું છે ? અથવા કાળું પાટીયું માર્યું છે ? ના, કાળા વિચારો છે ત્યાં, માટે કાળા બજાર. આ ડોશીમા વૃદ્ધ હોવાને લીધે ઘણા અનુભવો દ્વારા તેમની બુદ્ધિ પરિણત થયેલી હતી. માટે તેઓએ બન્ને વહેપારીઓના મનને જાણી લીધું. બન્ને જણાએ પોતાની ભૂલ કબૂલ કરી. અને જીવન સુધારી લીધું.

### સંગ તેવો રંગ

સોનાના મેરૂપર્વત પર ઘાસનું તણખલું ઉગેલું હોય તો તે પણ સોનામાં જ ખપે ને ! સોના જેવું જ લાગે. તેમ સારા માણસની સોબતથી માણસ ખરાબ હોય તો પણ સારામાં જ ખપે. સંગ તેવો રંગ લાગે જ. **વનમાં ખોવાયેલાને રસ્તો મળે છે પણ યૌવનમાં ખોવાયેલાને રસ્તો મળવો ખૂબ જ દુર્લભ છે.** આ નાનકડી જીંદગી ઘણી મહાન છે તેમાં મહાનમાં મહાન કમાણી થઈ શકે છે. **વીતરાગસ્તોત્ર**માં આચાર્યશ્રી **હેમચંદ્રસૂરિ** મહારાજે કહ્યું છે કે-

यत्राल्पेनापि कालेन, त्वद्भक्तेः फलमाप्यते ।
कलिकालः स एकोऽस्तु, कृतं कृतयुगादिभिः ॥

લોકો ભલે કહે કે કળિયુગ છે પણ આ કળિયુગમાં અલ્પકાળની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીંદગીમાં ખૂબ જ કમાણી થઈ શકે તેમ છે, જ્યારે સત્‌યુગના લાંબા આયુષ્યમાં એક જ સેકન્ડના પ્રમાદમાં કયાંથી કયાં ફેંકાઈ જઈએ તે કહેવાય નહીં. ખાવું-પીવું, આબરૂ, માન-સન્માન. આ બધી તો સામાન્યમાં સામાન્ય ચીજ છે. બસ પરમાત્માનું ભજન એ આ ટુંકી જીંદગીનું મહાનમાં મહાન તાત્પર્ય છે.

જીંદગીની એક પળ એવી આવે છે કે જો એ પળે એ ડૂબ્યો તો ડૂબ્યો અને નીકળી ગયો તો પાર ઉતરી ગયો... એ પળ છે સંસારના બંધનમાં પડવાની...!

*બીજાની પાસે કંઈપણ લેવાની ઈચ્છાવાળા માણસો હલકાં કહેવાય છે. આશ્ચર્ય એ છે કે આવા હલકાં (સ્પૃહાવાળા) માણસો ભવસમુદ્રમાં (હલકાં હોવા છતાં) ડૂબી જાય છે.*

*હાંસી કરે ઘરડાં તણી, સમજણ વિનાના મશકરા.*
*સમજે નહીં કે કાળ કરશે, આપણી પણ આ દશા.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વૃદ્ધાનુગ**

## વાણીરૂપી કિરણો

આત્મા અનંત ગુણનો માલિક છે. પણ તે બધા ગુણો ઢંકાઈ ગયા છે. સૂર્યાસ્ત થાય ત્યારે કમળ કેવું બીડાઈ જાય છે તેમ આપણું ગુણ રૂપી કમળ અત્યારે બીડાઈ ગયેલું છે, તેને ખીલવવાનું છે. ગુરૂની વાણી રૂપી કિરણો તેની પર પડે તો તે ખીલી શકે છે, પણ એ કિરણોને આપણે ઝીલીએ તો ને !

કોઈપણ વસ્તુને માણસ મેળવ્યા પછી જો તે તેને લાયક ન બની શકે તો હાથમાં આવેલી કિંમતી ચીજ ચાલી જાય છે. બાળકને સાચો કોહિનૂર હીરો આપો તો તે શું કરશે ? ફેંકી દેશે ને ! કારણ બાળક તે હીરાને લાયક નથી, તેમજ તે હીરાની સાચી કિંમત તેને સમજાણી નથી. તેમ આપણે પણ ધર્મરૂપી હીરાની કિંમત સમજવા માટે લાયક બનવું પડશે. લાયક બનવા ગુણો કેળવવા પડશે.

આપણે ધર્મને લાયક વ્યક્તિનો ૧૭મો ગુણ વૃદ્ધાનુગ જોઈ રહ્યા છીએ. જુવાન માણસોમાં જે ઉન્માદ, આવેશ અને ઉર્મિઓ હોય છે તે વૃદ્ધોમાં ઠરી ગઈ હોય છે. સમજી-વિચારીને જ પગલું ભરનારા હોય છે. વૃદ્ધોની પાસે બેઠા હોઈએ તો આપણામાં પણ ઠરેલપણું આવે છે. ઘણા ગુણ-દોષો સંસર્ગથી જ આવતા હોય છે. પણ આજે વૃદ્ધો કોઈને ગમતા નથી.. પરિણામે અશાંતિ અને ક્લેશો ઉભા થાય છે. આપણે ત્યાં કહેવત છે કે **'ઘરડા ગાડાં વાળે'** એ કાંઈ એમને એમ નથી પડી...

## ઘરડાં ગાડાં વાળે...

કોઈ ગામમાં લગ્નનો પ્રસંગ હતો. જાન લઈને જવાનું હતુ. યુવાપેઢી ઉન્માદે ચઢી, તેમણે બધાએ ભેગા થઈને નક્કી કર્યું કે જાનમાં એકપણ ડોસો ન જોઈએ. એ જમાનામાં વાહનો હતાં નહીં ગાડાથી જ વહેવાર ચાલતો. બે-ચાર ગાડાઓ ભરીને જાનૈયા નીકળ્યા. ઘરનો વડીલ હતો તેને થયું કે આ ખોટું થઈ રહ્યું છે આ જુવાન લોહી કાંઈક નવું જ કરીને આવશે. એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉન્માદે ચઢયા છે... સમજ્યા-વિચાર્યા વિના જ કરે છે. યુવાનોને સમજાવવા મુશ્કેલ... તેમણે વિચાર કર્યો કે યુવાનોને ખબર ન પડે એ રીતે હું તેમની સાથે જાઉં. ગાડાની નીચે વસ્તુ રાખવા માટે (ભંડકીયું) (એક પેટી જેવું) હતું. તેમાં ડોસો છૂપી રીતે બેસી ગયો. જાન પહોંચી સામે ગામ. વેવાઈએ જોયું કે જાનમાં કોઈ બુઢા નથી. જોઉં તો ખરો આ જુવાનીયો કેવા બુદ્ધિશાળી છે ? વેવાઈએ પરીક્ષા કરવા માટે જુવાનીઆઓને કહ્યું કે તમારા ગામના કૂવાને અહીં લઈ આવો તો હુ મારી કન્યાને પરણાવું. જુવાનીયા તો વિચારમાં પડ્યા કે કૂવાને કેમ લાવવો ? એને કાંઈ થોડા પગ છે તે ચાલીને આવે ? શું કરવું ? જ્યાં સુધી કૂવો ન લાવે ત્યાં સુધી કન્યા પરણાવે નહીં.. કોઈ રસ્તો સૂઝતો નથી. ગાડાં પાછાં વાળવાનો વિચાર કરે છે. ત્યાં ભંડકીયામાં બેઠેલો ડોસો બહાર નીકળ્યો ? તેણે પૂછયું કે શું વાત છે ? વેવાઈ કૂવાને લાવવાની વાત કરે છે. કૂવો લાવવો શી રીતે ? એમાં શું ? ચાલો વેવાઈની પાસે. હું જવાબ આપી દઉં. ગયા. વેવાઈને કહ્યું કે જુઓ ભાઈ ! અમારા ગામનો કૂવો ખૂબ શરમાળ છે. વળી ગામડાનો છે. તે શહેરમાં એકલો ન આવે. તથા અજાણ્યા ગામમાં આવવા માટે ભોમિયાની પણ જરૂર પડે. કૂવાને કાંઈ માણસ ભોમિયા તરીકે કામ ન લાગે. કૂવાને તો ભોમિયા તરીકે કૂવો જ જોઈએ. તેથી તમારા ગામના કૂવાને લેવા માટે મોકલો. એ શકય છે ખરું ? વેવાઈએ ધન્યાવાદ આપ્યા. ગાડાં પાછાં વાળ્યા. પછી તો જુવાનીયાઓની આંખો ઉઘડી ગઈ. જો આજે આ ડોસો સાથે ન આવ્યો હોત તો પરણ્યા વિના જ પાછું વળવું પડત. ત્યારથી આ કહેવત પડી કે **'ઘરડાં ગાડાં વાળે'**.

## અરર... ! ડોસો જીવી ગયો... !

વૃદ્ધ માણસ ગમે તેવા કપરા સમયમાં પણ પોતાની બુદ્ધિથી રસ્તો કાઢતા હોય છે. આજના યુવાવર્ગને વૃદ્ધો આંખના પાટા જેવા થઈ પડયા છે. વૃદ્ધોની કરુણ કહાની સાંભળીને અમે પણ ધ્રુજી ઉઠીએ છીએ. હમણાં એક કિસ્સો વાંચવામાં આવેલો. એક ગામમાં એક નાનકડું કુટુંબ હતું. મા-બાપ વૃદ્ધાવસ્થાએ પહોંચેલા છે. મા તો થોડી માંદગી ભોગવીને ચાલી ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાપ હવે એકલા પડી ગયા છે. ઘરમાં દિકરા-વહુઓ અને પોતરાઓ કિલ્લોલ કરે છે. પણ બાપાના તો કોઈ ભાવે ય પુછતા નથી. બાપા તો પોતાના ઓરડામાં એકલા-એકલા મનમાં હિજરાતા બેઠા છે. ટાઈમ થાય એટલે વહુ આવીને ભાણું મૂકી જાય. ડોસા બિચારા ભાવે કે ન ભાવે જેવું હોય તેવું મુંગા મોંઢે ખાઈ લે છે. પહેલાં તો રોજ પત્ની સામે બેસીને પવન નાખતી જાય અને વાતો કરતી જાય. એ ખાવામાં ખૂબ આનંદ આવતો. આજે તો કાંઈ જોઈએ છે ? એવું કહેવા પણ કોઈ આવતું નથી. કયારેક તો સાંજ સુધી ભાણું એમને એમ પડયું રહે.. મનમાં ખૂબ જ મુંઝાય છે. તેથી બિમારી વધતી ચાલી.. કારણ કે **પ્રસન્નતા એ મનનો ખોરાક છે.** પ્રસન્નતા હોય ને તો ગમે તેવો ભયંકર રોગ પણ માણસને બહુ અસર કરતો નથી. જ્યારે સંતાપ તો રોગ ન હોય તો નવા રોગો લાવે છે. હવે તો શ્વાસોશ્વાસ પણ ધીમા પડતા જાય છે. વહુ-દિકરાઓ મિટીંગ ભરે છે કે હવે ડોસો ઝાઝું કાઢે તેમ લાગતું નથી. માટે ડોસો મરી ગયા પછી આપણે છાપામાં ફોટો આપીશું અને નીચે આપણાં નામ લખીશું. ત્યાં બીજો બોલ્યો કે આપણા એકલાના જ નહીં પણ આપણાં બૈરાં-છોકરાનાયે નામ લખવાના. આમ ડોસો મરી જાય તેની રાહ જૂએ છે. બે દિવસ વીતી ગયો. દિકરી સાસરેથી આવી બાપાની આવી પરિસ્થિતિ જોઈને ભાઈઓને કહે છે કે ભાઈ ! બાપાને પ્રભાશંકર વૈદ્ય ઉપર ખૂબ શ્રદ્ધા છે. અત્યાર સુધી તેઓ તેમની જ દવા લેતા હતા. આપણે એકવાર એ વૈદ્યને બોલાવીએ તો ? દિકરાઓને તો બાપ ક્યારે મરે તેની વાત છે ત્યાં જીવાડવા માટે શું કામ મહેનત કરે ? કેવો સ્વાર્થી છે સંસાર ? કેટલી અધમકોટીની વિચારધારા ? ક્યાંથી સુખી થાય આ દેશ? બેનને ખોટું ન લાગે એટલે કમને પણ દીકરો વૈદ્યને બોલાવી લાવ્યો. વૈદ્યે આવીને કોઈ ઓસડીયું ઘસી ડોસાને પીવડાવ્યું. એ ઔષધની થોડીવારમાં જ અસર થતી જણાઈ. ધીમે ધીમે ડોસાએ આંખ ખોલી. બે-ચાર કલાકે બીજી પડીકી પીવડાવી.. ડોસાના શરીરમાં સ્વસ્થતા આવવા માડી.. બીજા દિવસે તો ડોસો બોલતો થયો. દીકરાઓનાં મોઢાં તો કાળી શાહી જેવા થઈ ગયા. **અરર ! આ ડોસો તો જીવી ગયો !** કેટલી દુષ્ટતા આજના સંતાનોમાં વ્યાપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગઈ છે. માટે તો ઘર-ઘરમાં ક્લેશો છે.અશાંતિ છે. મા-બાપની દુવા દવા કરતાં વધારે અસર કરે છે. સામાન્યમાં સામાન્ય માણસ પણ મા-બાપની દુવાથી ક્યાંનો ક્યાં પહોંચી જતો હોય છે. ઘરડાં માણસોને તમારી હુંફની જ જરૂર હોય છે. પણ આજે તો ધંધેથી થાકી ને આવશે એટલે બાયડી જોડે ગપાટાં મારવા બેસશે અથવા તો ટી.વી.નાં દૃશ્યો જોશે. પણ ઘરમાં રહેલા વૃદ્ધ મા-બાપને બોલાવવાનીયે એને પડી નથી. એ જીવે છે કે મરે છે, એ જોવાની એને જરૂર નથી. બસ આજના જુવાનીઆઓ તો મોજ-મઝામાં ને રખડવામાં જ આનંદ માને છે. મા-બાપ કંઈક કહેવા જાય તો સામે બે-ચાર સાંભળવી પડે. એટલે બિચારા મૌન ધારણ કરીને જ બેઠા છે. આજે દેશ પણ જુવાનીયાઓના હાથમાં આવતા પાયમાલીના પંથે જઈ રહ્યો છે. રાજ કરનાર વ્યક્તિ ઠરેલ હોવો જોઈએ અથવા જુવાન ભલે હોય પણ ગુણવૃદ્ધ કે જ્ઞાનવૃદ્ધ હોવો જોઈએ.

## મંત્રી પદને લાયક કોણ ?

એક રાજા હતો. તેના પ્રધાનમંડળમાં કેટલાક જુવાનો હતા અને કેટલાક વૃદ્ધો હતા. જુવાન મંત્રી વર્ગ એકવાર રાજાને કહે છે કે આ ઘરડાઓ સાવ નકામા છે. આપણા રાજ્યમાં એમની શી જરૂર છે. તેમને કાઢી મૂકવા જોઈએ. ફોગટ તમારા પગારને લે છે. રાજા આ બધું સાંભળે છે પણ કાંઈ જવાબ આપતો નથી. તે વૃદ્ધોની સોબતથી ઠરેલો હતો. રાજાને થયું કે આ બધા રોજ બડ-બડ કરે છે માટે આમને પાઠ તો ભણાવવો જોઈએ કે વૃદ્ધોની શી જરૂર છે ? તેથી એક દિવસ પરીક્ષામાટે તેમણે સભામાં જુવાનમંત્રી વર્ગને એક સવાલ પૂછયો કે મારા માથા પર લાત મારે તેને મારે શું શિક્ષા કરવી ? જુવાનીયાઓ તો વગર વિચાર્યે તરત જ બોલી ઉઠયા કે એના તો તલ-તલ જેવડા ટુકડા કરવા પડે. કોઈ કહે તેને ફાંસીએ લટકાવવો જોઈએ. તો કોઈ કહે એને જીવતો સળગાવી નાખવો જોઈએ. પછી રાજાએ વૃદ્ધોને પૂછયું કે તમારું શું મંતવ્ય છે ? વૃદ્ધોએ વિચાર કરીને કહ્યું કે રાજન્ ! આપના માથા પર લાત મારે તેને સોના-હીરાથી મઢવા જોઈએ. રાજાએ કહ્યું કે શાબાશ-શાબાશ... કારણ કે વૃદ્ધોએ પહેલાં તો વિચાર્યું કે રાજાના મસ્તક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર લાત મારે કોણ ? રાણી કે રાજકુંવર આ બે સિવાય કોઈની તાકાત નથી. માટે તેમને તો હીરા-મોતીથી મઢવા જોઈએ. રાજાએ જુવાનીયાઓને કહ્યું કે જુઓ, આ રીતે વિચાર કરીને જવાબ આપવો જોઈએ. તમે મંત્રી પદને યોગ્ય નથી. આ વૃદ્ધો જ યોગ્ય છે.

માણસ જેનો આશરો લે છે તેવો બને છે. ગમે તેવું મધુર પાણી હોય પરંતુ તેનો મીઠા સાથે સંસર્ગ થાય તો તે કેવું ખારું ઝેર બની જાય છે. જો સાકરની સોબત કરે તો ? મીઠું બને ને !

## પરિવર્તનશીલ જગત - સુબુદ્ધિ મંત્રીની કથા

એક સુબુદ્ધિ નામનો મંત્રી હતો. શ્રાવકધર્મને પામેલો હતો. નામ તેવા જ ગુણોને ધરાવનાર હતો. રાજ્યનો મંત્રી જેવો હોય તે પ્રમાણેનું રાજ્ય રહેતું. મંત્રીના આધારે જ રાજ્ય ચાલતું. રાજા મંત્રીલોચના કહેવાતા. તે કાંઈ રોજ બહાર કયાંય ફરવા નીકળે નહીં, મંત્રી જ બહારનું ધ્યાન રાખે અને સાચા સમાચાર રાજાને આપે. મંત્રી સારા હોય તો રાજ્ય જલ્દી ઉંચુ આવે. એક વખત રાજા અને મંત્રી બન્ને બહાર ફરવા નીકળે છે. ગામની બહાર મોટો ખાડો હતો. જ્યાં ગામની આખી ગટર ઠલવાતી હતી. ત્યાંથી રાજા અને મંત્રી બન્ને પસાર થાય છે. ખાડામાંથી ભયંકર દુર્ગંધ આવી રહી છે. રાજાએ નાક દબાવ્યું. મંત્રી તો તેવી સ્વસ્થતાથી ત્યાંથી આગળ ચાલ્યો. રાજાએ થોડા દૂર જઈને કહ્યું કે મંત્રીશ્વર ! ત્યાંથી નીકળતી દુર્ગંધથી મારું તો નાક ફાટી ગયું. તમને કાંઈ જ ન થયું એમ કેમ ? મંત્રી કહે છે કે રાજન્ ! જગતના બધા જ ભાવો પરિવર્તનશીલ છે. આજની ખરાબમાં ખરાબ વસ્તુ કાલે સારી બની જાય છે. અને કાલની સારામાં સારી વસ્તુ આજે ખરાબ બની જાય છે. સુંદરમાં સુંદર ભોજન વિષ્ટારૂપે બની જાય છે. સારામાં સારું કપડું સમય જતાં ડૂચો-ગાભો બની જાય છે. વેસ્ટમાંથી બેસ્ટ અને બેસ્ટમાંથી વેસ્ટ આવું તો ચાલ્યા જ કરે છે. **ગીતામાં** પણ **શ્રીકૃષ્ણે** કહ્યું છે કે -

अपि चेत् सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग् व्यवसितो हि सः ॥

દુરાચારીમાં દૂરાચારી માણસ પણ મને જો અનન્ય ભાવે ભજે તો તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ બની જાય છે. આમ જગતની તમામ ચીજો પરિવર્તનશીલ છે. એમાં મો શું મચકોડવું ? રાજાને લાગ્યું કે હું તો મંત્રીને બહુ બુદ્ધિશાળી માનતો હતો પણ આ તો સાવ મૂર્ખો લાગે છે. આટલી દુર્ગંધ આવે છે ને એને કાંઈ અસર થતી નથી. રાજાએ કહ્યું કે મંત્રીશ્વર ! તમે તો આવા વેદિયા જ રહ્યા. મંત્રી એ સમયે ગમ ખાઈ ગયો. કાંઈ બોલ્યો નહીં. અવસરે રાજાને પાઠ શીખવીશ એમ માનીને અવસરની રાહ જોઈને બેઠો.

## મંત્રીની યોજના

આ વાતને થોડો વખત થઈ ગયો, મંત્રીએ રાજાની સાન ઠેકાણે લાવવા તેણે તે જ ગટરના પાણીના પાંચ-સાત ઘડા ભરાવી મંગાવ્યા. ચાર-પાંચ દિવસ તે ઘડા એમજ પડયા રાખ્યા. કચરો બધો નીચે બેસી ગયો. પછી ઉપરનું પાણી બીજા ઘડાઓમાં લીધું આ પ્રમાણે છ મહિના સુધી પાણી એક-બીજા ઘડામાં ફેરવ્યા કર્યું. પાણી સ્ફટિક જેવું નિર્મળ બની ગયું. પછી તે પાણીમાં સારા-સારા સુગંધી પદાર્થો નાખીને પાણીને ખૂબ જ સુવાસિત બનાવ્યું. રાજાને જમવાનું આમંત્રણ આપે છે. રાજા જમવા પધારે છે. જાત-જાતની વાનગીઓ બનાવી છે. જમવા બેસે છે. વાનગીઓ પીરસાય છે. થોડું જમ્યા બાદ રાજા પાણી માંગે છે. મંત્રી પેલું સુગંધિત પાણી આપે છે. પાણી પીતાં જ રાજા ચમકી ઉઠે છે. મંત્રીને પૂછે કે મંત્રીશ્વર ! આ પાણી ક્યાંથી લાવ્યા ? દેવલોકમાંથી આવ્યું છે કે શું ? રાજાએ જમવાનું પડતું મૂકીને પાણી જ પીધા કર્યું. મંત્રી કહે છે કે રાજન્ ! આ પાણી દેવલોકમાંથી આવ્યું નથી, આ તો પેલી ગંધાતી ગટરનું જ પાણી છે. જેની દુર્ગંધથી તમે મોં બગાડયું હતું. મેં તમને કહ્યું હતું ને કે અશુભ પદ્ગલો શુભ બને છે ને શુભ પુદ્ગલો અશુભ બને છે. એ મારી વાણી નહોતી પણ **ભગવાન મહાવીરની વાણી છે.** રાજા કહે છે કે મારે એ વાણી સાંભળવી છે. પછી રાજા સાચો ધર્માત્મા બને છે. આ પ્રમાણે ઠરેલ માણસની સોબત માણસને છેક કયાંનો ક્યાં પહોંચાડી દે છે.

*મર્યા પછી આંખો ફાટેલી કેમ રહે છે ?*
*હજી પણ દુનિયામાં કંઈક જોવાનું બાકી રહી ગયું છે.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## છએ ખંડમાં જાગતું શાસન

જગતનું સ્વરૂપ વિષમ છે. પત્તાના મહેલને નાનો બાળક કેવા આનંદથી બનાવતો હોય છે. અને બનાવ્યા પછી તેને જોઈને કેવો હરખાતો હોય છે. મોટા માણસને એ મહેલ જોઈને આનંદ આવે ખરો ! ના, કારણ કે તે સમજે છે કે હમણાં પવનનો એકાદ ઝપાટો લાગશે અને ખરી પડવાનો છે. તેમ તમારા આ બંગલા-ગાડી-વાડીમાં મહાપુરુષોને જરાય આનંદ આવતો નથી. તેઓ સમજે છે કે કાળરૂપી પવનનો સપાટો લાગતાં આ મહેલ કડડભૂસ થઈ જવાનો છે. અને મૃત્યુરૂપી પવનનો સપાટો આવતાં જ આ મહેલને બાંધનારો ચાલ્યો જવાનો છે. એમાં આનંદ માણવા જેવું છે શું ? આજ સુધી અસંખ્ય માણસો જ નહીં, પણ અસંખ્ય સામ્રાજ્યો ખલાસ થઈ ગયાં. બ્રિટીશ સલ્તનત માટે કહેવાતું કે તેના રાજ્યમાં સૂર્ય આથમતો જ નહીં અર્થાત્ ભારતમાં સૂર્ય આથમ્યો હોય તો અમેરીકામાં તો ઉગતો હોય.. એટલું બધુ વિશાળ સામ્રાજ્ય હતું કે સૂર્ય એક દેશમાં આથમતો અને બીજા દેશમાં ઉગતો. આવા સામ્રાજ્યનો પણ વિનાશ થઈ ગયો. જ્યારે ભગવાન મહાવીરનું શાસન છએ ખંડમાં એવું જ જાગતું છે, એનો ક્યારેય નાશ થવાનો નથી.

## શ્રેય અને પ્રેય

કંચન કામિની, પુત્ર, પૌત્ર, આ બધા પ્રેય પદાર્થો છે હમેશાં પરાધીન છે જ્યારે સામે પક્ષે ક્ષમા, સરળતા, કોમળતા-નિલોર્ભતા વગેરે શ્રેય પદાર્થો છે. જે હમેશાં સ્વાધીન છે. શ્રેય પદાર્થોમાં લાભ ઘણો અને ક્લેશ થોડો જ્યારે પ્રેય પદાર્થોમાં લાભ અલ્પ અને ક્લેશ વધારે - પણ માણસ આજે શ્રેયને છોડીને પ્રેયમાં જ ડૂબેલો છે. માણસને ગર્વ છે કે હું બધું મારી બુદ્ધિથી જ મેળવું છું અથવા તો ચાલાકીથી મેળવું છું પણ એ ગર્વ જ તેને પાડે છે. કૌભાંડો કરનાર ઘણા ચાલાક હોય છે પણ બુદ્ધિ જ તેમને જેલ ભેગા કરે છે ને ! બુદ્ધિ પણ જો દૈવી હોય તો માણસને તારી દે છે. અને આસુરી હોય તો પછડાટ ખવડાવે છે.

સાચી સમજણ ધર્મ દ્વારા જ મળે છે. પણ ધર્મ કયારે મળે ? ગુણ હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો. ધર્મને મેળવવા માટે પહેલાં તો સદ્ગુણ જોઈએ. **ધર્મને યોગ્ય વ્યક્તિનો ૧૮મો ગુણ છે વિનય.**

## વિનય

વિનય એ સર્વ ગુણોનું મૂળ છે. વિનયએ ધર્મનું પણ મૂળ છે. મૂળ વગર વૃક્ષ હોઈ શકે નહીં તેમ વિનય વિના ધર્મ હોઈ શકે જ નહીં. વૈરીને પણ વશ કરનાર હોય તો તે વિનય છે. વિનયી માણસ દરેકને પ્રિય થઈ પડે છે. અવિનીત માણસ ગમે તેવો હોંશિયાર હોય તો પણ કોઈને ગમતો નથી. આજે આ જગતમાંથી વિનયનું તો દેવાળું જ નીકળી ગયું છે. માતા-પિતા, વડિલો વગેરેનો વિનય. અરે ! દાન લેવા આવનારનો પણ વિનય કરવો જરૂરી છે. શાસ્ત્રકારો કહે છે કે ધર્મનો પણ વિનય કરવો જોઈએ. સંસારની, દુર્ગતિની, દુઃખોની, પાપની શરૂઆત અહંકારથી થાય છે. જ્યારે ધર્મની, કલ્યાણની, સુખની અને નમસ્કારની શરૂઆત વિનયથી થાય છે.

## નમે તે સૌને ગમે

રાજાના મહેલમાં કોઈ ભિખારીને પ્રવેશ મળે ખરો ! ના, તો આપણે તો ચીંથરેહાલ કરતાં પણ વધારે ચીંથરેહાલ છીએ. આ દેવાધિદેવના-રાજાધિરાજના મંદિરમાં આપણને પ્રવેશ કેમ મળે છે ! નમસ્કારથી જ. નમસ્કાર એ ભગવાનની સાથે જોડાણની ચાવી છે. ગૌતમસ્વામિ મહારાજ વિનયથી જ મહાન બન્યા ને ! ભગવાનના ચરણમાં મસ્તક મૂકયું તે મૂક્યું. પોતે ચાર જ્ઞાનના ધણી હોવા છતાં કયારે પણ જ્ઞાનનો ઉપયોગ નથી મૂકયો. કોઈપણ શંકા જન્મે કે તરત જ ભગવાન પાસે જાય... ભગવાન પાસે જઈને ત્રણ પ્રદક્ષિણા આપે પછી ઉભડક બેસીને ભગવાનને પૂછે કે ભંતે ! આનું શું ? કેટલી નમ્રતા.. ! **નમ્રતા એ મોટામાં મોટો ધર્મ છે.** તમે કુવામાંથી પાણી ભરવા માટે ઘડાને કુવામાં ઉતારો. ઘડો વાંકો વળે તો જ ભરાય ને ! સીધો ને સીધો પાણી પર તરતો રહે તો પાણીનો સ્પર્શ હોવા છતાંય એક ટીપુંયે પાણી એમાં આવે ખરું ? વિનય માણસને ક્યાં સુધી લઈ જાય છે તે જણાવતું એક દૃષ્ટાંત શાસ્ત્રમાં આવે છે.

## પુષ્પશાલની કથા

ભગવાન મહાવીરના સમયમાં કોઈ ગામમાં પુષ્પશાલ નામનો એક છોકરો રહેતો હતો. ગામડાનો છોકરો. બીજો કોઈ ધર્મ જાણે નહીં. પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાનપણથી જ તેના સ્વભાવમાં વિનય વણાયેલો. કુળવાન માણસ સ્વભાવિક જ વિનયી હોય છે. કયાંય પણ નમવાની વાત આવે ત્યાં અગ્રેસર હોય જ. જ્યારે અકુલીન માણસ અહંકારી હોય છે. તે હું શું કામ નમું ? એમ વિચારતો હોય છે. બાહુબલીએ નમવાની હરીફાઈ કરી તો કેવળજ્ઞાન મેળવી લીધું. બાર-બાર મહિનાની ઘોર તપશ્ચર્યાને અંતે જે ન મળ્યું તે પગ ઉપાડતાં જ મળી ગયું. કેવી અજબની તાકાત છે નમવામાં ! પુષ્પશાલે ઘરમાં રોજના વ્યવહારથી જાણ્યું કે ઘરમાં પિતા મોટા છે. કેમ કે મા પણ પિતાને માન આપે છે અને બીજા માણસો પણ પિતાને પગે લાગે છે. એટલે મારે પણ પિતાની સેવા કરવી જોઈએ. રોજ પિતાનો બને તેટલો વિનય કરે છે. એક દિવસ ડાયરો ભરાયો છે. તેમાં ગામના ઠાકોર મુખ્ય સ્થાને છે. પિતા પુષ્પશાલને સાથે લઈને ડાયરામાં આવે છે. અને આવીને ઠાકોરને પગે લાગે છે. પુષ્પશાલને બીજી તો કોઈ ગતાગમ નથી પણ એટલી સમજણ છેકે પિતા જેને નમે છે તે તેમના કરતાં પણ મોટા છે માટે મારે તેમની સેવા કરવી જોઈએ. હવે ઠાકોરની સેવા કરે છે. એકવાર શ્રેણિક મહારાજાની સભામાં ઠાકોર વગેરે જાય છે. ત્યાં ઠાકોર શ્રેણિક રાજાનો વિનય કરે છે. પુષ્પશાલ આ જુએ છે તે તેમનો પણ વિનય કરે છે. પછી શ્રેણિક મહારાજ વગેરે બધા ત્યાં ભગવાનની દેશનામાં જાય છે. પુષ્પશાલ પણ સાથે છે. શ્રેણિકરાજા ભગવાનના ચરણમાં પડે છે. પુષ્પશાલ આ જોઈને વિચારે છે કે આ તો સર્વથી મહાન લાગે છે માટે મારે તેમની સેવા કરવી જોઈએ. બીજી કોઈ સમજણ નથી. બસ વડીલો જેને નમે, જેની સેવા કરે તે મારે કરવું જોઈએ આટલી સમજણ છે. ભગવાન પાસે જાય છે અને ભગવાનને કહે છે કે ભગવાન મારે તમારી સેવા કરવી છે. ભગવાને જોયું કે છોકરો વિનયી છે સરળ છે, દીક્ષા આપે છે. પુષ્પશાલ દીક્ષા લઈને પોતાનું આત્મકલ્યાણ સાધી લે છે. વિનયી માણસ બધે જ માનને પામે છે.

## ગુણોને ઝીલવાનું પાત્ર

विणओ सासणे मूलं । વિનય એ શાસનનું મૂળ છે. જેના જીવનમાં વિનય નથી તેને ધર્મ કેવો અને તપ કેવો ? વિનય વગરના તપને શાસ્ત્રકારો ભૂખમરો કહે છે. માતા-પિતાનો, વડીલોનો, ગુરુનો અને પરમાત્માનો બધાનો વિનય કરવાનું શાસ્ત્રકારો કહે છે. વિનયને તો સર્વ ગુણોનું ભાજન ગણવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવેલું છે. **सर्वषां गुणानां भाजनं विनयः ।** ગુણો કાંઈ આકાશમાં રહેતા નથી. વિનય એ બધા ગુણોને રાખવાનું પાત્ર છે. હીરા-માણેક-મોતીના દાગીનાઓને રાખવા માટે બોક્ષ જોઈએ છે ને ! ભલે ઝવેરાત લાખો રૂપિયાનું હોય અને બોક્ષ ૫૦ થી ૧૦૦ રૂપિયાનું હોય, પણ બોક્ષ વિના આકાશમાં લટકતું કાંઈ રખાતું નથી. તેમ બધા ગુણોને રહેવા માટે પાત્ર તો જોઈશે ને ! બધા ગુણોને ઝીલવાનું પાત્ર કોઈ હોય તો તે વિનય જ છે. પાત્ર ન હોય તો ગુણો ઢોળાઈ જાય... વળી એ પાત્ર ખાલી હોય તો જ ભરાયને ! ભરાયેલા પાત્રમાં કેવી રીતે સમાય... તેમ પહેલાં સમર્પણ દ્વારા ખાલી થઈ જવું પડશે. **ખાલી થશો પછી જ ભરાશો.** આપણું પાત્ર અભિમાન દ્વારા ભરાયેલું છે. પહેલાં અભિમાનને છોડો તો જ વિનય આવશે. આપણી મગજરૂપી ટાંકી અહંકારથી અને વાસનાથી ભરેલી છે માટે જ જીવનમાં વિનય આવતો નથી. વિનયથી જે જ્ઞાન મળે તે પરિણતિ જ્ઞાન કહેવાય છે. આત્મા સાથે ઓતપ્રોત થઈ જતું જ્ઞાન વિનય દ્વારા જ મળે છે. આજે તો સ્કૂલોમાં વિનયને અભરાઈએ ચડાવી દેવામાં આવ્યો છે. પ્રોફેસરો કે શિક્ષકો વિદ્યાર્થીઓને કાંઈ પણ કહેવા જાય તો છેક ખૂન સુધી મામલો પહોંચે છે. અવિનયથી કદાચ અક્ષરનું જ્ઞાન મળશે પણ તે પરિણામ નહીં પામે.

## પિતા-પુત્રનો સંવાદ

ઉપનિષદ્‌માં ઉદ્દાલક અને શ્વેતકેતુનો સંવાદ આવે છે. શ્વેતકેતુ ૧૪ વિદ્યામાં પારંગત થઈને ઘેર આવે છે. પિતા ઉદ્દાલક પૂછે છે કે બેટા ! શું ભણીને આવ્યો ? દિકરો કહે છે કે પિતાજી ! એમાં તમને કાંઈ ખબર ન પડે. પિતા કહે છે કે બેટા ? ત્યારે તું કશું જ ભણ્યો નથી. વિનય વિના બધું નકામું છે. વળી જ્યાં સુધી તેં તારા આત્માને ઓળખ્યો નથી ત્યાં સુધી બધું નિરર્થક છે. કહેવાય છે ને કે **"જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્ત્યો નહીં. ત્યાં લગી સાધના સર્વ જૂઠી"** આત્મા કોણ છે ? ક્યાંથી આવ્યો છે? ક્યાં જવાનો છે ? આવો પ્રશ્ન જગતના મોટાભાગના વર્ગને કયારેય સૂઝતો જ નથી. આત્મા નામની કોઈ ચીજ જગતમાં વિદ્યમાન છે એવું માનવા પણ ઘણા તૈયાર નથી. બસ આ ભવમાં મળ્યું છે તો ભોગવી લ્યો અને નથી મળ્યું તો મેળવવા પ્રયત્ન કરો.. આમાં જ જગતનો મોટો વર્ગ ડૂબેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિનય**

## ધર્મરૂપી વૃક્ષનું મૂળ

ધર્મ રૂપી રત્ન મેળવવા માટે જીવનમાં કેવા કેવા ગુણોની જરૂર પડે તેનું વર્ણન ચાલી રહ્યું છે. તેમાં વિનયગુણ ચાલી રહ્યો છે. **વિનય એ ધર્મ રૂપી વૃક્ષનું મૂળ છે**. મૂળ હોય તો જ વૃક્ષ ટકી રહે અને વૃક્ષ પર ફળ-ફૂલ આવે. આ વૃક્ષ સામાન્ય વૃક્ષ કરતાં ચડિયાતું છે. કોઈપણ વૃક્ષ હોય તેના પર એક જ જાતના ફળો આવે. આંબાના વૃક્ષો પર કેરીઓ જ આવે, ચીકું કે સફરજન ન આવે. પણ આ વિનય જેનું મૂળ છે એવા ધર્મરૂપી વૃક્ષ પર તો અનેક જાતના ફળો આવે. શાંતિનાયે આવે ને સમાધિનાયે આવે. આબાદીનાયે આવે ને આનંદનાયે આવે. ઝાડ પર જ્યારે ફળ આવે ત્યારે તે ઝાડ નીચે નમે છે. લચી પડે છે. પણ આજનો માણસ તો વૃક્ષ કરતાં યે નીચો ઉતર્યો. તેને જેમ-જેમ બુદ્ધિરૂપી, સંપત્તિ રૂપી કે માન-વૈભવ રૂપી ફળ મળ્યાં તેમ-તેમ તે અક્કડ બનતો ગયો. ઝાડના ઠુંઠા જેવો બની ગયો. પછી તે પોતાના પહેલાંના મિત્રમંડળમાં બેસતાંયે શરમાય... તેઓને બોલાવે પણ નહીં. તેની બેઠક તો મોટા-મોટા વહેપારીઓ સાથે હોય... આવા કિસ્સાઓ તો આજે સારા પ્રમાણમાં જોવા મળે છે. કાલનો ગામડિયો શહેરમાં જઈને કરોડપતિ બની ગયો એટલે ગામમાં આવે તો મૂંડી ઉંચી રાખીને ફરે.. સામાન્ય માણસને તો બોલાવે જ નહીં. વિનય વિના મળેલી આ સંપત્તિ માણસને પછડાટ ખવડાવે છે. કુદરત પણ આપણને નમવાનું શીખવાડી રહી છે.

આજના યુગમાં વિનયધર્મ ખતમ થઈ ગયો છે છોકરાઓ બાપની આમાન્યા જાળવે નહીં. એક કહે તો સામે ચાર સાંભળવા પડે. છોકરો ગમે તેટલો હોંશિયાર હોય પણ ઉદ્ધત હોય તો વ્હાલો લાગે ખરો ! પણ વિનીત હોય તો કેવો વ્હાલો લાગે. વિનય તો એક કામણ છે. ભગવાન જેવા ભગવાન પણ જેની નીચે બેસીને દેશના આપવાની છે, તે અશોકવૃક્ષને દેશનાની પહેલાં ત્રણ પ્રદક્ષિણા આપે છે અને 'નમો તિત્થસ્સ' કહીને બેસે છે. જ્યાં બેસીને લોકોનું કલ્યાણ કરવાનું છે તેનો વિનય કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રકારો અમને પણ ટકોર કરે છે કે વિનય હોય તો જ સાચું સાધુપણું આવે વિનય વિના તો ખાલી કપડા જ બદલવા જેવું છે. **विणया विप्पमुक्कस्स कओ धम्मो कओ तवो ।** વિનય વિનાનાને ધર્મ કેવો ને તપ કેવો ? વિનય એ એકડો છે તેની પછી તમે જેમ-જેમ મીંડા વધારતાં જાઓ તેમ તેની કિંમત વધતી જાય.. પણ જો એકડો કાઢી નાંખવામાં આવે તો શું રહે ? શૂન્યો... એ ઘણા શૂન્યોનું કોઈ મૂલ્ય ખરું ? **સાધુ જીવનમાં એક બીજાને બાંધનારી કોઈ ચીજ હોય તો તે વિનય છે.**

## વિનયી કોણ ! સાધુ કે રાજપુત્ર

કોઈ નગરમાં કોઈ આચાર્ય ભગવંત શિષ્યવૃંદની સાથે વિચરી રહ્યા છે. એક વખત તે નગરીનો રાજા આચાર્ય મહારાજને વંદન કરવા માટે આવે છે. થોડીવાર બેસે છે. સૂરિજીના વિનયીશિષ્યોને જોઈને તેને આશ્ચર્ય થાય છે. તે સૂરિજીને પૂછે છે કે ભગવન્ ! આપના આ શિષ્યો આપનો આટલો બધો વિનય કેમ કરે છે ? અમારા સંતાનો તો અમારો વિનય કરે તે સમજી શકાય કારણ કે તેને બાપાનું રાજ મળવાનું છે, પણ આ શિષ્યો કેમ આટલો વિનય કરે છે. એમને આપની પાસેથી શું મેળવવાનું છે ? વિનીત હોય તો અમારા રાજપુત્રો હોય.. પણ આપના શિષ્યમાં વિનય હોવો એ આશ્ચર્ય છે. રાજાને વધારે પ્રતીતિ કરાવવા માટે સૂરિજી રાજાના દેખતાં જ એક શિષ્યને બોલાવે છે. બોલાવતાંની સાથે જ શિષ્ય હાજી કહીને હાજર થાય છે. હાથ જોડીને નમ્રતાથી પૂછે છે કે ભગવન્! શી આજ્ઞા છે ? સૂરિજી કહે છે કે જાઓ તો જરા જોઈ આવો કે ગંગા કઈ દિશામાં વહે છે. તહત્તિ કહીને શિષ્ય આજ્ઞાનો સ્વીકાર કરીને બહાર નીકળે છે. ગામને પાદર આવે છે. ત્યાં ગંગા નદી પૂર્વ દિશામાં વહે છે તે જૂએ છે. વધારે ખાતરી કરવા આજુ-બાજુના લોકોને પૂછે છે. તથા નદીમાં એક તણખલું વહે છે. તેના પરથી બરાબર પાકું કરીને આવે છે કે ગંગા નદી પૂર્વમાં જ વહે છે. આવીને સૂરિજીને નમસ્કાર કરીને કહે છે કે ભગવન્ ! ગંગા પૂર્વમાં વહે છે. રાજાના ગુપ્તચરો સાધુ મ.ની પાછળ ગોઠવાયેલા હોય છે. તે પણ રાજાને કહે છે રાજન્ ! સાધુ મહારાજ ત્યાં જઈને બરાબર નક્કી કરીને આવ્યા છે. હવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજા પોતાના રાજકુમારને બોલાવીને કહે છે કે બેટા ! જા તો જરા જોઈ આવને કે ગંગા કઈ દિશામાં વહે છે. રાજકુમાર પહેલાં તો ત્યાંજ જવાબ આપી દે છે કે પિતાજી ગંગા પૂર્વમાં વહે છે. છતાં રાજા કહે છે કે હું કહું છું ને ! તું બરાબર જોઈ આવ કે ગંગા કઈ દિશામાં વહે છે. પિતાજીના કહેવાથી બબડતો-બબડતો, પગ પછાડતો બહાર નીકળે છે. રાજાના ગુપ્તચરો પાછળ જ છે. રાજકુમાર વિચારે છે કે આ ડોસાની સાઠે બુદ્ધિ નાઠી લાગે છે. આ તો નાનું છોકરુંયે જાણે છે કે ગંગા પૂર્વમાં વહે છે.એમાં શું જોવા જવાનું હોય ? તેથી તે તો સમય વીતે છે એટલે પાછો આવીને રાજાને કહે છે કે પિતાજી ગંગા પૂર્વમાં વહે છે. તેની પહેલાં તો રાજાને ગુપ્તચરો દ્વારા બાતમી મળી ગઈ છે. રાજા ગુરુભગવંતને પૂછે છે કે ભગવન્ ! આપના શિષ્યનો વિનય જોઈને મને ખૂબ જ આશ્ચર્ય થાય છે. નથી આપનો કોઈ સગો-વહાલો કે નથી આપના દેશનો છતાં કેટલી બધી આમન્યા ! ત્યારે સૂરિજી કહે છે કે રાજન્! તારા રાજકુમારને તો ફકત આ એક જ દેશનું રાજ લેવાનું છે, જ્યારે અમારા સાધુઓને તો આ વિનય દ્વારા ત્રણ લોકનું રાજ્ય મેળવવાનું છે. વિનય દ્વારા જ તેમનું આત્મકલ્યાણ છે. વિનયથી વાણીની શક્તિ ખીલે છે. ગુરૂકૃપા ઉતરે છે તેથી જાણે સાક્ષાત્ સરસ્વતી તેની જીભે આવીને વસી હોય તેમ લાગે!

ભારતની એક પદ્ધતિ હતી કે માણસ કોઈ પણ સારી જગ્યાએ જાય ત્યાં માથુ નમાવીને બેસે. જે વડિલો હોય તેને નમસ્કાર કરીને જ બેસે. આજે માથું નમાવવાની જગ્યાએ સલામ આવી ગઈ છે, માથું ભારેખમ થઈ ગયું છે. નમે જ નહીં ને !

## ચાર પ્રકારની બુદ્ધિ

શાસ્ત્રમાં ચાર પ્રકારની બુદ્ધિ આવે છે. **પહેલી બુદ્ધિ છે કાર્મણિકી.** કામ કરતાં કરતાં જ માણસને જે સૂઝ પ્રગટતી જાય તેને કાર્મણિકી બુદ્ધિ કહેવાય. ખેડૂતનો છોકરો કામ કરતાં કરતાં જ ખેતીમાં પાવરધો બનતો જાય. **બીજા પ્રકારની બુદ્ધિ છે પારિણામિકી :-** વયની સાથે પરિણામ પામે. માણસ જેમ જેમ મોટો થતો જાય તેમ તેમ તેની બુદ્ધિ પરિપક્વ બનતી જાય. બાળપણમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધિ કેવી ઉછાંછળી હોય છે. જેમ મોટો થતો જાય તેમ તેમાં ઠરેલપણું આવતું જાય. **ત્રીજા પ્રકારની બુદ્ધિ છે ઔત્પાતિકી** - ઔત્પાતિકી એટલે હાજર-જવાબી... જે ક્ષણે પ્રશ્ન પૂછો તે જ ક્ષણે બુદ્ધિ એકદમ સ્ફૂરાયમાન થાય. બિરબલની પાસે ઔત્પાતિકી બુદ્ધિ હતી.તે આ બુદ્ધિથી જ રાજાને પ્રિય થઈ પડયો હતો. એકવાર અકબરે બિરબલને કહ્યું કે બિરબલ! આજે મને સ્વપ્ન આવ્યું હતું કે હું અને તું બન્ને ફરવા નીકળેલા. આગળ જતાં રસ્તામાં બે કુવા જોયાં, એકમાં ગટરનું પાણી ઠલવાતું હતું અને બીજો સુગંધી જળનો હતો. તે જોઈને તું ગંદા પાણીના કુવામાં ન્હાવા માટે પડયો અને હું સુગંધી જળના કુવામાં પડયો. વાસ્તવમાં તો અકબરે બિરબલની કાપતી જ કરી હતી. પણ બિરબલ તો હાજર જવાબી હતો. તેણે કહ્યું કે સ્વામી મને પણ આવું જ સ્વપ્ન આવેલું પણ મને આનાથી થોડુંક આગળ ચાલ્યું. આપણે બન્ને કુવામાં પડયા પછી કુવામાંથી બહાર નીકળીને તમે મારા શરીરને ચાટવા લાગ્યા અને હું તમારા શરીરને ચાટવા લાગ્યો. અકબર ચૂપ થઈ ગયો. આવી તો ઘણી વાતો બિરબલની હાજરજવાબી બુદ્ધિની પ્રચલિત છે.

## વૈનયિકી બુદ્ધિ - બે શિષ્યોનું દૃષ્ટાંત

**ચોથી બુદ્ધિ છે વૈનયિકી :-** વિનય કરતાં કરતાં જ માણસમાં તે બુદ્ધિ પ્રગટતી હોય છે. શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે. એક ગુરુને બે શિષ્યો હતા. ગુરુકુલમાં રહીને બન્ને ભણતા હતા. એક વિનીત હતો અને બીજો અવિનીત હતો. વિનીત શિષ્ય ગુરુની બધી જ સેવા બહુમાન પૂર્વક કરતો. ગુરુના ઈંગિત (આકાર) પરથી તે સમજી જતો. ગુરુ તો બન્નેને કોઈપણ ભેદભાવ રાખ્યા વિના ભણાવે છે. હવે એકવાર બન્ને શિષ્યોને કોઈ કામ માટે ગુરુ મહારાજ બાજુના ગામમાં મોકલે છે. બન્ને જણ જાય છે. રસ્તામાં પગલાનાં ચિન્હો જોઈને અવિનીત શિષ્ય બોલી ઉઠે છે કે અહીંથી થોડીવાર પહેલાં જ કોઈ હાથી પસાર થયો લાગે છે. ત્યાં વિનીત શિષ્ય બોલી ઉઠયો કે હાથી નહીં પણ હાથણી પસાર થયેલી છે. થોડે આગળ જઈને ફરીને કહેવા લાગ્યો કે તે હાથણી ડાબી આંખે કાંણી છે. વળી થોડે આગળ જઈને વિનીત શિષ્ય બોલ્યો કે તેના પર કોઈ રાજરાણી બેઠેલી છે. તેણે લાલ સાડી પહેરેલી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગર્ભવતી છે, તેને થોડા જ સમયમાં પુત્ર આવવો જોઈએ. આ બધું સાંભળીને પેલો અવિનીત બોલી ઉઠયો કે અલ્યા, શું ગપ્પાં મારે છે. તને કાંઈ જ્ઞાન થયું છે કે આમ બોલી રહ્યો છે. વાતો કરતાં કરતાં બન્ને ગામની ભાગોળે આવી પહોંચ્યા. ત્યાં જૂએ છે તો મોટી છાવણી નાખેલી છે અને બહાર હાથણી ઉભી છે. થોડીવારમાં વાજિંત્રોના અવાજ સંભળાયા. એટલે આ લોકોએ પૂછયું કે શું થયું ? તો ખબર પડી કે રાજાની રાણીને પુત્ર જન્મ્યો. અવિનીત શિષ્ય તો આ બધું જોઈ અને સાંભળીને મનમાં મુંઝાવા લાગ્યો. તેણે મનમાં વિચાર્યું કે નક્કી ગુરુ મહારાજે આને બધું શીખવાડયું છે. મારા તરફ પક્ષપાત કર્યો છે. મનમાં ને મનમાં ધુંધવાતો હતો. પછી બન્ને તળાવની પાળે આવીને બેઠા. ત્યાં કોઈ ડોસીમા પાણી ભરીને જઈ રહ્યા છે. એ ડોસીમાનો દિકરો બહારગામ ગયેલો છે. ડોસીએ આ બન્નેને જ્યોતિષી સમજીને પૂછયું કે ભાઈઓ ! મારો દિકરો પરદેશ ગયો છે તે ક્યારે આવશે? બરાબર આ પ્રશ્ન પૂછયો તે જ સમયે ડોસીમાની અસાવધાનીથી માથે રહેલો પાણીનો ઘડો પડયો અને ફૂટી ગયો. અવિનીત શિષ્યે આ જોઈને જવાબ આપ્યો કે ડોસીમા દુ:ખની વાત છે, તમારો દિકરો કદાચ મરી ગયો હશે. આ સાંભળતાં ડોસીમાના તો મોતિયા મરી ગયા. વલોપાત કરવા લાગ્યા. ત્યાં પેલો વિનયી શિષ્ય બોલી ઉઠયો કે માજી ચિંતા ન કરશો. તમારો દિકરો તમને હમણાં જ મળશે. ડોશીમાને થોડી શાંતિ થઈ પણ બન્નેમાં સાચો કોણ? તે હવે અવસરે જોઈશું.

*ચલતી ચકીયાં દેખકર બેઠ કબીરા રોય*
*દોપડ ભીતર આપકે સબૂત ન રહે કોય*
*ચક્કી ચલે તો ચલને દો તુ કાહે કો રોય*
*ખીલડે સે વળગા રહે તો પીસ સકે ન કોય...*
*પરમાત્મારૂપી ખીલડાને જે વળગી રહે છે*
*તેને કોઈ પીસી શકતું નથી.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વિનયના અભાવે સમાજની અવદશા

જ્ઞાનીપુરુષો આપણો જન્મ સાર્થક કેમ થાય તેના માટે સમજાવી રહ્યા છે. બધા જ જીવો ખાય છે, પીએ છે, મોજમજા કરે છે તે કાંઈ આ માનવજન્મની સિદ્ધિ નથી. **પદાર્થો મેળવવા એ મહત્ત્વનું નથી પણ પરમાત્મા મેળવવા એ મહત્ત્વનું છે.** ધર્મનો અર્થી કેવો હોવો જોઈએ તેની વાત ચાલી રહી છે, તેમાં આપણે વિનયગુણને જોઈ રહ્યા છીએ. વરસાદ પડે ત્યારે એક બાજુ કાળી માટી છે અને બીજી બાજુ પથરાળ જમીન છે. આ બન્નેમાં કઈ જમીન પાણીનો વધારે સંગ્રહ કરે અને મબલખ પાક આપે ? કાળી માટી વાળી જમીન જ! તે માટી પાણીને ઘણાં વર્ષોના વર્ષો સુધી સંઘરી શકે છે. તે જમીન ખૂબ કિંમતી ગણાય છે. તેમ વિનય એ કાળી માટી જેવો છે. વિનીત માણસને ગમે તેવું કહેવામાં આવે તે કાળી માટી જેમ પાણીને ઝીલી લે છે તેમ વિનીત તે વાતને ગ્રહણ કરે છે. ભગવાન મહાવીરે નયસારના ભવમાં ગુરુ મહારાજે કહેલા ધર્મને પકડી લીધો. શેના કારણે ? વિનયી હતા માટે જ ને ! નહીંતર રસ્તામાં ચાલતાં-ચાલતાં ગુરુ મહારાજ ધર્મ સમજાવે છે ત્યારે તેમણે એમ વિચાર્યું હોત કે આ શું માથાકૂટ ? એમ સમજીને સાંભળ્યું જ ન હોત તો તરી શકત ખરા ! આતો **માર્ગ બતાવવા ગયા અને પોતે માર્ગ મેળવીને આવ્યા!** જે માણસ વિનીત નથી હોતો તેને ગમે તેટલા શાસ્ત્રો સંભળાવવામાં આવે કે ઉપદેશો આપવામાં આવે પણ તેનાથી તે કાંઈ પામી શકતો નથી. ઉલ્ટાનું કહેનારને જ ક્લેશ થાય છે. આ ગુણનો આજે અભાવ હોવાને લીધે વડીલોએ છોકરાઓને સાચી વાત કહેતાં ક્ષોભ અનુભવવો પડે છે. ડરતાં રહેવું પડે છે. રખેને ! છોકરાને ખોટું લાગી જશે અને મને કાઢી મૂકશે તો ! તેથી સાચી વાત - સાચી સલાહ પણ વડીલો આપતા નથી પરિણામે સમાજમાં બધું વધવા છતાં શાંતિ નથી. સાસુ વહુને સાચી શિખામણ આપી શકતી નથી. આ સંસારની આવી દશા છે ! પહેલાં વિનિત શિષ્યને શિક્ષક પોતાનું સર્વસ્વ રેડીને ભણાવતા. આ વિદ્યાર્થી મારો છે એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમજીને તેની પાછળ ભોગ આપતા. એ જમાનામાં અમુક ઉપાધ્યાયનાં વિદ્યાર્થી હોવું તે સ્ટેટસ ગણાતું. અને આજે સરખામણી કરવામાં આવે તો! વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે કેવું વાતાવરણ છે ! શિક્ષક પોતાના સાચા દિલથી ભણાવતો નથી. એને તો પગાર સાથેજ નિસ્બત રહે છે. અને ઉદ્ધત વિદ્યાર્થીઓ પણ લાંચ-રૂશ્વત દ્વારા અથવા ધાક-ધમકીથી આગળ આવવા મથી રહયા છે. પરિણામે બન્ને પક્ષે અશાંતિ છે. વિદ્યા તો દાન છે. એને પૈસાથી વેચવાની ન હોય. પણ આજે પૈસાથીજ મળે છે માટે સાચું જ્ઞાન રહ્યું જ નથી.

## વિનયી શિષ્યનો જવાબ

વિનય કરતાં-કરતાં માણસમાં એક પ્રકારની અજબ કોટિની બુધ્ધિ ઉત્પન્ન થતી. તેને વૈનયિકી બુધ્ધિ કહેવામાં આવે છે. વિનય દ્વારા કેવી બુધ્ધિ પ્રગટ થાય છે તે આપણે જોઈ રહ્યા છીએ. બન્ને શિષ્યો હજુ પાળ પર બેઠા જ છે. અને ત્યાં ડોશીમા હાથમાં ભેટ લઈને આવે છે.વિનીત શિષ્યને માથે હાથ મૂકીને આશીર્વાદ આપે છે અને કહે છે કે બેટા ! તેં કહ્યું તે પ્રમાણે જ થયું. હું હજુ શેરીમાં દાખલ થાઉં છું ત્યાં તો મારો લાડકવાયો દોડતો આવ્યો. તું ખૂબ સુખી થજે. આમ આશીર્વાદ આપીને ડોસીમા પોતાના ઘેર જાય છે અને બન્ને વિદ્યાર્થીઓ ગુરુકુલમાં પાછા ફરે છે. આવીને વિનયી શિષ્ય તો દોડતો જઈને ગુરુના ચરણમાં પડે છે. ગુરુમહારાજ તેને ખૂબ થાબડે છે. જ્યારે અવિનીત તો બહાર ઠુંઠાની જેમ ઉભો છે. ગુરુમહારાજ તેને બોલાવે છે. તે ધુંવા-પૂંવા થતો આવે છે. નમન કરવાના તો દૂર રહ્યા ઉલ્ટાનો ક્રોધથી ધમધમતો ગુરુ મહારાજને કહે છે કે તમે બહુ પક્ષપાત કર્યો છે. મને બરાબર ભણાવ્યો નથી. બધી ગુપ્ત વિદ્યાઓ તમે આને જ આપી છે. ગુરુ મહારાજે તેના ગુસ્સાને શાંત કર્યો. તેમણે પૂછયું કે હકીકત શું છે? તેણે બધું કહી સંભળાવ્યું. ગુરુમહારાજ પણ વિસ્મય પામ્યા. તેમણે વિનીત શિષ્યને પૂછયું. કે ભાઈ ! તેં પગલા પરથી હાથી નહીં પણ હાથણી છે એમ કેવી રીતે નક્કી કર્યું ? તેણે કહ્યું કે ગુરુજી રસ્તા પર હાથણીના મૂત્રના ચિન્હો હતા. હાથીની મૂત્રની રીત જુદી હોય અને હાથણીની જુદી હોય તેના પરથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેં નક્કી કર્યું કે આ હાથણીના પગલાં છે. વળી તેણે જમણી બાજુના જ પાંદડા, ફળ-ફૂલ ખાધેલાં તેના પરથી મેં નક્કી કર્યું કે તે ડાબી આંખે કાણી હોવી જોઈએ. આગળ જતાં તેના પરથી કોઈ નીચે ઉતરીને બાવળની પાછળ લઘુશંકા માટે ગયેલું છે.. પુરુષને ઓઠાંની જરૂર ન પડે પણ સ્ત્રીને જરૂર પડે તેથી મેં નક્કી કર્યું કે તે સ્ત્રી છે, વળી હાથી પર મુસાફરી તો મોટી વ્યક્તિ જ કરેને ! માટે તે રાજરાણી હોવી જોઈએ એમ મને લાગ્યું. મેં ત્યાં જઈને જોયું તો બાવળમાં સાડીના તાંતણા ભરાયેલા હતા. તે લાલ કલરના હતા તેથી તેણે લાલ સાડી પહેરેલી હોવી જોઈએ એમ મને લાગ્યું. વળી ત્યાં બે હથેળીના ચિન્હો હતાં તેના પરથી નક્કી કર્યું કે તે લઘુશંકા કરીને બે હાથનો ટેકો દઈને ઉભી થઈ હતી અને તેમાંય જમણા હાથની હથેળી પર વધારે ભાર આપ્યો હોય તેમ લાગતું હતું. તેના પરથી મને વિચાર આવ્યો કે તે ગર્ભવતી હોવી જોઈએ અને પ્રસવની તૈયારી હોવી જોઈએ. જમણા હાથ પર વધારે દબાણ આપ્યું હોવાથી તેને છોકરો આવવો જોઈએ. ગુરુ મહારાજ પણ તેની બુદ્ધિ પર ઓવારી ગયા. પછી ગુરુ મહારાજે પૂછયું કે પેલા ડોસીમાને તે કયા આધારે જવાબ આપ્યો ? તેણે કહ્યું કે ગુરુજી ! ડોસીમાએ જ્યારે પ્રશ્ન પૂછયો તે જ સમયે તેમના માથેથી ઘડો પડયો અને ફૂટી ગયો. તે ઘડાના ટૂકડા માટીમાં મળ્યા અને તેમાંથી પાણી ઢોળાઈને તળાવના જ પાણીમાં મળ્યું. એટલે મેં વિચાર્યું કે માટી માટીમાં મળી અને પાણી પાણીમાં મળ્યું. જે જેનું હતું તેને તે મળી ગયું. આ ડોસીમાને પણ તેમનો છોકરો મળી જવો જોઈએ. ગુરુ મહારાજ સમજી ગયા કે વિનય દ્વારા જ તેનામાં બુદ્ધિ પરિણામ પામેલી છે. અવિનીતને પોતાની ભૂલ સમજાઈ ગઈ. આમ વિનય કરતાં ઉત્પન્ન થયેલી બુદ્ધિ અદ્ભુત હોય છે તેનાથી આ લોકમાં કલ્યાણ થાય છે અને પરલોકમાં પણ કલ્યાણ થાય છે.

## સ્વર્ગ અહીંયા છે

જીવનની અંદર બધા સુખોનું મૂળ પુણ્ય છે. પુણ્યનું મૂળ ધર્મ છેં અને ધર્મનું મૂળ વિનય છે. બધા જ સુખોની ચાવી પરંપરાએ **વિનયમાં રહેલી છે. વિનય એ લીલી ઝંડી છે** જ્યારે માન એ લાલ ઝંડી છે. ગાડીને આગળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધવા માટે લીલી ઝંડી બતાવવામાં આવે છે તેમ જીવનની ગાડીને જો આગળ ધપાવવી હોય તો લીલી ઝંડી સ્વીકારો. ઘરમાં દરેક સભ્ય જો વિનયથી વર્તે તો ઘરમાં સ્વર્ગ ઉતરી આવશે.

**નવ પ્રકારના દાન**

શાસ્ત્રમાં નવ પ્રકારના દાનની વાત આવે છે. ૧. **અન્ન,** ૨. **વસ્ત્ર,** ૩. **પાણી,** ૪. **સ્થાન,** ૫. **શૈય્યા,** ૬. **મન,** ૭. **વાણી,** ૮. **કાયા,** ૯. **નમસ્કાર.** આ નવ પ્રકારના દાનમાં પૈસાનું દાન તો કયાંય આવતું જ નથી. શરૂઆતના દાન તો સમજી શકાય. પણ મનનું દાન કરવું એ પણ મોટામાં મોટું દાન છે. છ-સાત મહિનાના બાળકને મારી માતા કોણ છે અથવા આ મારી જન્મદાતા છે એવી કાંઈ સમજણ હોતી નથી છતાં પચ્ચીસ-પચ્ચાસ સ્ત્રીઓના ટોળામાં એ પોતાની માને શોધી કાઢે છે. કારણ કે માએ મનનું દાન આપેલ છે. માટે બાળક તેના તરફ ખેંચાય છે. પૈસાના દાન કરતાં પણ મનનું દાન ચડી જાય. લાખો રૂપિયાનું દાન આપે પણ જો મન ન આપે અથવા તો તિરસ્કારથી આપે તો ? એ દાનને બદલે મીઠો આવકાર આપે, પ્રેમના બે શબ્દો કહે, કોણ ચડી જાય ? પૈસાનું દાન આપનાર કે મનનું દાન આપનાર... એક શેઠે ઘણા માણસોને જમણનું આમંત્રણ આપ્યું. બધા લોકો જમવા આવી ગયા છે. લાઈન ગોઠવાઈ છે. પીરસવાની તૈયારી છે ત્યાં શેઠ બોલ્યા કે આજે હું તમને એવી વાનગીઓ પીરસીશ કે તમે તેનું નામ પણ સાંભળ્યું નહીં હોય. તમે તો નહીં પણ તમારા બાપ-દાદાએ પણ તેનું નામ નહીં સાંભળ્યું હોય. બસ હવે પીરસવાની શરૂઆત થાય છે. ત્યાં તો બધા ઉઠીને ચાલવા માંડયા. કેમ ? તેના શબ્દોમાં એકલો અહંકાર ભરેલો હતો. પ્રેમથી ખવડાવેલો સૂકો રોટલો પણ મીઠો લાગે. મનનું દાન ખૂબ જ મહત્ત્વનું છે. ડોકટર પાસે જાઓ. કેટલાક ડોકટરો એકદમ નમ્ર હોય છે. સ્વભાવે મીઠા બોલા હોય છે તેમની સાથે વાતચીત કરતાં જ દર્દીનું અડધું દર્દ ગાયબ થઈ જાય છે, જ્યારે કેટલાક તો એવા અક્કડ હોય છે કે તેને આપણે એકથી બે વાર પૂછીએ તો તરત જ ઉતારી પાડે. પૂરી વાત પણ ન સાંભળે એ ડોકટર દર્દીને કેવો લાગે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કાયાનું દાન

જમ જેવો લાગે ને ! જેમ મનનું દાન મહત્ત્વનું છે તેમ કાયાનું દાન પણ એટલું જ મહત્ત્વનું છે. કોઈ માંદા માણસની સેવા કરવી, તેની પગચંપી કરવી. આ દાન ઘણું કપરું છે. લાખો રૂપિયા ખર્ચનારા છ ફૂટની કાયાને નમાવી શકતાં નથી. સગાં મા-બાપનીયે સેવા કરી શકતા નથી. મા-બાપ માંદા હશે તો કોઈ નોકરડી બાઈને રાખી લેશે પણ જાતને જરાયે તકલીફ નહીં આપે. આજે દિકરાઓને મા-બાપને પૂછવાનો કે બોલાવવાનો પણ સમય નથી તો પછી પાસે બેસવાનો તો ક્યાંથી સમય હોય? જે દિકરાની પાછળ મા-બાપે રાત-દિન જોયાં નથી. એ દિકરો આજે એક કલાકનો પણ ભોગ આપવા તૈયાર નથી ! કેવી અધમતા ! કેવી નિષ્ઠુરતા છે !

## નમસ્કાર દાન

છેલ્લુ દાન છેં નમસ્કાર દાન. આ દાનથી ઘણા લાભો થાય છે. સામેની વ્યક્તિનું જોડાણ આના દ્વારા જ થાય છે. પરમાત્મા જેવી મહાવિભૂતિ સાથે સંબંધ બાંધવો હોય તો નમસ્કાર જોઈએ. વિનય હોય તો જ નમસ્કાર આવે. માતા-પિતા, પતિ, ગુરુ આ બધાને વ્યક્તિ તરીકે નહીં પણ તત્ત્વ તરીકે પૂજવાના છે. એનો સ્વભાવ કેવો છે તે જોવાનું નથી. તત્ત્વ તરીકે જ તેમને પૂજવાના છે. મિનિસ્ટરોને નમશે. ઓફિસરોને નમશે. અરે ! ઘેર કામ કરવા આવતા પેલા ઘાટીને પણ પંપાળશે પણ મા-બાપના ચરણમાં મસ્તક મૂકતાં તેને શરમ આવશે. દૂધમાં મેળવણ નાખતાં દહીં કેવું ઘટ્ટ બને છે તેમ જ્યાં વિનય હોય છે ત્યાં આવો ઘટ્ટ સ્નેહ બંધાય છે... વિનય વિનાનો માણસ અહંકારી હોય છે. અહંકાર તે અંધકાર છે. અંધકારમાં માણસ ચાલતો હોય તો તે અથડાઈને પડે નહીં તો શું થાય? ઠોકરો જ ખાય ને ! વિનય એ દીવો છે. વિનયી માણસ સર્વત્ર પૂજ્ય બને છે. તે જ ધર્મનો સાચો અધિકારી છે.

## ગુરૂકૃપા શું ન કરે ? - પૂ. ધર્મસૂરિ મહારાજ

વિનય તો એક જુગારી માણસને ક્યાંનો ક્યાં પહોંચાડે છે તે બતાવતી સત્ય ઘટના. મહુવામાં એ રહેતા. ગરીબ પરિસ્થિતિ. કોઈના ત્યાં દાડિયું કરીને બે પૈસા કમાવી લાવતા. અને તે પણ જુગારમાં હારી જતા. આવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ભાઈ પૂ. વૃદ્ધિચંદ્રજી મ.સા.ના પરિચયમાં આવ્યા. જીવનમાં માણસનો ટર્નિંગ પોઈંટ કયારે આવે છે અને કોના સમાગમથી આવે છે તે કહી શકાતું નથી.. સત્સંગથી જીવનનું વહેણ બદલાયું... કાલનો જુગારી-રખડુ માણસ આજનો સાધુ બની ગયો. તેમનું ધર્મવિજયજી મહારાજ નામ પાડવામાં આવ્યું. દીક્ષા લીધા પછી જ્ઞાન ચડે નહીં. પણ વિનય જબરજસ્ત. ગુરુ પર ખૂબજ બહુમાન પૂ. નેમિસૂરિ મહારાજ સાહેબ તેમના ગુરુભાઈ થાય. ધર્મવિજય મહારાજને ભણાવવાનું કામ નેમિસૂરિ મહારાજને સોંપાયું... જ્ઞાનનો ક્ષયોપશમ જરાયે નહીં તેથી ઘણી મહેનત કરે પણ એક અક્ષરે ચઢે નહીં. કયારેક તો ગુરુભાઈ ઘડાના દોરાથી મારે પણ ખરા.. પણ મનમાં જરાયે લાગે નહીં. હસતાં-હસતાં વિનયપૂર્વક બધુંજ સહન કરે.. રાત-દિવસ ગુરુનું જ રટણ-સતત ગુરુ મહારાજનું ધ્યાન રાખવું. વર્ષો વીત્યાં. જ્ઞાન તો બહુ મેળવી ન શકાયું. પણ ગુરુ સેવાથી મન તૃપ્ત છે. ગુરુ મહારાજનો અંતિમ સમય નજીક આવી રહ્યો છે. ધર્મવિજયજી મહારાજ સંથારા પાસે બેઠેલા છે. ગુરુ મહારાજ પોતાના બીજા શિષ્યોને કહે છે કે આ ધરમવિજયને પન્યાસ પદવી આપજો.. ગુરુ મહારાજ કાળ કરી ગયા. થોડા જ સમયમાં વિનયથી મળેલી ગુરુકૃપાના બળે અંદરની શક્તિઓ ખીલી ઉઠી. અભ્યાસ વધવા માંડયો. માંડલમાં નાનકડી પાઠશાળા શરૂ કરાવી. એમાં સંસ્કૃતનો અભ્યાસ શરૂ કરાવ્યો. પછી આગળ વધતાં વિદ્યાનું કેન્દ્ર એવા કાશીધામમાં પહોંચ્યાં. વિદ્યાર્થીઓને પણ સાથે લઈ ગયા. બેચરદાસ પંડિત વગેરે સાથે હતા. જૈન સમાજમાં જ્ઞાનનો વધારો કરવો હતો. ઘણા બધા ઝંઝાવાતો આવ્યા. અડગ રહીને પોતાનું કાર્ય આગળ ધપાવતાં ગયાં. હવે લોકોને ખેંચવા માટે તેઓ રસ્તા પર ઉભા રહીને પોતાના વિદ્યાર્થીઓની સામે વ્યાખ્યાન આપવા માંડયા. ધીમે ધીમે કુતૂહલથી લોકો ભેગા થવા માંડયા... પાંચ, પચ્ચીસ એમ કરતાં કરતાં પાંચસો માણસોનું ટોળું રસ્તા પર ઉભું ઉભું વ્યાખ્યાન સાંભળે... જેને પુરું બોલતાં પણ નહોતું આવડતું તે હવે હજારો માણસોને જકડી રાખવા માંડયા.. જાણે જીભ પર સાક્ષાત્ સરસ્વતી આવી વસી. એમ કરતાં એમની ખ્યાતી પં ભારતભૂષણ મદનમોહન માલવિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધી પહોંચી. એમણે કુંભમેળાનું આયોજન કરેલું. એમાં દેશભરના ધુરંધર પંડિતોને આમંત્રણ આપેલું. આ ધર્મવિજયજી મ.સા.ને પણ આમંત્રણ આપ્યું. હજારોની મેદની છે. એમાં પંડિતોને પાંચ-પાંચ મિનિટનું ભાષણ કરવાનું ગોઠવેલું. ધર્મવિજયજી મહારાજનો વારો આવ્યો. વક્તવ્ય શરૂ થયું. પાંચ મિનિટ પૂરી થઈ ત્યાં તો સભામંડપ તાળીઓના ગડગડાટથી ગાજી ઉઠયો.. અને સાથે સભામાંથી અવાજ આવ્યો કે આગળ ચલાવો, આગળ ચલાવો... બીજી પાંચ મિનિટ વક્તવ્ય આપ્યું ત્યાં ફરી અવાજ આવ્યો કે આગળ ચલાવો.. એમ કરતાં કરતાં ૪૫ મિનિટ સુધી વક્તવ્ય ચાલ્યું. પછી માલવિયાએ ઉભા થઈને ક્હયું મહારાજ સાહેબ હવે કૃપા કરો. આ બીજા બધા પંડિતોને શું જવાબ આપીશ.. વાણીમાં આવી ગજબની શક્તિ આવી ક્યાંથી... ? વિનયના બળે મળેલી ગુરુકૃપાથી જ..

પ્રશમરતિ નામના ગ્રંથમાં ઉમાસ્વાતિ મહારાજ કહે છે કે વિનયનું ફળ શુશ્રૂષા છે એટલે કે સાંભળવાની ઈચ્છા અને સેવા છે. ગુરુની સેવા દ્વારા જ શાસ્ત્રના રહસ્યોને મેળવી શકાય છે અને પછી જ્ઞાનથી વિરતી આવે... વિરતીથી સંવર... આમ પરંપરાએ મોક્ષ સુધી પહોંચી શકાય છે. વિનય એ સર્વગુણોનું ભાજન છે.

*જો કભી ભૂલ ન કરે ઉસે ભગવાન કહતે હૈં*
*જો ભૂલકર ભૂલ જાયે ઉસે નાદાન કહતે હૈં*
*જો ભૂલકર મુસ્કુરાયે ઉસે શેતાન કહતે હૈં*
*જો ભૂલકર કુછ શીખ જાયે ઉસે ઈન્સાન કહતે હૈં*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કૃતજ્ઞતા**

## ભવચક્રનું પૂર્ણવિરામ !

જ્ઞાની મહાપુરુષો આપણા કલ્યાણને માટે ઉત્તમમાં ઉત્તમ ધર્મ સમજાવી રહ્યા છે માનવજન્મ ઘણો દુર્લભ છે. આ અવતારમાં જ બધા અવતારો પર પૂર્ણવિરામ મૂકી શકાય છે. ખાવું-પીવું, મોજ-મઝા કરવી એ તો આનુષાંગિક ફળ છે. મુખ્ય તો ધર્મ કરવો એજ સાચો છે. પૈસા મળવા એ સદ્ભાગ્ય નથી પણ ધર્મ મળવો એ મહાસદ્ભાગ્ય છે. કોઈપણ વસ્તુ લેવા માટે માણસ નીકળે તો તેની પરીક્ષા કરીને બરાબર સારી રીતે જોઈને લે છે. ચાહે શાક હોય કે વસ્ત્ર-પાત્ર કે કોઈપણ ચીજ હોય, તો આ ધર્મ નામની મહાકિંમતી ચીજ લેવા માટે નીકળેલા માણસે પહેલાં તો ધર્મને બરાબર પારખવો જોઈએ. આજે ધર્મના નામે ઘણાં ધતીંગો ચાલે છે. હિંસાને પણ ધર્મ માનવામાં આવે છે. બકરીઈદના દિવસે લાખો જીવોની કતલ થાય છે તે તેઓનો મોટામાં મોટો ધર્મ છે. નવરાત્રિના દિવસોમાં શું માતાજીની ભક્તિ માટે લોકો ઉજાગરા કરે છે, નાચે છે કૂદે છે ? ના, ખરેખર તો એ દિવસો ભક્તિને બદલે કમબખ્તીના હોય છે. **નવરાત્રિ એ યુવાનોની લવરાત્રિ બની જાય છે.** મોજ-શોખ અને ચેનચાળા સિવાય બીજું કાંઈ હોતું નથી.. કોઈકે તો લખ્યું હતું કે બહાર ગરબા રાસ અને ઘરમાં ત્રાસ. આને ધર્મ માનવો કેવી રીતે? માટે શાસ્ત્રકારો કહે છે ધર્મને બરાબર પારખીને જીવનમાં ઉતારો. ધર્મને ઉતારવા માટે પણ ગુણો જોઈશે. તેમાં આપણે **૧૯મો ગુણ કૃતજ્ઞતા આવ્યા છીએ.**

**ધર્મનો અર્થી માણસ કૃતજ્ઞ એટલે કરેલા ઉપકારને ભૂલી નહીં** જનારો **હોવો જોઈએ.** આવો માણસ ઉંચેને ઉંચે ચડતો જાય છે, જ્યારે કેટલાક માણસો કૃતઘ્ની એટલે કે કરેલા ઉપકારને ભૂલી જનારા હોય છે. આવા **માણસો નીચે-નીચે પટકાતા જાય છે. કૃતઘ્ની માણસથી સામેનો માણસ ખૂબ જ આર્ત્તધ્યાન અનુભવે છે એને એમ થાય છે કે આ માણસને હું જ ઉંચો લાવ્યો અને આજે એ મારી સામે જ પડયો,** તેના નિઃસાસાની લ્હાય કૃતઘ્ની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માણસના જીવનબાગને બાળી નાખે છે. માટે કૃતઘ્ની માણસ નીચેને નીચે પટકાતો જાય છે. કૃતજ્ઞ માણસ સામેના માણસના રઈ જેટલા ઉપકારને પણ પહાડ જેટલો માનીને જીંદગી સુધી ભૂલે નહીં. એક શ્લોક આવે છે કે -

**दो पुरिसे धरउ धरा अहवा दोहिं पि धारिया धरणी ।**
**उवयारे जस्स मई उवयरियं जो न पम्हुसइ ।**

હે ધરતીમાતા ! તું બે પુરુષોને જ ધારણ કરજે અથવા તો બે પુરુષો વડે જ તું ટકી રહી છે. એક તો જે ઉપકારને કરે છે. અર્થાત્ બીજાનું ભલું કરવું એ જ જેમનું વ્યસન છે તેઓ, અને બીજા જેઓ ઉપકારને ભૂલતા નથી. ઉપકાર કરવા માટે બધા સમર્થ ન હોય પણ કરેલા ઉપકારને યાદ તો રાખે ને ! આજે આ બન્ને પ્રકારના માણસો લગભગ નષ્ટ પ્રાયઃ છે. પહેલો જ ઉપકાર મા-બાપનો છે, આ સૃષ્ટિ પર આપણને લાવનારા એ છે. બચ્ચામાંથી માનવ બનાવનાર એ છે, પણ આજે એને માનવા કોઈ તૈયાર નથી. અરે ! એટલે સુધીની દુષ્ટતા માણસ આચરી શકે છે કે માને કહે કે મા તેં મને તારું દુધ પાયું છે ને ! લે આ દૂધના પૈસા પણ અહીંથી નીકળી જા... ! વળી પૈસા માટે માને મારી નાખવા પણ આજના સંતાનો તૈયાર છે. એ સિવાય પણ જીવનમાં માણસને ડગલે ને પગલે બીજાની મદદની જરૂર પડે છે. તે એકલે હાથે જીવન જીવી શકતો નથી. ચાહે કોઈ પાડોશી હોય, વૈદ્ય હોય કે ડોકટર હોય કે કોઈ શિક્ષક હોય... બધાની સહાયથી જ માણસ જીવન જીવી શકે છે. પણ દુઃખની વાત છે કે એ કોઈનાયે ઉપકારને યાદ રાખવા તૈયાર નથી. અરે ! યાદ ન રાખે તો કંઈ નહીં પણ તેનો જ અપકાર કરવા-તેનું જ બુરું કરવા તૈયાર થઈ જાય છે.

ભગવાન આપણા જેવા જ જીવ છે છતાં તે ઉત્તમ શા માટે છે ? કારણ કે ભગવાન કૃતજ્ઞતાગુણના સ્વામી છે. આપણે તો સામા માણસનાં સો ઉપકારોને પણ ઘડીના છઠ્ઠા ભાગમાં ભૂલી જઈએ છીએ. માટે તો ઉંચે આવતા નથી. ને જગતમાં રખડી રહ્યા છીએ. ભગવાન તો ગુણોના સ્વામી છે જ્યારે આપણે અવગુણોના સ્વામી છીએ.

આ એક નાનકડો ગુણ પણ માણસને કયાંનો કયાં લઈ જાય છે. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમને આ સત્ય ઘટના પરથી ખ્યાલ આવશે..

**શેરબજારનો રાજા**

એક ગરીબ મારવાડી છોકરો. તેનું નામ ગોવિંદ. પૈસા કેમ કમાવવા તે મોટો પ્રશ્ન. ભણેલો બિલકુલ નહીં. મુંબઈની જાહોજલાલી જોઈને વિચાર્યું કે મુંબઈમાં કંઈક કમાણી થશે. એમ સમજીને મુંબઈ આવ્યો. આવડા મોટા મુંબઈ શહેરમાં ઉતરવું ક્યાં ? સાવ અજાણ્યો માણસ. રોટલો તો કમાણીથી મળી રહે પણ ઓટલો ક્યાંથી લાવવો ? આખો દિવસ રઝળપાટ કરી.. કોઈકે કહ્યું કે ભાઈ ફલાણી ધર્મશાળામાં જજો. ત્યાં તમને રોટલોને ઓટલો બન્ને મળી રહેશે. નામ-ઠામ લઈને પૂછતો-પૂછતો ત્યાં પહોંચ્યો. મુનીમજીની પાસે ગયો. મુનીમજીને વાત કરી કે હું સાવ અજાણ્યો છું. નોકરી-ધંધે આવ્યો છું. કંઈક કામ હોય તો મને રાખી લો. મુનીમને તેના દિદાર જોઈને દયા આવી. તેમણે કહ્યું કે સારું તમે એમ કરજો કે રોજ કેટલા મુસાફરો આવ્યા તેની યાદી બનાવજો. સવારથી કામે લાગી જજો. સવાર પડી.. પણ આ ભાઈ સાહેબને ન તો પૂરું લખતાં આવડે કે ન વાંચતા આવડે. બે દિવસ જેમ તેમ કરીને પસાર કર્યા પછી મુનીમજીએ કહ્યું કે ભાઈ હું તમને રાખીને શું કરું ? નથી તમને લખતાં આવડતું કે નથી વાંચતા આવડતું. માટે મારે તમને રજા આપવી પડશે. લો, આ બે દિવસનો પગાર અને બીજા બે રૂપિયા હું મારા ખિસ્સામાંથી આપું છું. કારણ કે આવડી મોટી નગરીમાં તમે જાશો ક્યાં અને ખાશો શું ? બીજી નોકરી શોધતાં પણ ટાઈમ લાગશે તેથી આ બે રૂપિયા તમને કામ લાગશે. નિરાશવદને તે ત્યાંથી નીકળ્યો. ક્યાં જવું? ગમે તેમ કરીને દિવસો પસાર કરે છે. કોઈ દુકાનનો ઓટલો કે ફૂટપાથ પર દિવસો ગુજારે છે. પણ હવે ધીમે-ધીમે નસીબ આડેનું પાંદડું ખસવા લાગ્યું. પુણ્ય ખીલવા માંડયું. આગળ વધતાં-વધતાં તે શેર બજારનો રાજા બન્યો. ચારે બાજુ તેના નામની બોલ બાલા. તે ગોવિંદમાંથી શેઠ **ગોવિંદરામ સેકસરિયા** બની ગયો. સંપત્તિ ઢગલાબંધ આવવા માંડી.

**બેનો બદલો બે લાખથી**

હવે આ બાજુ સૌ પ્રથમ જે ધર્મશાળામાં ઉતરેલો તે ધર્મશાળા જીર્ણ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીર્ણ થઈ ગઈ હતી. ધર્મશાળાના મુનીમે ધર્મશાળાને રીપેરીંગ કરવા માટે ફાળો ઉઘરાવવાની શરૂઆત કરી. ગોવિંદરામનું નામ સાંભળીને તે તેમની પાસે આવ્યો. ધર્મશાળાના ફંડ માટે વાત કરી... **ગોવિંદરામ** તો મુનીમજીને જોતાં જ ઓળખી ગયા. તેમણે પોતાના ગુમાસ્તાને બોલાવીને કહ્યું કે આ મુનીમજીને ૧ લાખ રૂપિયા આપો.. મુનિમ તો એક લાખ રૂપિયા સાંભળીને આશ્ચર્ય પામ્યો. જેણે હજાર, પાંચ હજારના દાન માટે ભઈ-બાપા કરવા પડતા હોય ત્યાં એકી સાથે એ જમાનામાં એક લાખ રૂપિયાનું દાન આપનાર આ કોણ? મુનીમ તો વિસ્ફારિત નયને જોઈ જ રહ્યો. ત્યાં ગોવિંદરામ બોલ્યા કે મુનીમજી યાદ આવે છે કે અમુક વર્ષો પહેલાં તમારી ધર્મશાળામાં એક ચીંથરેહાલ મારવાડી છોકરો આવેલો. તેને તમે આશ્રય આપ્યો હતો. હા, યાદ તો આવે છે. તો તે છોકરો બીજો કોઈ નહીં પણ હું પોતે હતો. જ્યાં ઉભા રહેવા પણ કોઈ દે નહીં ત્યાં એ ધર્મશાળાએ મને પહેલો આશ્રય આપેલો, માટે એના નિમિત્તે હું એક લાખ રૂપિયા ભેટ આપું છું અને બીજું આપે મને રજા આપી ત્યારે મારી પર દયા કરીને બે રૂપિયા આપેલા, તેથી આપને પણ હું બે લાખ રૂપિયા આપું છું. આપ સ્વીકારી મને ઋણ મુક્ત કરો. મુનીમ તો આભો જ બની ગયો. ક્યાં ૨૦૦-૫૦૦ રૂપિયાનો પગાર અને ક્યાં એકી સાથે આવડી મોટી રકમ.. બે રૂપિયાના બદલામાં બે લાખ રૂપિયા !

કહેવાનું તાત્પર્ય છે કે માણસના જીવનમાં રહેલો એકાદ ગુણ પણ માણસને કેટલો મહાન બનાવે છે. આ કૃતજ્ઞતા નામના ગુણે સેકસરીયાને ક્યાં પહોંચાડયો ?

સદ્‌ગુણો એક એવી ચીજ છે. જે દરેક જન્મમાં કામ લાગશે. સદ્‌ગતિને અપાવવાની ગેરંટી આ સદ્‌ગુણ નામની ચીજમાં છે. સારામાં સારી જમીન, સારામાં સારું ખેતર અને સુંદરમાં સુંદર ખેડાણ કર્યું હોય, વળી વરસાદ પણ પૂરતો પડે તો ખેતી કેવી થાય ? વીસ આની થાય કે નહીં ? થાય જ. બસ એના જેવી આ વાત છે. ધર્મ જો સદ્‌ગુણોની સાથે કરવામાં આવે તો તેનો પ્રભાવ ઓર જ હોય છે. ઉપકારીના ઉપકારને માણસે હમેશાં યાદ રાખવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈએ. કૃતજ્ઞ માણસો જ વિશ્વમાં ટોચે આવીને ઉભા રહે છે. દૂધ પર જે :નો પોપડો જામે છે તે કેટલો ઘટ્ટ અને વજનદાર હોય છે. આમ તો ૪નદાર વસ્તુ તરે નહીં પણ ડૂબી જ જાય. જ્યારે તર તો દૂધની ઉપર જ ; છે, કારણ કે દૂધના બધા પરમાણુઓ તરને ઉંચે રાખે છે. તેમ ગુણવાન ણસને લોકો જ ઉંચે લાવે છે. પણ આપણામાં મોટામાં મોટી ખામી છે આપણે સામેની વ્યક્તિના ઉપકારને તરત જ ભૂલી જઈએ છીએ. તેમાં મોટી વાત છે, તેણે આમ કર્યું તે ? એ તો એની ફરજ છે. તેણે કરવું પડે ને ! આપણી આવી જ વાતો હોય છે.

ઠાણાંગસૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીનો અને ગુરુ ગૌતમસ્વામીનો ાાદ આવે છે તેમાં ભગવાન કહે છે કે હે ગૌતમ ! ત્રણના ઉપકારનો બદલો ળી શકાતો નથી. **૧. માતા-પિતા. ૨. ભર્ત્તા અને ૩. ધર્માચાર્ય.**

**મા-બાપનો ઉપકાર** - જેણે આપણને જન્મ આપ્યો. રાત-દિવસ ાપણી પાછળ ગાળ્યા. પોતે ભૂખ્યા રહીને પણ આપણને જમાડયા. આવા -બાપને શતપાક ને સહસ્રપાક તેલની માલિશ કરીને સુગંધી જળથી ાડાવે, બધા અલંકારો પહેરાવે, જમવાના સમયે બત્રીશ જાતના પક્વાન્ન અઢાર જાતના શાકથી જમાડે. પોતાની કાંધ પર બેસાડીને યાત્રા કરાવે, ાટલું કરવા છતાં પણ એમના ઉપકારનો બદલો વાળી શકાતો નથી. તમસ્વામી મહારાજા પૂછે છે કે ભગવાન્ ! તો તેમના ઉપકારનો બદલો ારે વળે ? ભગવાન કહે છે ગૌતમ ! મા-બાપ કદાચ ધર્મના માર્ગથી ચલિત ઈ જાય તો પુત્ર તેમને ધર્મના માર્ગે વાળે અને તેમનો પરલોક સુધારે તો ાના ઉપકારનો બદલો વળી શકે.

## નચી પુત્રની મુંઝવણ

એકબાજુ શાસ્ત્રમાં મા-બાપનો આટલો બધો વિનય બતાવ્યો અને જી બાજુ આજે સંસારમાં મા-બાપની કરુણ સ્થિતિ. બન્ને વચ્ચે આસમાન-ીનનું અંતર. આમ કેમ ? એમાં બે કારણ છે એક તો મા-બાપનો સ્વભાવ ા કારણભૂત બને છે. ઘણીવાર મા-બાપ જ દિકરાનું ઘર ભાંગતાં હોય દીકરાને હોંશે-હોંશે પરણાવે. વહુ આવે એટલે વહુની સાથે રોજ ઝઘડા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલે. છોકરાને ચડાવે કે તારી વહુ આવી છે ને તારી વહુ તેવી છે. વગેરે... હવે છોકરો વિનયી છે તેને મોટો પ્રશ્ન ઉભો થાય. જો સ્ત્રીનો પક્ષ લેવા જાય તો મા-બાપની ભક્તિનો સવાલ આવે અને મા-બાપનો પક્ષ લેવા જાય તો સ્ત્રીને તરછોડવી પડે. શું કરવું ? શાસ્ત્ર પ્રમાણે ચાલવા જાય તો વહુને રઝળતી જ મૂકવી પડે. ત્યાં શાસ્ત્રકારો કહે છે કે મા-બાપની ભક્તિ એટલે તેમના ખોટા વિચારોને પણ ન્યાય જ આપવો, તેમનું કહેલું સ્વીકારવું જ તેવું નથી, પણ તેમને ખાવા-પીવાની, તબિયત વગેરેની તકલીફ ન પડવી જોઈએ. તેમને એમ ન થવું જોઈએ કે દીકરો તો વહુનો થઈ ગયો. અમારી સામું પણ જોતો નથી. અમને ઘરમાં વહુ હડધૂત કરે તો પણ કાંઈ કહેતો નથી. બસ આટલું જ સાચવવાનું છે. બાકી વિચારો તો મેચ થાય કે ન પણ થાય.. છોકરાઓ લહેર કરતા હોય અને મા-બાપ સીદાતા હોય. એના તરફ જ શાસ્ત્રકારો આંગળી ચીંધે છે. મા-બાપે પણ સમજવું પડશે કે દીકરાની મુશ્કેલી થાય તેવું ન કરવું જોઈએ. પોતાના સ્વભાવને ફેરવવો પણ પડે.

બીજું કારણ કેટલાક સંતાનો જ એવા હોય છે કે મા-બાપનું બિલકુલ ધ્યાન જ ન રાખે. વહુ આવે એટલે એમાં એવો ડૂબી જાય કે સવારે ધંધા પર જાય અને સાંજે આવીને તરત પોતાની સ્ત્રી સાથે ઓરડામાં પેસી જાય... મા-બાપે આખા દિવસમાં કાંઈ ખાધું કે નહીં, તબિયત કેમ છે, વગેરે કાંઈ જોવા-જાણવાની પડી જ ન હોય.. આવા સંતાનોને પાછળથી પસ્તાવાનો વખત આવે છે.

## કરણી તેવી ભરણી

હું મારા એક પરિચિતભાઈને ત્યાં પગલાં કરવા ગયેલો... અમદાવાદ શહેરની વાત છે. દીકરો ઘણો હોંશિયાર ધંધામાં તેણે નામ કાઢેલું. ઘેર મોટર-ગાડી, બંગલો... વૈભવના સાધનો.. આબરૂ... બધું જ. તેમના ઘેર જઈને તેના બાપાને મળ્યો. મેં કહ્યું કે ફલાણાભાઈ ! તમારા દિકરાએ તો નામ કાઢયું છે. તમે તો ઘણા સુખી સુખી લાગો છે. ત્યાં બાપા એકદમ અકળાઈને બોલ્યા કે શું સુખી ? હું તો દુઃખી-દુઃખી છું. સાંભળીને હું તો આશ્ચર્ય પામ્યો કે આટલો સુખી માણસ અને કહે છે કે હું દુઃખી છું. મેં પૂછયું કે કેમ દુઃખી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છો ? સાહેબ છોકરો મને બાપા કહીને બોલાવતો જ નથી ! કેમ છે એટલુંયે પૂછવાનો એને ટાઈમ નથી. મિત્રો સાથે હરે-ફરે, વાતો ચીતો કરે પણ મારી પાસે કયારેય પાંચ મિનિટ પણ ન બેસે. રોજ મનમાં ને મનમાં મુંઝાયા કરું છું. શું કરવાનો આ વૈભવ ને શું કરવાના પૈસા ! મનમાં સતત બળતરા જ હોય ત્યાં શું ? શાસ્ત્રકારો અહીં આપણને આંગળી ચિંધે છે કે આવું ન થવું જોઈએ. છેવટે દીકરાએ બાપને ન ઠાર્યા તો એનો છોકરો તો એનાથી એ ચડિયાતો નીકળ્યો. બાપા તો અસંતોષમાં જ મરી ગયા. હવે આ દીકરો જે બાપ બન્યો તેને પોતાના દીકરા સાથે બોલ્યાનો વહેવાર પણ ન રહ્યો. બન્ને એક જ દુકાનમાં સાથે બેસે પણ એક-બીજાને કંઈ પૂછે નહીં. છેવટે બાપને કેન્સર થયું, મરણ પથારીએ છે. બાપા રોજ પથારીની આસપાસ નજર નાખે છે જૂએ છે કયાંય મારો દીકરો બેઠો છે ? એક જ દીકરો છે. દીકરાને જોવાં વલખાં મારે છે. પણ દીકરો તો દુકાનેથી આવીને સીધો ઉપર પોતાની રૂમમાં સ્ત્રી સાથે ગપ્પા મારવા બેસી જાય છે. પણ બાપ મરણ પથારીએ છે તો એ જોવા જતો નથી. છેવટે દીકરાની ઝંખનામાં ને ઝંખનામાં બાપ મરી ગયો.. પોતાના બાપને નહોતા ઠાર્યા તો તેને તેના દીકરાએ ન ઠાર્યો. જગતનો નિયમ છે કે **'બાળશો તો બળશો ને ઠારશો તો ઠરશો'**. મા-બાપના સ્વભાવની સામે જોવાનું નથી.. તેની સેવામાં કચાશ ન રહેવી જોઈએ. આપણે ફકત આપણી ફરજ જ બજાવવાની છે. હવે બીજો ઉપકાર છે ભર્તાનો તે આગળ જોઈશું.

**To be Good...** *સારા બનો.*

**To do Good...** *સારું કરો.*

**To get good...** *સારું મેળવો.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કૃતજ્ઞતા**

શાસ્ત્રકાર મહારાજ આપણને ધર્મરૂપી રત્ન કેવું દુર્લભ છે તે સમજાવી રહ્યા છે. તે આપણને નવી દુનિયામાં લઈ જાય છે. આ દુનિયામાં મોટર-બંગલા, માન-મોભો, વૈભવ આ બધાની મહત્તા છે જ્યારે મહાપુરુષોની દુનિયા જુદી છે. તેમની દુનિયામાં આ બધી ચીજો તુચ્છ છે. ત્યાં ગુણની મહત્તા છે. કોની પાસે કેવા અને કેટલા ગુણો છે ? પૈસા કે બંગલો પરલોકમાં કામ નહીં આવે. ત્યાં તો ગુણો જ કામ લાગશે. ગુણો જેવાને જેટલા હશે તેટલું જ આપણું કલ્યાણ થવાનું છે. પૈસા કે સત્તા આપણી ઈચ્છાપ્રમાણે મળતા નથી. તમારે વડાપ્રધાનની ખુરશી જોઈતી હોય તો મળે ખરી ? આજે એના માટે પડાપડી થાય છે ને ! એ તમારી ઈચ્છા પ્રમાણે તમે મેળવી ન શકો પણ ગુણો તમારે જેવા મેળવવા હોય તેટલા મેળવી શકો કે નહીં ?

સિંહણનું દૂધ માટીના પાત્રમાં ન રહે. માટીના પાત્રમાં રાખવા જાય તો તે પાત્ર ફૂટી જાય... તેને રાખવા માટે તો સોનાનું જ પાત્ર જોઈએ. તેમ ધર્મારૂપી સિંહના દૂધ માટે આપણે સોનાનું પાત્ર બનવું પડશે. જો આપણે આપણું જીવન સુધારવું હોય, ભાવિને સુંદર ઘડવું હોય તો સદ્‌ગુણોને અત્યારથી જ જીવનમાં ઉતારવા માંડો. આપણે કૃતજ્ઞતાગુણની વાત ચાલી રહી છે. વિનય અને કૃતજ્ઞતા આ બન્ને ગુણને જીવનમાં ઘૂંટવાની જરૂર છે. જેટલો વિનય મહત્ત્વનો છે તેટલો જ કૃતજ્ઞતાગુણ મહત્ત્વનો છે.

## શિષ્ય બનવું સહેલું છે

આજે અમારે પણ ઘણું સમજવાનું હોય છે. શિષ્ય થવું સહેલું છે પણ ગુરુ બનનારે ઘણી જવાબદારીઓ વહન કરવાની છે. શિષ્યે તો ફકત ગુરુનો વિનય જ કરવાનો હોય છે જ્યારે ગુરુએ કૃતજ્ઞભાવે શિષ્યની તમામે તમામ જવાબદારી વહન કરવાની હોય છે. એને ભણાવવાની, તબિયતની, ટૂંકમાં તનની અને મનની. આ લોકના સુખ-શાંતિની અને પરલોકમાં પણ સદ્‌ગતિ અપાવવાની જવાબદારી ગુરુની રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અહીં જ સ્વર્ગ છે...

શિષ્યને ભણાવવાના ટાઈમે ગુરુ વાતો કરવા બેસી જાય, તે ન ચાલે. અગત્યનું કારણ હોય તો જુદી વાત છે. બાકી રોજ રોજ તેને સ્વાધ્યાયનો ખોરાક આપવો જોઈએ. પંડિતો પાસે ભણવા મૂકી દીધા એટલે આપણી જવાબદારી પૂરી એમ સમજીને બેસી ન રહેવાય. એ શું કરે છે ? એ શું ભણે છે ? એની રોજે-રોજ ખબર રાખવી પડે. તેનો ઉત્સાહ ટકી રહે માટે તેને પ્રોત્સાહન પણ આપવું પડે. જો આમાં ગુરુ ગફલત કરે તો તે પટકાય છે. ગુરુએ કૃતજ્ઞભાવે શિષ્ય તરફ અને શિષ્યે વિનય દ્વારા ગુરુ તરફ ભાવ-ભક્તિથી પોતાની ફરજો નીભાવવાની છે. જેમ શિષ્યને ગુરુના આશીર્વાદની જરૂર છે તેમ ગુરુને પણ શિષ્યોની શુભેચ્છાની જરૂર છે. તપેલી ધરતી પર માણસ આસન બિછાવી શાંતિથી બેસી શકે ખરો ! ના, તરત જ ઉંચો નીચો થવા માંડે. ઠંડક હોય ત્યાં કેવો શાંતિથી બેસે. તેમ શિષ્યો જો અંદરથી સંતપ્ત હોય.. ઉદ્વિગ્ન હોય તો ગુરુને પ્રસન્નતા રહે ખરી... ! ન જ રહે. આમ, જો પરસ્પરની ફરજો નીભાવે તો અહીંયા જ સ્વર્ગ છે. પેલું સ્વર્ગ તો ઘણું દૂર છે પણ કોઈ પૂછે કે પૃથ્વી પર સ્વર્ગ ક્યાં છે ? તો કહેવું પડે કે જાઓ સાધુ-સાધ્વીજીના ઉપાશ્રયમાં, ત્યાં સ્વર્ગ જેવી શાંતિ છે- ઠંડક છે. કેવું શાંત વાતાવરણ હોય કે માણસ સંસારના તાપથી તપીને આવેલો હોય પણ ઉપાશ્રયમાં આવતાં જ તેને ઠંડક થાય.. જેમ કોઈ ધોમધખતા તડકામાંથી એ.સી.માં આવે ને કેવી ઠંડક અનુભવે ! તમારે સંસારમાં પણ વડીલોએ કૃતજ્ઞભાવે નાનાઓને સંભાળવા જોઈએ અને નાનાઓએ વિનયથી વડિલોને માન આપવું જોઈએ.

## ભર્તાનો ઉપકાર

આપણે મા-બાપનો ઉપકાર અને તેનો બદલો કેવી રીતે વળે તે જોઈ ગયા. હવે ભર્તાનો ઉપકાર અને તેનો બદલો કેવી રીતે વાળવો તે જોઈએ. **ભર્તા એટલે પતિ એટલો જ અર્થ કરવાનો નથી, પણ ભર્તા એટલે ભરણ-પોષણ કરનાર.** આપણે કોઈ સંકટમાં આવી ગયા, ત્યારે આપણને કોઈ મદદ કરે તે ભર્તા. અણીના સમયે આપણને કોઈએ પૈસા આપ્યા કે અપાવ્યા. અથવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો સાચી સલાહ આપી. આશ્વાસન આપ્યું. અને આપણો એ કટોકટીનો સમય પસાર થઈ ગયો. આવું તો ઘણી જગ્યાએ બનતું હોય છે. અચાનક મોટું નુકશાન આવીને ઉભું રહ્યું. સમાજમાં સારી આબરૂ હોય. લોકોને મોં બતાવવું પણ ભારે પડે તેવી સ્થિતિ ઉભી થઈ હોય ત્યારે કોઈ પાડોશી કે મિત્ર સાચી સલાહ દ્વારા્ અથવા થોડી મદદ કરીને માણસને બચાવી લેતો હોય છે. હવે આપણો સમય બદલાયો ને કરોડપતિ બની ગયા અને જેણે આપણને અણીના સમયે મદદ કરી હતી તેનો સમય પણ પલટાયો. તે કોઈ દુઃખમાં આવી પડયા. સ્થિતિ ઘણી કપરી આવી. ત્યારે શાસ્ત્રકારો કહે છે કે આપણે કરોડ રૂપિયા આપી દઈએ તો પણ તેના ઉપકારનો બદલો વળે નહીં. એણે ભલે ૨૦૦-૫૦૦ રૂપિયા આપ્યા હતા પણ ત્યારે તેણે નિઃસ્વાર્થ ભાવે આપ્યા હતા અને આપણે અત્યારે એને કરોડ રૂપિયા આપીએ છીએ, તે ઉપકારના બદલામાં આપીએ છીએ. નિઃસ્વાર્થભાવે કરેલું કામ ચડી જાય છે. ગૌતમસ્વામી પૂછે છે કે ભગવન્ ! એ ભર્તાનો બદલો કયારે વળે? ભગવાન કહે છે ગૌતમ ! જો એ વ્યક્તિ કોઈ કારણસર ધર્મના મારગથી ચલિત થઈ હોય તો તેને માર્ગ પર લાવે, તેનો પરલોક સુધારે તો તેના ઉપકારનો બદલો વળે. અરે તમે કદાચ કરોડ ન આપી દો તો કાંઈ નહીં પણ એ મુશ્કેલીમાં હોય ત્યારે મદદ તો જરૂર કરવી જોઈએ... !

**ઉપકારનો બદલો ...!**

અમદાવાદમાં પાંચકુવામાં મારા પૂ. પિતાશ્રીની દુકાનની પાસે એક શેઠની દુકાન. આ દુકાનમાં કોઈ ગામડાનો છોકરો નોકરીએ રહેલો. નીતિવાન. મળતાવડા સ્વભાવનો. કયારેક-કયારેક મારા પિતાજી પાસે આવીને બેસે પણ ખરો. આ શેઠને સંતાનમાં એક છોકરો. પણ તે પગે લૂલો હતો. ધંધો કરી શકે તેવો ન હતો. સમય વીતતો ચાલ્યો. હવે ગામડાનો એ છોકરો પોતાની આવડતથી ઘણો આગળ નીકળી ગયો. તેણે પોતાની સ્વતંત્ર દુકાન કરી. લાખો રૂપિયા કમાયો. હવે આ બાજુ આ શેઠની પડતી શરૂ થઈ. કમાવનાર કોઈ રહ્યું નહીં. પોતાની પણ ઉંમર થઈ. સ્થિતિ ઘસાવા લાગી. આ છોકરાને ખબર પડી. જે પોતે હવે મોટી પેઢીનો માલિક બની ગયો હતો. તે શેઠની પાસે આવ્યો. શેઠને પગે લાગી વિનંતીપૂર્વક કહ્યું કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠજી મારી પેઢીએ પધારો. આપે બસ ખાલી ગાદી પર બેસી જ રહેવાનું. પગાર આપને મળી રહેશે. શેઠને પોતાની પેઢીએ લાવ્યો. ગાદી પર બેસાડયા. એટલું જ નહીં શેઠ, કહીને જ બોલાવવાના. આવા ગુણો જ માણસને મહાન બનાવે છે.

## ધર્માચાર્યનો ઉપકાર

આપણા પર ત્રીજો ઉપકાર છે ધર્માચાર્યનો - ધર્મ સમજાવીને આપણી બન્ને ગતિઓ સુધારે છે. આ લોક પણ સુધારે અને પરલોક પણ સુધારે. ધર્માચાર્યને ઉપકારનો બદલો કોઈપણ રીતે વાળી શકાતો નથી. એક શ્લોક આવે છે -

**"સમકિતદાયક ગુરુતણો પચ્ચુવયાર ન થાય,**
**ભવ કોડાકોડી લગે કરતાં સર્વ ઉપાય."**

સમકિતને આપનારા ગુરુદેવના ઉપકારનો બદલો કરોડો ભવો સુધી અનેક ઉપાયો કરવા છતાં પણ વાળી શકાતો નથી. આ ધર્મ ટકી રહ્યો હોય તો દેવ અને ગુરૂના બળને લીધે જ. દેવ અને ગુરુ ન હોત તો આપણી શી દશા હોત ? જાનવરથીયે પણ નીચે ઉતરી ગયા હોત. દેવે માર્ગ બતાવ્યો ગુરુએ આપણા સુધી પહોંચાડ્યો. આપણે એના ઉપકારનું સતત ચિંતન કરીએ તો પણ તરી જઈએ. આવા ઉપકારી ધર્માચાર્યનો બદલો કયારે વળે ? ક્વચિત ધર્મગુરુ કોઈ સંકટમાં આવી ગયા હોય, કોઈ અટવીમાં ભૂલા પડયા હોય ત્યારે દેવ થયેલો શિષ્ય આવીને તેમને યોગ્ય સ્થાને મૂકે તો પણ ઉપકારનો બદલો વળતો નથી.. પરંતુ કોઈ સમયે ધર્મગુરુ પોતાના માર્ગથી ચલિત થઈ જાય તેવું લાગે અથવા તો ચલિત થયા હોય તો તેમને પાછા ધર્મના માર્ગે લાવીને મૂકે, ધર્મમાં સ્થિર કરે તો તેમના ઉપકારનો બદલો વળી શકે.

## અનંત ઉપકારી ષટ્કાય જીવો

આ ત્રણ સિવાય પણ આપણે સૂક્ષ્મતાથી વિચારીએ તો આપણા પર સમસ્ત જીવસૃષ્ટિનો ઉપકાર છે. છકાયજીવોના આધારે જ તમારી ગાડી ચાલે છે ને ! તમારે પાણી વિના, અગ્નિ વિના, વાયુ વિના, પૃથ્વી વિના અને વનસ્પતિ વિના ક્ષણવાર ચાલી શકે ખરું !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાનામાં નાના જીવોનો પણ આપણા પર કેટલો ઉપકાર છે. અને આપણે એજ જીવોની કત્લેઆમ બેફામરીતે ચલાવીએ છીએ. પાણી તો માપ વિનાનું ઢોળે જ રાખશે. ન્હાવા બેસશે તો નળ ખૂલ્લો.... ફૂવારા ખુલ્લા.... કોઈ જ ઉપયોગ નહીં. -જે દિવસે આ ધરતી માતા રુઠશે અને મેઘરાજા રુઠશે તે દિવસે શું થાશે ? તમે આ રીતે તેને વેડફી રહ્યા છો. તમારા રોજના નિઃસ્વાર્થ ઉપકારી આ સૂક્ષ્મજીવોના ઉપકારને ક્યારેક વિચારજો.આજે પણ ઘણા વિવેકી માણસો પૃથ્વીને, પાણીને, અગ્નિને, દેવ માને છે.ઘણા લોકો ઉઠતાંની સાથે ધરતીમાતાના ઉપકારને યાદ કરીને તેને હાથ જોડે છે. ધરતીને હાથ અડાડીને પોતાના લલાટે લગાવે છે અને એ રીતે તેનું બહુમાન કરે છે. આપણને આશ્રય આપનાર કોણ ? ધરતીમાતા જ છે ને ! બધામાં તમે ગુણ જોવા પ્રયત્ન કરશો તો તમને બધે ગુણ અને ઉપકાર જ દેખાશે. આપણે કેટલા જીવોના ઉપકાર તળે દબાયેલા છીએ અને આ ઉપકારીઓને જ આપણે બેફામ રીતે ખતમ કરીએ છીએ. ચિંતન કરશો તો સત્ય હાથમાં આવશે. છકાય જીવોની સહાય વિના આપણું ગાડું ચાલવાનું જ નથી તે હકીકત છે પણ તેનો ઉપયોગ પૂર્વક વ્યય કરો તેજ સમજવાનું છે.

## કૃતજ્ઞી કુમારપાળ

કુમારપાળ મહારાજાના જીવનમાં આગુણ સારી રીતે વણાયેલો હતો. એકવાર એમની એવી સ્થિતિ કે ચણા-મમરા પણ ફાકવા ન મળે. ગામો-ગામ રઝળપાટ કરવી પડે. સિધ્ધરાજના મારાઓ તેમને મારી નાખવા તેમની પાછળ પડેલા. મારાઓને ખબર પડી કે કુમારપાળ આ ગામમાં આવેલા છે. આખા ગામને ઘેરી લીધું. કુમારપાળ કોઈ કુંભારના ઘરની પાસે ઉભા છે. તેમને પણ સમાચાર મળી ગયા કે મારાઓ આવી પહોંચ્યા છે. તેઓ કુંભારના ઘરમાં ગયા. કુંભારને કહે છે કે મને સંતાડ. પણ સંતાડવા કયાં? કુંભારે કહ્યું કે નિભાડાને સળગાવવા માટે કાંટાઓ લાવીને ઢગલો કર્યો છે તેની નીચે છૂપાઈ જાઓ. હુ તમારા પર કાંટા નાંખી દઉં. તે પ્રમાણે કર્યું. મારાઓ ફરતાં - ફરતાં પાકી બાતમી લઈને કુંભારના ઘરે આવ્યા. આખું ઘર ઘૂમી વળ્યા-કાંટાના ઢગલા ને કોણ અડવા જાય ? જાય તો વાગે. એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં કોઈ ગયું નહીં અને કુમારપાળ આબાદ બચી ગયા. મારાઓ ચાલ્યા ગયા. પછી કુંભારે સાચવીને તેમને બહાર કાઢયા. બીજીવાર તેઓ રસ્તામાં જઈ રહ્યા છે, કકડીને ભૂખ લાગી છે પાસે કંઈ છે નહી. ત્યાં રસ્તા પરથી એક ગાડામાં કોઈ બાઈ જઈ રહી છે તેની પાસે ભાતું છે. બાઈએ જોયું કે કોઈ ઉત્તમપુરુષ છે. પોતે જમવા બેઠી ત્યારે કુમારપાળને પણ જમવા માટે બોલાવે છે. પહેલાંના સમયમાં આ એક રિવાજ હતો. માણસ ક્યારેય એકલો ખાય નહીં તે આપીને જ ખાનારો હતો. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે કે – ते त्वघं **भञ्जते** पापा ये **पचन्त्यात्मकारणात्** । જેઓ પોતાના માટે રાંધે છે તેઓ પાપ ખાય છે. આપણે તો **પહેલું ગાલાને અને પછી વાલાને**..સમજી ગયા ને ! કુમારપાળને દહીંનો કરંબો જમાડે છે. હવે જ્યારે કુમારપાળ રાજગાદી પર આવે છે ત્યારે આ બાઈના હાથે જ રાજતિલક કરાવે છે, શ્રીદેવી તેનું નામ હતું. અને પેલા કુંભારને પણ બોલાવે છે..જેણે જેણે તેમને સહાય કરી છે તે બધાને બોલાવે છે અને યોગ્ય ભેટણાં આપીને તેમનું સન્માન કરે છે. કેવા ગુણગ્રાહી અને કેવા કૃતજ્ઞી ! કુમારપાળ મહારાજામાં એક આ કૃતજ્ઞતા ગુણ અને બીજો સદાચાર, આ બે ગુણો મહાન હતા.

**કુંભારટુકડાનું આયંબિલખાતું**

આ કળિયુગમાં પણ આ ગુણના બળે ઘણા લોકો ઉંચે આવી ગયા છે.. સામાન્ય માણસ પણ આ ગુણના બળે મહાન બને છે. મુંબઈમાં કુંભારટુકડામાં અત્યારે મોટું આયંબિલખાતું ચાલે છે. તે જેની મદદથી ચાલી રહ્યું છે તે ભાઈનો પણ એક મોટો ઈતિહાસ છે. તેમાં એકભાઈ રોજ જમવા માટે આવે, આયંબિલ કરવા નહીં કારણ કે એ ભાઈ ખૂબ ગરીબ હતા. સવારથી સાંજ વેગળી હતી. ખાવા માટે શું કરવું તે મોટો પ્રશ્ન હતો.. **પેટ કરાવે વેઠ**..માણસ બધું સહન કરી શકે છે પણ ભૂખના દુઃખને સહન કરી શકતો નથી..માટે તો કહેવાય છે કે बुभुक्षितः किं न करोति पापम् । ભુખ્યો માણસ કયું પાપ કરવા તૈયાર થતો નથી.. આ ભાઈને પણ એક ઉપાય સૂઝયો. તેમણે વિચાર્યુ કે આયંબિલ ખાતામાં જાઉં. ત્યાં મને કોઈ ખાવાની ના નહીં પાડે.. આપણા સાધર્મિકોની આ દશા છે. જૈન સમાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાસે લક્ષ્મી અઢળક છે છતાં આવા ઘણા સાધર્મિકો આજની તારીખમાં પણ સબડે છે. સવાર-સાંજ જેમ તેમ કરીને ચલાવે છે.. બપોરે એક ટાઈમ પેટ ભરીને આંયબિલનું જમી આવે.. આમ કરતાં -કરતાં વર્ષોના વર્ષો વીતી ગયો.. આ ભાઈનું નસીબ ખીલ્યું..ધંધો જામી ગયો.. હવે સારી એવી કમાણી થવા માંડી.. એમના જીવનમાં કૃતજ્ઞતા નામનો ગુણ પડેલો.. તેમણે વિચાર્યું કે આ આયંબિલખાતાએ જ મને બચાવ્યો છે. મને મદદ કરનાર, મને જીવાડનાર આ જ છે. તેથી તેણે પોતાની કમાણી આયંબિલ ખાતામાં નોંધાવા માંડી, સાંભળ્યું છે કે આજે એના ઘણા પૈસાથી આયંબિલ ખાતું ચાલે છે.

આ ગુણ મહાનમાં મહાન છે. આ ગુણને જીવનમાં ખૂબ કેળવવાનો છે. આપણે યાદ રાખવાનું છે કે મારા પર કોના-કોના ઉપકાર છે.. જ્યારે આપણે તો યાદ રાખીએ છીએ કે મેં કોના-કોના પર ઉપકાર કર્યો. આ રીતને બદલીશું તો જ આપણે ઉંચે આવી શકીશું.. આપણે કરેલા ઉપકારને ભૂલી જવાના છે અને બીજાએ આપણા પર કરેલા ઉપકારને આપણે જીંદગી સુધી યાદ રાખવાના છે.

*કાંટે નહીં ફૂલ બન કે ખીલના શીખો*
*જ્વાલા નહીં જ્યોત બનકે જલના શીખો*
*જીવનમેં આનેવાલી કઠિનાઈસે ડરના નહીં*
*સમજકર ચલના શીખો*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંજ્ઞામાં ડૂબેલું જગત

જગત આખું ચારે સંજ્ઞામાં ડૂબેલું છે. ધર્મસંજ્ઞા મેળવવાની કોઈને તાલાવેલી જ નથી. અને જેની પાસે ધર્મસંજ્ઞા છે તે પણ બાહ્ય જ છે. જીવનમાં સ્પર્શેલી જોવા મળતી નથી. જગતમાં જીવો જીવી રહ્યા છે પણ જીવવા-જીવવામાં ફરક છે. ઘણા માણસો બિચારા આયુષ્ય પુરું કરવા માટે જ જીવતા હોય છે. એમની સામે નથી કોઈ આદર્શ કે નથી કોઈ ગતિ, કેટલાક ખાવા માટે, કેટલાક પીવા માટે, કેટલાક લડવા માટે.. જ જાણે જીવતા હોય છે. કેટલાક આહારસંજ્ઞામાં તો કેટલાક ભયસંજ્ઞામાં જ જીવી રહ્યા છે. સામાન્ય માણસ કરતાં મોટા માણસોને ઘણો ભય છે. કારણ કે તેને સત્તા વગેરેની લાલસા હોય છે. કેટલાક રોગના ભયમાં જીવતા હોય છે, તો કેટલાક મોતના ભયમાં પણ જીવતા હોય છે. જેણે જીંદગી આખી વેડફી નાખી છે. પાપમય પ્રવૃત્તિમાં જ જે વ્યસ્ત રહ્યા છે તેમને જ મોતનો ભય છે. બાકી જે ભગવાનના નામમાં લીન બને છે તેને મોતનો ભય લાગતો નથી. સંતપુરુષો મોતને સામેથી નિમંત્રણ આપતા.

## શિવભક્ત સંન્યાસી

એક શિવભક્ત સંન્યાસી હતો. જીવનમાં સારી એવી સાધના કરેલી. તેની પાસે એક સર્પ સાથે જ રહેતો. તેના ગળામાં અથવા હાથ પર વીંટળાઈને રહેતો. અમૂક વર્ષો વીત્યાં. સંન્યાસીને લાગ્યું કે બસ હવે મારે વધારે જીવવાની જરૂર નથી. મારું કામ પુરૂં થઈ ગયું છે. હવે મૃત્યુ જોઈએ છે. ક્યાં મૃત્યુથી દૂર ભાગતા આજના માનવીઓ ને ક્યાં મૃત્યુને સામેથી આમંત્રણ આપતા સંતો..! સંન્યાસીએ પોતાના રોજના સાથી સર્પને કહ્યું કે તું મને ડંખ આપ. મારું કામ પુરું થઈ ગયું છે. સર્પ ડંખ આપવા માટે તૈયાર થતો નથી. પોતાના સાથીને કેમ ડંખે ? માનવ કરતાં પણ સર્પ ચડી ગયો. આજનો માનવ તો પોતાના જ સગાંને પહેલા સંકટમાં મૂકે. ઘેર પ્રસંગ હોય તો સૌથી વાંકા કોણ ચાલે ? નિકટના સગાં હોય તે. કંઈ કેટલાય વર્ષો જૂની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાત કાઢીને મુશ્કેલીમાં મૂકે. ત્યારે આ તિર્યંચયોનિમાં રહેલો સર્પ પણ પોતાનો માલિક કહે છે છતાં ડંખ દેવા તૈયાર થતો નથી. ઘણી વિનંતી કરવા છતાં પણ જ્યારે સર્પ તૈયાર થતો નથી ત્યારે સંન્યાસી સર્પને કહે છે કે જો તું મને ડંખ નહીં આપે તો તને મારા ગુરુના સોગંદ છે. હવે શું ? ગુરુના સોગંદને કમને પાળવા માટે તૈયાર થાય છે. જરાક મોં પહોળું કરે છે, સંન્યાસીએ મોમાં પોતાની આંગળી મૂકે છે. ડંખ તો નથી દેતો. પણ ઝેર આંગળીને અડતાં શરીરમાં પ્રસરવા માંડે છે. પછી પોતાના અંતિમ સમય નજીક જાણીને સર્પને પોતે સુરક્ષિત સ્થળે મૂકી આવે છે. અને સમાધિ લગાવીને બેસી જાય છે. છેવટે સામેથી મૃત્યુને વહોરીને પરમાત્મામાં લીન બની જાય છે.

## ધર્મની સંજ્ઞામાં ડૂબો

કેટલાક મૂઢ જીવો મૈથુનસંજ્ઞામાં ડૂબેલાં છે અને પરિગ્રહ સંજ્ઞામાં તો જગતનો મોટો વર્ગ ડૂબેલો છે જ. માણસને એક ગ્રહ નડતો હોય તોયે તોબા પોકારી જાય છે તો જેને પરિ એટલે ચારેબાજુથી ગ્રહો નડતા હોય અર્થાત્ પરિગ્રહની મમતા હોય એનું શું ન થાય ? આમ આ ચારે સંજ્ઞાના વિચારોમાં ને પ્રવૃત્તિમાં જ માણસ વ્યસ્ત છે. પણ જેના વિચારોમાં તમે સતત જીવો છો તે બધું અહીંયા જ રહેવાનું છે. માટે શાસ્ત્રકારો કહે છે કે ધર્મની સંજ્ઞામાં જીવો તો બધી જ સંજ્ઞામાંથી તમને મુક્તિ મળી જશે.

## પરહિતચિંતક

ધર્મની સાથે ગુણો હોય તોજ નાનકડો પણ ધર્મ જીવનમાં ફળીભૂત થશે. બીજ નાનકડું જ હોય છે. પણ તેમાંથી વડલો કેવો વિસ્તરે છે ? ધર્મભલે થોડો કરો પણ ગુણયુક્ત હશે તો વડલાની જેમ વિસ્તાર પામશે. **ધર્મને યોગ્ય વ્યક્તિનો ૨૦મો ગુણ છે પરહિતચિંતક અર્થાત્ બીજાના હિતનો જ વિચાર કરનારો.** પૂ. આનંદઘનજી મહારાજે કહ્યું છે કે **'અવસર બેર-બેર નહીં આવે, જ્યું જાણે ત્યું કરલે ભલાઈ, જનમ જનમ સુખ પાવે...'** ધર્મી માણસ સ્વભાવથી જ પરોપકારી હોવો જોઈએ. કેટલીકવાર માણસ દેખાવ માટે, કેટલીકવાર આગળ આવવા માટે અથવા કેટલીકવાર વ્યવહારથી માણસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભલું કરતો હોય છે પણ તેનાથી તે આગળ આવવાને બદલે પાછો પડતો જાય છે. શાસ્ત્રકારો કહે છે કે જ્યારે પણ તક મળે ત્યારે તેને ઝડપી લેજો. ચાહે કોઈ પંખી દુઃખી હોય કે, કોઈ પશુ દુઃખી હોય કે, કોઈ માણસ દુઃખી હોય આપેલું કે કરેલું કયાંય નિષ્ફળ જતું નથી. કોઈને તમે ખવડાવ્યું હશે અરે! એક રકાબી ચા પણ પાઈ હશે ને તો તે નિષ્ફળ જતી નથી.

**માંડલ** ગામના **જગુભાઈ**એ કહેલી સત્ય ઘટના - અમારે ત્યાં એક પટેલ જમવા આવેલા. એ પટેલની સાથે તેમનો બીજો મિત્ર હતો. તેની સાથે મારે કોઈ ઓળખાણ નહોતી પણ સાથે હતો તેથી જમવા આવ્યા. પટેલને મેં ૫૦૦૦૦ હજાર રૂપિયા વગર લખાણે આપ્યા. થોડા સમયમાં જ પાછા આપવાના હતા.

હવે બન્યુ એવું કે તે પટેલ અચાનક જ ગુજરી ગયા. તેમને સંતાનમાં ચાર છોકરીઓ જ. દીકરો એકે નહીં. આ પૈસાની બીજા કોઈને ખબર નહીં ફકત સાથે આવેલા પેલા મિત્રને ખબર. હવે પૈસાની વહેંચણી કરવાની હતી. મેં તો પૈસા નહીં જ આવે એવું માની જ લીધું હતું. પણ આ મિત્રે કે જેના પેટમાં અમારૂં અન્ન હતું. તેણે કોઈપણ ઓળખાણ વિના જ ૫૦૦૦૦ રૂપિયા મને પાછા અપાવ્યા. તેમણે પટેલના જમાઈઓને કહ્યું કે આ ભાઈનો પૈસો ન રખાય. મારી નજરે જ પૈસા આપ્યા છે. લખાણ કોઈ નથી. પણ પૈસા આપ્યા છે તે ચોક્કસ. બે વર્ષે અચાનક જ સામેથી એ ભાઈ પૈસા લઈને આવ્યા. તેમના ખૂદના શબ્દો છે કે સાહેબ મને ખાવા કરતાં ખવરાવવામાં ખૂબ જ આનંદ આવે છે. તેનાથી જીવનમાં નમ્રતા પણ આવે. સામેની વ્યક્તિ નાની કે મોટી તેને પાસે બેસીને જમાડવાની પણ એક મજા હોય છે.

મોક્ષમાં જનારા ઘણા હોય છે પણ તીર્થંકર બનનારા તો વિરલ જ હોય છે. કારણ કે તીર્થંકર પરમાત્માના હૃદયમાં બસ પરોપકારની જ કેવળ ભાવના ભરેલી હોય છે માટે તો તેઓ **પરાર્થવ્યસની** કહેવાયા છે. જેનું વ્યસન હોય તેના વગર માણસને એક ઘડી પણ ચાલતું નથી. તેમ ભગવાનને પરોપકાર કર્યા વિના ચાલતું નથી. જીવનમાં પુણ્ય મેળવવાની આ બધી ચાવીઓ છે. બીજાના ભલાની ભાવના જ માણસને ઘણે ઉંચે લઈ જાય છે. **'કર ભલા હોગા ભલા, કર બૂરા હોગા બૂરા'** કુદરતનું આ સનાતન સત્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. ભલું કરવાના વિચારોથી જગતમાં રહેલા શુભ પરમાણુના પુદ્‌ગલો ખેંચાઈને આવે છે, વગર પુરુષાર્થે પુણ્યનું બળ એકઠું થાય છે. અને માણસ ટોચે પહોંચી જાય છે.

**વિચારોનો ચમત્કાર...!**

એક નગરમાં એક મોટો જાગીદાર રહેતો હતો. તેને ચાર દીકરા હતા. ચારેને પરણાવેલા છે. બધા સંપીને સાથે રહે છે. દીકરાઓ ખેતી સંભાળે છે. વહુઓ પણ ખેતીના કામમાં મદદ કરે છે. એકવાર ચારે વહુઓ ખેતરે ભાત લઈને જઈ રહી છે. ત્યાં રસ્તામાં એકદમ આંધી આવે છે. વંટોળ એટલો બધો ભયંકર છે કે આગળ કાંઈ દેખાતું નથી. તેથી ચારે વહુઓ એક મોટા વડલાની નીચે આવીને બેસે છે. આ બાજુ સસરો પણ ઘરેથી ખેતર જવા નીકળ્યો છે. તે પણ આંધીના કારણે એ જ વડલાના થડની બીજી બાજુએ આવીને બેઠો છે. વડલાનું થડ ઘણું વિશાળ છે તેથી એક-બીજા દેખાતા નથી. હવે સ્ત્રીઓ ભેગી થાય તો કયારેય તે બોલ્યા વિના રહી શકે જ નહીં. ચારે જણીઓ વાતે વળગી છે. ત્યાં મોટી વહુ બોલી કે આ ઘરમાં આપણે આવીને શું મેળવ્યું ? કોઈ'દિ સારો સાડલો પણ પામ્યા નથી. ત્યાં બીજા નંબરની વહુ બોલી કે સાડલો તો ઠીક પણ આપણે કોઈ'દિ એક વાલની વીંટી પણ ભાળી નથી. આ પૈસાને શું કરવાનો ? ત્યાં ત્રીજી બોલી ઉઠી કે સાડલો તો ઠીક એ તો જેવો હોય તેવો ચાલે શરીર ઢાંકવાથી જ કામ છે ને ! અને સોનું તો કાંઈ રોજ પહેરવાનું હોતું નથી. વાર-તહેવારે પહેરાય. એટલે એ પણ ન હોય તો ય ચાલે.. પણ હું તો એમ માનું છું કે આ ઘરમાં આવીને કોઈ દી સારું ખાવાનુંય ભાળ્યું નથી. રોજ બાજરાના કે જારના રોટલા ને છાસ.... આ તે કાંઈ આપણો જન્મારો કહેવાય. વેઠ બધાની કરવાની પણ મળે કાંઈ નહીં... હવે ચોથી વહુ ઉંચા વિચારો ધરાવતી હતી. તેની સામે પરલોક હતો. તે સમજતી હતી કે **આ લોકમાં આલોક(પ્રકાશ) પથરાય તો જ પરલોક સુધરે છે.** જો આ લોકમાં જીવનને ખાવા-પીવામાં, મોજ-મજામાં ગુમાવી દઈશું તો પછી આવતા જન્મમાં શું ? તેથી તેણે કહ્યું કે ભાભીઓ ! ખાવું-પીવું, પહેરવું, ઓઢવું તે તો મામૂલી ચીજ છે. તેમાં કાંઈ આ મહામૂલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મ વેડફી ન નંખાય.. મને તો એમ થાય છે કે સસરાજી પાસે આટલું બધું હોવા છતાં આપણે કોઈ દિવસ બે પૈસાનું દાન પણ ન આપી શકીએ. પરોપકારનાં કોઈ કાર્યો પણ ન કરી શકીએ. કેવું જીવન આપણું વેડફાઈ રહ્યું છે ? થડની પાછળ બેઠેલો સસરો આ ચારે વહુની વાતો સાંભળે છે. ચોથી વહુનું કથન તેને ખટકયું.. તેણે વિચાર્યું કે શું આ કમાઈએ છીએ, આટલી મહેનત કરીએ છીએ તે શું કોઈને આપી દેવા માટે થોડી છે ? આને તો મારે બરાબર પાઠ શીખવાડવો પડશે.. આમ વાતો કરતાં-કરતાં વંટોળ શમી જતાં ચારે વહુઓ ખેતરે ઉપડી... સસરો પણ ખેતરે પહોંચી ગયો. સસરાએ ઘેર આવીને મોટી વહુને કપડા વ્હાલાં હતાં તેથી તેણે સારાં-સારાં કપડાં લાવી આપ્યા. સોનું વહાલું હતું તેને સારા દાગીના ઘડાવી આપ્યા. ત્રીજી વહુને ખાવાનું વ્હાલું હતું તેથી તેને સારી-સારી મીઠાઈઓ લાવી આપી... ચોથી વહુને કાંઈ આપતા નથી. ઉલ્ટાનો ઘરમાં તેનો હવે તિરસ્કાર થવા લાગ્યો. આખો દિવસ કામનો ઢસરડો કરવાનો છતાં કોઈ માન-પાન નહીં.. સારું ખાવાનું પણ ન આપે. આ વહુ મનમાં ને મનમાં મુંઝાવા લાગી... તેણે વિચાર્યું કે મેં કોઈ ગુન્હો કર્યો નથી..છતાં મારા તરફ આવું વર્તન કેમ ? લાગે છે કે તે દિવસે વડની નીચે થયેલી વાતો સસરાજીએ સાંભળી લાગે છે. પણ એમાં મેં શું ખોટું કહ્યું છે ? બધાને એમની મનગમતી ચીજો મળી ગઈ. મારી જ ઉપેક્ષા થાય છે. તેણે પોતાના પતિને વાત કરી. પતિએ પણ જોયું કે આના વિચારો ઘણાં ઉંચા છે મારે એની ઈચ્છા પૂર્ણ કરવી જોઈએ. તે કોઈને કહ્યા વિના પરદેશ કમાણી કરવા નીકળ્યો. મનમાં એક જ વિચાર છે.. પત્નીને બીજાનું ભલું કરવાની જે ભાવના છે તે મારે પૂર્ણ કરવી છે. બીજાનું ભલું કરવું છે. આ જ વિચારમાં રમણતા કરતો તે આગળ વધે છે. હવે જૂઓ બીજાના ભલાની ભાવના કેવું પુણ્ય ખેંચી લાવે છે.

## વિચારોના પુણ્યથી રાજા બન્યો

હવે આગળ વધતાં કોઈ ગામની બહાર વડલા નીચે વિસામો લેવા બેસે છે. થાકને કારણે નિદ્રાધીન થાય છે.આ બાજુ તે ગામનો રાજા અપુત્રીયો મરણ પામ્યો છે. રાજ્ય કોને સોંપવું તેની વિચારણા ચાલે છે. ગામના લોકો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવ્ય કરે છે. અર્થાત્ હાથીને સૂંઢમાં કળશ આપે છે તે કળશ જેના પર ઢોળે તેને રાજા બનાવવાનો. સૂંઢમાં કળશ લઈને હાથી ફરતો ફરતો વડલાની પાસે આવે છે અને આની ઉપર જ કળશ ઢોળે છે. લોકો તેના નામનો જયનાદ કરે છે. તેનો રાજ્યાભિષેક કરવામાં આવે છે. ભલાની ભાવનામાંથી રાજા બન્યો. દીન-દુઃખીને મદદ કરવા લાગ્યો. હવે આ બાજુ માતા-પિતાને ત્યાં પડતી આવી... ઘરમાંથી લક્ષ્મી ચાલવા માંડી.. ખાવાનાં પણ સાંસા પડવા માંડ્યા. તેમણે સાંભળ્યું કે ફલાણા દેશનો રાજા દીન-દુઃખીને મદદ કરે છે. તેથી તેઓ ફરતા-ફરતા આ દેશમાં આવ્યા... રાજા ગોખમાં બેઠો-બેઠો નગરીની શોભા નીહાળી રહ્યો છે ત્યાં તેણે રસ્તા પર જતાં પોતાના માત-પિતા, ભાઈ-ભાભી, પત્ની વગેરે સર્વને કંગાલ હાલતમાં જોયાં. તરત જ ગોખેથી નીચે દોડયો. આવીને માતા-પિતાના પગમાં પડે છે. મા-બાપ વગેરે તેને જોઈને આશ્ચર્ય અનુભવે છે. બધાને મહેલમાં લઈ જાય છે. મા-બાપની સેવા-સુશ્રૂષા કરે છે. ભાઈઓને પણ યોગ્ય દરજ્જો આપે છે. અને પત્નીની ઈચ્છાને પૂરી કરે છે. રોજ પત્નીના હાથે દાનની ગંગા વહેવડાવે છે. મનની શુભભાવનાથી પુણ્ય ખેંચાઈને આવે છે. મળેલી લક્ષ્મીને સાર્થક કરે છે. **લક્ષ્મી ત્રણ જગ્યાએ વપરાય છે. ગાત્ર-ખાત્ર અને પાત્ર.** ગાત્ર એટલે શરીર. પોતાના જ વૈભવને માટે લક્ષ્મી ખર્ચે. ખાત્ર એટલે ચોર વગેરે ચોરી જાય અથવા અત્યારે સરકાર આવીને લૂંટી જાય. હવે પાત્ર - શાસ્ત્રકારો કહે છે કે જો સુપાત્રમાં તમારું ધન વપરાશે તો તે સાર્થક બની જશે. તમને સદ્ગતિ અપાવશે.

સજજનોનો વૈભવ પરોપકારને માટે હોય છે. પરોપકારી માણસના રોમેરોમમાં એક જ વિચાર હોય છે કે બીજાનું ભલું કેમ થાય ? આવા શુભ વિચારથી તે લોકોને વધારે વહાલો બને છે. પરોપકારી માણસ લેનારને શોધતો હોય જ્યારે લેનાર દેનારને શોધતો ફરે. પણ આ સંપત્તિનું દાન કરવાનું મન ક્યારે થાય ? પરિગ્રહનું પરિમાણ કરેલું હોય તો. નહીંતર તો જેટલું કમાયા તેટલું નાખો તિજોરીમાં. જરૂર હોય કે નહોય... સંગ્રહ કરે જ રાખે.

## જીવદયા પ્રેમી - ભણસાલી

કીર્તિભાઈ ભણસાલીનું નામ તો તમે સાંભળ્યું હશે... જીવદયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રેમીમાં તેમનો પહેલો નંબર આવે. આજે તો તે કરોડપતિ છે. જો કે હમણાં થોડાં વર્ષો પહેલાં જ તેઓ ગુજરી ગયા. એક સમય એવો હતો કે પોતે દુકાન ચલાવતા. કોઈ ગ્રાહક દુકાને કંઈક લેવા માટે આવ્યો. તેણે અમૂક રૂપિયાની વસ્તુ લીધી. હિસાબમાં ચાર આના ગ્રાહકે આપવાના રહેતા હતા. ગ્રાહકે ક્હયું કે કીર્તિભાઈ હવે પાવલું તો જતું કરો. મારા છોકરાને સીંગ-ચણા લેવામાં કામ લાગશે. ત્યારે આ કીર્તિભાઈ બોલ્યા કે અલ્યા ! ચાર આના કાંઈ મફતમાં આવે છે. પહેલા ચાર આના આપ પછી જા. આમ પાઈ-પૈસાનો હિસાબ રાખનાર આ ભાઈના રગેરગમાં બીજાના ભલાની ભાવના.. સમય પસાર થઈ રહ્યો છે. તેમને ત્યાં લક્ષ્મીદેવીની મહેર થઈ. પણ તેમણે પોતે પરિગ્રહ પરિમાણ કરી લીધું. તે સમયે ૩૦૦ રૂપિયાનો જ પરિગ્રહ રાખેલો. માણસ કોઈપણ નિયમ લે એટલે કસોટી આવે આવે ને આવે ! તેમણે પરિગ્રહ પરિમાણ કર્યું ને ધંધામાં લાખો રૂપિયા આવવા માંડયા. છતાં નિયમમાં અડગ. ૩૦૦ રૂપિયામાં બે જોડી કપડાં અને ચંપલ લેવાનાં અને ૧૨ મહિના ચલાવવાના. ખર્ચ બહુ અલ્પ અને કમાણી લાખોની તેથી લક્ષ્મીને સાર્થક કરવા જીવદયામાં ખર્ચવા માંડી. દુષ્કાળના સમયમાં ગામડે-ગામડે ફરીને ઢોરોના વાડા ઉભા કરે. વર્ષે દહાડે એક કરોડ રૂપિયા જીવદયામાં ખર્ચવા લાગ્યા. કાળ બદલાવા લાગ્યો. મોંઘવારી વધી ગઈ. છતાં પોતાનું પરિમાણ તો ૩૦૦ રૂપિયાનું જ રાખ્યું. આજે તમારું એક ચંપલ જ ૩૦૦ રૂપિયાનું થાય. કીર્તિભાઈ ઘણી દુકાનો ફરે, જાડામાં જાડું ધોતિયું શોધે કારણ કે બાર મહિના ચલાવવાનું હોય ને ! ચંપલ પણ ચાલુ જ ખરીદે. એમાં વળી જો કયાંક ગયા હોય અને ચંપલ ઉપડી જાય તો બારે મહિના ચંપલ વિના ચલાવે... કરોડપતિ છતાંયે ૩૦૦ રૂપિયામાં જ ચલાવ્યું. આજે ચારેબાજુ તેમની નામના છે. તેમના એક દિકરા મહેશભાઈ ભણશાલી તો પરોપકારના કાર્યો માટે પરણ્યા નહીં. બસ જીવોની સેવા કરવી છે. પરણવાનો પણ ટાઈમ નથી. કેવો પરોપકાર તેમના જીવનમાં વણાયો હશે. સાદાઈ પણ કેટલી ? તમે તેમના ઘેર જાઓ તો પોતે જાતે ચા બનાવીને તમને પીવડાવે. ઘેર કાંઈ નોકર-ચાકર ન રાખે. આવી વિરલવિભૂતીઓથી જ આ જગત શોભે છે. અને આવા પરોપકારી માણસોજ ધર્મને લાયક બની શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**લબ્ધલક્ષ્ય**

મહાપુરુષો કહે છે કે ધર્મ બધી જ અવસ્થામાં જરૂરી છે. વૃદ્ધાવસ્થા કરતાં યે યુવાવસ્થામાં તો ધર્મની ઘણી જરૂર છે. કારણ કે મોટી ઉંમરમાં બુદ્ધિ પરિપક્વ થવાને લીધે માણસ દરેક કાર્ય વિચારીને કરે, પણ યુવાવસ્થામાં મદોન્મત્ત બનેલો માણસ કાર્ય-અકાર્યને જોયા-વિચાર્યા વિના જ કૂદકો મારે છે. માટે ધર્મની સાચી જરૂર તો યુવાવસ્થામાં છે. યુવાવસ્થામાં કરેલો ધર્મ વૃદ્ધાવસ્થામાં પણ માણસને સુખ અને શાંતિ આપે છે.

## ભગવાનની દયા એટલે શું ?

જીવાત્માની દૃષ્ટિ આ લોક પૂરતી જ મર્યાદિત છે. શાસ્ત્રકારો કહે છે કે આ લોક સિવાય બીજો પણ એક લોક છે, જ્યાં આપણે જવાનું છે. મોટાભાગના લોકો તો બસ બંગલામાં, ગાડીમાં, પુત્રોમાં જ પોતાની જીંદગીને સફળ માને છે. અને કોઈને પૂછીએ કે ભાઈ કેમ છે ? તો કહેશે કે સાહેબ ભગવાનની દયા છે, ઘર છે, છોકરાઓ છે, વહુઓ છે, ધન-વૈભવ, આબરૂ બધું છે. બસ આને ભગવાનની દયા માનીને સંતોષથી જીવતા હોય છે પણ આંખ મીંચાયા પછી શું થશે ? હું ક્યાં જઈશ એનો કોઈ વિચાર આવતો જ નથી. મહાપુરુષો કહે છે કે જ્યાં આવી ભગવાનની દયા છે તો ધર્મ વધારેને વધારે કરવો જોઈએ. શાલિભદ્રને શું ઓછું હતું ? મનુષ્ય હોવા છતાં દૈવી ભોગોને ભોગવતા હતા છતાં પણ તેમને આ સુખમાં ખામી દેખાઈ માટે તો ભગવાનની વાણી સાંભળતાં જ નીકળી પડ્યા.

સંસાર દુઃખરૂપ છે તેનાં કારણો પણ દુઃખરૂપ અને તેનું ફળ પણ દુઃખરૂપ છે. આ દુઃખરૂપ સંસારમાં જો સુખ મેળવવું હોય તો ધર્મના શરણે જાઓ. પણ ધર્મના માટે યોગ્યતા જોઈએ.

**ધર્મને યોગ્ય શ્રાવકનો ૨૧મો ગુણ છે લબ્ધલક્ષ્ય.**

માણસે સામાન્ય વાણીમાં પણ લક્ષ્ય બાંધીને ચાલવું પડે છે. ઘરની બહાર નીકળે અને જો લક્ષ્ય બાંધ્યું જ ન હોય તો કઈ દિશામાં જશો ? જવાનું હોય મુંબઈ અને ગાડી દોડાવો કચ્છ તરફ, શું પામશો ? ફોગટ ક્લેશ જ ને ! રોજના સામાન્ય વ્યવહારમાં પણ લક્ષ્ય બાંધીને જ જીવવાનું હોય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો જીવનના સાચા લક્ષ્યને બાંધ્યા વિના જ જો જીવન પુરું કરી નાખશું તો છેવટે શું મળશે ? આખી જીંદગી ક્લેશયુક્ત અને અંતે દુર્ગતિ.

આપણું લક્ષ્ય કયું છે ? પૈસો કમાવવો, માન કમાવવું, આબરૂ કમાવવી બસ આજ લક્ષ્યમાં આપણું જીવન રંગાયેલું છે. તો વળી કેટલાક હલકા માણસોનું લક્ષ્ય જોશો તો આને પછાડવો છે ને આને મારવો છે. આજે રાજકારણમાં શું ચાલી રહ્યું છે. આ જ ને ! એક ગાદી પર આવે એટલે બીજો એને પછાડવાના પેંતરા રચે.. પહેલાં ટેકો આપે પછી પાછો ખેંચી લે. પૈસાનું લક્ષ માણસને પૈસા સુધી પહોંચાડે છે. ઘણા લોકો પૈસા કમાવા માટે અમેરીકા જવું પડે તો અમેરીકાયે જવા તૈયાર છે. લંડન જાય છે ને, આફ્રિકા જાય છે. કારણ કે તેણે લક્ષ્ય બાંધ્યું છે કે મારે પૈસો કમાવો છે. ટાટા-બિરલા બનવું છે. લક્ષ્ય બાંધ્યા પછી માણસ તે દિશામાં ગતિ કરતો થાય છે. પૈસા કમાવો એની ના નથી કારણ કે પૈસો હશે તો નિરાંતે ધર્મ કરી શકશો એટલે તો **જયવીયરાયસૂત્ર**માં ભગવાનની પાસે ઈષ્ટફળની સિદ્ધિની માંગણી કરવામાં આવે છે. પણ એ ઈષ્ટફળ એટલે પટારા ભરવા નહીં. પેટ ભરવા માટે છે. સંતોષ હોવો જોઈએ. સંતોષ વિના કયારેય તમારી ઈચ્છાઓ અટકવાની નથી.

## સફળ થવાના પાંચ કારણો

કોઈપણ લક્ષ્ય બાંધો તો તેમાં સફળ થવા માટે પાંચ વસ્તુ જોઈશે. **પહેલું પ્રણિધાન** - પ્રણિધાન એટલે સંકલ્પ. આ મારે મેળવવું છે. તમને પ્રણિધાન છે ને કે મારે કોઈપણ રીતે પૈસો મેળવવો છે, પછી દારૂનો ય ધંધો કરવા તૈયાર ને માંસનો ય ધંધો કરવા તૈયાર. '**મટન ટેલો**' એવું રૂડું રૂપાળું નામ આપીને ય પૈસો કમાય. કારણ કે ધ્યાન જ પૈસાનું છે. કોઈને કંચનનું, કોઈને કામિનીનું, કોઈને કીર્તિનું તો કોઈને કાયાનું અને કોઈને કુટુંબનું - આમ કોઈ ને કોઈ પ્રણિધાનમાં આ જગત પડેલું છે. મહાપુરુષો કહે છે કે દુન્યવી પ્રણિધાન છોડીને ઉંચામાં ઉંચા વિચારોનું, ઉંચા કાર્યોનું અને સદ્ગતિનું પ્રણિધાન કરો. કોઈપણ કાર્યની શરૂઆત કરો પછી તેને ધીરજતાથી પૂર્ણ કરવું જોઈએ. કાર્યનો આરંભ જ ન કરવો તે બુદ્ધિનું પહેલું લક્ષણ છે. પણ આરંભ કર્યા પછી તેને પૂર્ણ કરવું જ રહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બીજું પ્રવૃત્તિ** :- પ્રણિધાન પછી પ્રવૃત્તિ તો કરવી જ પડે ને ! મહેનત વિના કાર્ય સિદ્ધિ શકય જ નથી. અને કોઈપણ પ્રવૃત્તિ શરૂ- કરો એટલે વિઘ્ન તો આવે જ આવે. ચાહે નાનામાં નાની હોય તો પણ. તેથી **ત્રીજા નંબરે વિઘ્નજય** આવશે. વિઘ્નોને પાર કરે તો જ સફળતા મળે. મોટા ભાગના માણસો કાર્ય શરૂ કરે પણ વિઘ્ન આવતાં પાછા પડી જાય છે. આપણે જ નવપદની ઓળી શરૂ કરી.. એક આયંબિલ કર્યું. માથું દુઃખવા લાગ્યું. વોમિટ થઈ... વિઘ્નો આવ્યાં. બીજા દિવસે પારણું. ઘણા લોકો આમ વિઘ્નોથી પાછા પડીને આરંભેલી પ્રવૃત્તિને છોડી દે છે. હવે વિઘ્નનો જય કર્યા પછી ચોથા નંબરે **કાર્યની સિદ્ધિ.** કાર્યની સિદ્ધિ થયા પછી **વિનિયોગ** એટલે કે એ બીજાને ઉપદેશ આપે તો સામેની વ્યક્તિ સ્વીકારવા તૈયાર થાય. આ પાંચ પ્રકારની ભૂમિકામાંથી કોઈપણ કાર્ય કરનાર વ્યક્તિ પસાર થાય તો જ કાર્યની સાચી સફળતા મળે. સામાન્ય કાર્યમાં પણ જો આ પાંચ સ્ટેજમાંથી પસાર થવું પડતું હોય તો પરમાત્માને પ્રાપ્ત કરવા કેમ ન પસાર થઈએ ?

સંત કબીરે એક ભજનમાં લખ્યું છે કે જ્યારે હું સંતના માર્ગે ચાલવા માંડયો ત્યારે ઘરના સ્વજનોએ, લોકોએ ખૂબ વિરોધ કર્યો, કબીર બગડી ગયો છે, કબીર બગડી ગયો છે તેમ બધા બોલવા લાગ્યા. કબીરે એક ભજન બનાવ્યું :-

કબીરા બિગડ ગયા, કબીરા બિગડ ગયા
છાશ કે સંગ સે દૂધ ભી બિગડા,
બિગડવા બિગડવા મેં ઘૃત તો ભયોરી...
પારસ કે સંગ સે લોહા ભી બિગડા,
બિગડવા બિગડવા મેં કંચન તો ભયોરી..
સાધુ કે સંગ સે કબીરા ભી બિગડા,
બિગડવા બિગડવા મેં સંત તો ભયોરી

છાશના સંગથી દૂધ બગડયું પણ બગડયા પછી હાથમાં શું આવ્યું તો કે માખણ. વળી પારસના સંગથી લોખંડ બગડી ગયું. પણ કંચન તો હાથમાં આવ્યુ ને ! તેમ સાધુના સંગથી કબીર ભલે બગડયો પણ બગડયા પછી સંત તો થયો ને ! કેવી મસ્તી... ! જીવનમાં સંકલ્પ કરશો, લક્ષ્ય બાંધશો તો જ પ્રભુ પ્રાપ્ત થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દિવાળી પર્વ

દરેક વર્ષનું પહેલું પર્વ તે બેસતું વર્ષ અને અંતિમપર્વ તે દિવાળી. જૈન ધર્મના ઝંડાને લહેરાવનારા... અનેક અનાર્યોને ધર્મમાં જોડનારા અને તેમને સ્થિર કરવા માટે અનેક દહેરાસર અને જિનબિંબોને ભરાવનાર સમ્રાટ સંપ્રતિ સ્થુલિભદ્રવિજયમહારાજના શિષ્ય આર્યસુહસ્તિસુરિ મહારાજને પૂછે છે કે ભગવન્ ! પર્યુષણ વગેરે પર્વ તો બરાબર છે પણ દિવાળી પર્વ કેવી રીતે બન્યું ? આચાર્ય ભગવંત કહે છે કે સાંભળ -

ઘોર ઉપસર્ગોને સહન કર્યા પછી કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને ત્રીસ વર્ષ સુધી પ્રભુ વિચર્યા. અંતિમ સમય નજીક આવ્યું જાણીને પાવાપુરીમાં હસ્તિપાલરાજાની સભામાં ચોમાસુ રહ્યા છે ત્યાં ભગવાન અખંડ ૧૬ પ્રહર દેશના આપે છે. છેલ્લા દિવસોમાં તો માણસનું શરીર પણ શિથિલ બની જાય, છતાં એક પરોપકારી ગુણને લીધે ભગવાન અખંડ વાણીની ધારા વર્ષાવી રહ્યા છે. અત્યારે જેમ લોકશાહી છે તેમ ત્યારે ગણતંત્ર ચાલતું. ગણતંત્રના મોટા-મોટા રાજાઓની મિટીંગ મળી છે. ૧૮ દેશના રાજાઓ ત્યાં આવેલા છે. તેમને ખબર પડી કે ભગવાન દેશના આપી રહ્યા છે. બધા મીટીંગ પડતી મૂકીને ભગવાનની દેશના સાંભળવા આવે છે. ભગવાનની વાણીમાં એટલી બધી મધુરતા હોય છે કે ઉઠવાનું મન જ ન થાય. ૧૬ પ્રહર સુધી બેસી રહેવું કાંઈ સહેલું નથી. તમને એક સામાયિકમાં પણ બેસવાનો કંટાળો આવે છે. ક્યારે પુરુ થાય તેની રાહ જૂઓ છો ? આ તો ભગવાનની વાણીનો પ્રભાવ હતો. ભગવાનને ચઉવિહાર છઠ્ઠની તપશ્ચર્યા છે. પાવાપુરીમાં આજે પણ હજારો લોકો ભેગા થાય છે. અને ભગવાનની ચરણપાદુકાની સામે આખી રાત બેસીને જાપ કરતાં હોય છે. ભગવાન મહાવીર પર કેટલો અનુરાગ છે તે આપણને જણાઈ આવે છે. સાંભળ્યું છે કે આજે પણ ભગવાન મહાવીરના નિર્વાણ સમયે છત્ર ફરે છે. લોકો ચઉવિહારા છઠ્ઠની તપશ્ચર્યા પણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સમયે પુન્યપાલ રાજા ભગવાનને વંદન કરવા આવ્યા છે. તેમને આઠ સ્વપ્નો આવેલા. તેના ફળને જાણવા માટે તે આઠે સ્વપ્નો ભગવાનને પૂછે છે.

**૧. પહેલું સ્વપ્ન - પહેલાં સ્વપ્નમાં મેં ભાંગેલી, તુટેલી, જીર્ણ થઈ ગયેલી હસ્તિશાળામાં હાથી ઉભેલો જોયો.** ભગવાન કહે છે કે કાળ પડતો આવી રહ્યો છે. ગૃહસ્થાશ્રમ એ જીર્ણ હસ્તિશાળા જેવો હશે. ભાંગેલી-તૂટેલી કોઈ શાળાના મકાન જેવું ગૃહસ્થનું જીવન હશે. અને તેમાં ગૃહસ્થરૂપી હાથી પડયો રહેશે. આમ તો હાથીની હસ્તિશાળા ભવ્ય હોય એ કાંઈ જીર્ણશાળામાં પડયો ન રહે. ગૃહસ્થરૂપી હાથી આવી જીર્ણશાળામાં દુઃખને પણ સુખ માનીને પડયો રહેશે. સાધુ સંતો ગમે તેટલો ઉપદેશ આપશે છતાંય સંસાર તરફ જરાયે નફરત નહીં જાગે.. આજે આપણે જોઈએ છીએ ને ! ભગવાનનું વચન અક્ષરશઃ સત્ય છે 'સંસારદાવાનલદાહનીરં ! રોજ બોલે છે પણ સંસાર દાવાનલ જેવો લાગે છે ખરો ! ધર્મના સ્થાનો-ઉપાશ્રયોમાં આવવાનું ગમે છે ખરું ! પોતાની નાનકડી કોટડીમાં એકબાજુ ઉંદરડા ચું-ચું કરતાં હોય.. બીજી બાજુ છોકરાઓ ઉંવા-ઉંવા કરતા હો... ગંધાતી ગોદડી હોય છતાં ત્યાં સુઈ જવાનું પસંદ કરશે પણ અમે કહેશું કે ભાઈ રાત્રિપૌષધ કરો.. તો ચોખ્ખી ના.. આવા વિશાળ ઉપાશ્રયમાં તેને ઉંઘ ન આવે.. કરોડપતિઓ પણ અમારા પગમાં માથું મૂકીને રડતા હોય છે. સાધુ જીવન સ્વીકારીએ તો બધા પ્રશ્નનો એક જ ઝાટકે અંત.. પણ સ્વીકારવું ગમતું નથી. સંસારનું સ્વરૂપ પાંચમાં આરામાં કેવું હશે તે આ સ્વપ્નથી સૂચિત થાય છે.

**૨. બીજું સ્વપ્ન : બીજા સ્વપ્નમાં મેં ચંચળ કુદાકુદ કરતો વાંદરો જોયો.** ભગવાન કહે છે કે પાંચમાં આરામાં જીવો ચંચળ હશે. જ્ઞાન, ક્રિયામાં એને આદર ઉત્પન્ન નહીં થાય. કયાંય કોઈ પ્રવૃત્તિમાં એનું મન સ્થિર નહીં રહી શકે. આજે આપણે જોઈએ છીએ ને કે વ્યાખ્યાન સાંભળતો હોય તો કયારે વ્યાખ્યાન પુરું થાય તેની રાહ જોતો હોય છે. જાત્રા કરવા જશે તો સવારે ચડયો. બપોરે ઉતર્યો અને સાંજે ભાગ્યો. દેરાસરમાં પણ પૂજામાં સ્થિરતા ક્યાં હોય જ છે. આ ચંચળતાના કારણે સ્થિરચિત્તે આરાધના કરી શકતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. ભગવાન મહાવીરનો સીધે સીધો માર્ગ હોવા છતાં ચંચળતાને લીધે ભિન્ન-ભિન્ન પ્રરૂપણાઓથી ગમે ત્યાં ઘસડાઈ જાય છે.

**૩. ત્રીજું સ્વપ્ન :- ત્રીજા સ્વપ્નમાં મે દૂધ ઝરતું ઝાડ કાંટાથી ઘેરાયેલું જોયું.** ભગવાન કહે છે કે શાસનની ઉન્નતિ કરનારા. જ્ઞાન-ક્રિયામાં ભક્તિ કરનારા, સાતે ક્ષેત્રોમાં દ્રવ્યનો વ્યય કરનારા, ગુણવાન એવા ગૃહસ્થો કે સાધુઓની આજુ-બાજુ વેશધારીઓ, અહંકારીઓ, ગુણવાનનો દ્વેષ કરનાર માણસો ચારે બાજુ વીંટળાઈ વળશે. દૂધ ઝરતું ઝાડ જેમ કાંટાથી ઘેરાયેલું છે. તેમ સારા-સારા માણસો શાસનના કાંટા જેવા માણસોથી ઘેરાયેલા રહેશે.

આજે આપણે જોઈએ છીએ ને સારા માણસોને જ વિઘ્નો કરનારા ઘણા છે. સારા માણસો ખૂણામાં પડી ગયા છે પાખંડી, દંભીઓ પૂજાય છે. સારા માણસોને પણ ગમે-તે દિશામાં ઘસડી જનારા તેમના મગજને ભ્રમિત કરનારા સંપ્રદાયો ને માણસો છે. એક સત્ય ઘટના.

સાવરકુંડલાનો વતની અને ઘાટકોપરમાં રહેતો એક ચુસ્ત મહાશ્રાવક ઘણાં વર્ષ પહેલાંની વાત છે. એ સમયે આટલાં ઉપાશ્રયો કે સગવડો નહોતાં.. આ શ્રાવક સાધુને ઉપયોગી દરેક ચીજો, પાટ, પાટલા, નાણ, પુસ્તકોનો ભંડાર, જ્ઞાન-દર્શન-ચારિત્રનાં તમામે-તમામ ઉપકરણો પોતાને ત્યાં રાખે. પોતાના ગામ સાવરકુંડલામાં ભગવાન પણ બેસાડેલા. ધર્મિષ્ઠ, નમ્ર, ઉદાર, શ્રાવકોમાં અગ્રેસર.. આવો ધર્મચુસ્ત શ્રાવક કાનજીસ્વામીના ટચમાં આવ્યો. વિચારો બદલાઈ ગયા. બધા જ ઉપકરણો, જ્ઞાન-ભંડાર આપી દીધું. એટલું જ નહીં પણ મગજ એટલું ભમી ગયું કે તેને લાગવા માંડયું કે ભગવાન બેસાડયા તે મેં મોટી ભૂલ કરી નાખી. ફરવા નીકળે એટલે કૂતરાને સાથે લઈને નીકળે. આખું જીવન જ ભ્રમિત થઈ ગયું. આવા સારા-સારા શ્રાવકો પણ ધર્મથી વિમુખ બની જશે. તે ત્રીજા સ્વપ્નનું ફળ.

**૪. ચોથું સ્વપ્ન - ચોથા સ્વપ્નમાં મેં કાગડાઓને જોયા. તે સ્વચ્છ પાણીથી ભરેલી વાવડીને છોડી દઈ અશુચિવાળા પાણીથી ભરેલા ખાબોચિયા પર જઈ બેઠા.**

ભગવાન કહે છે કે હવેના કાળમાં સારા સારા સાધુઓ પણ પોતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડીલવર્ગને પડતો મૂકીને બીજા સાથે જોડાઈ જશે. અહીં તો યાવજજીવ ગુરુકુળવાસમાં જ રહેવાનું હોય એના બદલે ગુરુને છોડી પોતાનો ચોકો જમાવશે. ગુરુની હાજરીમાં આગળ આવવાનો ચાન્સ મળતો નથી. માટે ગુરુથી છૂટો પડીને વિચરશે. શ્રાવકો પણ ઉત્તમમાં ઉત્તમ જ્ઞાન જ્યાં પીરસાતું હશે તેને છોડીને અલીબાબા ૪૦ ચોરની વાર્તા જેવી વાર્તાઓ સાંભળવા પહોંચી જશે. એક યુગ હતો. શ્રાવકને પૂછવામાં આવતું, શું સાંભળ્યું છે? તો કહેશે કે ફલાણા સાધુ મહારાજ પાસેથી આચારાંગ સાંભળ્યું છે, ફલાણા મહારાજ પાસેથી ઉત્તરાધ્યયન સાંભળ્યું છે, ફલાણા પાસેથી ભગવતી સૂત્ર સાંભળ્યું છે આજે શાસ્ત્રોની વાતો સાંભળનારાઓ ઓછા છે અને સંભળાવનારાઓએ ઓછા છે બધાને હાસ્યમાં જ રસ છે.

**૫. પાંચમું સ્વપ્ન - પાંચમા સ્વપ્નમાં મરેલા સિંહને જોઈને લોકો ડરે છે.** ભગવાન કહે છે કે જિનેશ્વર ભગવાનનું દર્શન સિંહ જેવું છે અત્યારે ભલે નષ્ટ થઈ રહ્યું છે. ભાંગ્યું તોય ભરૂચ. મરેલો પણ સિંહ છે ને ! જૈન દર્શનનો નવદીક્ષિત સાધુ અને અન્યદર્શનનો ઘણો જૂનો સંન્યાસી. બન્નેની સરખામણી કરીએ તો આસમાન-જમીનનો ફરક પડે. જૈન દર્શન ભલે મરેલા સિંહ જેવું હોય પણ તેની તુલનામાં કોઈ દર્શન આવી શકે તેમ નથી. બીજા ધર્મ ગુરુઓ પાસે જાઓ ને પૂછો તો કહેશે કે તમારા આચારો બહુ કડક છે. રાત્રે ખાવા-પીવાનું નહીં, ખુલ્લા પગે ફરવાનું, કોઈ વસ્તુ જાતે બનાવવાની નહીં... કેટલું દુષ્કર છે. પરદર્શનને ભય ઉપજાવનારું છે. જૈન સમાજ મુઠી જેવડો છે છતાં બીજો કોઈ સમાજ તેની તોલે નહીં આવે. એકે જૈન ઘેટું-બકરું કે ગાય-ભેંસ રાખે છે ? ના, છતાં તેમની પાછળ કરોડો રૂપિયા ખર્ચે છે ને! પાંજરાપોળો ચલાવે છે બીજે કયાંય પાંજરાપોળો જોવા મળે છે ? આટલો નાનો સમાજ હોવા છતાં બધા સમાજમાં તેનું મહત્ત્વ છે. તેનાં દાન-શીલ તપ અને ભાવ ઉત્તમ કોટીના છે.

**૬. છઠ્ઠુ સ્વપ્ન - છઠ્ઠા સ્વપ્નમાં મેં સરોવરમાં કમળની ઉત્પત્તિ થવાને બદલે ઉકરડામાં કમળની ઉત્પત્તિ જોઈ.**

ભગવાન કહે છે કે સમય એવો પડતો આવશે કે મહાપુરુષો ઉત્તમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુળમાં જન્મ લેવાને બદલે મધ્યમ કે નીચકુળમાં જન્મ લેશે. આજે જુઓને મોટા-મોટા ધનવાનો છે તે પૈસામાં જ આળોટતા હોય છે અને આકાશમાં જ ઉડતા હોય છે. ધર્મ તો મધ્યમવર્ગીય પાસે જ છે ને ! મોટાભાગના સંતપુરુષો જોશો તો મધ્યમ કે નીચ કુળમાં જ મળશે.. ઉત્તમકુળો બધા ભોગ પરાયણ. આસક્તિ પરાયણ બની ગયા છે તે આ કાળનો જ પ્રભાવ છે ને! પહેલાં તીર્થંકરો વગેરે જુઓ તો ઉચ્ચકુળમાંથી જ આવતા ને !

**૭. સાતમું સ્વપ્ન - સાતમા સ્વપ્નમાં ઉખર ભૂમિમાં બીજને વાવતો ખેડૂત જોયો.** પાત્રાપાત્રનો વિચાર કર્યા વિના દાન આપનારો વર્ગ થશે. અમૂક સમયગાળામાં લોકો નર્તકીઓને લાખો રૂપિયા આપતા હતા.

**૮. આઠમું સ્વપ્ન - આઠમા સ્વપ્નમાં ઝાંખો સોનાનો કળશ જોયો. સોનાના કળશ પર ધૂળ ચોંટેલી હતી.** જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરનારા સાધુ પુરુષોને છોડીને સામાન્ય સાધુને લોકો પૂજશે. તેના ઝાકઝમાળમાં લોકો અંજાઈ જશે. ગીતાર્થતો એક ખૂણામાં બેઠા હશે. તેમને પણ આવા હીન આચારવાળાઓ સાથે મેળ રાખવો પડશે. ગોરજીઓનું રાજ ચાલતું હતું. સાધુઓ પણ તેમની સેવામાં રહેતા હતા. પૂજ્ય મણિવિજયજી દાદાના પહેલાં ગોરજીઓનું જ રાજ્ય હતું. પાલખીમાં બેસે. ઠાઠ-માઠથી રહે. આજે પણ જુઓને, ગુરુ જ્ઞાની-સંયમી હોય છતાં તેનો શિષ્ય જો વક્તા હોય તો શિષ્યના આધારે ગુરુને જીવવું પડે છે. સંચાલન બધું શિષ્યના જ હાથમાં હોય. કહેવાય છે ને કે ગાંડા માણસો ઘણા હોય અને ડાહ્યા માણસો બે-ચાર હોય તો ગાંડાના જ રાહે ચાલવું પડે..

## જેવા સાથે તેવા..

પૃથ્વીપુર નગરમાં પૂર્ણભદ્ર નામનો રાજા હતો. તેને સુબુદ્ધિ નામનો મંત્રી હતો. એકવાર રાજસભામાં નિમિત્તિયો આવ્યો. મંત્રીએ પૂછ્યું કે ભવિષ્યકાળ કેવો આવશે ? જ્ઞાનના આધારે નિમિત્તિયાએ કહ્યું કે મંત્રીશ્વર ! આજથી એક મહિનાની અંદર વર્ષાદ વરશસે. અને એ વર્ષાનું પાણી પીવાથી ગાંડા થઈ જશો. કેટલાય દિવસો પછી બીજી વૃષ્ટિ થશે.. એ પાણી પીવાથી બધા નીરોગી થશે. બધા લોકો બહુ સાવચેત નહોતા તેથી પાણીનો સંગ્રહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો કર્યો પણ પાણીને સાચવ્યું નહીં. વરસાદ પડયો. લોકોએ તે પાણી પીધું. બધા ગાંડા થઈ ગયા. રાજા અને મંત્રી બે સાવચેત હતા. તેમણે તે પાણી ન પીધું. તે બન્ને ડાહ્યા રહ્યા. ગાંડાઓનું ટોળું રાજસભામાં આવ્યું. રાજા અને મંત્રી સ્વસ્થ બેઠા છે. ગાંડાઓને એમ લાગ્યું કે આ રાજા ને મંત્રી બે ગાંડા લાગે છે એટલે ચૂપચાપ બેઠા છે માટે તેમને મારીને હાંકી કાઢો. મંત્રી બુદ્ધિશાળી હતો. તેણે રાજાને કહ્યું કે રાજન્ ! નાચવા માંડો નહીંતર આ લોકો આપણને કૂટી નાખશે. ગાંડાની સાથે ગાંડા જેવો વર્તાવ કર્યો. બીજી વૃષ્ટિ થઈ. પાણી પીધું. બધા ડાહ્યા થઈ ગયા. પછી પસ્તાવો થયો. આજે જુઓને તમારે પણ જે ચાલતું હોય તેમાં ભળવું પડે. પ્રજાના જે ખરા હિતેચ્છુ છે તેમને દેશના શત્રુ જેવા ચિતરવામાં આવે છે. એક બોલે એટલે બધા તેમની પાછળ જોડાય.

પુણ્યપાલ રાજાને તેમના આઠ સ્વપ્નોનું ફળ ભગવાને કહ્યું. આ સાંભળતાં જ પુણ્યપાલ રાજાએ દીક્ષા લીધી. અને મોક્ષના ભાગીદાર બની ગયા. તમને જરાય વૈરાગ્ય આવે છે ?

## પાંચમા આરાનું સ્વરૂપ

ભગવાનની દેશના સાંભળીને ગૌતમસ્વામિને આશ્ચર્ય થાય છે. ગૌતમસ્વામિ પૂછે છે ભગવાન્ ! પાંચમો આરો કેવો આવશે ? ભગવાન કહે છે હે ગૌતમ પાંચમાં આરામાં લોકો નિર્દય બનશે. જરા જરા વાતમાં ખૂનો કરવા માંડશે. ભદ્રિક જીવોને ઠગનારા હશે.પાપોના સ્થાનો ઠામઠામ ઉભાં થશે. કતલખાનાઓ, દારૂના પીઠાં ઉભા થશે. લોકો અનાચારી અને અન્યાયી બનશે. લાંચ રૂશ્વત ખૂબ વધશે. કુલીન સ્ત્રીઓ લજ્જારહિત બનશે.વેશ્યાની જેમ ભટકતી બનશે. પોષણને બદલે શોષણ પર સમાજ રચના બનશે. લોકો મૂર્ખ અને કલાહીન બનશે. લક્ષ્મી ભોગીઓ, કંજુસીઓની પાસે રહેશે. દાતાઓ પાસે નહિ હોય. ઉત્તમ કુળના માણસોને હલકા માણસોની સેવા કરવી પડશે. આવું પાંચમાં આરાનું અંતિમ સ્વરૂપ છે. પાંચમો આરો ૨૧૦૦૦ હજાર વર્ષોનો રહેશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## છટ્ઠા આરાનું સ્વરૂપ

છઠ્ઠા આરો તો એનાથી યે ભયંકર આવશે. તેમાં માણસનું આયુષ્ય ૧૬ વર્ષનું જ રહેશે. સ્ત્રી છ વર્ષે ગર્ભ ધારણ કરશે. એક હાથની જ કાયા હશે. ભયંકર અગ્નિની વર્ષા વરસતી હશે તેથી લોકો રાત્રે જ ખાવાનું શોધવા નીકળશે. માછલાં વગેરે જીવોને શેકી-શેકીને ખાશે. દુઃખ જ દુઃખ ફેલાયેલું હશે. માણસની કાયામાંથી અત્યંત દુર્ગંધ આવતી હશે. પ્રાયઃ જીવો મરીને દુર્ગતિમાં જશે. તે પણ ૨૧૦૦૦ વર્ષનો રહેશે. પછી ઉત્સર્પિણીકાળ આવશે. તેનો પહેલો આરો છટ્ઠા આરા જેવો, બીજો આરો પાંચમાં આરા જેવો, ત્રીજો આરો ચોથા આરા જેવો, અને તે આરાના અંતે તીર્થંકરો જન્મ લેશે. આમ ભવિષ્યકાળનું સ્વરૂપ જણાવ્યું. ભગવાને જોયું કે હવે અંતિમ ક્ષણો આવી રહી છે. ગૌતમને મારા પર ખૂબ અનુરાગ છે. તેથી તેને દૂર કરવો જોઈએ. એમ વિચારીને ભગવાન ગૌતમસ્વામિને દેવશર્માને પ્રતિબોધવા મોકલે છે. સામાન્ય રીતે તો ભગવાનને પૂછો તેટલો જ જવાબ મળે: પણ છેલ્લે સોળ પ્રહર સુધી પૂછે કે ન પૂછે મારે આ લોકોને બધું જણાવી દેવું છે. એવી કરૂણાથી ભગવાને વગર પૂછયે જ અંખડધારા દેશના આપી. અમાવાસ્યાની પાછલી રાત્રી છે. ભગવાન સમાધિમાં બેઠાં છે. અ... ઈ..ઉ..ઋ..... લૃ...... આટલું બોલે તેટલી જ વારની સમાધિ. તરત જ ભગવાનનો પુણ્યાત્માજ્યોતિમાં ભળી ગયો. જગતમાંથી પ્રકાશ ચાલ્યો ગયો. ચારેબાજુ વિષાદ-વિષાદ-વિષાદ-છવાઈ ગયો. બધા રાજા ભેગા થયેલા હતા તેમણે વિચાર્યું કે ભાવદીપક તો ચાલ્યો ગયો. હવે દ્રવ્યદીપક પ્રગટાવો. આ રીતે ત્યાં દીપક પ્રગટાવ્યાં અને એમાંથી દિવાળી પર્વ પ્રગટ થયું.

ભગવાને ચૌવિહાર છટ્ઠ કરીને દેશના આપી હતી તેથી આજે પણ કેટલાક મહાનુભાવો ચૌવિહાર છટ્ઠ કરીને ગણણું ગણતાં હોય છે. એકબાજુ ભગવાનનું નિર્વાણ અને બીજી બાજુ ગૌતમ સ્વામિનું કેવલજ્ઞાન, દેવશર્માને પ્રતિબોધીને પાછાં ફરતાં ગૌતમસ્વામિ દેવોને દોડા-દોડ કરતાં જૂએ છે અને પૂછતાં ખબર પડે છે કે ભગવાનનો મોક્ષ થયો છે. આ સાંભળતાં જ જબરો આઘાત લાગે છે. વીર-વીરના પોકારમાંથી વિતરાગ બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જ્ઞાનપંચમી**

## અજ્ઞાનતાથી આથડતો અત્મા

અનાદિ કાળથી આત્મા સંસારમાં રઝડી રહ્યો છે. અનંતા કાળના કચરાથી એ ઢંકાઈ ગયો છે. કોલેજોના થોથાં ભણવાથી એ કચરા દૂર નહીં થાય. સમ્યગ્જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાય તો ખબર પડે કે કામ-ક્રોધ-માન-માયા, આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા કેવી અને કેટલી છે? આ કચરાઓ જ્યાં સુધી દૂર નહીં થાય ત્યાં સુધી સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માને આપણે ઓળખી ન શકીએ. ખૂબ કચરો ભેગો થયેલો હોય તેને કાઢતાં-કાઢતાં થાકી પણ જવાય. પણ કાઢવાની શરૂઆત કરશો તો થોડો ઘણો ય નીકળશે ને ! પહેલાં તો કચરો છે એ ખબર પડે તો કાઢવા લેવાય.

કોઈ મકાન ઘણા વર્ષોથી બંધ પડયું છે. તેને સાફ કરવું છે ? શું કરવું જોઈએ ? અંધારું ઘોર હોય અને સાફ કરવા લે તો બને ખરું ? અંધારામાં શું સૂઝે..? પ્રકાશ જોઈએ ને ! પ્રકાશ વિના સાફ થઈ શકે જ નહીં.

## અંધારાને ઉલેચતું કુટુંબ

એક અજ્ઞાની કુટુંબ છે. રાત્રે સ્વાભાવિક ઘરમાં અંધારું છવાઈ જાય. તે કુટુંબ એમ માનતું કે આપણે ત્યાં આવીને કોઈ અંધારાં નાખી જાય છે. શું કરવું ? આ અંધારું કેમ દૂર થાય. સાંજના સમયે ઘરના બધા સભ્યો ભેગા થઈને સાવરણી-ટોપલો લઈને મંડી પડે.. અંધારાને ઉલેચવા. આખી રાત આ પ્રવૃત્તિ ચાલ્યા જ કરે. સવાર થાય એટલે એમ માને કે આપણે બધું અંધારું ઉલેચીને બહાર ફેંકી દીધું છે. આમ રોજની આ પ્રવૃત્તિ ચાલ્યા કરે. એવામાં મોટો છોકરો પરણ્યો. ઘરમાં વહુ આવી. સાંજ પડી બધા ટોપલો-સાવરણી લઈને મંડી પડયા. વહુને પણ જોડાવું તો પડે ને ! એટલે જોડાઈ તો ખરી. ટોપલો ભરી-ભરીને ઉલેચવા મંડી. વહુએ વિચાર્યું કે આ મૂર્ખાઓને ખબર નથી કે અંધારાને ઉલેચવાનું ન હોય. અજવાળું આવે એટલે અંધારું ચાલ્યું જાય... બીજા દિવસે સાંજે તેણે બધા વડિલોને કહ્યું કે આજે તમે બધા નીરાંતે સૂઈ જાઓ. હું એકલી જ અંધારાને ઉલેચીશ. બધાએ ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાડી કે તારા એકલાથી આ નહીં ઉલેચાય. વહુએ જીદ પકડી કે હું કોઈને ઉલચેવા નહીં દઉં. ઘરનું બધું કામકાજ વહુએ જ કરવાનું હોય. તમે આજ સુધી ઘણું કર્યું. હવે મારી ફરજ છે કે તમને શાંતિ આપવી જોઈએ. પરાણે બધાને તૈયાર કર્યા. સાથે એક શરત કરી કે તમારે કોઈએ જાગવાનું નહીં. માથે ઓઢીને સૂઈ જવાનું. કારણ કે હું નવી છું. મને લાજ કાઢીને કામ કરવાનું ન ફાવે. તેથી તમારે કોઈએ માથેથી દૂર ખસેડવાનું નહીં. બધાને સુવાડી દીધા. અને પછી પોતે પણ સૂઈ ગઈ. સવાર પડી એટલે બધાથી વહેલા ઉઠી અને પછી બધાંને જગાડયા. ઉઠો, અંધારૂં ઉલેચાઈ ગયું. બધા ઉઠયા. નવાઈ પામ્યા. વહુને ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા. આમ બે-ત્રણ દિવસ કર્યા કર્યું પછી વહુએ બધાને સમજાવ્યા કે આ અંધારાંને ઉલેચવાનાં ન હોય... એ તો અજવાળું આવે એટલે પોતે જ ચાલ્યું જ જાય. આ દૃષ્ટાંત આપણને જ લાગુ પડે છે. આપણે દુઃખને ઉલેચીને સુખ મેળવવા ફાંફા મારીએ છીએ, પણ દુઃખમાં જ સુખને શોધીએ છીએ. સુખ તો આત્મામાં છે, પહેલાં લાખો કરોડો ભેગા કરવા દોડધામ કરીને દુઃખ ભેગું કરે અને પછી એ લાખો-કરોડોને રક્ષણ કરવામાં દુઃખ. દુઃખને જ નોંતરે. પરિગ્રહ સંજ્ઞાથી આપણે દોડીએ છીએ તે અંધારાને જ ઉલેચવાની ક્રિયા કરીએ છીએ ને ! આ બધા પૈસા પાછળ દોડે છે, શું ખાવાનું ખૂટી ગયું છે માટે દોડે છે? ના, ભેગું કરવા દોડે છે. કેવળ અહંકારને પોષવા માટે જ. આ બધા કચરાને ઉલેચવા માંડો એટલે ઘર થઈ જાય સ્વચ્છ.

દિવાળીનું તપ કરીને રાજી થયા કે સુંવાળી ખાઈને રાજી થયા ? તપમાં સુખની ઝંખના નથી. ખાવામાં સુખની ઝંખના છે. ફટાકડા ફોડવામાં આનંદ માને છે. બિચારા નિર્દોષ પંખીઓ બેઠાં છે તેને ઉડાડવામાં આનંદ આવે છે. આ બધા અજ્ઞાનીનાં જ સુખો છે ને ! ખિસ્સાકાતરૂ બેસતાં વર્ષે કોઈનું ખિસ્સુ કાતરે તો માને કે આજે મારે મંગળશુકન થયું આ બધી સુખની ભ્રાંતિ છે.

સમ્યગ્ જ્ઞાન પ્રકાશ છે. એક અમેરિકન ભારતમાં આવ્યો. ચારે બાજુ કંઈક શોધી રહ્યો છે ત્યાં એક માણસે તેને પૂછયું કે ભાઈ શું શોધો છો ? શું ક્યાંય ભારતમાં કારખાનું નાખવું છે ? ના ભાઈ, ના મારે તો પૈસો ખૂબ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ છે પણ હું તો શાંતિને શોધી રહ્યો છું. **I have plenty of money, but not the peace of mind.**

**સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા..**

સમ્યક્ત્વ ન હોય તો કોઈ ક્રિયા ફળવાળી થાય ખરી ? તપ-અહિંસા બધામાં સમ્યક્ત્વ હોય તો જ સફળ થાય. પૂજન ભણાવો પણ શ્રદ્ધા વિનાનું ભણાવે તો ફળ મળે ખરું ? મૂડીમાંથી પાંચ-દસ હજાર ઓછા કર્યા. બીજો શું ફાયદો.. આ વર્ષનું પહેલું પર્વ આ આવીને ઉભું રહે.. પહેલાં ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન અને પછી આવે જ્ઞાનપંચમીનું પર્વ. સવંત્સરી જેવો જ્ઞાનપંચમીનો મહિમા.. આપણે તો જ્ઞાનને શણગારીએ પૂજન કરીએ અને ખમાસણાં દઈએ. કાઉસગ્ગ કરીએ એટલે વાત પૂરી થઈ ગઈ. આ તો બાહ્ય પૂજા થઈ આપણે વર્ષ દરમ્યાન જ્ઞાન માટે ઉદ્યમ કેટલો કર્યો ? આજે મા-બાપ છોકરાને મારી-મારી ધમકી આપીને સ્કૂલમાં મૂકી આવે ભણશે નહીં તો થશે શું એમ સમજીને.. સંસારને સુખી કરવા માટે જ્ઞાન જરૂરી છે એમ તમને લાગતું હોય તો ભવો-ભવને સુખી કરવા માટે સમ્યગ્જ્ઞાન કેટલું જરૂરી છે ? જ્ઞાનપંચમીના દિવસે બે વસ્તુ સમજવાની જ્ઞાનીની આશાતનાથી અને જ્ઞાનની આશાતનાથી બચો. ખૂબ આશાતના થઈ રહી છે. ભયંકર આશાતના--અવહેલના થઈ રહી છે જેથી જીવો અનેક યાતનાઓથી પીડાય છે. કંકોત્રીઓમાં જુઓ ભગવાનના ફોટા, ગુરૂ મહારાજના ફોટા અને પછી એ ફોટા પગ નીચે કચડાતા હોય. ફોટા ફાડી શકાય નહીં. પાણીમાં પધરાવીએ તો પણ આશાતના થાય જ. આભ ફાટયું ત્યાં થીગડું ક્યાં દેવું ? જ્ઞાનનું બહુમાન કરો. પ્રજાએ શસ્ત્રો સરકારને સોંપ્યા. પ્રજા નિર્બળ બની ગઈ અને શાસ્ત્રો સોંપ્યા સાધુને - દહેરાસરની જ તીજોરી હોય તેમાં રહેલી નોટોની કિંમત વધારે, તેમાં રહેલા દર દાગીનાની કિંમત વધારે કે તેમાં રહેલા જ્ઞાન ભંડારની કિંમત વધારે ? મહારાજા કુમારપાળ ૭૦ વર્ષની ઉંમરે સંસ્કૃત ભણવા બેઠા ભણ્યા અને સંસ્કૃતમાં કાવ્યો લખ્યાં **'જ્ઞાન એ આત્માનો મુખ્ય ગુણ છે.'**

ભક્ષ-અભક્ષનો ખ્યાલ જ્ઞાનથી જ આવશે ને !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## રત્નાકરસૂરિ મહારાજ

એક ગામમાં એક આચાર્ય હતા. ત્યાં કોઈ શ્રાવક વહેપારી વેપાર માટે આવ્યો. શ્રાવકોનો નિયમ છે કે શ્રાવક જ્યાં જાય ત્યાં દેવ-ગુરૂના દર્શન કરવા અર્થે જાય. સુધન તેનું નામ છે. વ્યાખ્યાન સાંભળવા જાય છે. આચાર્ય મહારાજ દેશના આપે છે. ખૂબ જ્ઞાની છે. માટે દેશનામાં ખૂબ જ રસ પડે છે. સુધન ત્યાં રોકાય છે. સામાયિક લઈને બેઠો છે. હવે આચાર્યમહારાજ પડિલેહણની શરૂઆત કરે છે. આચાર્ય મ. પાસે એક હીરા-માણેકની પોટલી છે. પડિલેહણ કરતાં તે પોટલીને પણ ખોલીને બરાબર જુએ છે ? કંઈ ઓછું નથી થયું ને ? પછી પાછી બાંધીને તિજોરીમાં મૂકી દે છે. આ સુધન વિચારે છે આમ કેમ ! આવા જ્ઞાની મહાત્મા પાસે આ શું ? આચાર્ય મહારાજ તેને ઉપદેશમાળાના શ્લોકો સમજાવે છે. તેમાં એક શ્લોક આવે છે તેનો અર્થ એમ હોય છે કે પૈસા એ સર્વ અનર્થોનું મૂળ છે. આ વાક્ય સુધનના ગળે ઉતરતું નથી. ખૂબ દાખલા -ઉદાહરણોથી સમજાવે છે. છ-છ મહિના સુધી સમજાવવા છતાં સુધનના ગળે આ વાત જ ઉતરતી નથી. આચાર્ય મહારાજ ખૂબ જ્ઞાની હતા. તે વિચારે છે કે આમ કેમ આ વાત આના ગળે ઉતરતી કેમ નથી ? વિચાર કરતાં જ્ઞાન થયું કે અરે મારી પાસે જ હીરા વગેરે છે. મારા જીવનમાં જ્યાં સુધી આચરણ આવે નહીં ત્યાં સુધી બીજા પર એનો પ્રભાવ કેમ પડે ? એટલે બીજા દિવસે સુધન આવ્યો ત્યારે સુધનના દેખતાં તે મોતી વગેરેના ચૂરે-ચૂરા કરીને તેને રાખની કુંડીમાં ફેંકવા માંડયા. સુધન કહે અરે ! આપ આ શું કરો છો ? આચાર્ય મહારાજ કહે તને ગાથાનો અર્થ સમજાવું છે.

સુધન પણ જ્ઞાની હતો. તેણે કહ્યું કે મહારાજ હવે મને બધું સમજાઈ ગયું. આમ, જ્ઞાન હોય તો માણસને કયારેક સમજણ આવે છે. આ સૂરિભગવંત બીજા કોઈ નહીં પણ રત્નાકર પચ્ચીશીના રચયિતા રત્નાકરસૂરિ મહારાજ છે.

જ્ઞાનપંચમીના દિવસે ૧૦૦ રૂપિયાથી જ્ઞાનનું પૂજન કરશે પણ અંદર શું લખેલું છે તે જોવાની તેને ફૂરસદ નથી.

**સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org